ચાંડ ચૈડુ



નિપુલ

પ્રકરણ પહેલું

ડૉક્ટર ગાસ્પાર આર્નેરી ધમાલના વમળમાં

જાદુગરોનો જમાનો વીતી ગયો છે. સાચું પૂછો તો જાદુગરો કદી થયા જ નહિ હોય. ખૂબ નાનાં ભૂલકાંને બુદ્ધુ બનાવવા સારુ જાદુગરોની વાતોના ગપગોળા જ ઘડી કાઢવામાં આવ્યા હશે. પણ ખૂબ જ ચાલાક અને ચપળ બાજીગરો તો સાચેસાચ થઈ ગયા છે. એ લોકો આખા ટોળાની નજર સામે હાથચાલાકી કરી જતા અને એટલે જ લોકો માની લેતા કે આ દુનિયામાં ઇલમબાજો અને જાદુગરો પણ હોય છે.

એક જમાનામાં એક ડૉકટર થઈ ગયો. એનું નામ હતું ગાસ્પાર આર્નેરી. કોઈ ભોળો માણસ, કે પછી ગામડાના મેળામાં રખડતો કોઈ એદી, અથવા કોઈ અધભણ્યો નિશાળિયો જરૂર એમ માની લે કે ડૉકટર ગાસ્પાર જાદુગર છે કેમ કે સાવ જાદુ જેવાં જ લાગે એવાં અદ્ભુત અને અસાધારણ કામ ડૉકટર કરી શકતો. પરંતુ ભોળાભાલા લોકોને બેવકૂફ બનાવતા ધુતારા અને જાદુગરો જેવો તે જરાય નહોતો.

ડૉકટર ગાસ્પાર આર્નેરી તો વિજ્ઞાની હતો. એણે જુદાંજુદાં એકસો જેટલાં વિજ્ઞાનોનો અભ્યાસ કર્યો હતો. આખા દેશમાં એના જેવો શાણો અને ભણેલોગણેલો માણસ બીજો એકેય નહોતો.

બધા જાણતા કે ડૉકટર ગાસ્પાર કેટલો શાણો છે. ચક્કીવાળાને, સિપાહીઓને, સ્ત્રીઓને, અને દરબારના વજીરોને પણ એ વાતની ખબર હતી. નિશાળમાં ભણતા છોકરાઓએ ડૉકટર ગાસ્પાર બાબત આવું જોડકણું જોડી કાઢ્યું હતું:

ડૉકટર ગાસ્પાર આર્નેરી,
ભાઈ, કેવી એની ચાતુરી!
ફસાવી લે જાળમાં સૌથી લુચ્ચા શિયાળને,
તોડી નાખે પળવારમાં સખત સૌથી શિલાને,
પહોંચે મંગળ પૃથ્વી પરથી ઊડીને,
આંબે સૌથી આઘા તારલિયાને!

જૂન મહિનાનો એક રળિયામણો દિવસ હતો. ડૉક્ટર ગાસ્પાર આર્નેરીને થયું કે વનમાં એક લાંબું ચક્કર મારી આવું અને થોડાંક નવાં ઘાસ તથા પતંગિયાં ભેગાં કરી લાવું. મારા સંઘરામાં ઉમેરવા થશે.

ડૉક્ટર ગાસ્પાર હવે કંઈ જુવાન નહોતો. બુઢાપાને લીધે એને પવન અને વરસાદની બીક લાગતી. એ જ્યારે ઘરની બહાર પગ મૂકે ત્યારે ગળા ફરતો ગરમ રૂમાલ બાંધતો, આંખમાં ધૂળનાં કણાં ન પડે એટલા સારુ આંખે ચશ્માં પહેરતો, અને ઠેસ વાગતાં પડી ન જવાય એટલા સારુ હાથમાં લાકડી લઈને તેને ટેકે ચાલતો. બહાર ફરવા નીકળે ત્યારે આવી બધી વાતોની એ પૂરી તકેદારી કરી લેતો.

દિવસ ખૂબ મઝાનો હતો. સૂરજ તો બસ ચળક્યા જ કરતો હતો. ઘાસ એટલું હરિયાળું હતું કે તેની ઉપર નજર પડતાં જ મન હરખાઈ જતું, હવામાં પીળાં ફૂલોની રજ ભળેલી હતી, પંખી કલરવ કરી રહ્યાં હતાં, અને બૉલનાચમાં ઘૂમરી લેતાં ફ્રૉકની જેમ હવાની ધીમી લહેરો ચાલી રહી હતી.

ડૉક્ટરને મનમાં થયું: “વાહ, કેવો મઝાનો દિવસ છે! પણ રેઈનકોટ ભેગો લઈ લઉં તો સારું, કોને ખબર છે! ઉનાળાના દિવસોમાં હવામાન તો વાતવાતમાં બદલાઈ જાય. ક્યાંક વરસાદ આવેય ખરો!”

ઘરમાં બધું બરાબર છે તેની ખાતરી કરી લીધા પછી એણે ચશ્માં લૂછીને સાફ કર્યાં અને ચામડાનો લીલો થેલો હાથમાં લઈને એ નીકળી પડ્યો.

ઘાસપતંગિયાં ભેગાં કરવાનું સૌથી સરસ ઠેકાણું નગરથી દૂર ખુલ્લા વિસ્તારમાં ત્રણ ફાંદાળાના મહેલની નજીક હતું. ડૉક્ટર હંમેશાં એ જગ્યાએ જ જતો. ત્રણ ફાંદાળાનો મહેલ એક વિશાળ ઉપવનની વચ્ચે હતો. ઉપવનને ફરતી ઊંડી ખાઈઓ હતી. ખાઈઓની ઉપર લોઢાના કાળા પુલ બાંધેલા હતા. બધા પુલ પાસે મહેલના સિપાહીઓ પહેરો ભરતા. તેઓ માથે કાળા મીણિયા કપડાની ટોપી પહેરતા અને ટોપી ઉપર પીળાં પીંછાં ભરાવતા. ઉપવન ફરતે ચોમેર નજર પહોંચે ત્યાં સુધી ફૂલોથી લદાયેલાં બીડ હતાં, ઝાડવાંના નાનાં નાનાં ઝુંડ હતાં, અને નાની નાની તળાવડીઓ હતી. ફરવા માટે એ જગ્યા અદ્‌ભુત હતી. ત્યાં તરેહવાર મઝાનું ઘાસ ઊગતું, ખૂબ રૂપાળાં પતંગિયાં ફરફરાટ કરતાં રહેતાં, અને પંખીઓ હંમેશાં મધુર અવાજે ગાતાં રહેતાં.

ડૉક્ટરને થયું: "રસ્તો બહુ લાંબો છે. નગરના છેડા સુધી ચાલતો જઈશ અને પછી ત્યાંથી મહેલના ઉપવન સુધી ઘોડાગાડી કરી લઈશ."

નગરના દરવાજા પાસેના ચોકમાં મોટું ટોળું ભેગું થયેલું નજરે પડયું.

ભીડ જોઈને ડૉક્ટરને થયું: "આજે રવિવાર તો નથી ને? ના, ના, આજે રવિવાર ન હોય. આજે તો મંગળવાર છે."

ચાલતો ચાલતો એ થોડોક નજીક પહોંચ્યો.

આખો ચોક લોકોથી ખીચોખીચ ભરાઈ ગયો હતો. ભીડમાં લીલા કફવાળાં ભૂખરાં જાકીટ પહેરેલા કામદારો હતા; સાગરની હવાથી ઘડાયેલા ચહેરાવાળા સાગરખેડુ હતા; રંગબેરંગી કોટ પહેરેલા ધનવાન વેપારીઓ હતા; તેમની શેઠાણીઓ ઘેરદાર ગુલાબી સ્કર્ટ પહેરીને આવી હતી; ચંબુ, થાળીઓ, આઈસક્રીમના ડબ્બા, અને સગડીઓ લઈને ફેરિયા બેઠા હતા; લીલાં, પીળાં, અને બીજાં ચળકતાં રંગદાર કપડાં પહેરીને ભાતીગળ રજાઈ જેવા દેખાતા દૂબળાપાતળા રખડતા અદાકારો હતા; અને રમતિયાળ બ્રાઉન કૂતરાઓની પૂંછડી ખેંચતા નાનકડા છોકરા પણ હતા.

બધા લોકો ધક્કા મારતા નગરના દરવાજા તરફ જવાની કોશિશ કરતા હતા. મકાન જેટલા ઊંચા અને લોખંડના બનેલા દરવાજા સખત વાસેલા હતા.

"દરવાજા કેમ બંધ હશે?" ડૉક્ટરને અચંબો થયો.

ટોળું શોરબકોર કરતું હતું. લોકો ઘાંટા પાડીને દલીલો કરતા હતા. પણ મામલો શું છે એ સમજવાનું તદ્દન અશક્ય હતું. પાસે જ એક જુવાન બાઈ હાથમાં ભૂખરા રંગની જાડી બિલાડી લઈને ઊભી હતી. ડૉક્ટરે તેની પાસે જઈને પૂછ્યું:

"જરા કહો તો, આ બધી ધમાલ શાની છે? આટલા બધા માણસો અહીં કેમ ભેગાં થયાં છે? બધાં ખીજે કેમ ભરાયેલાં છે? અને નગરના દરવાજા કેમ બંધ છે?"

"સિપાહીઓ કોઈને નગરની બહાર જવા દેતા નથી..."

"પણ કેમ?"

"એટલા માટે કે જે લોકો પહેલાં બહાર નીકળી જઈને ત્રણ ફાંદાળાના મહેલ તરફ રવાના થઈ ગયા છે તેમને કોઈ મદદ ન કરી શકે."

"બહેન, માફ કરજો, પણ મને તમારી વાત સમજાઈ નહિ..."

"ભલા ભગવાન! તમને ખબર નથી કે આજે હથિયારગર પ્રોસ્પેરો અને બજાણિયો તિબુલ લોકોને ભેગા કરીને ત્રણ ફાંદાળાના મહેલને હલ્લા વડે કબજે કરી લેવા ગયા છે?"

"હથિયારગર પ્રોસ્પેરો?"

"હા. ગઢની દીવાલ બહુ ઊંચી છે અને દરવાજાની બહાર પણ સિપાહીઓ ઊભા ઊભા પહેરો ભરે છે. કોઈથી બહાર નીકળાય એમ નથી. અને પ્રોસ્પેરોની ભેગા જે લોકો ગયા છે એ બધાને મહેલના સિપાહીઓ મોત ભેગા કરી દેશે."

બરાબર એ જ ઘડીએ દૂરથી ગોળીબારના ધડાકાના કેટલાક આછા અવાજ સંભળાયા.

જુવાન બાઈના હાથમાંથી જાડી બિલાડી છૂટી ગઈ અને તે કણકના લોચાની જેમ પચ કરતીક નીચે જમીન ઉપર પડી. ટોળું ગરજી ઊઠ્યું.

ડૉક્ટરને થયું: "ભારે મોટો બનાવ હું ચૂકી ગયો હોઉં એમ લાગે છે. આખો મહિનો હું ઘરનાં બારણાં વાસીને રાતદિવસ કામ કરતો અંદર જ બેઠો રહ્યો. એટલે જ હું આ બનાવ ચૂકી ગયો. નગરમાં શું ચાલી રહ્યું છે તેનો મને મુદ્દલ ખ્યાલ જ ન રહ્યો..."

દૂરથી તોપના કેટલાય ધડાકા સંભળાયા. ધડાકાનો અવાજ દડાની જેમ ઊછળતો આવ્યો અને પવન ભેગો દડદડ કરતો ચાલ્યો ગયો. દહેશત ખાઈ જઈને પાછળ હઠી જનાર કેવળ ડૉક્ટર ગાસ્પાર એકલો જ નહોતો. આખું ટોળું ગભરાઈ જઈને આમતેમ વિખેરાઈ ગયું. બાળકો રડવા લાગ્યાં. કબૂતરો જોરથી પાંખો ફફડાવતાં ઊડી ગયાં, અને કૂતરાં બેસી જઈને રોવા લાગ્યાં. તોપના ધડાકા જોર પકડતા ગયા. એવો કોલાહલ મચી ગયો કે બસ! પછી ટોળું ધક્કા મારતું દરવાજા તરફ આગળ ધસ્યું અને પોકારો પાડવા લાગ્યું:

"પ્રોસ્પેરો! પ્રોસ્પેરો!"

"ત્રણ ફાંદાળા મુર્દાબાદ!"

ડૉક્ટર ગાસ્પારને સમજાયું જ નહિ કે પોતે શું કરે. એ ખૂબ જાણીતો માણસ હતો. ઘણા માણસો એને ઓળખી ગયા. કેટલાક દોડતા એની પાસે પહોંચી ગયા, જાણે કેમ એ તેમને બચાવી શકે એમ હોય. પણ ડૉક્ટર તો પોતે જ રડવા જેવો થઈ ગયો હતો.

તાળાગરની ચામડાની અંગરખી એક આંકડીમાં ભરાઈ ગઈ. પાછળ ફરીને જોતાં ભયંકર એવું કંઈક તેની નજરે પડ્યું અને તેણે ગળું ફાડીને રાડ પાડી.

"એકદમ ભાગો! હથિયારગર પ્રોસ્પેરો પકડાઈ ગયો! એ લોકો હવે કોઈ પણ પળે દરવાજે પહોંચી જશે!"

ચોકમાં પાગલની જેમ ભાગદોડ મચી ગઈ.

આખું ટોળું દરવાજા પાસેથી નગરમાં પાછું ભાગ્યું અને લોકો ચોકમાંથી જતી નાની નાની શેરીઓમાં ભરાઈ ગયા. ધડાકા કાન ફોડી નાખે એવા હતા.

ડૉક્ટર ગાસ્પાર અને બીજા બે માણસો ત્રીજા માળના મોટા પગથિયા ઉપર ઊભા રહી ગયા અને જાડી દીવાલમાં પાડવામાં આવેલી સાંકડી બારીમાંથી બહાર જોવા લાગ્યા.

બારી ફક્ત એક જ માણસ સરખી રીતે જોઈ શકે એવડી હતી. બાકીના બે તો જરાક જ નજર નાખી શકતા હતા.

ડૉક્ટર ગાસ્પારને જરાક નજર નાખવા મળી પણ તેમાં જે દેખાયું તે ભયંકર હતું.

વિશાળ લોખંડી દરવાજા આખા ઊઘડી ગયા. લગભગ ત્રણસો માણસો અંદર ધસી આવ્યા. એ બધા કારીગરો હતા. તેમણે લીલાં કફવાળાં ભૂખરાં જાકીટ પહેર્યાં હતાં. તેઓ લોહીલોહાણ થઈને જમીન ઉપર પડી ગયા.

મહેલના સિપાહીઓએ તેમની ઉપર પોતાના ઘોડા દોડાવ્યા અને તલવારો વીંઝી તથા ગોળીઓ છોડી. કાળા મીણિયા કપડાની તેમની ચળકતી ટોપીઓમાં લગાવેલાં પીળાં પીંછાં પવનમાં ફરફરાટી કરવા લાગ્યાં. ઘોડાઓનાં ખુલ્લાં રાતાં મોઢાં ફીણથી ભરેલાં હતાં અને તેમના ડોળા ગોળ ગોળ ફરતા હતા.

"જુઓ! જુઓ! પ્રોસ્પેરો દેખાય!" ડૉક્ટરે ઘાંટો પાડ્યો.

એ લોકો પ્રોસ્પેરોને દોરડે બાંધીને ઢસડી રહ્યા હતા. પ્રોસ્પેરો આખડતો, પડતો, અને પાછો ઊભો થઈ જતો. તેના રાતા વાળ ગૂંચવાઈ ગયા હતા, તેનો ચહેરો લોહીથી ખરડાઈ ગયો હતો, અને તેના ગળામાં મોટો ગાળિયો નાખવામાં આવ્યો હતો.

"પ્રોસ્પેરો પકડાઈ ગયો!" ડૉક્ટરે ફરી વાર ઘાંટો પાડ્યો.

બરાબર એ જ ઘડીએ તોપનો એક ગોળો ધોબીના ઘર ઉપર પડ્યો. મિનારો એક તરફ ઢળ્યો, ડોલી ઊઠ્યો, એક પળ સ્થિર થઈ ગયો, અને પછી કડકડાટી કરતો તૂટી જઈને જમીનદોસ્ત થઈ ગયો.

ડૉક્ટર દડદડતો નીચે પહોંચ્યો. રસ્તામાં એના બીજા જોડાની એડી, ચાલવાની લાકડી, એનો થેલો, અને એનાં ચશમાં—એ બધું એનાથી નોખું પડી જઈને કોણ જાણે ક્યાં વેરવિખેર થઈ ગયું.

પ્રકરણ બીજું

દસ માંચડા

ડૉકટર નસીબદાર હતો. દાદરા ઉપરથી પડતાં ન તો એની ખોપરી ફાટી કે ન એનાં હાડકાં ભાંગ્યાં.

એનાં પાંસળાં તો સલામત રહ્યાં. પરંતુ ઢળી પડતા મિનારા ઉપરથી નીચે પડી જવાની બાબતમાં કોઈ માણસ ભલે ગમે એટલો નસીબદાર હોય તોપણ એ પછડાટ મઝેદાર તો ન જ હોય. પડનારો માણસ જુવાન ન હોય અથવા ડૉકટર ગાસ્પારની જેમ વૃદ્ધાવસ્થામાં હોય તો તો એ પછડાટ વધારે અણગમતો લાગે. બીચારો ભલો ડૉકટર ધાસ્તીનો આંચકો ખાઈને બેહોશ થઈ ગયો.

તેને શુદ્ધિ આવી ત્યારે સાંજ ઢળી ગઈ હતી. તેણે આસપાસ નજર ફેરવી.

"અરે ભગવાન! મારાં ચશ્માં તો તૂટી ગયાં છે. નીરોગી આંખો ધરાવતો માણસ આંખે ચશ્માં ચડાવીને જુએ ત્યારે તેને જેવું દેખાય એવું જ મને મારાં ચશ્માં વગર દેખાય છે. આ તો ભારે વિપદા આવી પડી!"

પછી એ જોડાની એડીઓ ખોવાઈ જવા બદલ બડબડાટ કરવા લાગ્યો.

"આમેય હું સારી પેઠે ઠીંગણો છું. અને હવે નહિ નહિ તોયે એક ઇંચ જેટલો વધારે ઠીંગણો થઈ જઈશ. પણ બેઉ જોડાની એડી નીકળી ગઈ છે એટલે કદાચ બે ઇંચ વધારે ટૂંકો થઈ જઉં. ના, પણ એમ તો ન બને, એક જ ઇંચ જેટલો વધારે ટૂંકો થઈ જઈશ..."

ડૉકટર ગાસ્પાર ભાંગેલી ઈંટોના એક ઢગલા ઉપર પડયો હતો. મિનારો સાવ પડી ભાંગ્યો હતો. હવે તો ભીંતનો માત્ર એક લાંબો સાંકડો હિસ્સો જ હાડકાની જેમ જમીનમાંથી બહાર નીકળી આવેલો દેખાતો હતો. એના કાનમાં દૂર દૂરથી આવતા સંગીતના સૂર પડયા. પવનની ઉપર સવાર થઈને આવતા એ સૂર જોમદાર વાલ્ટ્ઝના હતા. ડૉકટરે માથું ઊંચું કર્યું. તૂટેલી કાળી વળીઓ એની ઉપર ઝૂમી રહી હતી. સાંજના લીલા-ભૂરા ગગનમાં તારલિયા ટમટમી રહ્યા હતા.

"આ સંગીતના સૂર ક્યાંથી આવતા હશે?"

રેઈનકોટ વગર ડૉકટરને ટાઢ વાવા લાગી હતી. ચોકમાં જરા સરખોયે અવાજ ક્યાંય સંભળાતો નહોતો. કાટમાળના ઢગલા ઉપરથી ઊભા થતાં એના મોંમાંથી ઊંહકારો નીકળી ગયો. પછી કોઈના મોટા બૂટ જોડે પગ ભટકાતાં ડૉકટર લથડિયું ખાઈ ગયો. આડી પડેલી એક વળી ઉપર તાળાગર ચત્તોપાટ સીધો પડયો હતો. તેની આંખો ઊંચે ગગનમાં તાકી રહી

હતો. ડૉકટરે તેનું શરીર હલાવી જોયું પણ તાળાગર હલ્યો નહિ. તેનો જીવ નીકળી ગયો હતો અને ખાલી ખોળિયું જ ત્યાં પડયું હતું.

મરેલાના માનમાં માથેથી ટોપો ઉતારવા ડૉકટરે હાથ ઊંચો કર્યો.

"અરે, મારો ટોપોયે ખોવાઈ ગયો છે," ડૉકટરથી બોલાઈ ગયું. "ખેર, હવે જવું કઈ તરફ?"

ડૉકટર ચોક મૂકીને આગળ ચાલ્યો. રસ્તા ઉપર બધે માણસો પડયા હતા. ડૉકટરે નીચા વળીને દરેકની ઉપર નજીકથી નજર નાખી. તેમની ઉઘાડી આંખોમાં ડૉકટરને તારાનાં પ્રતિબિંબ દેખાયાં. એણે દરેકને કપાળે હાથ અડાડી જોયો. સૌનાં કપાળ ઠંડાગાર અને લોહીથી ખરડાયેલાં હતાં. રાતના વખતે લોહી કાળું દેખાતું હતું.

"તો વાત એમ છે!" તેના હોઠ ફફડયા. "આનો અર્થ તો એ જ કે જનતાને હાર થઈ છે... હવે શું થશે?"

અરધા કલાક પછી ડૉકટર એક ઝળહળતા રસ્તા ઉપર પહોંચ્યો. રસ્તા ઉપર ભારે ભીડ

હતી. ડૉક્ટર ખૂબ થાકી ગયો હતો. એને ભૂખ કકડીને લાગી હતી અને તરસથી એનું ગળું સુકાઈ રહ્યું હતું. એ જગ્યાએ નગર રોજના જેવું જ દેખાતું હતું.

ખૂબ ચાલીને થાકી ગયેલો ડૉક્ટર એક ચોભેટે પહોંચીને પોરો ખાવા ઊભો રહ્યો. એના મનમાં વિચાર ઊઠયા: "કેવી વિચિત્ર વાત છે! બારીઓમાં રંગીન બત્તીઓ ઝગમગી રહી છે, ગાડીઓ આમથી તેમ આવજા કરી રહી છે, કાચનાં બારણાં ઉઘાડબંધ થયા કરે છે. પણે અર્ધગોળાકાર બારીઓમાંથી સોનેરી પ્રકાશ બહાર ફેલાઈ રહ્યો છે. થાંભલીઓ પાસે યુગલો નાચી રહ્યાં છે. લોકો નાચગાનમાં મશગૂલ છે અને મહેફિલ જામી હોય એમ લાગે છે. અંધારઘેરા પાણી ઉપર ચીની ફાનસ આમતેમ ડોલી રહ્યાં છે. અહીં તો સૌ એવી મોજમાં ડૂબેલાં છે કે જાણે ગઈકાલની રાત હોય. આજે સવારે કેવી કેવી ઘટનાઓ બની ગઈ છે તેની શું આ લોકોને ખબર નહિ હોય? ગોળીબારના ધડાકા અને ઘવાયેલા માણસોની ચીસો તેમણે શું નહિ સાંભળી હોય? જનતાનો આગેવાન હથિયારગર પ્રોસ્પેરો પકડાઈ ગયો છે એ વાત શું તેઓ નહિ જાણતા હોય? કે પછી એ બધું સાચેસાચ કદાચ બન્યું જ નહિ હોય? કદાચ મને અશુભ સપનું જ આવ્યું હશે?"

રસ્તાના ખૂણે બળતી બત્તી અજવાળું પાથરી રહી હતી. રસ્તાને કિનારે ગાડીઓ ખડી હતી. માલણો ગુલાબનાં ફૂલ વેચી રહી હતી અને ગાડીવાનો તેમની જોડે વાતો કરી રહ્યા હતા.

"બીચારો! તેના ગળામાં દોરડું બાંધીને તેને નગરના રસ્તાઓ ઉપર ઢસડવામાં આવ્યો!"

"તેને લોખંડના પાંજરામાં પૂરી દેવામાં આવ્યો છે અને પાંજરું ત્રણ ફાંદાળાના મહેલમાં મૂકી રાખવામાં આવ્યું છે," જાડો ગાડીવાન બોલ્યો. તેણે આછા નીલા રંગનો લાંબો ટોપો પહેર્યો હતો. ટોપો રિબનથી શણગારેલો હતો.

બરાબર એ જ ઘડીએ એક ભારેખમ બાનુ અને એક નાનકડી બાળકી ફૂલ લેવા આવ્યાં.

"કોને પાંજરામાં પૂરી દેવામાં આવ્યો છે?" બાનુએ પૂછ્યું.

"હથિયારગર પ્રોસ્પેરોને. સિપાહીઓએ તેને પકડી લીધો છે."

"પ્રભુ, તારી કેવી દયા!" બાનુ બોલી.

તેની દીકરી રડવા લાગી.

તેણે દીકરીને કહ્યું: "અરે, રડે છે કેમ? બુદ્ધુ નહિ તો! તને હથિયારગર પ્રોસ્પેરોનો અફસોસ થાય છે? એવો અફસોસ તદ્દન નકામો છે. એ તો આપણને દુ:ખમાં ધકેલી દેવા માગે છે... આમ જો, કેવાં મઝાનાં ગુલાબ છે!.."

પાણી અને પાંદડાંથી ભરેલાં મોટાં ગોળ કૂંડાંમાં ગુલાબનાં મોટાં મોટાં ફૂલ હંસની જેમ મંદ ગતિએ તરી રહ્યાં હતાં.

"આ ત્રણ ફૂલ લઈ લે. અને હવે રડવાનું બંધ કર. એ બધા તો બંડખોર છે. એ ચોકોને લોખંડનાં પાંજરામાં પૂરી દેવામાં ન આવે તો એ લોકો આપણાં ઘર, આપણાં સુંદર કપડાં, અને આપણાં ફૂલ છીનવી લે. અને પછી એ લોકો આપણને જાનથી મારી નાખે."

એક છોકરો દોડતો આવ્યો. પહેલાં તેણે બાનુની ભરતગૂંથણની ડગલી ખેંચી અને પછી છોકરીના ચોટલાને આંચકો માર્યો.

"અરે ઠકરાણીજી, હથિયારગર પ્રોસ્પેરો પાંજરામાં પુરાઈ ગયો છે પણ બજાણિયો તિબુલ તો હજી છૂટો છે!" છોકરો ઘાંટો પાડીને બોલ્યો.

"કેવો ભૂંડો છોકરો છે!"

બાનુએ પગ પછાડયા અને તેના હાથમાંથી બેગ નીચે પડી ગઈ. માલણો ખડખડાટ હસી પડી. જાડા ગાડીવાને તરત જ આગળ આવીને ભારેખમ બાનુને કહ્યું કે હરકત ન હોય તો મારી ગાડીમાં બેસી જઈને અહીંથી જતાં રહો.

બાનુ અને તેની દીકરી ગાડીમાં બેસીને ચાલ્યાં ગયાં.

"અરે છોકરા, જરા ઊભો રહે! તને જે કંઈ ખબર હોય એ બધું અમને કહી સંભળાવ..." એક ફૂલવાળીએ સાદ પાડીને છોકરાને બોલાવ્યો.

બે ગાડીવાન ગાડી ઉપરથી નીચે ઊતરી આવ્યા. તેમણે પહેરેલા લાંબા કોટને પાંચ ઝાલરવાળા કૉલર હતા. બન્ને ગાડીવાનો લાંબા કોટમાં પગ સરકાવતા ફૂલવાળીઓ પાસે પહોંચ્યા.

"અરે વાહ! કેવો સરસ ચાબુક છે!" ગાડીવાનનો લાંબો ચાબુક જોઈને છોકરાના મનમાં



વિચાર આવ્યો કે આવો એક ચાબુક મારી પાસે હોય તો મઝા જ આવી જાય. પણ તેને ખબર હતી કે એવો ચાબુક મેળવવાનું પોતાને માટે તદ્દન અશક્ય છે.

ગાડીવાને ઘોઘરા અવાજે છોકરાને પૂછ્યું: "અલ્યા, શું કહ્યું તેં? બજાણિયો તિબુલ હજી છૂટો છે એમ કે?"

"એમ સાંભળ્યું છે. હું ગોદીએ ગયો હતો, ત્યાં એવી વાત સાંભળી..."

"સિપાહીઓએ તેને મારી નથી નાખ્યો?" બીજા ગાડીવાને એવા જ ઘોઘરા અવાજે પૂછ્યું.

"ના, બડેમિયાં... અરે રૂપાળી બાઈ, મને એક ફૂલ આપ ને!"

"ઊભો રહે, મૂરખ! પહેલાં આખી વાત કર..."

"ઠીક, સાંભળો... પહેલાં સૌએ માની લીધું કે એ મરાઈ ગયો હશે એટલે મુડદાં તપાસી જોયાં. પણ મુડદાંમાં એ ક્યાંય મળ્યો નહિ."

એક ગાડીવાન બોલ્યો: "એને ક્યાંક નદીમાં ન ફેંકી દીધો હોય!"

એટલામાં એક ભિખારી ત્યાં આવી પહોંચ્યો અને તેણે પૂછ્યું:

"કોને નદીમાં ફેંકી દીધો? બજાણિયો તિબુલ કાંઈ બિલાડીનું બચ્ચું નથી કે એમ નદીમાં ફેંકી દેવાય! એ તો નાસી છૂટયો છે અને જીવતોજાગતો છે!"

"તું જૂઠું બોલે છે, લબાડ ક્યાંનો!" ગાડીવાને કહ્યું.



ફૂલવાળીઓ ખુશ ખુશ થઈ ગઈ અને બોલી ઊઠી: "બજાણિયો તિબુલ જીવતો છે, તિબુલ જીવતો છે!"

છોકરો એક ફૂલ ઉઠાવી લઈને એકદમ પોબારા ગણી ગયો. ભીના ફૂલમાંથી પાણીનાં થોડાંક ટીપાં ડૉક્ટરના મોં ઉપર ઊડયાં. આંસુ જેવાં એ ટીપાંને ડૉક્ટરે મોં ઉપરથી લૂછી નાખ્યાં. ભિખારી આગળ શું કહે છે એ સાંભળવાના ઈરાદે ડૉક્ટર નજીક આવ્યો.

પણ એ વખતે એવો કિસ્સો બન્યો કે વાતચીત પોતાની મેળે જ બંધ થઈ ગઈ. એક વિચિત્ર દેખાતું સરઘસ આવી રહ્યું હતું. સરઘસને મોખરે બે ઘોડેસવાર હતા. બેઉના હાથમાં એકેક મશાલ હતી. એ મશાલો જાણે પવનની લહેરીઓમાં સળગતી દાઢી ફરફરતી હોય એવી લાગતી હતી. ઘોડેસવારોની પાછળ પાછળ એક કાળી ગાડી ધીરે ધીરે આવતી હતી. ગાડીના બારણા ઉપર કુળચિહ્ન ચીતરેલું હતું.

ગાડીની પાછળ પાછળ સુથારોનું ટોળું આવી રહ્યું હતું. બધા મળીને એકસો સુથાર હતા. સુથારોએ બાંયો વાળીને ઉપર ચડાવી દીધી હતી અને તેઓ કામ શરૂ કરવા તૈયાર હતા. તેમણે કામનાં કપડાં પહેરી લીધાં હતાં અને તેઓ હાથમાં કરવતો, રંધા, અને ઓજારપેટીઓ લઈને જતા હતા. સરઘસની બન્ને તરફ ઘોડેસવાર સિપાહીઓ ચાલતા હતા. તેમના ઘોડા દોડવા માટે અધીરાઈથી થનગની રહ્યા હતા અને એટલે તેઓ લગામ ખેંચીને ઘોડાઓને દોડતા રોકી રહ્યા હતા.

"અરે, આ સરઘસ કેમ નીકળ્યું છે? મામલો શો છે?" રસ્તે ચાલતા લોકો અચરજથી એકબીજાને પૂછવા લાગ્યા.

બારણા ઉપર કુળચિહ્ન ચીતરેલી કાળી ગાડીની અંદર ત્રણ ફાંદાળાની કાઉન્સિલનો એક અમલદાર બેઠો હતો. ફૂલવાળી છોકરીઓ ડરી ગઈ. ગાડીની બારીમાંથી દેખાતા અમલદારના માથા ઉપર નજર ઠેરવીને તેમણે બીકથી પોતાની હથેળીઓ ગાલે દબાવી. રસ્તો અજવાળાથી ઝગમગી રહ્યો હતો. કાળી વિગથી ઢંકાયેલું માથું જાણે નિર્જીવ હોય એવી રીતે હલી રહ્યું હતું અને ગાડીમાં જાણે કોઈ આદમી નહિ પણ મોટું પંખી બેઠું હોય એમ લાગતું હતું.

"ચાલો, ચાલો, પગ ઉપાડો જલદી!" સિપાહીઓ બરાડયા.

"આ બધા સુથારોને ક્યાં લઈ જાઓ છો?" એક નાનકડી ફૂલવાળીએ સિપાહીઓના સરદારને પૂછ્યું.

"સુથારો માંચડા બાંધવાના છે, પડી સમજણ? આ સુથારો દસ માંચડા બાંધવાના છે!" સરદારે પોતાનું મોં ફૂલવાળીના ચહેરા પાસે કરીને એટલા જોરથી બરાડો પાડયો કે ફૂલવાળીના વાળની લટો ચોતરફ ફરફરી ઊઠી.

"ઓહ!"

ફૂલવાળીના હાથમાંથી કૂંડું નીચે પડી ગયું. પાણી નીચે ઢોળાઈ ગયું અને ફૂલ જમીન ઉપર વેરાઈ ગયાં.

"સુથારો માંચડા બાંધવાના છે!" દહેશત ખાઈ ગયેલા ડૉકટરના મોંમાંથી એના એ જ શબ્દો નીકળી ગયા.

"હા, માંચડા!" સરદારે પાછું વળીને જોયું અને ગુસ્સામાં દાંત દેખાડતાં રાડ પાડી. દાંતની ઉપર તેની મોટી મોટી મૂછો જોડા જેવી દેખાતી હતી. "બધા બંડખોરો માટે માંચડા! બધાનાં માથાં ઉડાવી દેવામાં આવશે! ત્રણ ફાંદાળાની વિરુદ્ધ બંડ કરનારા બધા માણસોને એવી જ સજા થશે!"

ડૉકટરને માથામાં ચક્કર આવી ગયાં. તેને લાગ્યું કે પોતે હમણાં જ બેહોશ થઈ જશે.

"એક જ દિવસ માટે આ બધું મારે માટે વધારે પડતું છે," તેને થયું. "વળી સખત ભૂખ પણ લાગી છે અને થાકી ગયો છું. ચાલ, ઘર ભેગો થઈ જાઉં."

હા, ડૉકટરને ખરેખર આરામની જરૂર હતી. એક પછી એક બનેલી બધી ઘટનાઓએ અને પોતે જે કંઈ જોયું અને સાંભળ્યું હતું તેણે ડૉકટરના મન ઉપર એવી ભારે અસર કરી દીધી હતી કે પોતે મિનારા ઉપરથી ગબડી પડેલો એ વાત પણ તેને બહુ અસાધારણ ન લાગી. ટોપો, રેઇનકોટ, લાકડી, અને જોડાની એડીઓના નુકસાનની પણ તેને પરવા ન રહી. પણ સૌથી બૂરી વાત તો એ હતી કે તેનાં ચશ્માં પણ તૂટી ગયાં હતાં. એટલે ડૉકટરે એક ગાડી ભાડે કરી લીધી અને તે ઘર તરફ રવાના થઈ ગયો.

પ્રકરણ ત્રીજું

તારકચોક

ડૉકટરની ગાડી લાદી જડેલા પહોળા રસ્તા ઉપર દોડવા લાગી. રસ્તા ઘરનાં દીવાનખાનાં કરતાં પણ વધારે ઝગમગી રહ્યા હતા. દોડતી ગાડીમાંથી ડૉકટર રસ્તાની બત્તીઓની હારમાળાને ઝપાટાબંધ સરકતી જોઈ રહ્યો. બત્તીઓ એવી દેખાતી હતી કે જાણે કાચના ગોળામાં ચમકદાર ઊકળતું દૂધ ભર્યું હોય. ગાડી નદીકિનારેથી પસાર થઈ. બત્તીઓની નીચે નાનકડાં જીવડાંનાં ઝુંડ ગણગણી રહ્યાં હતાં. કિનારે બાંધેલી પથ્થરની ઊંચી પાળ ઉપર બ્રૉંઝધાતુના સિંહ જડવામાં આવ્યા હતા. દરેક સિંહના પંજામાં ઢાલ હતી અને તેની જીભ મોંમાંથી બહાર લટકતી હતી. નીચે હળવે હળવે વહેતું પાણી ડામર જેવું કાળું અને ચળકતું હતું. પાણીમાં પડતું નગરનું

ચંદ્રનું પ્રતિબિંબ પાણીના પ્રવાહમાં વહી જવાની કોશિશ કરતું હતું પણ એમ ન કરી શકતાં પાણીની લહરીઓની ઉપર મૃદુ સોનેરી પ્રકાશગોળાઓનું રૂપ ધારણ કરી લેતું હતું. ડૉક્ટરના માર્ગમાં પડતા પુલ કમાનની જેમ વળેલા હતા. નીચેથી અથવા સામે કિનારેથી એ પુલ એવા લાગતા હતા કે જાણે બિલાડીઓ પોતાની લોખંડી પીઠને કમાનની જેમ વાળીને કૂદકો મારવા તૈયાર બેઠી હોય. પ્રત્યેક પુલના નાકે સંત્રીઓ ગોઠવવામાં આવ્યા હતા. સંત્રીઓ બેઠા બેઠા ચલમ ફૂંકતા હતા, પાનાં રમતા હતા, અને આકાશમાં તારાઓ ઉપર નજર માંડીને બગાસાં ખાતા હતા. ગાડીમાં બેઠેલો ડૉક્ટર ચોમેર નજર ફેરવતો જતો હતો અને કાન સરવા રાખીને સંભળાય તે બધું સાંભળતો હતો.

રસ્તાઓ, મકાનો, દારૂના પીઠાની ખુલ્લી બારીઓ, અને રમણીય ઉદ્યાનોની વાડ ઉપર થઈને આવતા કોઈ ગીતના સૂર તેને સંભળાયા:

કરીને કેદ પ્રોસ્પેરોને
પૂરી દીધો પાંજરામાં
ગળામાં પડી ગઈ લોખંડી જંજીર—
નથી દમ ભાંગવાનો એનામાં

ઘેનમાં ચકચૂર એક છેલછબીલો એ ગીત ગાઈ રહ્યો હતો. તેની કાકી મરી ગઈ હતી. કાકી પાસે ખૂબ ખૂબ પૈસા હતા. તેના મોં ઉપર અગણિત કદરૂપાં ચાઠાં હતાં. છેલછબીલા સિવાય તેનું બીજું કોઈ સગું આ દુનિયામાં નહોતું. એટલે કાકીની બધી દોલત તેને મળી ગઈ હતી. લોકોને ધનવાનોના શાસનની વિરુદ્ધ બંડ કરતા જોઈને તે ખૂબ ખીજે ભરાયો હતો.

જનાવરોનો એક મોટો ખેલ ચાલી રહ્યો હતો. ત્રણ ફાંદાળાનાં પ્રતીકો રૂપે ત્રણ વાંદરા તખતા ઉપર ખેલ કરી રહ્યા હતા. ત્રણેય વાંદરાને મોટી મોટી ફાંદ હતી અને તેમનાં શરીર ચરબીથી ભરેલાં હતાં. એક કૂતરું મેન્ડોલિન વગાડી રહ્યું હતું. રંગલાએ ચળકતા રાતા રંગનો સૂટ પહેર્યો હતો. તેની પીઠ ઉપર સોનેરી સૂર્યનું ચિત્ર હતું. અને તેના પેટ ઉપર સોનેરી તારો ચીતરેલો હતો. રંગલો સંગીતની સાથે તાલ મેળવતો એક કવિતા લલકારી રહ્યો હતો:

આ ત્રણ ફાંદાળા—
છે અતિ જાડા,
ખાણાંપીણાં પેટમાં ઠાંસે,
દિનરાત એ પાડા.

કામ કેવળ એક જ કરે
કેમ વધે છે ફાંદ, જોયા કરે.
ચેતો, માતેલાં ડુક્કર,
ઘડો ભરાશે પાપનો;
ચોક્કસ મળશે બદલો,
કાળાં તમારાં કામનો.

ચોતરફથી દાઢીવાળા પોપટ ગરજી ઊઠ્યા: "ઘડો ભરાશે પાપનો!"

ભયંકર ધમાલ મચી ગઈ. પાંજરાંમાં પૂરેલાં જાતજાતનાં જનાવરો ભસવા, ઘૂરકવા, બડબડવા, અને સીટીઓ મારવા લાગ્યાં.

તખતા ઉપર ત્રણેય વાંદરા જોરથી ઠેકડા મારવા લાગ્યા. ખબર જ નહોતી પડતી કે તેમના હાથ ક્યા છે અને પગ કયા છે. આખરે વાંદરા તખતા ઉપરથી ઠેકડા મારીને પ્રેક્ષકો ઉપર કૂદી પડયા અને આમતેમ દોડાદોડી કરવા લાગ્યા. પ્રેક્ષકોએ પણ રાડારાડી મચાવી દીધી.

સૌથી વધારે જાડા માણસો સૌથી વધારે બરાડા પડવા લાગ્યા. તેમના ચહેરા ગુસ્સાથી રાતાચોળ થઈ ગયા અને તેઓ ટોપીઓ તથા દૂરબીન થરથરતા રંગલા ઉપર ફેંકવા લાગ્યા. એક જાડી બાનુએ પોતાની છત્રી રંગલાની સામે વીંઝી પણ છત્રી રંગલાને વાગવાને બદલે તેમાં એક બીજી જાડી બાનુની ટોપી ભરાઈ ગઈ.

"ઓય મા!" ટોપી વિનાની થઈ ગયેલી જાડી બાનુ ચીસ પાડી ઊઠી. ટોપી ભેગા તેના નકલી વાળ પણ છત્રીમાં ભરાઈ ગયા હતા.

દોડાદોડી કરતા એક વાંદરાએ બાનુના ટાલિયા માથા ઉપર હાથ વડે ટાપલી મારી. બાનુને તરત જ મૂર્છા આવી ગઈ.

"હા-હા-હા!"

"હા-હા-હા!" કેટલાય લોકો હસી પડ્યા. હસનારા લોકો પ્રમાણમાં પાતળા હતા અને તેમણે લૂગડાં પણ જેવાંતેવાં પહેર્યાં હતાં.

"સાબાશ! સાબાશ!"

"લગાવો બરાબર!"

"ત્રણ ફાંદાળા મુર્દાબાદ!"

"પ્રોસ્પેરો ઝિંદાબાદ! તિબુલ ઝિંદાબાદ! આમજનતા ઝિંદાબાદ!"

બરાબર એ જ વખતે કોઈએ વધારે જોરથી ઘાંટો પાડ્યો:

"આગ! નગરને આગ લાગી ગઈ છે!.."

બધા બહાર જવા માટે બારણાં તરફ ધસ્યા. ધક્કામુક્કી કરતા લોકોએ કેટલાય બાંકડા ઊંધા વાળી નાખ્યા. જનાવરોના રખેવાળો વાંદરાઓને પકડવાની કોશિશ કરવા લાગ્યા.

ડૉક્ટરના ગાડીવાને પાછળ ફરીને ડૉક્ટર તરફ જોયું અને આગની દિશામાં ચાબુક ચીંધતો બોલ્યો:

"સિપાહીઓ કામદારોનાં ઘરોને આગ લગાવી રહ્યા છે. એ લોકો બજાણિયા તિબુલને પકડી લેવા માગે છે..."

આગનો લાલ ચળકાટ આખા નગર ઉપર ફેલાઈ રહ્યો હતો અને અંધારાથી છવાયેલાં ઘરો ઉપર અજવાળું પાથરી રહ્યો હતો.

ડૉક્ટરને ઘર તરફ લઈ જતી ગાડી મુખ્ય ચોકમાં પહોંચી. તેનું નામ તારકચોક હતું. ગાડી તારકચોકથી આગળ જઈ શકે એમ નહોતી કેમ કે ચોકમાં અનેક ગાડીઓ ઊભી હતી અને ઘણાબધા ઘોડેસવારો તથા પગપાળા માણસો ભેગા થઈ ગયા હતા. ખીચોખીચ ભરાઈ ગયેલા ચોકમાં ચોતરફથી વધારે ને વધારે લોકો ઊમટી રહ્યા હતા.

"આ ધમાલ શાની છે?" ડૉક્ટરે પૂછ્યું.

પણ કોઈએ જવાબ આપ્યો નહિ. બધા ગરદન ઊંચી કરીને જોવામાં પડ્યા હતા કે ચોકમાં શું ચાલી રહ્યું છે. ડૉક્ટરનો ગાડીવાન પણ પોતાની ઊંચી જગ્યા ઉપર ઊભો થઈ ગયો અને બધા જોતા હતા એ તરફ જોવા લાગ્યો.

મુખ્ય ચોકનું નામ તારકચોક પડયું તેનું કારણ આવું હતું: ચોકની ચારે તરફ એકસરખી ઊંચાઈ અને એકસરખા ઘાટનાં મોટાં મોટાં મકાનો હતાં અને ઉપર કાચનો ઘુમ્મટ હતો. એટલે ચોક કોઈ વિશાળ સરકસ જેવો લાગતો હતો. કાચના ઘુમ્મટની બરાબર વચમાં દુનિયાની મોટામાં મોટી બત્તી ટાંગેલી હતી. એ બત્તી કાચના અજબ દેખાતા જબ્બર ગોળ દડા જેવી હતી. બત્તીને ભારે વજનના કેટલાય તાર વડે લટકાવવામાં આવી હતી અને તેને ફરતી જડેલી લોખંડની પટ્ટીને કારણે તે શનિના ગ્રહ જેવી દેખાતી હતી. બત્તીમાંથી નીકળતો પ્રકાશ એટલો સરસ અને દુનિયાની કોઈ પણ વસ્તુથી એટલો નિરાળો હતો કે એ અદ્ભુત બત્તીને લોકોએ "તારક" નામ આપી દીધું. એ રીતે ચોકનું નામ તારકચોક પડી ગયું.

ચોકમાં બીજી કોઈ બત્તીની જરૂર જ નહોતી પડતી. આજુબાજુનાં ઘરોમાં અને આસપાસની શેરીઓમાં પણ એ તારકબત્તી અજવાળું રેલાવી દેતી. પથ્થરની ઊંચી દીવાલ જેવા પ્રત્યેક ઘરનો દરેકે દરેક ખંડ અને ખૂણો તારકના પ્રકાશથી ઝળહળી ઊઠતો, અને એ ઘરોમાં રહેતા લોકો ફાનસ કે મીણબત્તીનો ઉપયોગ કદી ન કરતા.

દવાખાનામાં ગોઠવેલી શીશીઓનાં બુચ જેવી દેખાતી ગાડીઓ અને ગાડીવાનોની ટોપીઓ ઉપરથી નજર કરીને ડૉક્ટરનો ગાડીવાન ચોકમાં જોવાની કોશિશ કરી રહ્યો હતો.

"દેખાય છે કંઈ?.. શો મામલો છે?.." ડૉક્ટરે આતુરતાથી પૂછ્યું અને ગાડીવાનની પીઠ પાછળથી જોવાની કોશિશ કરી. પણ ડૉક્ટર ગાસ્પાર ઠીંગણો હતો અને વધારામાં તેની ટૂંકી નજરવાળી આંખોને મદદ કરતાં ચશ્માં પણ તૂટી ગયાં હતાં, એટલે ડૉક્ટર બીચારો કંઈ જ ન જોઈ શક્યો.

ગાડીવાનને જે કંઈ દેખાયું એ તેણે ડૉક્ટરને કહી બતાવ્યું. અને ગાડીવાનને જે દેખાયું તે આવું હતું:

ચોકમાં ખૂબ જ ઉત્તેજના ફેલાયેલી હતી. વચ્ચેની વિશાળ ગોળ જગ્યામાં લોકો આમતેમ દોડાદોડી કરી રહ્યા હતા. આખી જગ્યા જાણે ચકડોળની જેમ ચક્કર ચક્કર ફરતી હોય એમ લાગતું હતું. ઉપર શું થઈ રહ્યું છે તે વધારે સારી રીતે જોવા માટે લોકો આમતેમ ધસી રહ્યા હતા.

ઊંચે લટકતી બત્તી સૂરજની જેમ પ્રકાશ રેલાવી રહી હતી. લોકોની આંખો એ પ્રખર તેજથી અંજાઈ રહી હતી. મોં ઊંચાં કરીને જોતા લોકો પોતાની હથેળીઓ વડે આંખોને પ્રકાશનાં કિરણોથી બચાવવાની કોશિશ કરી રહ્યા હતા.

"એ દેખાય! એ દેખાય!" લોકોએ પોકાર પાડયા.

"એ દેખાય! પણે જુઓ! પણે જુઓ!"

"ક્યાં? ક્યાં?"

"એથીયે ઊંચે!"

"તિબુલ! તિબુલ!"

સેંકડો આંગળીઓ ડાબી તરફ ચીંધાઈ ગઈ. લોકો એક સાધારણ દેખાતા મકાન તરફ આંગળી ચીંધી રહ્યા હતા. છએ છ માળાની બધી બારીઓ પૂરેપૂરી ખોલી નાખવામાં આવી હતી. દરેકે દરેક બારીમાંથી લોકો બહાર ડોકાઈ રહ્યા હતા. બહાર ડોકાતાં માથાં ખૂબ રંગબેરંગી દેખાતાં હતાં: કેટલાંક માથાં ઉપર ઝૂલદાર રાતટોપીઓ હતી, કેટલીક બાઈઓએ માથે ઓઢેલાં બોનેટોની નીચેથી રાતા વાળની લટો બહાર નીકળી આવી હતી, અને કેટલાંક માથાં ઉપર રંગીન રૂમાલો બાંધેલા હતા. એથી ઉપરના માળાઓના ઓરડાઓમાં ગરીબ યુવાન કવિઓ, કલાકારો, અને અદાકારો રહેતા હતા. એ માળાઓની બારીઓમાં તમાકુના ધુમાડાથી ઘેરાયેલા દાઢી વગરના સુખી ચહેરા નજરે પડતા હતા તથા રૂપાળી તરુણીઓના સોનેરી વાળ વાદળની જેમ તેમના ખભા ઉપર પથરાયેલા હતા. સળિયા જડેલી ખુલ્લી બારીઓમાંથી ચમકીલાં રંગબેરંગી માથાં બહાર ડોકાઈ રહ્યાં હતાં એટલે એ મકાન સોનેરી પંખીઓના વિશાળ પાંજરા જેવું લાગતું હતું. એ બધાં માથાંના માલિકો છત ઉપર બની રહેલી કોઈ મહત્ત્વની ઘટનાને જોવાની કોશિશ કરી રહ્યા હતા. દર્પણ વગર પોતાના કાન જોવાની કોશિશ જેટલી વ્યર્થ હોય છે એટલી જ વ્યર્થ એ કોશિશ પણ હતી. પોતાના જ ઘરની છત ઉપર બની રહેલી ઘટનાને જોવા આતુર એ લોકો માટે નીચે ઊભેલું ઉત્તેજિત ટોળું દર્પણની કામગીરી બજાવી રહ્યું હતું. નીચે ઊભેલા લોકો બધું બરાબર જોઈ શકતા હતા અને દેકારો કરતા હતા તથા હાથ હલાવતા

હતા. કેટલાકનાં દિલ ખુશીના ઉછાળા અનુભવી રહ્યાં હતાં તો બીજા ઘણાને ભયંકર ગુસ્સો ચડી ગયો હતો.

છત ઉપર એક ટચૂકડી આકૃતિ ખસી રહી હતી. સીધા ત્રિકોણ ઢોળાવ ઉપરથી એ આકૃતિ ધીરે ધીરે, સંભાળપૂર્વક, નીડરતાથી નીચે ઊતરી રહી હતી. પતરાની છત ઉપર તેનાં પગલાં ખણખણ અવાજ કરતાં હતાં.

સરકસના ખેલમાં દોરડા ઉપર ચાલનારો ખેલાડી સમતુલા જાળવવા માટે જેમ પીળી ચીની છત્રીનો ઉપયોગ કરે એવી જ રીતે એ નાનકડી આકૃતિ સમતુલા જાળવવા માટે પોતાની ડગલી આમતેમ હલાવી રહી હતી.

એ હતો બજાણિયો તિબુલ.

લોકો પોકારી ઊઠયા:

"સાબાશ, તિબુલ! સાબાશ, તિબુલ!"

"જાળવજે! મેળામાં દોરડા ઉપર કેવી રીતે ચાલતો એ યાદ રાખ!.."

"એ પડે એવો નથી! અરે ભાઈ, આખા દેશનો સૌથી કાબેલ બજાણિયો છે!.."

"દોરડા ઉપર આમથી તેમ ચાલતો આપણે તેને આજે કંઈ પહેલી જ વાર નથી જોતા..."

"સાબાશ, તિબુલ!"

"ભાગી જા! છટકી જા! પ્રોસ્પેરોને છોડાવી લે!"

બીજા લોકો ગુસ્સે ભરાયા હતા. એવા લોકોએ હવામાં મુક્કા વીંઝતાં ઘાંટા પાડયા:

"હવે તું બચવાનો નથી, બેવકૂફ રંગલા!"

"ધુતારો!"

"બંડખોર! તને તો સસલાની જેમ ગોળીએ ઉડાવી દેશે..."

"ચેતતો રહેજે! છત ઉપરથી નીચે ખેંચીને તને ઢસડતા ઢસડતા માંચડા ઉપર લઈ જઈશું. દસ માંચડા કાલે તૈયાર થઈ જશે!"

પરંતુ તિબુલે તો પોતાનો જોખમી પ્રવાસ ચાલુ જ રાખ્યો.

"આવ્યો ક્યાંથી? ચોક સુધી કેવી રીતે પહોંચ્યો? છત ઉપર કેવી રીતે ચડી ગયો?" લોકોને અચંબો થયો.

કેટલાક બોલ્યા: "સિપાહીઓના હાથમાંથી છટકી ગયો. છટકીને ગાયબ થઈ ગયો. નગરના જુદા જુદા ભાગોમાં દેખાયેલો. એક છત ઉપરથી બીજી છત ઉપર જતો ગયો. બિલાડી જેવો ચપળ છે. બજાણિયાની કાબેલિયત કામે લાગી. આખા દેશમાં અમસ્તો જ મશહૂર નથી!"

ચોકમાં સિપાહીઓ નજરે પડયા. વધારે સારી રીતે જોવાના ઇરાદે લોકો બાજુની શેરીઓમાં ધસી રહ્યા હતા. તિબુલ પાળ ઓળંગીને છતની છેક કિનાર ઉપર ઊભો રહી ગયો. તેણે હાથ લાંબો કર્યો. હાથ ફરતી વીંટાળેલી તેની લીલી ડગલી વાવટાની જેમ ફરફરાટ કરવા લાગી.

મેળાગુજરીઓમાં અને મોજમજાની જગ્યાઓમાં તિબુલ તમાશગીરનાં પીળાં-કાળાં તંગ કપડાં પહેરીને તથા ડગલી લઈને ખેલ કરવા આવતો. તેને એવા પહેરવેશમાં જોવાને લોકો ટેવાયેલા હતા. હવે કાચના ઘુમ્મટ હેઠળ ખૂબ ઊંચે દેખાતી તેની નાનકડી પાતળી ચટાપટાદાર કાયા મકાનની સફેદ ભીંત ઉપર ચાલતા ભમરા જેવી દેખાતી હતી. પ્રત્યેક વેળા તે જયારે પોતાની ડગલી પવનમાં ફરફરાવતો ત્યારે ભમરો પોતાની ચળકતી લીલી પાંખ ફફડાવતો હોય એમ લાગતું.



ચાઠાંવાળી કાકીની દોલતના વારસદાર છેલછબીલાએ રાડ પાડી: "પડ હેઠો અને તારી ગરદન ભાંગે! જોજે તો ખરો, તને ગોળીએ વીંધી નાખશે!"

સિપાહીઓ ગોઠવાઈ ગયા. તેમનો અફસર ભવાં ચડાવીને આમતેમ દોડાદોડી કરવા લાગ્યો. તેના હાથમાં પિસ્તોલ હતી. તેના બૂટની એડીઓ અતિશય લાંબી હતી.

અચાનક ચુપકી છવાઈ ગઈ. ડૉકટરે હાથ છાતીએ દબાવ્યો. ઊકળતા પાણીમાં ઈંડું ઊછળે એમ તેનું દિલ ધડકી રહ્યું હતું.

છતની કિનાર ઉપર તિબુલ એક પળ થંભી ગયો. તેને ચોકની સામી બાજુએ પહોંચવાનું હતું—એમ કરી શકે તો ભાગી જઈને કામદારોનાં ઘરોમાં છુપાઈ જઈ શકે.

ચોકની વચમાં નીલાં અને પીળાં ફૂલોની ક્યારી હતી. અફસર ત્યાં જઈને ઊભો રહી ગયો. તેની બાજુમાં હોજ હતો અને હોજની

વચ્ચોવચ ગોઠવેલા પથ્થરના ગોળ કૂંડામાંથી પાણીનો ફુવારો ઊડી રહ્યો હતો.

"થોભો!" અફસરે સિપાહીઓને કહ્યું. "હું પોતે જ તેને ગોળીએ ઉડાવી દઈશ. આખી રેજિમેન્ટમાં હું જ સૌથી ચડિયાતો નિશાનબાજ છું. હમણાં જ બતાવી દઉં છું કે નિશાન કેવી રીતે વીંધાય. જોઈ લો!"

ચોકને ઘેરતા નવ મકાનોમાંથી પોલાદના નવ તાર કાચના ઘુમ્મટના મધ્યભાગ સુધી પહોંચતા હતા. એ નવ જાડા તારના આધારે તારક-બત્તી લટકતી હતી.

તારકની અદ્ભુત જ્યોતિમાંથી નવ લાંબાં કિરણો ચોક ઉપર પથરાઈ જતાં હોય એમ લાગતું હતું.

એ વખતે તિબુલના મનમાં કેવા વિચારો ચાલતા હશે એ કોણ કહી શકે? કદાચ તે મનમાં ને મનમાં કહેતો હશે: "મેળામાં દોરડા ઉપર ચાલું છું એવી જ રીતે આ તારની ઉપર ચાલીને હું ચોકની સામી બાજુએ પહોંચી જઈશ. પડીશ નહિ. આ તાર બત્તી સાથે જોડાયેલો છે. અને પેલો તાર બત્તી પાસેથી સામી બાજુના મકાન સુધી પહોંચે છે. બન્ને તારને પાર કરી જાઉં તો હું સામી બાજુએ પહોંચી જાઉં અને સલામત થઈ જાઉં."

અફસરે પિસ્તોલ ઊંચી કરીને નિશાન તાક્યું. તિબુલ છાપરાની કિનાર ઉપર ચાલતો ચાલતો જ્યાં તાર બાંધેલો હતો ત્યાં પહોંચ્યો. તેણે તાર ઉપર પગ માંડયા અને બત્તી તરફ ચાલવાનું શરૂ કર્યું.

ટોળામાં બધા માણસોનાં મોં અચરજમાં પહોળાં થઈ ગયાં.

તિબુલ થોડીક વાર ધીરે ધીરે ચાલતો, પછી એકાએક જાણે દોડતો હોય એમ કેટલાંય પગલાં ઝડપથી ચાલી નાખતો, પણ કદમ ખૂબ જ કાળજીથી માંડતો અને ફેલાવેલા હાથ આમતેમ હલાવીને સમતુલા જાળવતો. કોઈ પણ પળે એ પડી જશે એમ લાગતું હતું. હવે તેનો પડછાયો દીવાલ ઉપર દેખાયો. તિબુલ જેમ જેમ બત્તીની નજીક પહોંચતો ગયો તેમ તેમ પડછાયો વધારે ને વધારે મોટો અને ઝાંખો બનતો ગયો અને દીવાલની ઉપર વધારે ને વધારે નીચે સુધી ફેલાતો ગયો.

પણ ચોક ખૂબ નીચે હતો.

તિબુલ બત્તી અને મકાનની અધવચ્ચે પહોંચ્યો ત્યારે અફસરનો અવાજ ગરજી ઊઠયો:

"હું ગોળી છોડું છું. એ સીધો હોજમાં પડશે. એક! બે! ત્રણ!"

મોટો ધડાકો થયો.

તિબુલ તો તાર ઉપર ચાલતો જ રહ્યો, પણ કોઈ અજબ કારણે અફસર જ હોજમાં ગબડી પડયો.

અફસરને ગોળીએ વીંધી દેવામાં આવ્યો હતો.

એક સિપાહીના હાથમાં ધુમાડા કાઢતી પિસ્તોલ હતી. તેણે જ અફસરને ખતમ કરી નાખ્યો હતો.

"કૂતરાની ઓલાદ!" સિપાહી બોલ્યો. "તું જનતાના દોસ્તને મારી નાખવા તૈયાર થઈ ગયો હતો પણ મેં તને વખતસર જ અટકાવી દીધો. જનતા ઝિંદાબાદ!"

બીજા સિપાહીઓ પણ પોકારી ઊઠયા: "જનતા ઝિંદાબાદ!"

"ત્રણ ફાંદાળા ઝિંદાબાદ!" તેમના દુશ્મનો બરાડયા અને તેઓ ચારે તરફથી તિબુલ ઉપર ગોળીબાર કરવા લાગ્યા.

તિબુલ હવે બત્તીથી ફક્ત બે જ ડગલાં દૂર હતો. આંજી નાખે એવા અજવાળાથી આંખોને બચાવવા તેણે ડગલી ફફડાવી. ગોળીઓ સુસવાટા કરતી તેની આજુબાજુથી પસાર થઈ જવા લાગી. લોકો ખુશીના પોકારો કરી રહ્યા હતા.

ધડામ ધૂમ! ધડામ ધૂમ!

"નિશાન ચૂકી ગઈ!"

"સાબાશ, તિબુલ! ગોળીઓ નિશાન ચૂકી ગઈ!"

તિબુલ બત્તી ફરતી જડેલી લોખંડની પટ્ટી ઉપર ચડી ગયો.

"અરે, જોજો તો ખરા! એ સામી બાજુએ જવા માગે છે. બીજા તાર ઉપર ચાલવાનું શરૂ કરશે ત્યારે અમે વીંધી નાખીશું!" દુશ્મનોએ ધમકી આપી.

અચાનક જ કશુંક અણધાર્યું બની ગયું. ઝળહળતા પ્રકાશમાં કાળી દેખાતી ચટાપટાદાર આકૃતિએ લોખંડની પટ્ટી ઉપર વાંકા વળીને ચાંપ દબાવી. ટક અવાજ થયો, કડકડાટી બોલી— અને બત્તી બુઝાઈ ગઈ. બધા અચરજમાં ડૂબી ગયા. બંધ પેટીની અંદર હોય એવી નીરવતા અને એવો અંધકાર ચોકમાં ફેલાઈ ગયાં.

બીજી જ પળે એથીયે ખૂબ ઊંચે કશોક કડકડાટ અવાજ થયો. અંધારઘેરા ઘુમ્મટમાં આછા ઉજાસનું ધાબું દેખાયું. સૌને જરાક જેટલું આકાશ અને ટમટમતા બે તારલિયા દેખાયા. પછી એક નાનકડી કાળી આકૃતિ ડોકાબારીમાં ચડીને ઘુમ્મટની બહાર નીકળતી દેખાઈ. કાચના ઘુમ્મટની ઉપર કોઈ જોરથી દોડતું હોય એવો અવાજ સંભળાયો.

બજાણિયો તિબુલ ડોકાબારીમાં થઈને સહીસલામત છટકી ગયો હતો.

ગોળીબારના ધડાકાથી અને અચાનક છવાઈ ગયેલા અંધારાને કારણે ઘોડા ભડકી ગયા હતા. ડૉક્ટરની ગાડી ઊંધી વળી જતાં માંડ માંડ બચી. ગાડીવાને લગામ હાથમાં લીધી અને ઘોડાને બીજે રસ્તે વાળ્યા.

એ રીતે, અત્યંત અસાધારણ દિવસ અને અત્યંત અસાધારણ રાતના અનુભવો પછી ડૉક્ટર ગાસ્પાર આર્નેરી આખરે પાછો ઘેર પહોંચ્યો. ઘરનું કામકાજ સંભાળતી ગાનિમેદકાકી

તેને દરવાજે સામી મળી. કાકી ખૂબ ફિકરમાં ડૂબેલી હતી. ડૉક્ટર સવારે બહાર નીકળેલો તે છેક મોડી રાત સુધી પાછો ન આવ્યો એટલે સ્વાભાવિક રીતે જ કાકીને ખૂબ ચિંતા થઈ. કાકીએ પોતાના બન્ને હાથ ભેગા કરીને દબાવ્યા, જીભથી ડચકારો બોલાવ્યો, અને માથું હલાવ્યું.

"ચશ્માં ક્યાં છે?.. તોડી નાખ્યાં કે શું? અરે મારા ડૉક્ટર! અરે ડૉક્ટર! રેઈનકોટ ક્યાં છે?.. ખોવાઈ ગયો? અરેરે! અરેરે!.."

"ગાનિમેદકાકી, મારા જોડાની એડીઓ પણ તૂટી ગઈ..."

"અફસોસ! અફસોસ!"

"આજે તો એથીયે ખૂબ બદતર વાત બની ગઈ છે. હથિયારગર પ્રોસ્પેરો પકડાઈ ગયો છે. તેને લોખંડના પાંજરામાં પૂરી દેવામાં આવ્યો છે."

દિવસ દરમિયાન શું શું બની ગયું છે તેનો ગાનિમેદકાકીને મુદ્દલ ખ્યાલ નહોતો. તેણે તોપના ધડાકા સાંભળેલા અને મકાનોની છતો ઉપર દેખાતો રાતો ચળકાટ જોયેલો. એક પાડોશીએ તેને જણાવેલું કે બંડખોરોને સજા કરવા માટે એક્સો સુથારો કચેરીચોકમાં માંચડા ખડા કરી રહ્યા છે.

"હું તો બહુ જ ડરી ગઈ અને ઘરની અંદર જ રહેવાનું નક્કી કરીને મેં બારીબારણાં અંદરથી વાસી દીધાં અને કડીઓ ચડાવી દીધી. હમણાં તમે આવી પહોંચશો એવી આશા રાખતી હું બધો વખત ઘરમાં બેઠી રહી. મને ખૂબ ફિકર થતી હતી... બપોરનું અને સાંજનું ખાવાનુંયે ઠંડું થઈ ગયું પણ તમે ન આવ્યા," કાકી બોલી.

રાત લગભગ પૂરી થવા આવી હતી. ડૉક્ટર ગાસ્પારે સૂવાની તૈયારી કરી. જે સો વિદ્યાઓનો ડૉક્ટરે અભ્યાસ કરેલો તેમાં ઈતિહાસનો પણ સમાવેશ થતો હતો. ડૉક્ટરની પાસે ચામડાના પૂંઠાની એક મોટી નોંધબુક હતી. એ નોંધબુકમાં ડૉક્ટર મહત્ત્વની ઘટનાઓ વિશેના પોતાના વિચારો ટાંકી લેતો.

ડૉક્ટર આંગળી ઊંચી કરીને બોલ્યો: "ગમે તેમ થાય તોપણ પોતાનું કામકાજ હંમેશાં સુવ્યવસ્થિત રાખવું જ જોઈએ." અને એટલે, પોતે ખૂબ થાકી ગયો હોવા છતાં તેણે ખુરશી ખેંચીને ટેબલ પાસે ગોઠવી અને ચામડાના પૂંઠાની નોંધબુક ખોલીને લખવા માંડ્યું:

"કારીગરો, ખાણમજૂરો, સાગરખેડુઓ, અને નગરના બધા ગરીબ કામગાર લોકોએ ત્રણ ફાંદાળાના શાસનની વિરુદ્ધ બળવો કર્યો. લડાઈમાં ત્રણ ફાંદાળાના સિપાહીઓની જીત થઈ. હથિયારગર પ્રોસ્પેરો પકડાઈ ગયો છે પણ બજાણિયો તિબુલ છટકી ગયો છે. એક સિપાહીએ તારકચોકમાં પોતાના અફસરને ગોળીએ વીંધી નાખ્યો. એટલે હવે થોડા વખતમાં

જ બધા સિપાહીઓ જનતાની સામે લડવાનો અને ત્રણ ફાંદાળાનું રક્ષણ કરવાનો ઇનકાર કરશે. પણ મને તિબુલની ફિકર થાય છે..."

ડૉક્ટરે પોતાની પીઠ પાછળ કંઈક ઘસાતું હોય એવો અવાજ સાંભળ્યો. તેણે પાછળ ફરીને તાપણાની જગ્યા ઉપર નજર નાખી. લીલી ડગલી પહેરેલો એક ઊંચો આદમી ધુમાડિયા વાટે નીચે ઊતરીને ઓરડામાં દાખલ થયો. એ આદમી હતો તિબુલ બજાણિયો.



ખંડ બે

વારસદાર
તુતીની ઢીંગલી

પ્રકરણ ચોથું

કુગ્ગાવાળાનાં અજબ સાહસો

બીજે દિવસે કચેરીચોકમાં કામ પૂરઝડપે ચાલવા લાગ્યું હતું. સુથારો દસ માંચડા બનાવી રહ્યા હતા. ડઝન જેટલા હથિયારબંધ સિપાહીઓ કામની ઉપર દેખરેખ રાખી રહ્યા હતા. પોતાના કામ બાબત સુથારો નાખુશ હોય એમ લાગતું હતું.

"કામદારો અને ખાણમજૂરોને સજા કરવાના માંચડા આપણે નથી બાંધવા!" સુથારો ખીજમાં બોલ્યા.

"એ તો આપણા ભાઈઓ છે!"

"પૂરી કામગાર જનતાને આઝાદી અપાવવા માટે પોતાની જિંદગી કુરબાન કરવા તેઓ તૈયાર હતા!"

"ચુપ!" સિપાહીઓનો મોવડી ગરજી ઊઠયો. તેનો ઘાંટો એવો ભયાનક હતો કે ભીંતને ટેકે ગોઠવેલાં પાટિયાંની થપ્પી પડી ગઈ અને પાટિયાં જમીન ઉપર વેરણછેરણ થઈ ગયાં. "ચુપ મરો! નહિતર કોરડા પડશે!"

વહેલી સવારથી લોકોનાં ટોળાં કચેરીચોકમાં ઊમટી રહ્યાં હતાં.

જોરથી ફૂંકાતો પવન ધૂળની ડમરીઓ ઉડાડતો હતો, દુકાનોનાં પાટિયાંને મજાગરા ઉપર આમતેમ ડોલાવતો અને ખખડાવતો હતો, રસ્તે ચાલતા રાહદારીઓની ટોપીઓને ઉડાડી મૂકીને ગાડીઓનાં પૈડાં હેઠળ દડદડાવતો હતો.

એક ઠેકાણે તો પવને ખૂબ જ અસાધારણ કામ કરી નાખ્યું—કુગ્ગા વેચતા આદમીને ઉડાડતો ઉપર આસમાનમાં ખેંચી ગયો.

તેને હવામાં ઊડતો જોઈને છોકરાં ખુશીથી પોકારવા લાગ્યાં: "ભારે મઝા! ભારે મઝા!"

છોકરાં તાળી પાડવા લાગ્યાં કેમ કે તેને ઊડતો જોઈને છોકરાંને ખૂબ રમૂજ થઈ અને તેને આવા વિચિત્ર સંકટમાં સપડાયેલો જોઈને છોકરાંને મઝા પડી. છોકરાંને કુગ્ગાવાળાની હંમેશાં અદેખાઈ આવતી. અદેખાઈ બૂરી બલા છે પણ છોકરાં અદેખાઈ અનુભવ્યા વગર રહી શકતાં નહોતાં. લાલ, નીલા, અને પીળા કુગ્ગા અદ્‌ભુત દેખાતા હતા. પ્રત્યેક બાળકને મન થતું કે પોતાને એક કુગ્ગો મળે. કુગ્ગાવાળાની પાસે એક આખો મોટો લૂમખો હતો.

પણ સાચી જિંદગીમાં ચમત્કારો બને નહિ. સૌથી ડાહ્યા છોકરાને કે સૌથી કહ્યાગરી છોકરીને પણ તેણે કદી એકેય ફુગ્ગો આપ્યો નહોતો, નહોતો લાલ ફુગ્ગો આપ્યો, નહોતો નીલો ફુગ્ગો આપ્યો, કે નહોતો પીળો ફુગ્ગો આપ્યો.

હવે તેને તેની કંજૂસીનો બદલો મળી રહ્યો હતો. ફુગ્ગાના દોરા પકડીને લટકતો અને જિંદગી ગુમાવવાની બીકથી થરથરતો તે હવે નગરની ઉપર આકાશમાં ઊડી રહ્યો હતો. તેના ફુગ્ગા ઊંચે નીલા ગગનમાં ઊડતા જાદુઈ દ્રાક્ષના રંગબેરંગી ઝૂમખા જેવા લાગતા હતા.

"મદદ!" ફુગ્ગાવાળાએ ચીસ પાડી. પરંતુ તેને મદદ મળવાનો સંભવ મુદ્દલ નહોતો. તેણે પોતાના પગ જોરજોરથી હવામાં વીંઝ્યા.

તેના પગમાં ઘાસનાં પગરખાં હતાં. પગરખાં વધારે પડતાં મોટાં હતાં. તે જમીન ઉપર ચાલતો ત્યાં સુધી તો બધું બરાબર રહેતું. પગરખાં પગમાંથી નીકળી ન જાય એટલા માટે તે ખૂબ જ આળસુ માણસની જેમ પગ જમીન ઉપર ઘસડતો ચાલતો. પણ હવે તો તે ઉપર હવામાં લટકી રહ્યો હતો અને પગની નીચે કંઈ જ ન હોય તો પગ ઘસડી શકાય નહિ.

"કેવા ભૂંડા હાલ!" તે બબડયો.

પવન ફુગ્ગાના લૂમખાને આમથી તેમ હલાવી-ડોલાવી અને ફફડાવી રહ્યો હતો.

તેના પગમાંથી એક પગરખું આખરે નીકળી પડયું.

નીચે ઊભેલાં છોકરાં દેકારો કરવા લાગ્યાં: "જુઓ, જુઓ! મગફળી! મગફળી!"

આસમાનમાંથી નીચે આવી રહેલું પગરખું ખરેખર મગફળી જેવું લાગતું હતું.

બરાબર એ જ વખતે એક નાચમાસ્તર ત્યાંથી નીકળ્યો. વરણાગિયો નાચમાસ્તર કદમાં ઊંચો હતો, તેના પગ પાતળા હતા, તેનું માથું નાનકડું અને ગોળમટોળ હતું, તે વાયોલિન અથવા તીડ જેવો દેખાતો હતો. વાંસળીના ગમગીન સૂર અને નૃત્યકારોના મૃદુ શબ્દો સાંભળવાને ટેવાયેલા તેના કોમળ કાન છોકરાંની આહ્‌લાદભરી તીણી ચીસો સહી ન શક્યા.

"દેકારો બંધ કરો!" તે ખીજે ભરાઈને બોલ્યો. "આટલા જોરજોરથી ઘાંટા પાડવાની ટેવ સારી નથી! તમારે ખુશી બતાવવી હોય તો સુંદર મધુર શબ્દો વાપરો, જેમ કે..."

તે નાચની અદામાં ઊભો રહ્યો, પણ કેવા શબ્દો વાપરવા જોઈએ એ કહી બતાવવાનો તેને બીચારાને વખત જ ન મળ્યો. નાચના બધા ઉસ્તાદોની જેમ તેને પણ જમીન ઉપર અને લોકોના પગ ઉપર નજર માંડવાની ટેવ હતી. અફસોસ! ઉપર શું થઈ રહ્યું છે એ તેણે જોયું જ નહિ.

ફુગ્ગાવાળાનું પગરખું સીધું તેના માથા ઉપર પડયું. તેનું માથું પ્રમાણમાં નાનું હતું અને ફુગ્ગાવાળાનું ઘાસનું મોટું પગરખું માથા ઉપર બરાબર ટોપાની જેમ બંધ બેસી ગયું.

દેખાવડો નાચમાસ્તર ગાયની જેમ ભાંભરી ઊઠયો. તેનો અરધો ચહેરો પગરખાથી ઢંકાઈ ગયો હતો.

" હા-હા-હા ! હા-હા-હા ! "

છોકરાં ખડખડાટ હસી પડયાં અને હસી હસીને તેમનાં પેટ દુખી ગયાં.

નાચનો ઉસ્તાદ એક-દો-તીન
ઊંચું જોઈને ચાલે નહિ કોઈ દિન.
સાચું શું ને ખોટું શું, ખબર પડે નહિ ખાક;
અવાજ છે તીણો ને લાંબું લસરક નાક.
એવા જ લાગનો છે, જોવા જેવી થઈ!
માથે પહેર્યો ઘાસનો જોડો, જોવા જેવી થઈ!

વાડ ઉપર ચડીને છોકરાં એવું જોડકણું ગાવા લાગ્યાં. જરૂર પડે તો એક પળમાં બીજી બાજુએ કૂદી પડીને ભાગી જવા એ બધાં તૈયાર હતાં.

"ઓય મા!" નાચમાસ્તરના મોંમાંથી ઊંહકારો નીકળી ગયો. "અરેરે! કેવો ભયંકર જુલમ છે! આ ગંધારા જૂના જોડાને બદલે નૃત્યનું સ્લીપર માથે પડયું હોત તો કંઈ વાંધો નહોતો!"

અંતે નાચમાસ્તરને ગિરફતાર કરી લેવામાં આવ્યો.

અફસરે તેને કહ્યું: "ભલા ભાઈ, તારો દેખાવ ચીતરી ચડે એવો છે. તારે લીધે નગરની શાંતિ અને વ્યવસ્થામાં ખલેલ થાય છે. આમેય આવાં કામ કદી ન જ કરવાં જોઈએ. ખાસ કરીને આવા ધાંધલિયા કાળમાં આવાં કામ ન જ ચલાવી લઈ શકાય."

નાચમાસ્તર હાથ મસળવા લાગ્યો.

"આ તો ભયંકર જૂઠાણું છે!" તે રડી પડયો. "કેવી ગેરસમજણ! નિરંતર નૃત્ય અને સ્મિતની દુનિયામાં વસનારો હું, આટલો સોહામણો હું—હું કદી શાંતિનો ભંગ કરું ખરો કે? ઓહ! ઓહ!.."

તે દિવસે નાચમાસ્તરને માથે બીજું શું શું વીત્યું તેની કોઈને ખબર નથી. અને આપણી વાર્તાના સંબંધમાં એ વાતનું ખાસ કંઈ મહત્ત્વ પણ નથી.

પરંતુ પવનમાં ઊડતા ફુગ્ગાવાળોનો અંજામ આપણી વાર્તા માટે મહત્ત્વ ધરાવે છે.

એ તો બીચારો પીળા ફૂલની રજની જેમ પવનમાં ઊડી જ રહ્યો હતો.

"આ તો તદ્દન બેહૂદી હાલત છે!" તે ધ્રૂસકી ઊઠયો. "મારે તો ઊડવું જ નથી! મને તો ઊડતાં જરાય આવડતું પણ નથી!.."

પણ તેનાં બધાં ફાંફાં વ્યર્થ ગયાં. પવનની ઝડપ વધી ગઈ. પવનના જોરમાં ફુગ્ગા આકાશમાં વધારે ને વધારે ઊંચે ઊડયા અને ઊડતા ઊડતા નગરથી દૂર ત્રણ ફાંદાળાના મહેલ તરફ સરકતા ગયા.

ફુગ્ગાવાળાને થોડી થોડી વારે નીચે નજર નાખવા મળતી ત્યારે તેને મકાનોની છતો દેખાતી, નખ જેવડાં ગંદાં નળિયાં દેખાતાં, મકાનોની કતારો દેખાતી, પાણીની સાંકડી નીલી રેખા દેખાતી, રમકડાં જેવાં ટચૂકડાં નરનારી દેખાતાં, અને બગીચાઓની જગ્યાએ નાનકડાં હરિયાળાં ધાબાં દેખાતાં. તેની નીચે આખું નગર જાણે પિનમાં લટકતું ચક્કર ચક્કર ફરતું હોય એમ તેને લાગતું.

હાલત બદતર બનતી ગઈ.

"હું આ દિશામાં જ આગળ વધતો રહીશ તો સીધો જઈને ત્રણ ફાંદાળાના ઉપવનમાં જ પડીશ!" ખ્યાલ આવતાં ફુગ્ગાવાળાને કંપારી આવી ગઈ.

બીજી જ મિનિટે તે ધીરે ધીરે દમામથી અને મનોહર રીતે ઉપવનની ઉપર ઊડવા લાગ્યો. પવન બંધ થઈ ગયો હતો અને એટલે ફુગ્ગાવાળો હળવે હળવે નીચે પણ ઊતરી રહ્યો હતો.

"હવે ગમે તે મિનિટે મારા પગ જમીનને અડશે. એ લોકો મને પકડી લેશે, મેથીપાક ચખાડશે, અને પછી જેલમાં પૂરી દેશે. નકામી બલા ટળી જાય એ ઇરાદે સંભવ છે કે એ લોકો કદાચ મારું માથું પણ ઉડાવી દે."

પાસે ઝાડ ઉપર બેઠેલાં પંખીઓના એક ટોળા સિવાય બીજા કોઈએ તેને જોયો નહિ. પંખી ગભરાઈ જઈને પાંખો ફફડાવતાં ઊડી ગયાં. હવામાં તરતો ફુગ્ગાનો રંગબેરંગી લૂમખો વાદળની જેમ આછો પડછાયો પેદા કરતો હતો. રૂપાળા મેઘધનુષના રંગોના બનેલા તોરા જેવો પડછાયો રેતી પાથરેલી કેડી ઉપરથી, ફૂલની ક્યારી ઉપરથી, હંસલા ઉપર સવારી કરતા કિશોરની પ્રતિમા ઉપરથી, અને ઊંઘમાં પડી ગયેલા સિપાહી ઉપરથી નીરવ પસાર થઈ ગયો. પડછાયો સિપાહીના ચહેરા ઉપરથી પસાર થયો ત્યારે તેના મો' ઉપર અદ્ભુત પરિવર્તનો આવ્યાં. પહેલાં તેનું નાક મુડદા જેવું નીલું થઈ ગયું, પછી મદારી જેવું લીલું, અને ત્યાર બાદ દારૂડિયા જેવું લાલ થઈ ગયું. આખો દેખાવ જાણે રમકડામાં ગોઠવેલા કાચના વિવિધરંગી ટુકડા મારફત ચિત્રો જોતા હોઈએ એવો હતો.

આખરી અંજામની ઘડી નજીક આવી રહી હતી. હવા ફુગ્ગાવાળાને મહેલની ખુલ્લી બારીઓ તરફ લઈ ગઈ. તેને જરાય શંકા ન રહી કે પોતે રૂના પૂમડાની જેમ ઊડતો ઊડતો સીધો કોઈ એક બારીની અંદર જઈ પહોંચશે.

અને બન્યું પણ બરાબર એમ જ.

ફુગ્ગાવાળો ઊડતો ઊડતો એક બારીની અંદર પહોંચી ગયો. એ બારી મહેલના રસોડાની બારી હતી. રસોડાના એ ભાગમાં બબરચીઓ કેક અને મીઠી વાનીઓ બનાવી રહ્યા હતા.

બંડખોરોની ઉપર મળેલી જીત ઊજવવા માટે ત્રણ ફાંદાળાના મહેલમાં મોટી ઉજાણી થવાની હતી. ખાવાપીવાની મઝા માણ્યા પછી ત્રણ ફાંદાળા, વજીરો, દરબારીઓ, અને ખાસ મહેમાનો કચેરીચોકમાં જવાના હતા.

દોસ્તો, મહેલના મીઠી વાનીઓના રસોડાની મુલાકાતની કલ્પના જ મોંમાં પાણી લાવી દે એવી છે. લહેજતદાર ભોજન એટલે શું તેની ત્રણ ફાંદાળાને બરાબર ખબર હતી. વળી પ્રસંગ પણ ખાસ હતો. ભવ્ય ઉજાણી! તે દિવસે મહેલના રસોડામાં શું ચાલી રહ્યું હશે તેની કલ્પના તમે કરી શકો છો.

ફુગ્ગાવાળો ઊડતો ઊડતો રસોડામાં પહોંચી ગયો ત્યારે તે દહેશત અને ઉત્તેજના બન્ને અનુભવી રહ્યો હતો. બેદરકાર ઘરવાળીએ બારીની પાળ ઉપર ઠંડી કરવા માટે મૂકેલી કેક તરફ ઊડતા જઈ રહેલા જીવડા જેવી કદાચ તેની લાગણી હતી.

ફુગ્ગાવાળો એટલી ઝડપથી ઊડતો અંદર ગયો કે તેને આસપાસ ધ્યાનથી જોવાની તક જ ન મળી. પહેલાં તો તેને એમ લાગ્યું કે પોતે કોઈ અજબ પંખીઘરમાં આવી પડ્યો છે જ્યાં

ઉષ્ણ પ્રદેશનાં અનેકરંગી વિરલ પંખીઓ કૂદાકૂદ કરી રહ્યાં છે, ગાન કરી રહ્યાં છે, તીણી સીટી બજાવી રહ્યાં છે, ચીંચીં કરી રહ્યાં છે, અને કલબલ કરી રહ્યાં છે. બીજી જ પળે તેને થયું કે આ કોઈ પંખીઘર નથી, આ તો કદાચ ફળની દુકાન છે અને ઉષ્ણ પ્રદેશનાં રસ ટપકાવતાં છૂંદેલાં ફળોથી ભરેલી છે. ઘેન ચડાવી દે એવી મધુર સુવાસ તેના નાક જોડે અફળાઈ, ગરમ બંધિયાર હવા ગૂંગળાવી નાખે એવી હતી.

એકાએક અજબ પંખીઘર અને ફળની દુકાન બધું જાણે ગરબડગોટાળામાં પલટાઈ ગયું.

ફુગ્ગાવાળો પચક કરતો કોઈ પોચી અને હૂંફાળી ચીજમાં જઈ પડયો. તેણે ફુગ્ગાને હાથમાંથી છૂટવા ન દીધા પણ દોરા વડે સખત પકડી રાખ્યા. ફુગ્ગા તેના માથા ઉપર આમતેમ હલવા લાગ્યા.

તેણે આંખો બંધ કરી લીધી અને ગમે તેમ થાય તોપણ આંખો બંધ જ રાખવાનું નક્કી કર્યું.

"હવે ખબર પડી. આ નથી પંખીઘર કે નથી ફળની દુકાન. આ તો રસોડું છે અને હું કેકની અંદર બેઠો છું!" તે મનમાં બોલ્યો.

અને તે સાચેસાચ કેકની અંદર જ બેઠો હતો.

તે જ્યાં બેઠો હતો ત્યાં તો ચોકલેટ અને સંતરાંનું, દાડમ અને મલાઈનું, તેમ જ ફળ, ખાંડ, અને જામનું સામ્રાજ્ય હતું. મધુર સુવાસથી ભરેલા અને રંગબેરંગી કોઈ સામ્રાજ્યના સિંહાસનમાં તે સમ્રાટની જેમ બેઠો હતો. તેનું સિંહાસન કેકનું બનેલું હતું.

તેણે પોતાની આંખો બંધ જ રાખી. હવે તે ગમે તેમ થાય તેને માટે તૈયાર થઈ ગયો હતો. ભયંકર ઝઘડો થાય, ધમાલ મચી જાય, ભલે ગમે તે થાય, ફુગ્ગાવાળો તૈયાર હતો. પણ હકીકતમાં જે બન્યું તેની કલ્પના બીચારો ન જ કરી શક્યો હોત.

"કેકનો દાટ વળી ગયો," બીજા નંબરનો બબરચી કરડાકીથી અને અફસોસના ભાવે બોલ્યો.

પછી ચુપકી છવાઈ ગઈ. કેવળ ઊકળતી ચોકલેટના તપેલામાં ફૂટતા પરપોટાઓનો અવાજ સંભળાતો હતો.

"હવે આ લોકો શું કરશે?" બીકથી થરથરતો ફુગ્ગાવાળો વિચારવા લાગ્યો અને તેણે આંખોને બને એટલું જોર કરીને સખત મીચી દીધી.

તેનું દિલ ઊકળતા પાણીની જેમ ઊછળી રહ્યું હતું.

"બક્વાટ!" મોટો બબરચી એટલી જ કરડાકીથી બોલ્યો. "ઉપર માંસની વાનગી પતી ગઈ છે. હવે વીસ મિનિટમાં કેક પહોંચાડવાની છે. રંગીન ફુગ્ગા અને આ ઊડતા બેવકૂફનું જડ જેવું મોં આવી ખાસ કેકની ઉપર સુંદર શણગારનું કામ કરશે. લાવો મલાઈ!" તેણે હુકમ કર્યો.

તેના હાથમાં તરત જ મલાઈનું વાસણ આપવામાં આવ્યું.

અરે, પછી તો જોવા જેવી થઈ!

ત્રણ બબરચી અને રસોડામાં કામ કરતા વીસ છોકરા ફુગ્ગાવાળાની ઉપર એટલા જોશથી તૂટી પડયા કે ત્રણ ફાંદાળામાંથી મોટામાં મોટો ફાંદવાળો આદમી પણ જોઈને ખુશ ખુશ થઈ ગયો હોત. પલકારામાં ફુગ્ગાવાળો લગભગ સાવ અદૃશ્ય થઈ ગયો. તે તો આંખો બંધ જ રાખીને બેઠો રહ્યો. પોતે કેવો દેખાવા લાગ્યો છે તેની તેને ખબર જ નહોતી. તે આખો મલાઈથી ભરાઈ ગયો હતો. ફક્ત તેનું માથું અને રંગેલી કીટલી જેવું દેખાતું તેનું ડાચું બહાર નીકળી આવેલાં દેખાતાં હતાં. તેના શરીરનો બાકીનો બધો ભાગ ગાઢી સફેદ મલાઈના થર નીચે દબાઈ ગયો હતો. સફેદ મલાઈની ઉપર સુંદર ફિક્કા ગુલાબી રંગની છાંટ હતી. હવે ફુગ્ગાવાળો દુનિયાની બીજી કોઈ ચીજ જેવો ભલે લાગતો હોય પણ ફુગ્ગાવાળા જેવો તો નહોતો જ લાગતો. જેવી રીતે તેનું ઘાસનું પગરખું ચાલ્યું ગયું હતું એવી જ રીતે પોતાની જાત સાથેનું તેનું સામ્ય તદ્દન અદૃશ્ય થઈ ગયું હતું.

કોઈ કવિ એવી કલ્પના કરી શકે કે ફુગ્ગાવાળો હિમ જેવો શુભ્ર હંસલો બની ગયો છે. કોઈ માળીને કદાચ એમ લાગે કે તે આરસપહાણનું પૂતળું છે. ધોબણ કદાચ એમ માની લે કે તે સાબુના પરપોટાનો ઢગલો છે. અને કોઈ નાનકડો છોકરો કદાચ ધારી લે કે તે હિમ-માનવ છે.

અધૂરામાં પૂરું, તેના હાથમાં ફુગ્ગા હતા. કેકની ટાપટીપ અસાધારણ હતી [illegible] જરાક રીતે જોતાં કેકનો દેખાવ ખરેખર સુંદર હતો.

-રહ્યા હતા.

ચાવવાનું શરૂ

"સરસ," મોટો બબરચી બોલ્યો, અને પછી કોઈ કલાકાર પોતાની કૃતિનું નિરીક્ષણ કરે એમ તે એક ડગલું પાછળ હઠીને કેકનું નિરીક્ષણ કરવા લાગ્યો. પછી તે જોરથી બરાડી ઊઠ્યો: "ફળ ક્યાં છે?" તેના અવાજમાં પાછી પહેલાં જેવી જ કરડાકી આવી ગઈ હતી.

ફળનું વાસણ આવી ગયું. તેમાં ભાતભાતનાં ફળ હતાં, વિવિધ આકાર અને કદનાં ફળ હતાં: કડવાં, મીઠાં, અને ખાટાં ફળ, ત્રિકોણાકાર, ગોળાકાર, તારાના આકારનાં, અર્ધચંદ્રાકાર, ગુલાબની કળી જેવા આકારનાં ફળ. નોકરો પોતાનાથી બનતી બધી મહેનત કરતા હતા. મોટા બબરચીએ ત્રણ વાર તાળી વગાડી કે તરત જ મલાઈના આખા થર ઉપર રંગબેરંગી ફળો જડાઈ ગયાં.

"બસ!" મોટો બબરચી બોલ્યો. "હવે બેચાર મિનિટ ચૂલા ઉપર મૂકી દઈએ તો સરસ મઝાનો રતાશ પડતો રંગ આવી જાય!"

"ચૂલા ઉપર! કેમ? કયા ચૂલા ઉપર? હું ચૂલા ઉપર?!" ફુગ્ગાવાળો થરથરી ઊઠ્યો.

બરાબર એ જ ઘડીએ બહારથી એક નોકર રસોડામાં ધસી આવ્યો.

તેણે
હતો. ભયંક
પણ હકીકતમ
"કેકનો
બોલ્યો.
પછી ચુપ
સંભળાતો હતે
"હવે
આંખો

"કેક! કેક!" તેણે ઘાંટો પાડ્યો. "જલદી લાવો! ઉપર કેકની વાટ જોવાય છે!"

"તૈયાર છે!" મોટો બબરચી બોલ્યો.

"ભલા ભગવાન!" ફુગ્ગાવાળાએ છુટકારાનો દમ લીધો અને જરાક અમથી આંખો ઉઘાડી.

આછા નીલા રંગનાં કપડાં પહેરેલા છ ચાકરોએ કેકની જબ્બર પ્લેટ ઉપાડી લીધી અને કેકમાં બેઠેલા ફુગ્ગાવાળાને કેકની ભેગો લઈને તેઓ ચાલતા થયા. ફુગ્ગાવાળાએ રસોડામાં કામ કરતા છોકરાઓને હસતા સાંભળ્યા.

ચાકરો તેને એક પહોળા દાદરા ઉપર થઈને ઉપરના મોટા ખંડમાં લઈ ગયા. એ લોકો ખંડમાં દાખલ થયા તે વખતે ફુગ્ગાવાળાએ એક પળ વાર આંખો મીચી લીધી. ખંડમાં ખૂબ ઘોંઘાટ હતો અને મોજમસ્તી ચાલી રહ્યાં હતાં. ઘણા માણસો એકીસાથે બોલી રહ્યા હતા, ખડખડાટ હસવાના અને તાળીઓના અવાજ વારંવાર ઊઠતા હતા. ધમાલ ઉપરથી ધારણા કરીએ તો ઉજાણી ભારે સફળ થઈ હોય એમ લાગતું હતું.

ચાકરોએ ફુગ્ગાવાળાને ટેબલ પર મૂક્યો, અથવા એમ કહીએ કે કેકને ટેબલ પર ગોઠવી.

ફુગ્ગાવાળાએ આંખો ઉઘાડી.

તેણે ત્રણ ફાંદાળાને જોયા.

ત્રણ ફાંદાળાનાં પેટ એટલાં બધાં મોટાં હતાં કે હેરતથી તેનું મોં પહોળું થઈ ગયું.

"મોં બંધ જ રાખું," ફુગ્ગાવાળો મનમાં બોલ્યો, "જીવતોજાગતો આદમી કેકમાં બેઠો હોવાની કોઈ નિશાની ન બતાવું એમાં જ સારાવાટ છે."

પણ અફસોસ કે બીચારો મોં બંધ જ ન કરી શક્યો. તેની એવી હાલત પૂરી બે મિનિટ ચાલી. પછી ફુગ્ગાવાળાની હેરત કંઈક ઓછી થઈ. થોડીક મહેનત કરીને તેણે આખરે મોં બંધ કર્યું. પણ એટલામાં તેની આંખનાં પોપચાં ટપ કરતાં ખૂલી ગયાં. અને ફુગ્ગાવાળો પોતાની હેરત ઉપર કાબૂ ન કરી શક્યો ત્યાં સુધી તેનું મોં અને તેની આંખો વારાફરતી ઉઘાડબંધ થતાં રહ્યાં.

ત્રણ ફાંદાળા સંમાનના સ્થાને બિરાજેલા હતા. ખંડમાં ખાસ તેમને માટે સૌથી જરાક ઊંચે બાંધવામાં આવેલા પ્લૅટફૉર્મ ઉપર ત્રણેય બેઠા હતા.

ત્રણ ફાંદાળા બીજા કોઈ પણ માણસ કરતાં વધારે ખાવાનું પેટમાં પધરાવી રહ્યા હતા. એક ફાંદાળો તો નેપ્કિન પણ ચાવવા લાગ્યો.

"અરે, નેપ્કિન ચાવવા મંડયો કે..."

"સાચે જ? મારું ધ્યાન નહોતું..."

તેણે નેપ્કિન હેઠો મૂક્યો અને તરત જ ત્રીજા ફાંદાળાનો કાન મોંમાં લઈને ચાવવાનું શરૂ કરી દીધું. અને એ કાન ખરેખર મીઠાઈના ટુકડા જેવો જ દેખાતો હતો.

બધા હસી પડયા.

"અત્યારે ટોળટપ્પાનો વખત નથી," બીજો ફાંદાળો ચમચો ઊંચો કરીને બોલ્યો. "પરિસ્થિતિ ગંભીર દેખાય છે. ચાકરો હમણાં જ કેક લઈ આવ્યા છે."

"વાહ વાહ!"

બધા ખૂબ ઉત્તેજિત થઈ ગયેલા લાગતા હતા.

"હવે શું કરશે? અરે, હવે શું કરશે?" ફુગ્ગાવાળો સાવ હતાશ થઈ જઈને વિચારવા લાગ્યો. "આ લોકો મને ખાઈ જશે!"

ઘડિયાળમાં બેના ટકોરા થયા.

"કચેરીચોકમાં બંડખોરોની મોતની સજા અમલમાં મૂકવાની શરૂઆત એક કલાકમાં થઈ જશે," પહેલો ફાંદાળો બોલ્યો.

"સૌથી પહેલાં પ્રોસ્પેરોને ફાંસીએ લટકાવવામાં આવશે, નહિ કે?" એક સંમાનિત મહેમાને પૂછ્યું.

"તેની સજા આજે અમલમાં નહિ મુકાય," સ્ટેટ કાઉન્સિલરે જવાબ આપ્યો.

"કેમ? કેમ નહિ?"

"અમારો ઇરાદો તેને થોડો વખત જીવતો રાખવાનો છે. બંડખોરોની યોજનાઓની વાત અને આગેવાનોનાં નામ અમારે તેની પાસેથી કઢાવવાં છે."

"પ્રોસ્પેરોને ક્યાં રાખવામાં આવ્યો છે?"

વાતચીતમાં સૌને ઊંડો રસ પડયો. પીરસેલી કેકને પણ લોકો ભૂલી ગયા.

"તેને હજુ લોખંડના પાંજરામાં જ રાખવામાં આવ્યો છે. પાંજરું મહેલમાં જ વારસદાર તુત્તીના ચીડિયાખાનામાં મૂકી રાખ્યું છે."

"અમને બતાવો!.."

"હાજર કરો!" પહેલા ફાંદાળાએ હુકમ આપ્યો. "એ કંગાલને આપણા મહેમાનો ભલે ધરાઈને જુએ. હું તમને ખુશીથી ચીડિયાખાનામાં લઈ ગયો હોત પણ જંગલી જનાવરોની ગર્જનાઓ અને ચીસાચીસને કારણે ચીડિયાખાનામાં ભયંકર ઘોંઘાટ ચાલતો હોય છે. વળી ત્યાં બદબો છવાયેલી હોય છે... પ્યાલાના રણકાર અને ફળોની મધુર સુવાસની સરખામણીમાં ત્યાં હાલત ઘણી વધારે ખરાબ છે..."

"સાચી વાત! બેશક! ચીડિયાખાનામાં જવાનો કંઈ અર્થ નથી..."

"પ્રોસ્પેરોને અહીં જ લઈ આવવાનું કહી દો. કેક ખાતા જઈશું અને એ રાક્ષસને જોતા જઈશું."

"અરે ભગવાન, વળી પાછા આ લોકો કેકની વાતે ચડયા!" ફુગ્ગાવાળો કંપી ઊઠયો. "ખાઉધરા, તેમને બીજું કાંઈ સૂઝતું જ નથી!"

"પ્રોસ્પેરોને લઈ આવો," પહેલો ફાંદાળો ફરી વાર બોલ્યો.

સ્ટેટ કાઉન્સિલર ઊભો થઈને જવા લાગ્યો. બે કતારમાં ઊભેલા ચાકરોએ ખસી જઈને માર્ગ આપ્યો અને બધા નમી પડયા. ચાકરોની બન્ને કતારો પહેલાં હતી તેનાથી અરધી નીચી થઈ ગઈ.

ખાઉધરા ચુપ બેઠા હતા.

"ભયંકર આદમી છે," બીજો ફાંદાળો બોલ્યો. "બીજા કોઈ કરતાં વધારે જોરાવર છે. સિંહ કરતાં પણ વધારે બળવાન છે, અને તેની આંખોમાં એવા ધિક્કારના ભડકા બળતા હોય છે કે તેની સામે નજર મિલાવીને જોવાનું પણ શક્ય નથી."

"તેનું માથું બિહામણું છે," સ્ટેટ કાઉન્સિલનો મંત્રી બોલ્યો. "જબરજસ્ત માથું છે—મોટા થાંભલાની ટોચ જેવું. તેના વાળ રાતા છે—જાણે આગના ભડકા ઊઠતા હોય એમ લાગે."

વાતચીત બદલાઈને હથિયારગર પ્રોસ્પેરો વિશે થવા લાગી એટલે ખાઉધરાઓની હાલત પલટાઈ ગઈ. તેમનું ખાવાનું, ટોળટપ્પા, અને મોજમસ્તી બધું બંધ થઈ ગયું. તેમનાં પેટ અંદર ખેંચાઈ ગયાં અને કેટલાકના તો ચહેરા પણ ફિક્કા પડી ગયા. પ્રોસ્પેરોને જોવાની માગણી કરવા બદલ કેટલાક હવે અફસોસ કરી રહ્યા હતા.

ત્રણ ફાંદાળા ગંભીર થઈ ગયા. ત્રણેય જાણે જરાક પાતળા પડી ગયા હોય એમ લાગતું હતું.

ખંડમાં એકાએક ચુપકી છવાઈ ગઈ. ત્રણેય ફાંદાળા જાણે એકબીજાની પાછળ સંતાઈ જવાની કોશિશ કરતા હોય એવી રીતે હલચલ કરવા લાગ્યા.

હથિયારગર પ્રોસ્પેરોને અંદર લાવવામાં આવ્યો.

સૌથી પહેલાં સ્ટેટ કાઉન્સિલર અંદર આવ્યો. પછી કેદીની બન્ને બાજુ ચાલતા સિપાહીઓ આવ્યા. સિપાહીઓએ માથે કાળા મીણિયા કપડાની ટોપીઓ પહેરી હતી અને તેમની તલવારો ઉઘાડી હતી. બેડીઓનો ખડખડાટ થયો. હથિયારગરના હાથ પીઠ પાછળ બેડીઓથી જકડાયેલા હતા. તેને ટેબલ પાસે લાવવામાં આવ્યો. ત્રણ ફાંદાળાથી થોડાંક કદમ દૂર તે ઊભો રહી ગયો. પ્રોસ્પેરોનું માથું નીચે નમેલું હતું. તેનો ચહેરો ફિક્કો પડી ગયો હતો. તેના કપાળ અને લમણાં ઉપર તથા તેના ગૂંચવાઈ ગયેલા રાતા વાળની નીચે સુકાઈ ગયેલા લોહીનાં પડ બાઝેલાં હતાં.

તેણે માથું ઊંચું કરીને ત્રણ ફાંદાળા ઉપર નજર નાખી. ત્યાં બેઠેલા બધા માણસો પાછળની તરફ આંચકો ખાઈ ગયા.

"આને અહીં શું કામ લઈ આવ્યા છો?" એક મહેમાન જોરથી બોલી ઊઠયો. તે દેશનો સૌથી વધારે ધનવાન ચક્કીવાળો હતો. "મને તેની બીક લાગે છે!"

એટલું બોલતાં બોલતાં તો ચક્કીવાળો મૂર્છા ખાઈને ટેબલ ઉપર ઢળી પડયો અને તેનું મોં ફળના છૂંદામાં પડયું. કેટલાક મહેમાનો ઊભા થઈને બારણાં તરફ ભાગ્યા. કેક ખાવાની વાત બધા ભૂલી ગયા.

"મને શા માટે બોલાવ્યો છે?" પ્રોસ્પેરોએ પૂછ્યું.

પહેલો ફાંદાળો ઊંડો શ્વાસ લઈને બોલ્યો:

"અમારે જોવું હતું કે તું કેવો દેખાય છે. તને પકડીને પાંજરામાં પૂરી દેનારાને જોવાનું તને મન નથી થતું?"

"તમારી તરફ નજર નાખતાં જ મને સૂગ ચડે છે."

"ફિકર કરતો નહિ, થોડા વખતમાં જ અમે તારું માથું વાઢી નાખીને અમારી તરફ જોવાની તકલીફથી તને ઉગારી લઈશું."

"હું તમારાથી ડરતો નથી. મારે તો ફક્ત એક જ માથું છે. પણ જનતાને તો હજારો માથાં છે. એ બધાં માથાં તમે નહિ ઉડાવી દઈ શકો."

"કચેરીચોકમાં મોતની સજાને અમલમાં મૂકવાનું હમણાં જ શરૂ થઈ જશે. જલ્લાદો તારા બધા સાથીઓનો ખેલ ખતમ કરી નાખશે."

ખાઉધરાઓએ જીભના ચટકારા બોલાવ્યા. ચક્કીવાળો ભાનમાં આવી ગયો અને નાક ઉપરથી ફળનો છૂંદો લૂછીને ચાટવા લાગ્યો.

"તમારાં ભેજાં ઉપર ચરબી ચડી ગઈ છે. તમારાં જાડાં પેટથી આગળ તમે કશું જોઈ જ શકતા નથી!.." પ્રોસ્પેરો બોલ્યો.

"તો તું જ ભસ, તને શું ખબર છે? અને અમારે શું જોવાનું છે?" બીજો ફાંદાળો ખીજમાં બોલ્યો.

"તારા વજીરોને પૂછી જો. દેશમાં શું ચાલી રહ્યું છે તેની તેમને ખબર છે."

સ્ટેટ કાઉન્સિલરે રમૂજી લાગે એવો તીણો અવાજ કર્યો. બીજા વજીરો આંગળી વડે પ્લેટ ઉપર ટપ ટપ કરવા લાગ્યા.

"પૂછી જો, એ લોકો કહેશે..." પ્રોસ્પેરો વળી બોલ્યો.

તે એક પળ થંભી ગયો. બધા આતુરતાથી તેના બોલવાની વાટ જોવા લાગ્યા.

"એ લોકો કહેશે કે ખૂબ મહેનત કરીને અનાજ ઉગાડનારા જે કિસાનોનું અનાજ તમે

લૂંટી લો છો એ કિસાનો જમીનમાલિકોની સામે બંડ કરી રહ્યા છે. જમીનમાલિકોની જાગીરોમાં કિસાનો આગ લગાવી રહ્યા છે અને જમીનમાલિકોને તેમની જાગીરો ઉપરથી હાંકી કાઢી રહ્યા છે. ખાણમજૂરો કોલસા ખોદે અને તમે માલિક બની બેસો એ વાત ખાણમજૂરોને હવે મંજૂર નથી અને એટલે તેઓ કોલસા ખોદવાનો ઇનકાર કરી રહ્યા છે. કામદારો પોતાના પરસેવામાંથી તમને સોનું કમાવા દેવા માગતા નથી અને એટલે મશીનોના ભુક્કા ઉડાવી દઈ રહ્યા છે. ખલાસીઓ તમારો બધો માલ સાગરના પેટમાં પધરાવી દઈ રહ્યા છે. સિપાહીઓ હવે તમારી ગુલામી કરવા તૈયાર નથી. વિજ્ઞાનીઓ, કારકુનો, ન્યાયાધીશો, અને અદાકારો—બધા જ જનતાના પક્ષે ચાલ્યા જવા લાગ્યા છે. જેની ગુલામીના આધારે તમે વધારે ને વધારે માતેલા બનતા રહ્યા છો અને જે તમારી ગુલામી કરીને પોતાના કામના બદલામાં માંડ બેચાર પૈસા પામતા રહ્યા છે એ બધાએ તમારી વિરુદ્ધ વિપ્લવનો ઝંડો ઉઠાવ્યો છે; બધા કમનસીબ, ભૂખ્યા, અને ગરીબ લોકોએ, બધા અનાથો, અપંગો, અને ભિખારાઓએ તમારી સામે બળવો પોકાર્યો છે, માતેલા અને ધનવાન લોકોની સામે બંડ જગાવ્યું છે, જેમના દિલોને ઠેકાણે પથ્થર જડેલા છે એવા અદલફદલ અને ધનવાન લોકોની સામે વિદ્રોહનો માર્ગ લીધો છે."

"મને લાગે છે કે આ વધારે પડતું બકી રહ્યો છે," સ્ટેટ કાઉન્સિલર બોલ્યો.

પણ પ્રોસ્પેરો આગળ બોલતો જ ગયો.

"પંદર પંદર વરસથી હું જનતાને તમારી તરફ અને તમારા શાસન તરફ ધિક્કાર કેળવવાનું શીખવી રહ્યો છું. ખૂબ લાંબા લાંબા વખતથી અમે અમારી તાકાત એકત્રિત કરતા રહ્યા છીએ! અને હવે તમારી આખરી ઘડી આવી પહોંચી છે..."

"બસ, બહુ થઈ ગયું!" ત્રીજો ફાંદાળો બરાડી ઊઠયો.

"આને પાછો પાંજરામાં પૂરી દો!" બીજો ફાંદાળો ગરજી ઊઠયો.

અને પહેલો ફાંદાળો બોલ્યો:

"બજાણિયો તિબુલ પકડાય નહિ ત્યાં સુધી તું પાંજરામાં જ સબડયા કર! પછી તમારા બન્નેનાં માથાં અમે ભેગાં જ વાઢી નાખીશું. લોકો તમારાં મુડદાં જોશે તો તેમને લાંબા વખત સુધી અમારી વિરુદ્ધ બળવો કરવાનો ખ્યાલ પણ નહિ આવે."

પ્રોસ્પેરો કંઈ બોલ્યો નહિ. તેનું માથું પાછું નીચે ઢળી ગયું.

પહેલા ફાંદાળાએ બોલવાનું ચાલુ રાખ્યું:

"કોની સામે બળવો કરી રહ્યા છો એ તમે ભૂલી જાઓ છો. અમે ત્રણ ફાંદાળા ભારે બળવાન અને દોલતમંદ છીએ. બધું જ અમારી માલિકીનું છે. આખા દેશમાં ઊગતા સઘળા અનાજ ઉપર હું પહેલો ફાંદાળો માલિકી ધરાવું છું. આખા દેશમાં પેદા થતા બધા કોલસા બીજા ફાંદાળાની માલિકીના છે, અને આખા દેશનું સઘળું લોખંડ ત્રીજા ફાંદાળાએ ખરીદી

લીધું છે. બીજા કોઈ પણ માણસ કરતાં અમે વધારે દોલતમંદ છીએ! દેશનો સૌથી વધારે દોલતમંદ માણસ અમારી દોલતના એક ટકા જેટલી દોલત પણ નથી ધરાવતો. અમારા મનમાં આવે એ બધું અમારા સોના વડે ખરીદી લેવાની અમારામાં તાકાત છે."

પછી બધા ખાઉધરા ભયંકર ઉશ્કેરાઈ ગયા. પહેલા ફાંદાળાના શબ્દોએ તેમનાં દિલોમાં હામ રેડી.

"પાછો પાંજરામાં પૂરી દો! પાંજરામાં પૂરી દો!" બધા રાડારાડી કરવા લાગ્યા.

"ચીડિયાખાના ભેગો કરી દો!"

"પાછો પાંજરામાં પૂરી દો!"

"બંડખોર!"

"પાંજરા ભેગો કરી દો!"

પ્રોસ્પેરોને પાછો લઈ જવામાં આવ્યો.

"અને હવે આપણે કેકનો સ્વાદ ચાખી જોઈએ," પહેલો ફાંદાળો બોલ્યો.

"હવે મારું આવી બન્યું!" ફુગ્ગાવાળાને થયું.

બધા તેની તરફ જોઈ રહ્યા હતા. તેણે આંખો મીચી દીધી. ખાઉધરા ખૂબ રંગમાં આવી ગયા હતા.

"હો-હો-હો!" બધા ગરજી ઊઠયા.

"હા-હા-હા! કેવી મઝાની કેક છે! આ ફુગ્ગા તો જુઓ!"

"ફુગ્ગા ભારે ભભકો પેદા કરે છે!"

"અને પેલું ડાચું જુઓ!"

"તેની તો વાત જ શી કરવી!"

બધા નજીક આવ્યા.

"આ રંગતદાર ચીજની અંદર શું હશે?" એક ખાઉધરો બોલ્યો અને તેણે ફુગ્ગાવાળાના કપાળ ઉપર તડાક ટકોરો મારી જોયો.

"મીઠાઈ હશે!"

"કે પછી શેમ્પેન હોય!.."

"કેવી મઝા! કેવી મઝા!"

"ચાલો, પહેલાં માથું કાપી નાખીએ અને પછી જોઈએ કે અંદર શું છે..."

"મદદ!"

બીચારા ફુગ્ગાવાળાથી વધારે વેઠાયું નહિ અને તે પોકારી ઊઠયો: "મદદ!" સાથે સાથે જ તેણે આંખો પણ ઉઘાડી. જોનારા સૌ આંચકો ખાઈને પાછળ હઠી ગયા. બરાબર એ જ વખતે એક બાળકનો ઘાંટો સંભળાયો:

"મારી ઢીંગલી! મારી ઢીંગલી!"

બધાએ વાતચીત બંધ કરી દીધી અને સૌ કાન માંડીને સાંભળવા લાગ્યા. ત્રણ ફાંદાળા અને સ્ટેટ કાઉન્સિલર ચિંતામાં ગરકાવ થઈ ગયા.

બાળકના ઘાંટા ભેંકડામાં પલટાઈ ગયા. કોઈ બહુ જ દુખી થઈ ગયેલો છોકરો મોટા ખંડમાં ક્યાંક રાગડો તાણીને રડી રહ્યો હતો.

"શું થયું? આ તો વારસદાર તુત્તીના રડવાનો અવાજ છે!" પહેલો ફાંદાળો બોલ્યો.

"વારસદાર તુત્તી રડે છે!" બીજા બે ફાંદાળાએ એની એ જ વાત કરી.

ત્રણેય ફાંદાળાના ચહેરા ફિક્કા પડી ગયા. ત્રણેય ખૂબ ગભરાઈ ગયા.

સ્ટેટ કાઉન્સિલર અને કેટલાય વજીરો તથા નોકરો એક બાજુના બારણા તરફ ધસી ગયા.

"શું બન્યું છે? ગરબડ શાની છે?" ખંડમાં બેઠેલા લોકો એકબીજાને કાનમાં પૂછવા લાગ્યા.

એક છોકરો દોડતો ખંડમાં આવ્યો. તેણે વજીરોને અને નોકરોને ધક્કા મારીને આઘા ખસેડી દીધા. છોકરો દોડીને સીધો ત્રણ ફાંદાળા પાસે પહોંચી ગયો. તેના વાળની લટો હલી રહી હતી અને તેની પેટન્ટ ચામડાની મોજડીઓ ચળકી રહી હતી. તે ડૂસકાં ભરીને રડતો હતો. છોકરો ઘાંટા પાડીને કંઈક કહી રહ્યો હતો પણ ડૂસકાંના અવાજમાં કંઈ સંભળાતું નહોતું.

"આ કાળમુખો મને જોઈ જશે!" ફુગ્ગાવાળાને બીક લાગી અને તે કંપી ઊઠ્યો. "મને બરાબર શ્વાસ પણ ન લેવા દેતા અને આંગળી હલાવવાનું પણ મુશ્કેલ બનાવી દેતા આ મલાઈના લપેડા જોઈને તેના મોંમાં ચોક્કસ પાણી આવશે જ. પછી છોકરાને છાનો રાખવા આ લોકો કેકનો એક ટુકડો કાપીને તેને આપશે અને ભેગો મારો પગ પણ કપાઈ જશે."

પણ છોકરાએ તો કેક તરફ નજર પણ ન નાખી. ફુગ્ગાવાળાના ગોળ માથાની ઉપર ઊડતા સરસ રંગબેરંગી ફુગ્ગા તરફ તેણે જોયું પણ નહિ.

એ તો ચોધાર આંસુએ રડતો રહ્યો.

"શું થયું?" પહેલા ફાંદાળાએ પૂછ્યું.

"અમારો વારસદાર તુત્તી કેમ રડે છે, ભાઈ?" બીજો ફાંદાળો બોલ્યો.

ત્રીજા ફાંદાળાએ ગાલ ફુલાવીને ફૂ કર્યું.

વારસદાર તુત્તી બાર વરસનો હતો. તેને ત્રણ ફાંદાળાના મહેલમાં ઉછેરવામાં આવી રહ્યો હતો. બધા તેની જોડે રાજકુંવર જેવું વર્તન રાખતા. ત્રણ ફાંદાળાને વારસદારની જરૂર હતી. તેમને કોઈ છોકરાં નહોતાં. અને એટલે તેમની સઘળી ધનદોલત અને દેશનું શાસન એક દહાડો તુત્તીના હાથમાં જવાનું હતું.

તુત્તીનાં આંસુ જોઈને ત્રણ ફાંદાળા હથિયારગર પ્રોસ્પેરોના શબ્દો કરતાં પણ વધારે ડરી ગયા.

એટલે તેના એક શિક્ષકે આખી વાત કહી સંભળાવી. પણ શિક્ષક પોતે જ બીકનો માર્યો થરથરી રહ્યો હતો અને પરિણામે બોલવામાં સારી પેઠે મુશ્કેલી અનુભવી રહ્યો હતો.

"હું વારસદાર તુત્તી અને તેની ઢીંગલીની પાસે જ હતો. હું મારું મોં તડકામાં ઊંચું રાખીને બેઠો હતો. મારા નાક ઉપર મસો થયો છે. મને થયું કે તડકામાં શેકાશે તો ખરી જશે. અચાનક સિપાહીઓ આવી પહોંચ્યા. બધા મળીને બાર સિપાહી હતા. તેઓ કોઈ બાબત વિશે દલીલો કરી રહ્યા હતા. અમારી પાસે પહોંચતાં સિપાહીઓ ઊભા રહી ગયા. સિપાહીઓ ખૂબ જ વિકરાળ દેખાતા હતા. એક જણે વારસદાર તુત્તી તરફ આંગળી ચીંધી અને બોલ્યો: 'વરુનું બચ્ચું જોઈ લો! ત્રણ માતેલા સૂવર વરુના બચ્ચાને ઉછેરી રહ્યા છે!' અફસોસ! તેમની વાતનો મતલબ હું સમજી ગયો."

"ત્રણ માતેલા સૂવર કોણ છે?" પહેલા ફાંદાળાએ પૂછ્યું.

બીજા બે ફાંદાળાના ચહેરા લાલ થઈ ગયા. પછી પહેલા ફાંદાળાનો ચહેરો પણ લાલ થઈ ગયો. ત્રણેય ફાંદાળા એટલા જોરથી હુંકારા અને ફૂંકારા કરવા લાગ્યા કે ઝરૂખામાં પડતું કાચનું બારણું વારંવાર ઉઘાડબંધ થવા લાગ્યું.

શિક્ષકે વાત આગળ ચલાવી: "સિપાહીઓ વારસદાર તુત્તીની ફરતા ઘેરો ઘાલીને ઊભા

રહ્યા અને બોલ્યા: 'ત્રણ સૂવર વરુનું લોખંડી બચ્ચું ઉછેરી રહ્યાં છે. તુત્તી, તારું દિલ કઈ તરફ છે?.. તારું દિલ તો એ લોકોએ કાઢી લીધું છે. તારે તો નીચ, ઘાતકી, અને સખત દિલના આદમી તરીકે મોટા થવાનું છે અને બધા લોકો પ્રત્યે ધિક્કાર રાખવાનો છે... ત્રણ સૂવર આખરે મરી જશે ત્યારે ઘાતકી વરુ તેમનું સ્થાન લેશે.'"

"તેં એ લોકોને રોક્યા કેમ નહિ?" સ્ટેટ કાઉન્સિલર ગુસ્સાથી શિક્ષકનો ખભો હલાવતો બરાડ્યો. "તને એટલી ખબર ન પડી કે એ સિપાહીઓ તો જનતાના પક્ષે ચાલ્યા ગયેલા રાજદ્રોહીઓ હતા?"

શિક્ષક બીચારો પાંદડાની જેમ ધ્રૂજવા લાગ્યો અને લોચા વાળતો બોલ્યો:

"હા, મને ખ્યાલ આવ્યો, પણ મને એ લોકોની બીક લાગી. તેઓ ભયંકર ગુસ્સામાં હતા. મારી પાસે મસા સિવાય બીજું કોઈ હથિયાર નહોતું. તેમના હાથ તલવારની મૂઠ ઉપર હતા અને તત્કાળ તલવાર વીંઝવા તેઓ તૈયાર જ હતા. તેમનામાંથી એક જણ બોલી ઊઠયો: 'અરે જુઓ, આ ભરેલું પૂતળું જુઓ! વરુનું બચ્ચું ઢીંગલે રમે છે. એ લોકો કોઈ જીવતા બાળકને તેની પાસે જવા જ નથી દેતા. કમાન ગોઠવેલી એક ઢીંગલી તેની દોસ્ત છે. એ જીવ વગરના પૂતળા ભેગું જ તેને રમવાનું છે.' પછી બીજો સિપાહી બોલ્યો: 'મારી વહુ અને મારો દીકરો ઘેર ગામમાં રહે છે. એક દિવસ મારો દીકરો હાથમાં ગલોલ લઈને રમતો હતો અને તેની ગલોલમાંથી છૂટેલો કાંકરો જમીનદારની ફળની વાડીના એક ઝાડ ઉપર લટકતા ફળને વાગ્યો. ધનવાનોની સત્તાનું અપમાન કરવાના વાંક બદલ જમીનદારે મારા છોકરાને ચાબખા મરાવ્યા અને તેના નોકરોએ મારી વહુનું ઉઘાડે છોગે અપમાન કર્યું.' પછી તો બધા સિપાહીઓ એકીસાથે ઘાંટા પાડવા લાગ્યા અને વારસદાર તુત્તીને ચોતરફથી ઘેરતા વધારે નજીક આવી ગયા. જેણે પોતાના દીકરાની વાત કરી હતી એ સિપાહીએ તલવાર ખેંચી કાઢી અને ઢીંગલીમાં ભોંકી દીધી. પછી બાકીના સિપાહીઓએ પણ એમ જ કર્યું..." (સાંભળીને વારસદાર તુત્તી પહેલાં કરતાંયે વધારે જોરથી ડૂસકાં ભરવા લાગ્યો) "ઢીંગલીમાં તલવાર ભોંકતા ભોંકતા સિપાહીઓ બોલ્યા: 'લે, વરુના બચ્ચા, લેતો જા! પછી તારા માતેલા સૂવરોનો વારો છે!'"

"ક્યાં છે એ રાજદ્રોહીઓ?" ત્રણેય ફાંદાળાઓ ગરજી ઊઠયા.

"એ લોકો ઢીંગલીને પડતી મૂકીને ઉપવનમાં ભાગી ગયા. બધા પોકારતા હતા: 'હથિયારગર પ્રોસ્પેરો ઝિંદાબાદ! બજાણિયો તિબુલ ઝિંદાબાદ! ત્રણ ફાંદાળા મુર્દાબાદ!'"

"મહેલના સિપાહીઓએ તેમને ગોળીએ કેમ ન ઉડાવી દીધા?" બધાને જાણવાની તાલાવેલી હતી.

શિક્ષકે સૌથી વધારે ભયાનક સમાચાર તો ત્યારે જ આપ્યા.

"મહેલના સિપાહીઓ તો તેમની તરફ ટોપીઓ હલાવી રહ્યા હતા. હું લોખંડની વાડ પાછળથી જોતો હતો. એ સિપાહીઓ મહેલના સિપાહીઓને અલવિદા કરી રહ્યા હતા. મહેલના

સિપાહીઓએ તેમને કહ્યું: 'સાથીઓ, જઈને જનતાને જણાવો કે થોડા વખતમાં આખું લશ્કર જનતાના પક્ષે આવી જશે...'"

ઉપવનમાં એવો કિસ્સો બની ગયો.

ભયના ડંકા વગાડવામાં આવ્યા. મહેલમાં વફાદાર સિપાહીઓનો પહેરો ગોઠવી દેવામાં આવ્યો. ઉપવનમાં આવવાજવાના દરેક દરવાજા ઉપર, દરેક પુલ ઉપર, અને નગર તરફ જવાના રસ્તા ઉપર વફાદાર સિપાહીઓને ખડા કરી દેવામાં આવ્યા.

સ્ટેટ કાઉન્સિલની મિટિંગ ભરવામાં આવી. બધા મહેમાનો ચાલ્યા ગયા. મહેલના મુખ્ય ડોક્ટરે ત્રણેય ફાંદાળાનું વજન કરી જોયું. ખૂબ જ ઉત્તેજિત થઈ ગયા હોવા છતાં તેમની ચરબી એક તોલા જેટલી પણ ઘટી નહોતી. મુખ્ય ડોક્ટરને તરત જ ગિરફતાર કરી લેવામાં આવ્યો અને તેને રોટી અને પાણી સિવાય બીજું કશું જ ન આપવાનો હુકમ છોડવામાં આવ્યો.

મહેલના નોકરોએ ઊંચા ઘાસમાં પડેલી વારસદાર તુત્તીની ઢીંગલી ગોતી કાઢી. ઢીંગલી સૂર્યગ્રહણ નહોતી જોઈ શકી. ઢીંગલી સાવ તૂટી ગઈ હતી અને મરામતથી ઠીક થઈ શકે એમ નહોતી.

વારસદાર તુત્તીનું રડવાનું બંધ ન થયું. તેણે ઢીંગલીને વહાલથી બાથમાં લીધી અને ડૂસકાં ભરવા લાગ્યો. ઢીંગલી બરાબર નાનકડી છોકરી જેવી દેખાતી હતી. તે તુત્તી જેટલી જ ઊંચી હતી. કુશળતાથી બનાવેલી એ મોંઘી ઢીંગલી સાવ જીવતી જાગતી છોકરી જેવી લાગતી હતી.

ઢીંગલીનાં કપડાં સાવ ફાટી ગયાં હતાં અને સિપાહીઓની તલવારો ભોંકાવાને કારણે તેની છાતીમાં મોટાં કાણાં પડી ગયાં હતાં. એક કલાક પહેલાં ઢીંગલી બીચારી બેસી શકતી, ઊભી થઈ શકતી, હસી શકતી, અને નાચી શકતી, પણ હવે તે તદ્દન ચાડિયા જેવી અને ચીંથરાંના ઢગલા જેવી થઈ ગઈ હતી. પુરાણું ભીંત-ઘડિયાળ ડંકા વગાડતાં પહેલાં જેમ ચૂંચૂં કરી ઊઠે તેમ ઢીંગલીની ગરદન અને છાતીમાં ગુલાબી રેશમની નીચે ક્યાંક પડેલી તૂટી ગયેલી કમાન ચૂંચૂં અવાજ કરી રહી હતી.

"ઢીંગલી મરી ગઈ! અરેરે, મારી ઢીંગલી મરી ગઈ!" તુત્તીએ પોક મૂકી.

નાનકડો તુત્તી બીચારો વરુના બચ્ચા જેવો નહોતો.

"ઢીંગલીને મરામત કરીને પાછી સરખી કરવી જ પડશે," સ્ટેટ કાઉન્સિલની મિટિંગમાં સ્ટેટ કાઉન્સિલરે જાહેર કર્યું. "વારસદાર તુત્તીના વિષાદને કોઈ સીમા નથી. કોઈ પણ ભોગે ઢીંગલીની મરામત કરવી જ પડશે!"

"અમે તેને માટે બીજી ઢીંગલી ખરીદી લાવીશું," કાઉન્સિલરો બોલ્યા.

"વારસદાર તુત્તીને બીજી ઢીંગલી નથી જોઈતી. તેને તો આ જ ઢીંગલીને જીવતી કરવી છે."

"પણ એ કામ કોણ કરી શકે?"

"મને ખબર છે," કેળવણી ખાતાનો વજીર બોલ્યો.

"કોણ?"

"સજ્જનો, તમે ભૂલી ગયા લાગો છો કે ડૉક્ટર ગાસ્પાર આર્નેરી આપણા નગરમાં જ રહે છે. ડૉક્ટર ગાસ્પાર બધું જ કરી શકે એમ છે. વારસદાર તુત્તીની ઢીંગલીની મરામત પણ તે કરી શકે એમ છે."

ખંડમાં ભારે ખુશાલી છવાઈ ગઈ.

બધા હર્ષના પોકારો કરવા લાગ્યા.

અને પછી આખી સ્ટેટ કાઉન્સિલના બધા સભ્યો ઊભા થઈને ગાવા લાગ્યા:

ડૉક્ટર ગાસ્પાર આર્નેરી,
ભાઈ, કેવી એની ચાતુરી!
ફસાવી લે જાળમાં સૌથી લુચ્ચા શિયાળને,
તોડી નાખે પળવારમાં સખત સૌથી શિલાને,
પહોંચે મંગળ પૃથ્વી પરથી ઊડીને,
આંબે સૌથી આઘા તારલિયાને!

અને બધા એકદમ બેસી જઈને ડૉક્ટર ગાસ્પારના નામે આદેશ લખવા લાગ્યા.

તેમણે આવો આદેશ લખી કાઢ્યો:

ડૉક્ટર ગાસ્પાર આર્નેરી,

ત્રણ ફાંદાળાની સરકારની સ્ટેટ કાઉન્સિલ તમને વારસદાર તુત્તીની માલિકીની એક તૂટેલી ઢીંગલી મોકલી રહી છે અને એ ઢીંગલીની આવતીકાલ સુધીમાં મરામત કરી દેવાનો તમને આદેશ આપે છે. ઢીંગલી જો પહેલાં હતી એવી જ તંદુરસ્ત અને જીવંત દેખાતી બની જશે તો તમને તમારી ઇચ્છા મુજબનું ઇનામ આપવામાં આવશે. પરંતુ જો તમે અમારા આદેશનો અમલ નહિ કરો તો તમને સખત સજા કરવામાં આવશે.

સ્ટેટ કાઉન્સિલર

પછી સ્ટેટ કાઉન્સિલરે કાગળ ઉપર સહી કરી. કાગળની ઉપર રાજ્યની મોટી મહોર મારવામાં આવી. મહોર ગોળ હતી અને વચ્ચે નાણાથી ભરેલા થેલાનું ચિત્ર હતું.

ડૉક્ટર ગાસ્પારને શોધી કાઢીને સ્ટેટ કાઉન્સિલનો આદેશ તેને સોંપી દેવા માટે મહેલના સિપાહીઓનો કેપ્ટન કાઉન્ટ બોનાવેન્તુરા બે સિપાહીઓને લઈને નગર તરફ રવાના થઈ ગયો.

એ ત્રણેય ઘોડેસવાર થઈને નીકળ્યા. તેમની પાછળ એક ગાડી ચાલી. ગાડીમાં મહેલનો એક અમલદાર બેઠો હતો. તેના ખોળામાં ઢીંગલી હતી. વાંકડિયા વાળની લટવાળું ઢીંગલીનું સુંદર માથું અમલદારના ખભાને ટેકે પડ્યું હતું.

વારસદાર તુત્તીનું રડવાનું બંધ થઈ ગયું. તેને કહેવામાં આવ્યું હતું કે તારી ઢીંગલી બીજે દિવસે સવાર સુધીમાં સાજીનરવી થઈને પાછી આવી જશે.

મહેલમાં બાકીનો દિવસ બેચેનીમાં પસાર થયો.

પણ ઊડતા ફુગ્ગાવાળાનું શું થયું?

તેને મહેલના રસોડામાં પાછો લઈ જવામાં આવ્યો હતો એ તો આપણે જાણીએ છીએ.

અને ત્યાં અકસ્માત થયો.

કેક લઈને જતા નોકરોમાંથી એકનો પગ સંતરાની છાલ ઉપર પડ્યો.

"સંભાળીને!" બીજા નોકરોએ બૂમ પાડી.

ફુગ્ગાવાળાને લાગ્યું કે પોતે સરી પડવા લાગ્યો છે ત્યારે તેણે ઘાંટો પાડ્યો: "મદદ!"

પણ નોકર તો સમતુલા ખોઈ બેઠો હતો. એ તો લાદીની સખત ફરસબંધી ઉપર પછડાઈ પડ્યો અને પોતાના લાંબા ટાંટિયા હલાવતો ચીસો પાડવા લાગ્યો.

"કેવી મઝા!" રસોડાના નોકરો ગેલમાં આવી જઈને પોકારો પાડી ઊઠ્યા.

કેક જમીન ઉપર પડી ગઈ અને નોકર તથા કેકની ભેગો ભેગો ફુગ્ગાવાળો પણ નીચે સરી પડ્યો. પડતાં પડતાં તે નિરાશા અને લાચારીથી બોલી ઊઠ્યો: "ભારે થઈ!"

મોટી જબ્બર પ્લેટના ટુકડે ટુકડા થઈ ગયા. મલાઈના અને જામેલી ચાસણીના સફેદ લોંદા ચોતરફ ઊડ્યા. નોકર ઠેકડો મારીને ઊભો થઈ ગયો અને ભાગી ગયો.

રસોડામાં કામ કરતા છોકરા રાડારાડી મચાવતા કૂદાકૂદ કરવા અને નાચવા લાગ્યા.

રસોડાની ફરસબંધી ઉપર ઢોળાઈ ગયેલી રાસ્પબેરીની ચાસણીની વચ્ચે ફુગ્ગાવાળો બેઠો હતો. તેની ચારે તરફ તૂટેલી પ્લેટના ટુકડા પડ્યા હતા અને તારાજ થઈ ગયેલી કેકની ઉપર લહેજતદાર મલાઈના લોંદા ઓગળી રહ્યા હતા.

ત્રણેય મોટા બબરચીઓ ચાલ્યા ગયા છે અને રસોડામાં હવે પોતાના સિવાય માત્ર છોકરા જ બાકી રહ્યા છે એ વાતની ખબર પડતાં તેના મનમાં ખૂબ નિરાંત થઈ.

"નાસી છૂટવામાં હું આ લોકોની મદદ લઈશ," તેણે વિચાર્યું. "મારા ફુગ્ગાની કરામત કારગત થવી જોઈએ."

ફુગ્ગાના દોરા હજી તેના હાથમાં જ હતા.

છોકરા તેની આસપાસ જમા થઈ ગયા. તેમની આંખો ઉપરથી લાગતું હતું કે એ વખતે ફુગ્ગા તેમને દુનિયાના મોટામાં મોટા ખજાના જેવા લાગતા હતા અને પ્રત્યેકના મનમાં પોતાનો જ એકેક ફુગ્ગો મેળવવાની તમન્ના જાગી હતી.

એટલે ફુગ્ગાવાળો બોલ્યો:

"આ બધી ધાંધલધમાલથી હવે હું થાકી ગયો છું. હવે હું કંઈ નાનો છોકરો નથી રહ્યો અને હું કંઈ બહુ મોટો શૂરવીર પણ નથી. હવામાં ઊડતા રહેવાનું મને પસંદ નથી. મને ત્રણ ફાંદાળાની દહેશત લાગે છે અને રૂપાળી કેકની વચ્ચે બેસીને રૂડા દેખાવાની મથામણ મને ફાવતી નથી. મને તો મહેલમાંથી છુટકારો મળે તો બસ, એથી બહેતર બીજું કશું જ ન હોય."

છોકરા હસતા બંધ થઈ ગયા.

ફુગ્ગા હવામાં આમતેમ હલી રહ્યા હતા. બારીમાંથી આવતાં સૂર્યકિરણો ફુગ્ગાને ઝગમગાવી રહ્યાં હતાં અને જાણે પ્રત્યેકની અંદર નીલી, પીળી, કે લાલ જ્યોતિ જલતી હોય એમ લાગતું હતું. એ ફુગ્ગા તો દુનિયાના સૌથી વધારે સુંદર ફુગ્ગા હતા.



...હતી

...ાઈને ખબર નથી.

...દકાકી તદ્દન થાકી ગઈ

...મહેલમાં પહોંચી ગયો અને

...) ગાનિમેદકાકીને એક અત્યંત

દોરાને આંચકા મારતાં મારતાં ફુગ્ગાવાળાએ પૂછ્યું: "મને મહેલમાંથી બહાર કાઢી શકશો?"

"હા," એક છોકરો હળવેથી બોલ્યો અને તેણે ભેગાભેગું પૂછી પણ લીધું: "તમે ફુગ્ગા અમને આપી દેશો?"

ફુગ્ગાવાળાની ચાલાકી કામયાબ થઈ ગઈ.

જાણે ભારે નુકસાનની પરવા જ ન હોય એવો ભાવ ધરીને ફુગ્ગાવાળો બોલ્યો:

"ભલે, આપી દઈશ. આ ફુગ્ગા બહુ મોંઘી કિંમતના છે. મારે એની ખૂબ જરૂર છે પણ તોયે હું તમને આપી દઈશ. મને છોકરા ગમે છે. તમારા ચહેરા કેટલા આનંદી અને ઈમાનદાર છે અને તમારા અવાજ કેવા ઉમંગભર્યા છે!"

પણ ફુગ્ગાવાળો મનમાં બોલ્યો: "ગંધારા! રખડેલ!"

એક છોકરાએ કહ્યું: "મોટો બબરચી ચાનાસ્તાનો સામાન કાઢવા ભંડારિયામાં ગયો છે. એ પાછો આવે તે પહેલાં જ અમારે તમને અહીંથી છૂ કરી દેવા પડે."

"સાવ સાચી વાત. વખત બગાડવાનો કશો અર્થ નથી," ફુગ્ગાવાળો કબૂલ થયો.

"ઊભા રહો, મને છૂપા રસ્તાની ખબર છે!" એમ કહેતો એક છોકરો લાદીની ઓટલી ઉપર ગોઠવેલા ત્રાંબાના એક મોટા દેગડા પાસે ગયો અને જઈને તેણે ઢાંકણું ઊંચું કર્યું.

"પહેલાં ફુગ્ગા આપી દો!"

"ગાંડો થઈ ગયો છે કે શું!" ફુગ્ગાવાળો ગુસ્સે થઈને બોલ્યો. "આ દેગડાને મારે શું કરવો છે? મારે તો મહેલમાંથી બહાર છટકવું છે. તેને બદલે આ દેગડામાં હું ઊતરી જઈશ એમ તમને લાગે છે?"

"હા, એ જ એક ઉપાય છે."

"દેગડામાં ઊતરવાનો?"

"હા."

"અને પછી?"

જ બાક "અંદર જશો એટલે ખબર પડશે. પહેલાં તો દેગડામાં ઘૂસી જાઓ. ભાગી છૂટવાનો એ

"નાસી સૌથી સારો રસ્તો છે."

કારગત થવી જોઈએ. એ દેગડો એવડો મોટો હતો કે ત્રણ ફાંદાળામાંથી મોટામાં મોટા પેટવાળો ફાંદાળો

ફુગ્ગાના દોરા હજી તેની અંદર ઊતરી શકે, સૂકલકડી ફુગ્ગાવાળાની તો વાત જ શી!

છોકરા તેની આસપાસ વું હોય તો ઉતાવળ કરો!"

ફુગ્ગા તેમને દુનિયાના મોટામાં મોટી અંદર નજર નાખી. દેગડાને તળિયું હતું જ નહિ. તેને કૂવા

જ એકેક ફુગ્ગો મેળવવાની તમન્ના દર દેખાયો.

યો: "ઠીક ભાઈ! ચાલ જીવ, દેગડામાં ઊતરી જા! હવામાં

ઊડવા કરતાં અને હિમ જેવી ટાઢી મલાઈથી ઢંકાઈ જવા કરતાં બદતર તો આ વાત નથી જ. અચ્છા, આવજો, નાનકડા બદમાશો! આ લો, મદદનું તમારું મહેનતાણું."

દોરાની ગાંઠ છોડીને તેણે બધા છોકરાને એકેક ફુગ્ગો આપ્યો. વીસ છોકરા હતા અને વીસ ફુગ્ગા હતા. દરેક ફુગ્ગાને એકેક દોરો બાંધેલો હતો.

પછી ફુગ્ગાવાળો પગ અંદર ઘુસાડીને પોતાની ખાસ કઢંગી રીતે દેગડામાં ઊતર્યો. એક છોકરાએ ઢાંકણું વાસી દીધું.

"ફુગ્ગા, ફુગ્ગા!" છોકરા ખુશ થઈને દેકારો કરવા લાગ્યા અને દોડતા રસોડામાંથી બહાર જઈને બારી પાસે આવેલી સરસ ઘાસદાર જગ્યામાં રમવા લાગ્યા.

બહાર ખુલ્લી જગ્યામાં ફુગ્ગા લઈને દોડાદોડી કરવામાં તેમને ખૂબ મઝા પડી.

એકાએક ત્રણેય બબરચીઓએ ત્રણ બારીઓમાંથી એકેક ડોકું બહાર કાઢ્યું.

"આ શું ધમાલ મચાવી દીધી છે?!" ત્રણેય બબરચી તડૂકી ઊઠ્યા. "આ જ ઘડીએ રસોડા ભેગા થઈ જાઓ!"

બબરચીઓની ત્રાડ સાંભળીને છોકરા એટલા બધા ડરી ગયા કે ગભરાટમાં તેમના હાથમાંથી દોરા છૂટી ગયા અને ફુગ્ગા ઉપર હવામાં ઊડી ગયા.

છોકરાઓની ખુશીમઝા ખતમ થઈ ગઈ.

વીશ ફુગ્ગા પવનમાં સપડાઈ ગયા અને નીલા આસમાનમાં ઉપર ને ઉપર ઊડતા ગયા. છોકરા નીચે ઘાસ ઉપર ઊભા હતા, તેમની આસપાસ ચોમેર ફૂલ ખીલેલાં હતાં, તેમનાં મોં પહોળાં થઈ ગયાં હતાં, સફેદ ટોપીથી ઢંકાયેલાં તેમનાં માથાં પાછળ નમેલાં હતાં, અને તેમની નજર ઊંચે આકાશમાં ઊડતા ફુગ્ગા ઉપર મંડાયેલી હતી.

પ્રકરણ પાંચમું

હબસી અને કોબીજનો દડો

તમને યાદ હશે કે ડૉક્ટર ગાસ્પારે અનુભવેલા ખોફનાક સાહસોની છેલ્લી ઘટના હતી બજાણિયો તિબુલ તેના અભ્યાસખંડમાં તાપણાની જગ્યાએથી અંદર આવ્યો તે.

ત્યાર પછી ડૉક્ટર ગાસ્પારના વર્કશૉપમાં શું શું કામ ચાલ્યું તેની કોઈને ખબર નથી. આખા દિવસની બધી ધમાલ અને ખૂબ વાટ જોવાના પરિણામે ગાનિમેદકાકી તદ્દન થાકી ગઈ હતી અને ગાઢ નીંદરમાં પડીને મરઘાનાં સપનાં જોઈ રહી હતી.

બીજે દિવસે (ફુગ્ગાવાળો ઊડતો ઊડતો ત્રણ ફાંદાળાના મહેલમાં પહોંચી ગયો અને વારસદાર તુત્તીની ઢીંગલીને સિપાહીઓએ તોડી નાખી તે દિવસે) ગાનિમેદકાકીને એક અત્યંત

અનિષ્ટ અકસ્માત થયો. તેણે ઉંદરિયામાંથી ઉંદરને છટકી જવા દીધો. આગલી રાતે એ જ ઉંદર એક રતલ મીઠાઈ ખાઈ ગયો હતો. તેની પહેલાંની રાતે એ જ ઉંદરે ફૂલ ભરેલો એક ગ્લાસ ફોડી નાખ્યો હતો. ગ્લાસ ફૂટી જતાં તેમાં રાખેલાં સુગંધિત ફૂલ કોઈ વિચિત્ર કારણસર દુર્ગંધ છોડવા લાગ્યાં હતાં. હવે ઉંદર પકડાઈ ગયો હતો.

સવારે ગાનિમેદકાકી બહુ વહેલી ઊઠી. તેણે ઉંદરિયું હાથમાં લીધું. નાનકડા પાંજરામાં બેઠેલો ઉંદર સાવ નચિંત દેખાતો હતો. જાણે ઉંદરિયામાં પકડાઈ જવાનો તેને મુદ્દલ અફસોસ જ ન હોય એમ લાગતું હતું. ઉંદર ભારે લુચ્ચો હતો.

"જે મીઠાઈ તારી ન હોય એ હવે તું નહિ ખાય!" ગાનિમેદકાકી બોલી, અને તેણે પાંજરાને બધો વખત પોતાની નજરમાં રહે એવી જગ્યાએ મૂક્યું.

ગાનિમેદકાકીએ કપડાં પહેરી લીધાં અને પછી તે નીચે ડૉક્ટર ગાસ્પારના વર્કશૉપ તરફ ગઈ. ઉંદર પકડાઈ ગયાના સારા સમાચાર તે ડૉક્ટરને જણાવવા માગતી હતી. ઉંદર એક આખો રતલ મીઠાઈ ખાઈ ગયેલો ત્યાર પછીની સવારે ડૉક્ટર ગાસ્પારે એટલી બધી સ્વાદિષ્ટ મીઠાઈ અદૃશ્ય થઈ જવા બદલ અફસોસ જાહેર કરેલો.

ઉંદર જે મીઠાઈ ખાઈ ગયેલો તેમાં ઍસિડના અંશ હતા અને ડૉક્ટર ગાસ્પારે ગાનિમેદકાકીને સમજાવ્યું કે ઉંદરને એ મીઠાઈ ઍસિડના કારણે ભાવતી હોય છે.

ગાનિમેદકાકીએ એથી થોડોક દિલાસો અનુભવેલો.

"તો ઉંદરને મારાં ઍસિડ ભાવે છે! ભલે, તેને મારું ઉંદરિયું કેવું ગમે છે એ પણ હવે આપણે જોઈશું."

હાથમાં ઉંદરિયું લઈને ગાનિમેદકાકી વર્કશૉપના બારણા પાસે ઊભી રહી.

વહેલી સવારનો વખત હતો. ઘાસ ઉપર ચળકતાં ઝાકળનાં ટીપાં કાકીને બારીમાંથી દેખાતાં હતાં. ફુગ્ગાવાળાને ઉપર આસમાનમાં ઉડાડી જનાર પવન હજુ નહોતો શરૂ થયો.

બારણા પાછળથી અવાજ સંભળાઈ રહ્યા હતા.

"બીચારો ડૉક્ટર, રાતે સૂતો જ નહિ હોય કે શું?" ગાનિમેદકાકીને થયું.

તેણે બારણું ખખડાવ્યું.

ડૉક્ટર અંદરથી કંઈક બોલ્યો પણ કાકીને શબ્દો બરાબર સમજાયા નહિ.

બારણું ઊઘડ્યું.

ડૉક્ટર ગાસ્પાર ઉંબરામાં ઊભો હતો. અંદરથી બૂચ બળવાની વાસ આવતી હતી. ખૂણામાં પડેલા સ્પિરિટના દીવાની નાનકડી જ્યોતિ જલી રહી હતી. ડૉક્ટર ગાસ્પારે કોઈ જાતના વૈજ્ઞાનિક પ્રયોગો કર્યા હોય એમ લાગતું હતું.

"કાકી છે કે!" ડૉક્ટર આનંદી અવાજે બોલ્યો.

ગાનિમેદકાકીએ ઉંદરિયું ઊંચું કરીને ડૉક્ટરને બતાવ્યું. ઉંદર કંઈક સૂંઘતો હતો અને એટલે તેનું નાક વાંકુંચૂકું થતું હતું.

"ઉંદરને પકડી લીધો!"

"વાહ!" ડૉક્ટર ખૂબ ખુશ થઈ ગયો હોય એમ લાગ્યું. "જોઈએ તો ખરા!"

ગાનિમેદકાકી ઉતાવળી ઉતાવળી બારી પાસે ગઈ.

"આ રહ્યો, જુઓ!"

તેણે ઉંદરિયું ઊંચું કરીને ડૉક્ટરને બતાવ્યું. અચાનક તેની નજર હબસી ઉપર પડી. બારીની પાસે એક પેટી હતી. પેટીની ઉપર મોટા અક્ષરે "સંભાળ રાખો!" એમ લખ્યું હતું. પેટીની ઉપર એક ખૂબ રૂપાળો હબસી બેઠો હતો.

હબસીએ લાલ ચડ્ડી સિવાય બીજું કંઈ જ પહેર્યું નહોતું.

હબસીનો વાન કાળો, જામલી, અને રતાશ પડતો હતો. તેની ચામડી ચળકી રહી હતી. તે બેઠો બેઠો હોકલી પીતો હતો.

ગાનિમેદકાકી એટલા જોરથી ચીસ પાડી ઊઠી કે તેનું ગળું ફાટી ગયું હોત. તે એકદમ ફરી ગઈ અને ચાડિયાની જેમ જોરજોરથી હાથ હલાવવા લાગી. એ બધી ધમાલમાં કોણ જાણે કેમ પણ ઉંદરિયાની કડી ઊઘડી ગઈ. પાંજરું ખૂલી ગયું. ઉંદર ઠેકડો મારીને બહાર નીકળી ગયો અને અદૃશ્ય થઈ ગયો.

ગાનિમેદકાકી ખૂબ ગભરાઈ ગઈ હતી.

હબસી જોરથી હસી પડ્યો. તેના રતાશ પડતા લાંબા પગમાં પહેરેલા લાલ જોડા મોટાં સૂકાં મરચાં જેવા લાગતા હતા.

તેના મોંમાં હોકલીની નળી ઉપરનીચે થતી હતી. ડૉક્ટર પણ હસવા લાગ્યો. તેણે નાક ઉપર પહેરેલાં નવાં ચશ્માં પણ ઉપરનીચે થવા લાગ્યાં.

ગાનિમેદકાકી તીરની જેમ ઝડપથી બહાર નીકળી ગઈ.

"ઉંદર!" તેણે ચીસ પાડી. "ઉંદર! મીઠાઈ! હબસી!"

ડૉક્ટર ગાસ્પાર દોડતો કાકીની પાછળ ગયો.

"ગાનિમેદકાકી, ગભરાઈ જવાનું કંઈ કારણ નથી," ડૉક્ટર સમજાવવા લાગ્યો. "મારા નવા પ્રયોગ બાબત તમને કહેવાનું હું ભૂલી ગયેલો. પણ તમને તો ખબર છે કે મારા પ્રયોગો ચાલતા જ હોય છે... આખર હું વિજ્ઞાની છું, અનેક વિજ્ઞાનોમાં પારંગત છું, અહીંયાં હંમેશાં ઘણી બધી વિચિત્ર વસ્તુઓ હોય છે. હું હંમેશાં પ્રયોગો કરતો હોઉં છું. હબસી તો શું પણ હાથી નજરે પડે તોયે તમને અચરજ ન થવું જોઈએ. ગાનિમેદકાકી... ગાનિમેદકાકી! હબસી એક વાત છે, પણ ઈંડાં તો સાવ જુદી વાત છે... અમને નાસ્તો નહિ આપો? મારા હબસીને પ્લેટ ભરીને ઈંડાં ખાવાં છે..."

"ઉંદરને એસિડ ભાવે છે, હબસીને ઈંડાં ભાવે છે..." ગભરાઈ ગયેલી ગાનિમેદકાકી બોલતી રહી.

"હા, બરાબર છે. હમણાં અમને ઈંડાંનો નાસ્તો આપો, ઉંદરની વાત રાતે જોઈ લઈશું. આજે રાતે એને ચોક્કસ પાછો પકડી લઈશું, ગાનિમેદકાકી. હવે એને માટે અહીં કંઈ જ બચ્યું નથી, હતી એટલી બધી મીઠાઈ તો એ ક્યારનો ખાઈ ગયો છે."

ગાનિમેદકાકી રોતી રહી અને તેણે ઈંડાંમાં મીઠાને બદલે પોતાનાં આંસુ નાખ્યાં. કાકીનાં આંસુનો સ્વાદ એટલો બધો તેજ હતો કે મીઠા ઉપરાંત તેણે મરીનું કામ પણ કર્યું.

"ઈંડાંમાં ખૂબ મરી નાખ્યાં છે એટલે ભારે મઝા પડી. ઈંડાં બહુ લહેજતદાર હતાં!" પ્લેટ સાફ કરતાં હબસી બોલ્યો.

ધડકતા દિલને રાહત આપવા કાકી દવાનાં ટીપાં કાઢી રહી હતી. દવામાંથી ફૂલની સુગંધ આવતી હતી. કદાચ આંસુને કારણે.

કાકીએ બારીમાંથી ડૉક્ટર ગાસ્પારને બહાર જતો જોયો. નવો રૂમાલ, નવા જોડા (હકીકતમાં તો એ જોડા જૂના જ હતા પણ તેમાં સુંદર લાલ એડીઓ જડેલી હતી), અને નવી લાકડીને કારણે ડૉક્ટર સોહામણો લાગતો હતો.

પણ રસ્તા ઉપર ડૉક્ટરની ભેગો હબસી પણ જઈ રહ્યો હતો.

ગાનિમેદકાકીએ આંખો સખત મીચી દીધી અને બીચારી જમીન ઉપર પછડાઈ પડી. કાકી સીધી બિલાડીની ઉપર પડી. બિલાડી મ્યાઉં કરી ઊઠી. કાકીનું ગભરાયેલું મન આ છેલ્લો આઘાત સહી ન શક્યું. કાકીએ બિલાડીને ફટકો લગાવ્યો. બિલાડી હરવખત આડી આવતી અને એક ઉંદરનેય નહોતી પકડી શકતી.

દરમિયાનમાં ઉંદર ગાનિમેદકાકીના કબાટમાં પહોંચી ગયો હતો અને બદામની બરફી ઉડાવતો ઉડાવતો પહેલાં ખાધેલી મઝેદાર મીઠાઈ વિશે ઉદાસ ભાવે વિચારી રહ્યો હતો.

ડૉક્ટર ગાસ્પારનું ઘર છાયામાર્ગ ઉપર હતું. ખૂણા પાસે ડાબી બાજુ વળતાં વિધવા એલિઝાબેથની શેરી આવતી. ત્યાંથી પછી વીજળીથી ફાટી ગયેલા વિશાળ ઓકવૃક્ષને કારણે પ્રખ્યાત રસ્તાને ઓળંગો અને એ જ દિશામાં આગળ પાંચ મિનિટ ચાલો એટલે ચૌદમા બજારમાં પહોંચી જાઓ.

ડૉક્ટર ગાસ્પાર અને હબસી ચૌદમા બજાર તરફ જ જઈ રહ્યા હતા. પવનનું જોર વધી રહ્યું હતું. પવનનો ઝપાટો આવતાં ફાટેલું ઓકવૃક્ષ ડોલી ઊઠતું. પોસ્ટર ચોડનારો ભારે મહેનતથી વાડ ઉપર એક નોટિસ ચોડવાની કોશિશ કરી રહ્યો હતો. પવનના ઝપાટાએ મોટા કાગળને તેના હાથમાંથી છોડાવી દીધો અને કાગળ તડાક કરતો તેના મોં ઉપર ઝીંકાયો. બીચારો મોટા

નેપ્કિન વડે પોતાનું મોં લૂછી રહ્યો હોય એવો દૂરથી દેખાતો હતો. પણ આખરે તેણે નોટિસ ચોડી જ દીધી.

ડૉક્ટર ગાસ્પારે નોટિસ વાંચી:

જલદી!
જલદી!
જલદી!
આજે
ત્રણ ફાંદાળાની સરકાર
રજૂ કરે છે
જનતા માટે
મેળો
ચૌદમા બજારે જલદી પહોંચો
મનોરંજન
ખેલતમાશા
સૌને મઝા જ મઝા
જલદી! જલદી! જલદી!

"આ બધું શું છે એની મને ખબર છે," ડૉક્ટર ગાસ્પાર બોલ્યો. "આજે કચેરીચોકમાં બંડખોરોનાં માથાં ઉડાવી દેવાનાં છે. ત્રણ ફાંદાળાએ પોતાના જલ્લાદોને હુકમ કર્યો છે કે ધનવાનો અને ખાઉધરાઓના શાસનની વિરુદ્ધ બળવો કરનારા દરેક આદમીનું માથું વાઢી નાખવામાં આવે. ત્રણ ફાંદાળા લોકોને બેવકૂફ બનાવવા માગે છે. તેમને બીક છે કે લોકો ક્યાંક કચેરીચોકમાં ભેગા થઈને માંચડા તોડી નાખશે, જલ્લાદોને મારી નાખશે, અને મોતની સજા પામેલા પોતાના ભાઈઓને છોડાવી લેશે. એટલે જ તેમણે આ મેળાનું ધતિંગ રચ્યું છે. આજે થનારા મોતની સજાના અમલ વિશે લોકો બધું ભૂલી જાય એવી તેમની ચાલબાજી છે."

ડૉક્ટર ગાસ્પાર અને તેનો હબસી સંગાથી ચૌદમા બજારમાં પહોંચ્યા. તંબુઓ પાસે લોકોનાં ટોળાં ઊભાં હતાં. પણ ડૉક્ટરને એક પણ છેલછબીલો ત્યાં ન દેખાયો, સોનેરી માછલીનાં ભીંગડાં અને પાકી દ્રાક્ષના રંગ જેવાં રંગીન વસ્ત્રો પરિધાન કરેલી કોઈ ઠસ્સાદાર બાનુ તેને ત્યાં ન દેખાઈ, સોનાની પતરી ચડાવેલી ભવ્ય પાલખીમાં બેસીને મોભાદાર દેખાતો કોઈ વૃદ્ધ તેને ત્યાં જોવા ન મળ્યો, કે પછી પડખામાં ચામડાની મોટી નાણાથેલી લટકાવીને ચાલતો એક પણ વેપારી તેને ત્યાં નજરે ન પડ્યો!

ત્યાં તો કેવળ ગંદા લત્તાના ગરીબ લોકો જ હતા: કારીગરો અને કસબીઓ હતા, જવની રોટીની ફેરી કરતા ફેરિયા હતા, દહાડિયા હતા, હેલકરીઓ હતા, ડોશીઓ હતી, ભિખારીઓ હતા, અને અપંગો હતા. ચીંથરાં જેવાં જરીપુરાણાં ભૂખરાં કપડાંમાં ફક્ત ક્યાંક ક્યાંક જ બાંયની લીલી કિનાર અને દેખાવડી ડગલી કે રિબનરૂપી ચમકારા નજરે પડતા હતા.

ડોશીઓના ધોળા વાળને પવન આમતેમ ઉડાડતો હતો અને તેમની આંખોમાંથી આંસુ વહેવડાવી દેતો હતો. ભિખારીઓનાં ભૂખરાં ચીંથરાં પવનમાં ફડફડાટ કરતાં હતાં.

ભેગા થયેલા લોકોમાં હસતો ચહેરો એક પણ નહોતો દેખાતો. દરેક માણસ જાણે કોઈ ભયંકર ઘટના બનવાની વાટ જોઈ રહ્યું હતું.

"મોતની સજા કચેરીચોકમાં અમલમાં મુકાશે," સૌ એકબીજાને કહી રહ્યાં હતાં. "આપણા બિરાદરોનાં માથાં આજે ત્યાં ધડથી અળગાં થઈ જશે. પણ ત્રણ ફાંદાળાના સોનાના ઢગલાથી વેચાઈ ગયેલા રંગલા આજે અહીં વાંદરાંની જેમ નાચકૂદ કરશે."

"ચાલો, કચેરીચોક જઈએ!" લોકોએ પોકારો પાડ્યા.

"આપણી પાસે હથિયાર નથી. આપણી પાસે તલવાર કે પિસ્તોલ નથી. અને કચેરીચોકને ફરતા હથિયારબંધ સિપાહીઓના ત્રણ ત્રણ ઘેરા ગોઠવવામાં આવ્યા છે."

"સિપાહીઓ હજુ પણ ત્રણ ફાંદાળાનું રક્ષણ કરી રહ્યા છે. તેમણે આપણી ઉપર ગોળીઓ વરસાવી છે. પણ વહેલામોડો એવો વખત આવવાનો જ છે કે જ્યારે તેઓ પોતાના ઉપરીઓની સામે થઈને આપણી જોડે ભળી જશે."

"કાલે રાતે એક સિપાહીએ તારકચોકમાં પોતાના અફસરને ગોળીએ વીંધી નાખ્યો. તિબુલની જિંદગી બચાવવા તેણે એવું સાહસ કર્યું."

"પણ તિબુલ ક્યાં છે? એ સલામત ભાગી છૂટયો કે નહિ?"

"કોઈને ખબર નથી. કાલે આખી રાત સિપાહીઓ કામદારોનાં ઘરોને આગ લગાવતા રહેલા. તેમનો ઇરાદો તિબુલને ગોતી કાઢવાનો હતો, તેઓ આગ લગાવીને તેને બહાર કાઢવા માગતા હતા."

ડૉક્ટર ગાસ્પાર અને હબસી તંબુઓ પાસે પહોંચ્યા. ખેલતમાશા હજુ શરૂ નહોતા થયા. રંગબેરંગી સુંદર પડદા તથા આડશો પાછળથી તેમને લોકોના બોલવાચાલવાના અવાજો સંભળાયા, ઘંટડીઓના રણકાર સંભળાયા, વાંસળીના સૂર સંભળાયા, અને સર્‌સર્, હોહા, અને ચૂંચૂં અવાજો સંભળાયા. ત્યાં અદાકારો ખેલતમાશા માટે તૈયાર થઈ રહ્યા હતા.

એક પડદો ખસ્યો અને એક ચહેરો દેખાયો. એ હતો સ્પેનિયાર્ડ—પિસ્તોલનો અદ્‌ભુત નિશાનબાજ. તેની મૂછના વાળ સીધા થઈ ગયા અને તેની એક આંખનો ડોળો પોપચાંની અંદર ગોળ ગોળ ફરવા લાગ્યો.

હબસીને જોઈને તે બોલી ઊઠયો: "અરે, વાહ! તું પણ ખેલતમાશામાં ભાગ લેવાનો છે? તને કેટલા પૈસા મળ્યા?"

હબસી ચુપ ઊભો રહ્યો.

"મને દસ સોનામહોર મળી!" સ્પેનિયાર્ડે બડાઈ હાંકી. તેને લાગ્યું કે હબસી પણ કોઈ અદાકાર છે. "અહીં આવ," તે હળવે અવાજે બોલ્યો અને જાણે કોઈ મોટા રહસ્યની વાત હોય એવો તેણે દેખાવ કર્યો.

હબસી મંચ ઉપર ચડયો. સ્પેનિયાર્ડે તેને કોઈ ગુપ્ત વાત કહી. એ વાત આવી હતી. ત્રણ ફાંદાળાએ બધાં બજારોમાં ખેલતમાશા કરવા માટે એકસો અદાકારોને રોક્યા હતા. એ બધા અદાકારોનું કામ જનતાને એમ જણાવવાનું હતું કે ધનવાનો અને ખાઉધરાઓના શાસનના દેશમાં જિંદગી કેવી અદ્‌ભુત છે અને બળવાખોરો, હથિયારગર પ્રોસ્પેરો, તથા બજાણિયો તિબુલ કેટલા ખરાબ આદમી છે.

"તેમણે જાદુગરો, જનાવરોને તાલીમ આપનારાઓ, રંગલાઓ, અવાજના કીમિયાગરો, અને નાચણિયાઓને ભાડે રાખ્યા છે... અને અમને સૌને તેમણે ખૂબ પૈસા આપ્યા છે."

"બધા અદાકારોએ ત્રણ ફાંદાળાના ગુણ ગાવાનું મંજૂર કરી લીધું?" ડૉક્ટર ગાસ્પારે પૂછ્યું.

સ્પેનિયાર્ડ તેની સામે ઘૂરકી ઊઠયો.

"શ્ શ્ શ્!" આંગળી હોઠે મૂકીને તે બોલ્યો. "આવી રીતે જોરથી બોલો મા. ઘણાબધા અદાકારોએ મંજૂર નથી કર્યું અને એ બધાને ગિરફતાર કરી લેવામાં આવ્યા છે."

હબસીએ ગુસ્સામાં પગ પછાડયા.

બરાબર એ જ વખતે સંગીત શરૂ થઈ ગયું. કેટલાક તંબુઓમાં ખેલ શરૂ થઈ રહ્યા હતા. બધે લોકોનાં ટોળાં ઘૂમી રહ્યાં હતાં.

"સજ્જનો અને સન્નારીઓ!" લાકડાના મંચ ઉપર ઊભો થયેલો એક રંગલો ખૂબ તીણા અવાજે ભૂંક્યો. "તમને સૌને હું મુબારકબાદ આપું છું..."

બોલવાનું બંધ કરીને તે કોલાહલ શાંત થઈ જાય તેની વાટ જોતો ઊભો રહ્યો. તેના ચહેરા ઉપરથી પાઉડર ખરતો હતો.

"સજ્જનો અને સન્નારીઓ, તમને સૌને હું મુબારકબાદ આપું છું, ખાસ કરીને આજે કેમ કે આપણા પ્યારા ગુલાબી ત્રણ ફાંદાળાના જલ્લાદો પેલા ભયાનક બંડખોરોનાં માથાં આજે વાઢી નાખવાના છે..."

તેનું ભાષણ પૂરું જ ન થયું. એક કારીગરે અરધી ખાધેલી જવની પૂરી તેની ઉપર ફેંકી. એ સીધી તેના મોંમાં જઈને પડી અને તેનું મોં ઠસોઠસ ભરાઈ ગયું.

"મમ્મમ-મમ્મમ-મમ્મમ!"

રંગલાએ બોલવાની કોશિશ કરી પણ મહેનત બેકાર ગઈ. નામના જ શેકેલા કણકના કાચા લોંદાથી તેનું મોં ભરાઈ ગયું હતું. તેણે હાથ આમતેમ હલાવ્યા અને તેનો ચહેરો અમળાઈને બિહામણા આકારો ધારણ કરવા લાગ્યો.

"લેતો જા, એ જ લાગનો છે!" ટોળામાંથી લોકોએ હાકોટા કર્યા.

રંગલો ઊભી પૂંછડીએ નાઠો અને પડદા પાછળ ભરાઈ ગયો.

"બદમાશ! ત્રણ ફાંદાળાને વેચાઈ ગયો છે! આપણે માટે જાન કુરબાન કરવા તૈયાર થઈ ગયેલા બહાદુરોની બદગોઈ કરવાની હિંમત કરે છે!"

સંગીતનો અવાજ વધી ગયો. બીજી મંડળીઓ પણ ભેગી ભળી. કુલ મળીને નવ વાંસળી હતી, ત્રણ તૂરી હતી, ત્રણ તુર્કી ઢોલકાં હતાં, અને એક વાયોલિન હતું. બધાં વાદ્યો એવા જોરથી વાગતાં હતાં કે માથું દુખી જાય.

તંબુઓના માલિકો સંગીત ખૂબ જોરજોરથી એટલા માટે વગડાવતા હતા કે ટોળાનો કોલાહલ સંગીતના અવાજમાં ડૂબી જાય.

"અદાકારોનાં દિલોમાં જવની પૂરીઓની બીક પેસી જશે. આપણે એવો ઢોંગ કરીએ કે જાણે કંઈ બન્યું જ નથી," એક માલિક બોલ્યો.

"આવો, સૌ આવો! ખેલ શરૂ થાય છે!.."

એક તંબુનું નામ હતું 'ટ્રોયનો ઘોડો'.

તંબુનો માલિક પડદા પાછળથી બહાર આવ્યો. તેણે પિત્તળનાં ગોળ બટનવાળું જાકીટ પહેર્યું હતું અને માથે લીલા રંગનો ઊનનો ઊંચો ટોપો પહેર્યો હતો. તેના ગાલ ચળકતા લાલ રંગે રંગેલા હતા.

"શ્ શ્ શ્!" જાણે જર્મન ભાષામાં બોલતો હોય એમ તેણે સિસકારો કર્યો. "શ્ શ્ શ્! આ ખેલ તો જોવા જેવો ગજબનો ખેલ છે!"

કોલાહલ જરાક ઓછો થયો.

"આજના ખાસ પ્રસંગને ધ્યાનમાં લઈને અમે લાપિતૂપ પહેલવાનને તમારી સામે ખેલ કરવા બોલાવ્યો છે!"

"તા-તી-તુ!" તૂરીઓ વાગી.

તાળીઓના ગડગડાટનો આભાસ પેદા કરવા ઘૂઘરા ખખડાવવામાં આવ્યા.

"લાપિતૂપ પહેલવાન હવે તમારી સામે ખેલ રજૂ કરીને તમને બતાવી આપશે કે તેના વિસ્મયકારક સ્નાયુઓમાં શું શું કરવાની તાકાત ભરેલી છે..."

વાજિંત્રો વાગવા લાગ્યાં. પડદો ઊંચો થયો. લાપિતૂપ પહેલવાન આગળ આવ્યો. ગુલાબી ચડ્ડી પહેરેલો એ મહાકાય માણસ ખરેખર ખૂબ જોરાવર લાગતો હતો.

તેણે આવીને હુંકારા અને ફૂંકારા કર્યા. તેનું માથું આખલાની જેમ નીચે નમેલું હતું. તેના સ્નાયુઓની ગોટલીઓ ઉપરનીચે થતી હતી અને એટલે એમ લાગતું હતું કે જાણે કોઈ અજગર સસલાં ગળી ગયો હોય.

મંચના મજૂરો વજનના ગોળા લઈને આવ્યા અને તેમણે ગોળાને એવી રીતે પડતા મૂક્યા કે લાકડાનાં પાટિયાં તૂટતાં તૂટતાં રહી ગયાં. ગોળા પડયા એ ઠેકાણેથી ધૂળની ડમરી ઊઠી. ટોળામાં કલબલાટ ફેલાઈ ગયો.

પહેલવાને પોતાની કરામતો બતાવવાનું શરૂ કરી દીધું. પોતાના બન્ને હાથમાં તેણે એક એક ગોળો લીધો, ગોળાને રબ્બરના દડાની જેમ હવામાં ઉછાળ્યા, પાછા હાથમાં પકડી લીધા, અને પછી બન્ને ગોળાને એકબીજાની જોડે ભટકાવીને આગના તણખા પેદા કર્યા.

"જોઈ લો!" તે બોલ્યો. "હથિયારગર પ્રોસ્પેરો અને બજાણિયા તિબુલની ખોપરીઓને ત્રણ ફાંદાળા આવી જ રીતે ટકરાવીને ચૂરેચૂરા કરી નાખશે."

એ પહેલવાન પણ ત્રણ ફાંદાળાના સોનાના બદલામાં વેચાઈ ગયો હતો.

"હા-હા-હા!" તેણે પોતે જ મજાક કરી અને પોતે જ હસવા લાગ્યો.

તેને ખબર હતી કે પોતાની ઉપર જવની પૂરી ફેંકવાની હિંમત કોઈ નહિ કરે, પોતે કેટલો જોરાવર છે એ તો બધા નજરે જ જોઈ રહ્યા છે.

ટોળામાં છવાઈ ગયેલી ચુપકીમાં હબસીનો અવાજ સાફ સંભળાયો. દરેકની નજર તેની તરફ વળી.

"શું બોલ્યો તું?" હબસીએ પહેલા પગથિયા ઉપર પગ મૂકીને પૂછ્યું.

"મેં કહ્યું કે હથિયારગર પ્રોસ્પેરો અને બજાણિયા તિબુલની ખોપરીઓને ત્રણ ફાંદાળા આવી જ રીતે ભટકાવીને ચૂરેચૂરા કરી નાખશે."

"જબાન બંધ કર!"

હબસી સ્વસ્થતાથી, કડક અવાજે, અને શાંત રીતે બોલ્યો.

પહેલવાન ગુસ્સે થઈને બરાડી ઊઠયો: "તું તારા મનમાં સમજે છે શું, કાળિયા?"

તેણે વજનના ગોળા હેઠે પડતા મૂક્યા અને બન્ને હાથ પૂંઠ ઉપર ટેકવ્યા.

હબસી પગથિયાં ચડીને મંચ ઉપર પહોંચ્યો.

"તું જોરાવર બહુ છે પણ નીચ જરાય ઓછો નથી. તું જ કહે ને કે તું તારા મનમાં શું સમજે છે? જનતાનું અપમાન કરવાનો અધિકાર તને કોણે આપ્યો છે? હું તને ઓળખું છું. તું લુહારનો દીકરો છે. કારખાનામાં કામ કરતો તારો બાપ બીચારો ઈમાનદાર ઇન્સાન છે. તારી બહેનનું નામ એલિ છે. તે ધોબણનું કામ કરે છે અને ધનવાન લોકોનાં લૂગડાં ધુએ છે. કાલે સિપાહીઓએ કદાચ તેને જ ગોળીનો શિકાર બનાવેલી... અને તું... તું તો લોકદ્રોહી છે!"

પહેલવાન હેરતમાં ગરકાવ થઈને પાછળ હઠી ગયો. હબસીની વાત સાવ સાચી હતી. લાપિતૂપને સમજાયું જ નહિ કે હબસીને આ બધી ખબર કેવી રીતે પડી હશે.

"ચાલવા માંડ, છૂ થઈ જા અહીંથી!" હબસીએ ત્રાડ પાડી.

પહેલવાન પાછો ભાનમાં આવી ગયો. ગુસ્સાથી તેનો ચહેરો રાતોચોળ થઈ ગયો. તેણે મુઠ્ઠીઓ વાળી.

"આમ હુકમ છોડવાનો તને કોઈ હક નથી!" પહેલવાન ફૂંફાડો મારીને બોલ્યો. "હું નથી ઓળખતો તને. તું તો શયતાન લાગે છે શયતાન!"

"રસ્તો માપવા માંડ રસ્તો! ત્રણ ગણું ત્યાં સુધીમાં છૂ થઈ જા—એક!"

ટોળામાં એકદમ ચુપકી છવાઈ ગઈ. હબસી કદમાં પહેલવાનના ખભા સુધી પહોંચે એટલો જ ઊંચો હતો અને તેનું વજન પહેલવાન કરતાં ત્રીજા ભાગનું હશે. પણ બધા સમજી ગયા કે લડાઈ થશે તો હબસી જ જીતવાનો, કેમ કે હબસી વિકરાળ દેખાતો હતો અને પોતાની તાકાતમાં તેને પૂરો વિશ્વાસ હોય એમ લાગતું હતું.

"બે!"

પહેલવાનનું માથું ખભામાં ઘૂસી જતું લાગ્યું.

"શયતાન!" તેણે ફૂંકારો કર્યો.

"ત્રણ!"

પહેલવાન અદૃશ્ય થઈ ગયો. ઘણા માણસોએ આંખો મીચી દીધેલી અને તેઓ વાટ જોઈને બેઠેલા કે પહેલવાન હમણાં જ હબસીને ભયંકર ફટકો લગાવશે. પણ એ લોકોએ જ્યારે આંખો ઉઘાડી તો પહેલવાનનું નામનિશાન દેખાયું નહિ. પહેલવાન તો પડદાની પાછળ અદૃશ્ય થઈ ગયો હતો.

હબસીના હોઠ ઉપર સ્મિત રમતું હતું. તેણે હાથ ઊંચો કરીને કહ્યું: "ત્રણ ફાંદાળાને જનતા આવી જ રીતે ભગાડી મૂકશે!"

ટોળું ગરજી ઊઠ્યું. લોકો તાળીઓ પાડવા લાગ્યા અને ખુશીના જોશમાં પોતાની ટોપીઓ હવામાં ઉછાળવા લાગ્યા.

"જનતા ઝિંદાબાદ!"

"ઝિંદાબાદ! ઝિંદાબાદ!"

ફક્ત ડૉક્ટર ગાસ્પાર જ માથું ધુણાવી રહ્યો હતો. તેના મનમાં કઈ વાતનો અણગમો છે એ કોઈ સમજી શક્યું નહિ.

"કોણ હશે? કોણ હશે? આ હબસી કોણ હશે?" લોકો એકબીજાને પૂછવા લાગ્યા.

"એ પણ શું કોઈ અદાકાર છે?"

"આને તો પહેલાં ક્યારેય જોયો નથી!"

"કોણ છો ભાઈ તમે?"

"તમે શા માટે જનતાનો બચાવ કર્યો?"

"ઊભા રહો! ઊભા રહો એક મિનિટ!.." ટોળામાંથી માર્ગ કરીને આવતા એક ચીંથરેહાલ માણસે બૂમ પાડી.

ડૉક્ટર ગાસ્પાર એ માણસને ઓળખી ગયો. એ તો ગઈ રાતે ફૂલવાળીઓ અને ગાડીવાનો જોડે વાત કરવા થોભેલો ભિખારી જ હતો.

"એક મિનિટ ઊભા રહો!" ભિખારી ઉત્તેજિત હાલતમાં જોરથી બોલ્યો. "જોતા નથી કે આણે તમને બુદ્ધુ બનાવી દીધા છે? આ હબસી પણ લાપિતૂપ પહેલવાન જેવો જ કોઈ બીજો અદાકાર છે. બધા એક જ ટોળકીના માણસો છે! તેણે પણ ત્રણ ફાંદાળા પાસેથી પૈસા ખાધા છે."

હબસીએ મુઠ્ઠીઓ વાળી.

ટોળાની ખુશી ગુસ્સામાં પલટાઈ ગઈ.

"સાચી વાત! એક બદમાશે બીજા બદમાશને ભગાડી મૂક્યો છે."

"તેને બીક હતી કે તેના દોસ્તને આપણે મેથીપાક ચખાડીશું. એટલે તેણે આવી ચાલબાજી કરી."

"ચાલ, છૂ થઈ જા!"

"બદમાશ!"

"લોકદ્રોહી!"

ડૉક્ટર ગાસ્પાર કંઈક કહેવાની અને ટોળાને કાબૂમાં રાખવાની મથામણ કરી રહ્યો હતો પણ હાલત હાથની બહાર ચાલી ગઈ હતી. ડઝન જેટલા માણસો મંચ ઉપર ચડી ગયા અને તેમણે હબસીને ઘેરી લીધો.

"લગાવો બદમાશને!" એક ડોશી ચીસ પાડી ઊઠી.

હબસીએ હાથ ઊંચો કર્યો. એ તદ્દન સ્વસ્થ હતો.

"થોભો!"

તેનો અવાજ રાડારાડ, શોરબકોર, અને સીટીઓની ઉપર ગુંજી રહ્યો. એકાએક તદ્દન શાંતિ છવાઈ ગઈ અને એ નીરવતામાં હબસીના સ્વસ્થ અને સરળ શબ્દો રણકી ઊઠયા.

"હું તિબુલ બજાણિયો છું."

ચોગમ ગરબડ ફેલાઈ ગઈ.

મારવા તૈયાર થયેલા માણસોનું વર્તુળ વિખેરાઈ ગયું.

"ઓહ!" ટોળાનાં માણસોનાં મોં પહોળાં થઈ ગયાં.

સેંકડો લોકો આશ્ચર્યથી ચોંકી જઈને સ્તબ્ધ થઈ ગયા.

ફક્ત એક જ અવાજે સવાલ કર્યો:

"પણ તું કાળો કેમ છે?"

"ડૉક્ટર ગાસ્પાર આર્નેરીને પૂછો!" હબસી મોં મલકાવતો બોલ્યો અને તેણે ડૉક્ટર તરફ આંગળી ચીંધી.

"બેશક, તિબુલ જ છે!"

"તિબુલ!"

"જય હો! તિબુલ જીવતો છે! તિબુલ આપણે પક્ષે છે!"

"ઝિંદાબાદ..."

પણ શબ્દો અધવચ્ચે જ અટકી ગયા. કશુંક અણધાર્યું અને અનિષ્ટ બન્યું. પાછળના ભાગમાં ગરબડ પેદા થઈ. લોકો ચારે તરફ વિખેરાઈ જવા લાગ્યા.

"શાંતિ! શાંતિ રાખો!"

"ભાગી જા, તિબુલ, ભાગી જા!"

ત્રણ ઘોડેસવાર આવતા દેખાયા. પાછળ એક ગાડી આવી રહી હતી.

મહેલના સિપાહીઓનો કેપ્ટન કાઉન્ટ બોનાવેન્તુરા આવી રહ્યો હતો. તેની ભેગા તેના બે સિપાહીઓ હતા. ગાડીની અંદર મહેલનો એક અમલદાર બેઠો હતો. તેના ખોળામાં વારસદાર તુત્તીની તૂટેલી ઢીંગલી હતી. ઢીંગલીનું મોં ગમગીન હતું અને તેનું વાંકડિયા વાળવાળું સુંદર માથું અમલદારને ખભે ટેકવેલું હતું.

એ લોકો ડૉક્ટર ગાસ્પારને ગોતી રહ્યા હતા.

"સિપાહીઓ!" કોઈએ બૂમ પાડી.

કેટલાય માણસો નજીક આવેલી પાળ ઉપર ચડી ગયા.

કાળી ગાડી ઊભી રહી ગઈ. ઘોડાઓએ માથાં ઉછાળ્યાં. સાજની ઘંટડીઓ રણકી ઊઠી અને ચમકારો થયો. આછા નીલા રંગનાં પીંછાં પવનમાં ફફડાટ કરી રહ્યાં.

ઘોડેસવારો ગાડીની પાસે ઊભા રહી ગયા.

કેપ્ટન બોનાવેન્તુરાનો અવાજ ભયંકર હતો. વાયોલિન સાંભળીને તમારું માથું દુખવા લાગતું હોય તો તેનો અવાજ સાંભળીને તમારું માથું ફાટી જ જાય.

તેણે પેંગડાં ઉપર ઊભા થઈને રાડ પાડી:

"ડૉક્ટર ગાસ્પાર આર્નેરી ક્યાં રહે છે?"

તેણે લગામ ખેંચી રાખી હતી. તેણે હાથમાં બરછટ ચામડાનાં ઉઘાડા કફવાળાં મોજાં પહેર્યાં હતાં.

તેના સવાલે એક ઘરડી ઓરતની ઉપર વીજળીના કડાકા જેવી અસર કરી. એ બાઈ ગભરાઈને ગાંડાની જેમ ચારે દિશામાં હાથ લાંબા કરવા લાગી.

"ક્યાં રહે છે?" કેપ્ટને ફરી વાર પૂછ્યું.

આ વખતે તેનો અવાજ એટલો વધારે ભયંકર હતો કે એક માથું તો શું માણસને દસ માથાં હોય તો દસેદસ ફાટી જાય.

"હું આ રહ્યો. કોને મારું કામ છે?"

લોકોએ ખસીને માર્ગ આપ્યો. ડૉક્ટર ગાસ્પાર નાનાં ડગલાં ભરતો ગાડીની નજીક આવ્યો.

"તમે જ ડૉક્ટર ગાસ્પાર આર્નેરી છો?"

"હા."

ગાડીનું બારણું ઊઘડી ગયું.

"ગાડીમાં બેસી જાઓ! તમારે ઘેર જઈને શું કામ છે એ બતાવીશું."

પાછળના પાટિયા ઉપરથી એક પટાવાળો ઠેકડો મારીને નીચે આવ્યો. તેણે ડૉક્ટરને ટેકો આપ્યો. ડૉક્ટર અંદર ગયો કે તરત જ ગાડીનું બારણું ધડાક કરતું બંધ થઈ ગયું.

સરઘસ રવાના થઈ ગયું. ઘોડાની ખરીઓએ ધૂળની ડમરી ઉડાડી. એક મિનિટમાં ખૂણે વળીને સૌ અદૃશ્ય થઈ ગયા.

કેપ્ટન બોનાવેન્તુરા કે તેના માણસોએ ટોળાની પાછળ ઊભેલા બજાણિયા તિબુલને જોયો નહિ. અને એ લોકોએ હબસીને જોયો હોત તોપણ ઓળખ્યો જ ન હોત. તેમને ખબર જ ન પડી હોત કે જેને ગોતી કાઢવા પોતે એક દિવસ પહેલાંની રાતે આખું નગર ખૂંદી નાખ્યું હતું તે જ આ માણસ છે.

બધું જોખમ હઠી ગયું હોય એમ લાગ્યું. પણ એટલામાં જોરદાર ફૂંકારાનો અવાજ સંભળાયો.

લાપિતૂપ પહેલવાન આડશ પાછળથી ડોકું બહાર કાઢીને ફૂંફાડો મારતો બોલ્યો:

"અરે, જરા જો તો ખરો! થોડી વાર થોભી જા! હું હમણાં જ સિપાહીઓ પાસે પહોંચી જઈને તને ઉઘાડો પાડી દેવાનો છું!" એમ કહેતાં તેણે પોતાની મોટી જબ્બર મુઠ્ઠી તિબુલની સામે હલાવી અને આડશની ઉપર ચડવાની કોશિશ કરી.

પણ તેના વિશાળ ગુલાબી શરીરનો ભાર પાર્ટિશનનાં પાટિયાં સહી શક્યાં નહિ અને પાર્ટિશન કડકડાટી કરતું ભોંય ભેગું થઈ ગયું.

પાટિયાની ફાટમાં ભરાઈ ગયેલા પગને છોડાવીને લોકોને પોતાના માર્ગમાંથી આઘા ખસેડતો પહેલવાન પૂરઝડપે ગાડીની પાછળ દોડયો.

પોતાના જાડા હાથ ઝનૂનથી હલાવતાં હલાવતાં તેણે ચીસ પાડી: "થોભો! થોભો! મેં બજાણિયા તિબુલને ગોતી કાઢયો છે! એ અહીંયાં જ છે! હાથમાં આવી ગયો છે!"

હાલત વણસી રહી હતી. એટલામાં ગોળ ગોળ ફરતા ડોળાવાળો સ્પેનિયાર્ડ પણ આવી

પહોંચ્યો. તેણે એક પિસ્તોલ પટ્ટામાં ખોસી રાખી હતી અને બીજી પિસ્તોલ હાથમાં રાખીને તે આમતેમ હલાવી રહ્યો હતો. તેણે કોલાહલ મચાવી દીધો. તે મંચ ઉપર ઠેકડા મારતો મારતો બરાડા પાડવા લાગ્યો:

"સજ્જનો અને સન્નારીઓ! તિબુલને સિપાહીઓને હવાલે કરી જ દેવો પડશે નહિતર આપણ સૌ માટે ભારે હેરાનગતિ પેદા થશે! સાંભળો, આપણાથી ત્રણ ફાંદાળાની સામે તો ન જ થવાય!"

તિબુલે જેના પહેલવાનને મંચ ઉપરથી ભગાવી દીધો હતો એ તંબુનો માલિક પણ તેની જોડે ભળ્યો.

"તેણે મારા ખેલનો દાટ વાળી નાખ્યો! તેણે લાપિતૂપ પહેલવાનને ભગાડી મૂક્યો! ત્રણ ફાંદાળા મારી ઉપર ગુસ્સે ભરાય એ મને પાલવે એમ નથી!"

તિબુલનો બચાવ કરવા ટોળું તિબુલ ફરતું ગોઠવાઈ ગયું.

પહેલવાન ગાડીને આંબી શક્યો નહિ. તે ચોકમાં પાછો આવ્યો. તે પૂરા વેગથી તિબુલ તરફ ધસી રહ્યો હતો. સ્પેનિયાર્ડ ઠેકડો મારીને મંચ ઉપરથી નીચે આવ્યો અને તેણે પોતાની બીજી પિસ્તોલ પણ ખેંચી કાઢી. તંબુનો માલિક હાથમાં કાગળની એક મોટી સફેદ રિંગ લઈને દડબડ કરતો આગળ આવ્યો. તાલીમ પામેલા કૂતરા સરકસમાં રિંગમાં થઈને ઠેકડા મારે એવી એ રિંગ હતી. સ્પેનિયાર્ડની પાછળ પાછળ હડેડાટ આવીને તે રિંગ હલાવવા લાગ્યો.

સ્પેનિયાર્ડે પિસ્તોલનો ઘોડો છૂટો કર્યો.

તિબુલને લાગ્યું કે પલાયન થઈ જવામાં જ સાર છે. ટોળાએ તેને માર્ગ કરી આપ્યો. જોતજોતામાં તે ચોકમાંથી ગાયબ થઈ ગયો. તે એક વાડ ઠેકીને શાકભાજીના વાડામાં પહોંચી ગયો. વાડમાં પડેલી ફાટમાંથી નજર નાખીને તેણે જોયું તો પહેલવાન, સ્પેનિયાર્ડ, અને તંબુનો માલિક દોડતા તેની તરફ આવી રહ્યા હતા. એ લોકો એટલા રમૂજી લાગતા હતા કે તિબુલ હસવું ખાળી શક્યો નહિ.

પહેલવાન ગાંડા હાથી જેવો દેખાતો હતો. સ્પેનિયાર્ડ પાછલા પગે ઠેકડા મારતા ઉંદર જેવો લાગતો હતો, અને માલિક લંગડા કાગડાની જેમ લંગડાતો લંગડાતો દોડતો હતો.

"અમે તને જીવતો પકડી લઈશું! તારી મેળે શરણે થઈ જા એમાં જ સારાવાટ છે!" એ લોકો ઘાંટા પાડતા હતા.

સ્પેનિયાર્ડે પોતાની પિસ્તૌલના ઘોડા ઉપર ટકટક અવાજ કર્યો અને દાંત કચકચાવ્યા. માલિકે કાગળની રિંગ હલાવી.

તિબુલ એ લોકો હુમલો કરે તેની વાટ જોતો ઊભો રહ્યો. તે ઢીલી કાળી જમીન ઉપર ઊભો હતો. ચોતરફ શાકભાજીની ક્યારીઓ હતી. બધે કોબીજ, બીટ, ભાજી, અને ભાતભાતનાં બીજાં શાક નજરે પડતાં હતાં.

પવનથી પાંદડાં હલતાં હતાં. આસમાન સાફ અને નીલું હતું.

લડાઈ શરૂ થઈ ગઈ.

ત્રણેય હુમલાખોરો વાડ પાસે પહોંચી ગયા.

"હજી ઊભો છે?" પહેલવાને પૂછ્યું.

કંઈ જવાબ ન મળ્યો.

પછી સ્પેનિયાર્ડ બોલ્યો:

"શરણે થઈ જવામાં જ ફાયદો છે! મારા બન્ને હાથમાં એકેક પિસ્તોલ છે. બન્ને પિસ્તોલ વધારેમાં વધારે કિંમતી પિસ્તોલ છે. 'ઘરફાડુ કંપની'ની બનાવેલી છે. અને આખા દેશમાં મારા જેવો નિશાનબાજ બીજો કોઈ નથી."

તિબુલ કંઈ બહુ ભારે નિશાનબાજ તો નહોતો જ. સાચું પૂછો તો તેણે પિસ્તોલ કદી રાખી જ નહોતી. પણ કોબીજના બેસુમાર દડા હાથવેંતમાં જ કે પગ આગળ જ પડયા હતા. તેણે નીચા વળીને એક સરસ મઝાનો ગોળ અને ભારે દડો તોડયો અને તેને વાડ ઉપરથી જોરથી ફેંક્યો. કોબીજનો દડો સીધો માલિકના પેટમાં વાગ્યો. એક પછી બીજો અને ત્રીજો કોબીજનો દડો છૂટયો. કોબીજના એ દડા બોંબની જેમ ફૂટતા લાગ્યા.

દુશ્મનોમાં ગરબડ મચી ગઈ.

વળી પાછો કોબીજનો દડો તોડવા તિબુલ નીચો વળ્યો. તેણે બે હાથે પકડીને તેને ખેંચ્યો પણ દડો તૂટયો નહિ. અને પછી એક કૌતુક બન્યું. કોબીજનો દડો માણસની વાણીમાં બોલવા લાગ્યો!

"હું કોબીજનો દડો નથી. આ તો મારું માથું છે. હું ફુગ્ગા વેચવાનો ધંધો કરું છું. હું ત્રણ ફાંદાળાના મહેલમાંથી એક ભોંયરા વાટે ભાગી આવ્યો છું. એ ભોંયરું એક દેગડામાંથી શરૂ થાય છે અને તેનો બીજો છેડો અહીં નીકળે છે. ભોંયરું ખૂબ લાંબું છે અને તેમાં ઘોર અંધારું છવાયેલું છે..."

તિબુલને પોતાની આંખો ઉપર વિશ્વાસ ન બેઠો! કોબીજનો દડો અને માણસની જેમ વાત કરે!

પછી તેણે વધારે નીચા વળીને એ અજાયબીને સરખી રીતે જોઈ. દોરડા ઉપર ચાલવાનો ખેલ કરતા બજાણિયાની આંખો ભૂલ ન જ કરે અને એટલે તેને પોતાની નજર સામે જે દેખાયું એ બાબત તેના મનમાં મુદ્દલ શંકા ન રહી. ખરેખર, એ દડો કોબીજના દડા જેવો જરાય નહોતો.

એ તો ફુગ્ગાવાળાનો ગોળ ચહેરો હતો. હંમેશની જેમ એ ચહેરો કાચની રંગેલી કીટલી જેવો દેખાતો હતો.



ફુગ્ગાવાળાનું માથું ભોંયમાંથી બહાર નીકળી આવેલું હતું અને તેને ગળે લાગેલી કાળી માટી ભીના લબાચિયા કૉલર જેવી દેખાતી હતી.

"અરે, આ તો ભારે નવાઈની વાત છે!" તિબુલ બોલ્યો.

ફુગ્ગાવાળો તિબુલની સામે તાકી રહ્યો. તેની ગોળ આંખોમાં ચળકતું નીલું આસમાન પ્રતિબિંબિત થતું હતું.

"મારા ફુગ્ગા મેં રસોડામાં કામ કરતા છોકરાઓને આપી દીધા. એ લોકોએ મને મહેલમાંથી નાસી છૂટવામાં મદદ કરી... પણે જુઓ, મારો એક ફુગ્ગો દેખાય!"

તિબુલે ઉપર જોયું તો આકાશમાં ખૂબ ઊંચે એક ટચૂકડો નારંગી દડો ઊડતો દેખાયો.

એ ખરેખર છોકરાઓના હાથમાંથી છૂટી ગયેલા ફુગ્ગામાંનો એક ફુગ્ગો જ હતો.

વાડની બીજી બાજુ ઊભા રહીને હુમલો કરવાની તરકીબ સોચવામાં ડૂબેલા ત્રણેય જણાએ પણ ફુગ્ગો જોયો. ફુગ્ગો જોઈને સ્પેનિયાર્ડ બીજું બધું ભૂલી ગયો. તેણે જમીન ઉપર બે ફૂટ

ઊંચો ઠેકડો માર્યો, આંખનો ડોળો ગોળગોળ ફેરવ્યો, અને નિશાન તાક્યું. ગોળીબારનો મહાવરો કરવાથી વધારે તેને બીજું કશું નહોતું ગમતું.

"જુઓ!" તેણે ઘાંટો પાડયો. "પેલો ફુગ્ગો દસ મિનારા જેટલો ઊંચે છે. કોઈ દસ સોનામહોરની શરત મારવા તૈયાર હોય તો હું તેને અહીંથી ગોળીએ વીંધી નાખું. મારાથી વધારે કાબેલ નિશાનબાજ બીજું કોઈ નથી!"

શરત મારવા કોઈ તૈયાર ન થયું. પણ એથી સ્પેનિયાર્ડ કંઈ પાછો પડે એમ નહોતો. પહેલવાન અને માલિક બન્ને ભયંકર ગુસ્સે ભરાઈ ગયા.

પહેલવાન ધૂરકી ઊઠયો: "બેવકૂફ ગધેડા! અત્યારે ફુગ્ગાનાં નિશાન વીંધવાનો વખત નથી! આપણે તિબુલને પકડવાનો છે! ગોળીઓ નકામી વેડફીશ નહિ."

પણ એથી કંઈ ફાયદો ન થયો. સરસ નિશાનબાજ માટે ફુગ્ગો ખૂબ જ લલચામણું નિશાન હતું. સ્પેનિયાર્ડે ફરતા ડોળાવાળી આંખ બંધ કરીને ફરી વાર નિશાન તાક્યું. દરમિયાનમાં તિબુલે ફુગ્ગાવાળાને ભોંયરાના છેડામાંથી બહાર ખેંચી કાઢયો. તેની દશા જોવા જેવી થઈ ગઈ હતી. તેનાં કપડાં મલાઈ અને ચાસણીથી સાવ ખરડાઈ ગયાં હતાં, તેમાં ઠેકઠેકાણે કાદવના લોંદા ચોંટેલા હતા અને ફળના છૂંદાના રૂડા મઝાના તારલિયા બનેલા હતા!

બાટલી ઉપરથી બૂચ ખેંચીએ એ રીતે તિબુલે તેને જ્યાંથી ખેંચી કાઢયો હતો ત્યાં જમીનમાં કાળું બાકોરું દેખાતું હતું. માટીનાં ઢેફાં એ બાકોરામાં થઈને ભોંયરામાં પડયાં અને છત ઉપર ધોધમાર વરસાદ પડતો હોય એવો અવાજ ઊઠયો.

સ્પેનિયાર્ડે પિસ્તોલનો ઘોડો દબાવી દીધો. પણ ગોળી ફુગ્ગાને વાગી નહિ. અફસોસ! માલિકનો લીલો ટોપો લગભગ એક મિનારા જેટલો ઊંચો હતો અને સ્પેનિયાર્ડે પિસ્તોલમાંથી છોડેલી ગોળી માલિકના ટોપાને વાગી.

તિબુલ બીજી વાડ ઠેકીને અદૃશ્ય થઈ ગયો.

લીલો ટોપો જમીન ઉપર પડયો અને દડદડતો થોડે દૂર જતો રહ્યો. સ્પેનિયાર્ડને ખૂબ શરમ લાગી. દેશના સૌથી વધારે કાબેલ નિશાનબાજ તરીકેની તેની નામના સાવ ધૂળમાં મળી ગઈ. પણ વાત એટલી જ નહોતી. તેને થયું કે માલિકનો આદર પોતે હંમેશને માટે ગુમાવી દીધો છે.

"બદમાશ ક્યાંનો!" માલિકનો ગુસ્સો સાતમે આસમાને પહોંચી ગયો હતો. કાગળની રિંગ તેણે ધડાક દઈને સ્પેનિયાર્ડના માથા ઉપર ધરબી દીધી.

કાગળ ફાટી ગયો અને સ્પેનિયાર્ડના ગળામાં પૂંઠાનો ખાંચાદાર કૉલર ભરાઈ ગયો.

દરમિયાનમાં, લાપિતૂપ પહેલવાનને ગમ જ ન પડી કે પોતે શું કરે. એટલે તે મૂઢની જેમ ઊભો હતો. ગોળીબારનો ધડાકો સાંભળીને પાડોશના કૂતરા ઉશ્કેરાઈ ગયા. એક કૂતરો ખૂણો વળીને દોડતો આવ્યો અને સીધો પહેલવાન ઉપર ધસી ગયો.

"ભાગો! ભાગો!" પહેલવાને રાડ પાડી અને તે પલાયન થઈ ગયો.

ત્રણેય જણ ઊભી પૂંછડીએ નાઠા.

ફુગ્ગાવાળો એકલો જ ત્યાં રહી ગયો. તેણે વાડ ઉપર ચડીને ચારે તરફ નજર નાખી. ત્રણેય જણ એક લીલીછમ ટેકરી ઉપરથી દડબડ ભાગી રહ્યા હતા. લાપિતૂપના જાડા પગમાં કૂતરાએ બટકું ભરી લીધેલું એટલે ઘવાયેલો પગ હાથમાં પકડીને તે એક પગે ઠેકડા મારતો ભાગી રહ્યો હતો. માલિક એક ઝાડ ઉપર ચડી ગયો હતો અને જિંદગી જવાની બીકે ઝાડની ઉપર જ ચોંટી રહ્યો હતો. તે ઘુવડ જેવો દેખાતો હતો. સ્પેનિયાર્ડ કાગળની રિંગમાં ભરાઈ ગયેલું માથું આમતેમ હલાવતો હતો અને કૂતરા ઉપર આંધળાની જેમ ગોળીઓ છોડી રહ્યો હતો પણ દરેક વખતે તેની ગોળી કૂતરાને વાગવાને બદલે એક ચાડિયાને વાગી રહી હતી.

કૂતરો ટેકરીની ટોચ ઉપર જ થંભી ગયો હતો. તેણે એથી આગળ ન વધવાનું નક્કી કર્યું હોય એમ લાગતું હતું.

કૂતરો પૂંછડી પટપટાવી રહ્યો હતો અને પોતાની ચળકતી ગુલાબી જીભ બહાર કાઢીને મલકાઈ રહ્યો હતો. લાપિતૂપના પગમાં ભરી લીધેલા બટકા બાબત તેને ભારે ખુશી થઈ હોય એમ લાગતું હતું.

પ્રકરણ છઠ્ઠું

અણધારી ઢીલ

તિબુલે હબસીનું રૂપ શા માટે લીધું છે એ બાબત લોકોએ પૂછેલું ત્યારે તિબુલે જવાબ આપેલો: "ડૉક્ટર ગાસ્પાર આર્નેરીને પૂછી જુઓ!"

પણ એ ભલા ડૉક્ટરને પૂછ્યા વગર જ આપણે કારણની ધારણા કરી શકીએ એમ છીએ. તમને યાદ હશે કે રણમેદાનમાંથી તિબુલ આબાદ છટકી ગયેલો. તમને એ પણ યાદ હશે કે સિપાહીઓએ તેનો પીછો પકડેલો, કામદારોનાં ઘરોને આગ લગાડીને બાળી નાખેલાં, અને તારકચોકમાં ગોળીબાર કરેલા. તિબુલ ડૉક્ટર ગાસ્પાર આર્નેરીના ઘરમાં છુપાઈ ગયો હતો. પણ ત્યાંથી તો તેને કોઈ પણ ઘડીએ ગોતી કાઢવામાં આવ્યો હોત. તેને માટે જોખમ બહુ ભારે હતું કેમ કે બહુ વધારે પડતા લોકો તેને ઓળખતા હતા.

સઘળા દુકાનદારો ત્રણ ફાંદાળાના પક્ષે હતા કેમ કે તેઓ પોતે પણ રાતામાતા અને દોલતમંદ હતા. ડૉક્ટર ગાસ્પારની શેરીમાં રહેતો કોઈ પણ ધનવાન માણસ ગમે ત્યારે સિપાહીઓને ખબર મોકલી શકે કે ડૉક્ટરે તિબુલને પોતાના ઘરમાં છુપાવી રાખ્યો છે.

ધુમાડિયા વાટે તિબુલ ડૉકટર ગાસ્પારના ઘરમાં પહોંચ્યો ત્યારે જ ડૉકટરે તેને કહેલું: "તમારું રૂપ તમારે બદલાવી નાખવું પડશે."

અને ડૉકટરે તિબુલને રૂપ બદલાવવામાં મદદ કરી.

તેણે કહ્યું:

"તમે ખૂબ ઊંચા છો. તમારી છાતી પહોળી છે, તમારા ખભા પહોળા છે, તમારા દાંત મજબૂત અને ધોળા છે, તમારા વાળ બરછટ, કાળા અને વાંકડિયા છે. તમારી ચામડી ગોરી ન હોત તો તમે બરાબર ઉત્તર અમેરિકાના હબસી જેવા દેખાત. અરે, કેવો સરસ ખયાલ! હું તમને હબસી બની જવામાં મદદ કરીશ."

ડૉકટર ગાસ્પાર આર્નેરીએ એકસો વિજ્ઞાનોનો અભ્યાસ કર્યો હતો. તે ખૂબ જ ગંભીર અને ભલા સ્વભાવનો માણસ હતો. પણ ફક્ત કામ જ કરવું અને મોજ મુદ્દલ કરવી જ નહિ એ તો જિંદગી જીવવાની સાવ નીરસ રીત ગણાય. એટલે ડૉકટર ગાસ્પાર ક્યારેક ક્યારેક પોતાનું મનરંજન પણ કરી લેતો. પોતે વિજ્ઞાની હતો, એટલે તેનું મન નવી નવી વસ્તુઓ બનાવવાથી પ્રફુલ્લિત બનતું. ગરીબ અનાથો માટે તે પાણીમાં ભીંજવીને ઉખેડવાનાં ચિત્રો બનાવતો, અદ્ભુત ફટાકડા બનાવતો, રમકડાં બનાવતો, અને મધુર તથા અસાધારણ ધ્વનિ પેદા કરતાં સંગીતવાદ્યો બનાવતો. કોઈએ કદી ન જોયાં હોય એવાં રંગરોગાન તે બનાવતો.

"લો, આ જુઓ," તેણે તિબુલને કહ્યું. "આ રંગહીન પ્રવાહી કોઈના શરીર ઉપર લગાવવામાં આવે તો ચામડી કાળી બની જાય, હબસી જેવા રંગની બની જાય. અને આ બાટલીમાં ભરેલું પ્રવાહી વસ્તુને પાછી મૂળ રંગની બનાવી દે એવું છે."

તિબુલે કપડાં ઉતારી નાખ્યાં. બળેલા બૂચની વાસ ધરાવતું અને ચામડીમાં બળતરા પેદા કરતું પ્રવાહી તેણે આખા શરીરે ઘસ્યું.

એક કલાકમાં તેનું શરીર હબસી જેવું ચમકતા કાળા રંગનું બની ગયું.

બરાબર એ જ વખતે ગ્રાનિમેદકાકી ઉંદરિયું હાથમાં લઈને ત્યાં પહોંચી ગઈ. પછી શું બન્યું એ તો આપણે જાણીએ જ છીએ.

હવે આપણે પાછા ડૉકટર ગાસ્પાર પાસે જઈએ. કૅપ્ટન બોનાવેન્તુરા તેને મહેલની કાળી ગાડીમાં બેસાડીને લઈ ગયો ત્યારે આપણે તેનાથી છૂટા પડેલા.

ઘોડા ફાળ ભરતા રસ્તા ઉપર દોડી રહ્યા હતા. આપણને ખબર છે કે લાપિતૂપ પહેલવાન સિપાહીઓને આંબી શક્યો નહોતો. ગાડીની અંદર અંધારું હતું. ડૉકટરને લાગ્યું કે પાસે બેઠેલા માણસના ખોળામાં કોકડું વળેલી છોકરી બેઠી છે અને છોકરીના વાળ વીખરાયેલા છે.

માણસ ચુપ હતો. બાળકી પણ ચુપ હતી.

ડૉકટરે ટોપી જરાક ઊંચી કરીને નમ્રતાથી પૂછ્યું: "તમને તકલીફ તો નથી થતી ને?"

"ફિકર કરો મા," મહેલના અમલદારે તોછડો જવાબ આપ્યો.

સાંકડી બારીઓમાંથી અજવાળાના ચમકારા આવતા હતા. થોડી વારમાં જ ડૉકટરની આંખો અંધારાથી ટેવાઈ ગઈ. અમલદારનું લાંબું નાક તેને દેખાયું અને તેની અરધી બંધ કરેલી આંખો તેણે જોઈ. ડૉકટરે રૂપાળી નાનકડી બાળકી પણ જોઈ અને બાળકીનાં સુંદર કપડાં પણ જોયાં. બાળકી ખૂબ ઉદાસ લાગતી હતી. બાળકીનું મોં બહુ જ ફિક્કું હોય એમ લાગતું હતું પણ ઝાંખા અજવાળામાં ડૉકટરને એ બાબત ખાતરી નહોતી.

ડૉકટરને થયું:"બીચારી બાળકી, માંદી હોય એમ લાગે છે!"

"નાનકડી બાળકી માંદી છે એટલે તમે મારી પાસે આવ્યા છો? તમને શું મારી સલાહની જરૂર છે?"

"હા," લાંબા નાક-વાળો માણસ બોલ્યો.

"આ બાળકી નક્કી ત્રણ ફાંદાળાની કોઈ ભત્રીજી કે ભાણી હોવી જોઈએ અથવા વારસદાર તુત્તીની મહેમાન હોવી જોઈએ," ડૉકટરના મનમાં વિચાર ઊઠ્યા. "તેનાં કપડાં સુંદર છે, તે સીધી મહેલમાંથી આવી છે, અને સિપાહીઓનો કેપ્ટન ખુદ તેને લઈ આવ્યો છે. ચોક્કસ, બાળકી કોઈ ખૂબ

જ અમીર ઘરની હોવી જોઈએ. અરે! હું તો ભૂલી જ ગયો કે વારસદાર તુત્તીની પાસે જીવતાં બાળકોને કદી જવા જ નથી દેવામાં આવતાં. તો પછી આ નાનકડી મીઠી બાળકી મહેલમાં કેવી રીતે પહોંચી ગઈ?"

ડૉક્ટરને સમજાયું નહિ કે વાત શી છે. તેણે લાંબા નાકવાળા અમલદાર જોડે ફરી વાર વાત કરવાની કોશિશ કરી.

"બાળકીને શું રોગ છે? ડિપ્થેરિયા તો નથી ને?"

"ના, તેની છાતીમાં કાણું છે."

"શું એમ કહેવા માગો છો કે તેનાં ફેફસાંમાં કંઈક રોગ છે?"

"તેની છાતીમાં કાણું છે," અમલદાર એના એ જ શબ્દો ફરી વાર બોલ્યો.

ડૉક્ટર ખૂબ વિનયશીલ હતો અને એટલે તેણે વધારે દલીલ ન કરી.

"બીચારી બાળકી!" તેણે અનુકંપા વ્યક્ત કરી.

"બાળકી નથી, આ તો ઢીંગલી છે," માણસ બોલ્યો.

બરાબર એ જ ઘડીએ ગાડી ડૉક્ટરના ઘર અગાડી ઊભી રહી ગઈ.

મહેલનો અમલદાર અને કેપ્ટન બોનાવેન્તુરા ડૉક્ટરની પાછળ પાછળ અંદર ગયા. ડૉક્ટર તેમને સીધો પોતાના વર્કશોપમાં લઈ ગયો.'

"પણ આ જો ઢીંગલી જ છે તો તમે લોકો મારી પાસે શું મદદ લેવા આવ્યા છો?"

મહેલના અમલદારે સમજાવવાનું શરૂ કર્યું અને આખરે આખી વાત સાફ થઈ ગઈ.

સવારે બનેલા કિસ્સાને કારણે ગાનિમેદકાકી હજુ ઉત્તેજિત અવસ્થામાં હતી. તે ચાવીના કાણા ઉપર આંખ માંડીને અંદર જોઈ રહી હતી. તેણે ભયાનક ચહેરાવાળા કેપ્ટન બોનાવેન્તુરાને જોયો. કેપ્ટન તલવારને ટેકે ઊભો હતો અને પોતાનો પગ ભારે મોટા ટોપબૂટમાં હલાવી રહ્યો હતો. તેની એડીઓ પૂંછડિયા તારા જેવી દેખાતી હતી. મનોહર ગુલાબી

કપડાં પહેરેલી માંદી દેખાતી એક બાળકીને અમલદાર આરામખુરશીમાં બેસાડી રહ્યો હતો. બાળકીનું વીખરાયેલા વાળવાળું માથું નીચે નમેલું હતું અને તેની નજર પોતાનાં સાટીનનાં સુંદર નાનકડાં સ્લીપર ઉપર મંડાયેલી હોય એમ લાગતું હતું. સ્લીપર ઉપર રુવાંટીદાર ગુચ્છાને બદલે સોનેરી ગુલાબકળીઓ જડેલી હતી.

જોરદાર પવન ખંડની બારીને ધધડાવી રહ્યો હતો અને તેના અવાજને કારણે અંદર ચાલતી વાતચીત સાંભળવાનું ગાનિમેદકાકી માટે મુશ્કેલ બની ગયું. પણ તોયે થોડાક શબ્દો તો તેના કાનમાં પડી જ ગયા.

મહેલના અમલદારે ડૉક્ટર ગાસ્પારને સ્ટેટ કાઉન્સિલરની સહીવાળો આદેશ બતાવ્યો. ડૉક્ટરે આદેશ વાંચી જોયો અને તેના મોં ઉપર ફિકર છવાઈ ગઈ.

મહેલના અમલદારે ઊઠતાં ઊઠતાં કહ્યું: "ઢીંગલી કાલ સવાર સુધીમાં તૈયાર થઈ જવી જોઈએ."

કૅપ્ટન બોનાવેન્તુરાની એડીઓ ખણખણી ઊઠી.

"હા... પણ..." ડૉક્ટરે ખભા ઊંચા કર્યા. "મારાથી બનતું બધું હું ચોક્કસ કરીશ. પણ સરખી થઈ જશે જ એવો વાયદો હું ન કરી શકું. આ જાદુઈ ઢીંગલીમાં ગોઠવવામાં આવેલી કમાનો વિશે હું કંઈ જ જાણતો નથી. મારે તેને ધ્યાનપૂર્વક તપાસીને જોવું પડશે કે શું ભાંગી ગયું છે. પછી મારે તેમાં બંધબેસતા થાય એવા નવા ભાગ બનાવવા પડશે. અને એ બધું કરવામાં ઘણો બધો વખત લાગશે. મારી જાણકારી કદાચ પૂરી ન પણ પડે... તો આ ઘવાયેલી ઢીંગલીને પાછી સાજીસારી કરવામાં મને સફળતા નહિ મળે... સજ્જનો, મને જરાય ખાતરી નથી... તમે મને બહુ ઓછો વખત આપ્યો છે. ફક્ત એક જ રાત... હું કોઈ પણ જાતનો વાયદો કરી શકું એમ નથી..."

અમલદાર વચ્ચે જ બોલી ઊઠયો. આંગળી ઊંચી કરીને તેણે કહ્યું:

"વારસદાર તુત્તીના દિલનું દુ:ખ એટલું બધું ભારે છે કે વધારે ઢીલ ચાલે એમ નથી. કાલ સવાર સુધીમાં ઢીંગલીને પાછી જીવતી કરી જ દેવાની છે. ત્રણ ફાંદાળાનો એવો હુકમ છે. તેમના હુકમનો ભંગ કરવાની હિંમત કોઈથી ન જ થાય. આ ઢીંગલીને મરામત કરીને સાજીસારી હાલતમાં તમારે કાલે સવારે ત્રણ ફાંદાળાના મહેલમાં લઈ આવવાની જ છે."

"હા... પણ..."

"આ બાબતમાં 'પણ ને બણ' કંઈ જ નહિ ચાલે. કાલ સવાર સુધીમાં ઢીંગલીની મરામત થઈ જ જવી જોઈએ. મરામત થઈ જશે તો તમને મોટું ઇનામ મળશે, અને નહિ થાય તો સખત સજા થશે."

ડૉક્ટર સૂનમૂન થઈ ગયો.

તેણે કહ્યું: "હું મારાથી બનતી કોશિશ કરીશ. પણ તમારે સમજવું જોઈએ કે આ ખૂબ જ ગંભીર બાબત છે."

"બસ" અમલદાર ભસી ઊઠયો અને તેણે આંગળી નીચી કરી. "મેં તો તમને હુકમ પહોંચાડી દીધો છે. હુકમનો અમલ કરવો એ તમારું કામ છે. સલામ!"

ગાનિમેદકાકી ચાવીના કાણા પાસેથી ઊછળીને ભાગી અને પોતાના ઓરડામાં પહોંચી ગઈ. ખુશી અનુભવતો ઉંદર એક ખૂણામાં ચૂંચૂં કરી રહ્યો હતો. બિહામણા મુલાકાતીઓ ચાલ્યા ગયા. મહેલનો અમલદાર પાછો ગાડીમાં બેસી ગયો. એડીઓ ચમકાવતો અને ખણખણાવતો કૅપ્ટન બોનાવેન્તુરા ઠેકડો મારીને ઘોડા ઉપર ચડી ગયો. સિપાહીઓએ ટોપીઓ નીચે દબાવી અને સૌ રવાના થઈ ગયા.

વારસદાર તુત્તીની ઢીંગલી ડૉક્ટરના વર્કશૉપમાં પડી હતી.

ડૉક્ટર ગાસ્પાર મુલાકાતીઓને વળાવીને ગાનિમેદકાકીની તલાશમાં ગયો. તેણે અસાધારણ કરડાકીથી ગાનિમેદકાકીને કહ્યું:

"ગાનિમેદકાકી! બરાબર ધ્યાનથી સાંભળી લો. હું શાણા આદમી તરીકે, કાબેલ ડૉક્ટર તરીકે, અને કુશળ કારીગર તરીકે જાણીતો છું. મારી નામના અને મારી જિંદગી—બન્નેને હું ખૂબ મૂલ્યવાન ગણું છું. કાલે સવારે હું કદાચ એ બન્ને ખોઈ બેસીશ. આજે રાતે મારે એક ખૂબ મુશ્કેલ કામ કરવાનું છે. સમજ્યાં કે?" ત્રણ ફાંદાળાના સ્ટેટ કાઉન્સિલના હુકમનો કાગળ કાકીની આંખો સામે હલાવીને તે આગળ બોલ્યો: "કોઈ પણ કે કંઈ પણ આજે મારા કામમાં ખલેલ ન પાડે એનું બરાબર ધ્યાન રાખજો! ઘરમાં મુદ્દલ અવાજ ન થવો જોઈએ. વાસણકૂસણનો જરા પણ ખખડાટ કરશો નહિ. ચૂલા ઉપર ખાવાનું બળી જાય નહિ એની તકેદારી રાખજો. મરઘીઓને સાદ પાડશો નહિ. ઉંદર પકડવાની ધમાલ કરશો નહિ. તબેલાં

ઈંડાં, ફુલેવર, મીઠાઈ, કે દવાઓ વિશે તમારો કકળાટ સાંભળવાનો મારી પાસે વખત નથી. સમજ્યાં કે?"

ડૉક્ટર ગાસ્પાર ખૂબ ગુસ્સે ભરાયો હતો.

ગાનિમેદકાકી પોતાના ઓરડામાં ભરાઈ ગઈ અને તેણે બારણું અંદરથી વાસી લીધું.

"એવી અજબ અજબ વાતો બની રહી છે," તે બબડી. "મને તો કંઈ જ સમજાતું નથી... પહેલાં હબસી, હવે ઢીંગલી, અને વળી પાછો કોણ જાણે કેવો હુકમ... હાસ્તો, આજકાલ તો ભારે અજબ વાતો બની રહી છે!"

મનને શાંત પાડવા તેણે ભાણીને કાગળ લખવાનું નક્કી કર્યું. ડૉક્ટરને ખલેલ ન પડે એટલા સારુ તે ખૂબ ધીરે ધીરે લખી રહી હતી અને કાગળ ઉપર કલમ ઘસાય નહિ તેની કાળજી રાખતી હતી.

એક આખો કલાક વીતી ગયો. ગાનિમેદકાકી હજુ લખી રહી હતી. સવારે ડૉક્ટર ગાસ્પારના વર્કશૉપમાં કેવો વિચિત્ર હબસી નજરે પડયો હતો એ વાત સુધી તે પહોંચી હતી.

"...બન્ને ભેગા જ બહાર ચાલ્યા ગયા. પછી ડૉક્ટર પાછો આવ્યો ત્યારે મહેલનો એક અમલદાર અને થોડાક સિપાહીઓ પણ તેની ભેગા હતા. એ લોકો એક ઢીંગલી લઈને આવ્યા હતા. ઢીંગલી બરાબર એક નાનકડી બાળકી જેવી લાગતી હતી. પણ હબસી તેમની ભેગો નહોતો. તેનું શું થયું હશે એની મને ખબર નથી..."

ડૉક્ટર ગાસ્પાર પણ વિચારી રહ્યો હતો કે હબસીનું, એટલે કે બજાણિયા તિબુલનું, શું થયું હશે. ડૉક્ટર ગાસ્પાર ઢીંગલીની મરામત કરી રહ્યો હતો પણ તેના મનમાં વારંવાર તિબુલના વિચારો ઊઠતા હતા. ડૉક્ટર ગુસ્સામાં હતો. તે મનમાં ને મનમાં બબડતો હતો:

"કેવો બેપરવા માણસ? મેં તેને હબસી બનાવી દીધો, એવો સરસ રંગ ચડાવી દીધો કે કોઈ પણ માણસ તેને ક્યારેય ઓળખી જ ન શક્યો હોત. પણ તે પોતે જ જઈને ચૌદમા બજારમાં ઉઘાડો પડી ગયો. હવે ગમે તે ઘડીએ તે પકડાઈ જશે... ઓહ, ભગવાન! તદ્દન બેપરવા માણસ છે! તેને લોખંડના પાંજરામાં પુરાઈ જવું છે કે શું?" ડૉક્ટર ગાસ્પારને ખૂબ ફિકર થઈ. પહેલાં તિબુલે આટલી બેપરવાઈ દેખાડી, અને હવે આ ઢીંગલીની મરામત માથે આવી પડી... તેની પહેલાંનો આખો દિવસ પરેશાનીમાં ગયેલો. વળી કચેરીચોકના દસ માંચડાની વાત પણ માથા ઉપર સવાર હતી.

"ભયંકર જમાનો આવ્યો છે!" ડૉક્ટર બોલ્યો.

ડૉક્ટરને ખબર નહોતી કે મોતની સજાનો અમલ મોકૂફ થઈ ગયો છે. મહેલનો અમલદાર વાતોડિયો માણસ નહોતો. મહેલમાં શું શું બની ગયેલું એ બાબત તે એક શબ્દ પણ બોલ્યો

નહોતો. તૂટેલી ઢીંગલીની બારીક તપાસ કરતાં કરતાં પોતાના મનમાં ઊઠતા વિચાર ડૉક્ટર બબડવા લાગ્યો:

"બીચારીને આવા ઘા કેવી રીતે પડ્યા હશે? જરૂર કોઈ હથિયારનો ઉપયોગ થયો છે, કદાચ તલવાર જ. આવી મઝાની બાળકી જેવી ઢીંગલી આરપાર વીંધાઈ ગઈ છે... એવું કામ કોણે કર્યું હશે? વારસદાર તુત્તીની ઢીંગલીમાં તલવાર ભોંકી દેવાની હિંમત કોણે કરી હશે?"

ડૉક્ટરને મુદ્દલ ખયાલ નહોતો કે આ કામ મહેલના સિપાહીઓનું હશે. ડૉક્ટરથી એવી કલ્પના પણ થઈ શકે એમ નહોતી કે મહેલના સિપાહીઓ ત્રણ ફાંદાળાની ગુલામી કરવાનો ઇનકાર કરે અને જનતાના પક્ષે આવી જાય. ડૉક્ટરને એ વાતની ખબર પડી હોત તો તેને કેટલી ખુશી થઈ હોત!

ઢીંગલીનું માથું ડૉક્ટરના હાથમાં હતું. બારીમાંથી સૂરજનો પ્રકાશ અંદર આવી રહ્યો હતો. સૂરજનાં કિરણો સીધાં ઢીંગલીની ઉપર પડતાં હતાં. ડૉક્ટર ગાસ્પારે ઢીંગલીનો ચહેરો ધ્યાનથી જોયો.

"અજબ વાત છે, ખરેખર, ખૂબ જ અજબ વાત છે," ડૉક્ટર મનમાં ને મનમાં બોલ્યો. "આ ચહેરો મેં પહેલાં ક્યાંક જોયો છે... હા, જરૂર જોયો છે. ચહેરો મને ઓળખાઈ ગયો છે. પણ ક્યાં? ક્યારે? એ ચહેરો જીવતો ચહેરો હતો, જીવતી બાળકીનો ચહેરો હતો. એ રૂપાળા ચહેરા ઉપર ભાતભાતના ભાવ ચમકી ઊઠતા, ક્યારેક સ્મિત રમી જતું, ક્યારેક ખુશીના ભાવ રેલાઈ જતા, અને ક્યારેક ગમગીની છવાઈ જતી. આ ચહેરો મેં ચોક્કસ જોયો છે... હા, એ વાતમાં મુદ્દલ શંકાને સ્થાન નથી પણ મારી આંખો કમજોર છે અને ચહેરા કોના છે એ યાદ રાખવાનું મારે માટે મુશ્કેલ બની ગયું છે."

ઢીંગલીનું વાંકડિયા વાળવાળું માથું ડૉક્ટરે પોતાની આંખોની વધારે નજીક આણ્યું.

"કેવી અદ્‌ભુત ઢીંગલી છે! કેવા કાબેલ કારીગરના હાથે બનેલી છે! આ ઢીંગલી કોઈ સાધારણ ઢીંગલી નથી. સામાન્ય રીતે ઢીંગલીઓની આંખો નીલા રંગની ફૂલેલી અને ભાવશૂન્ય હોય છે, ઇન્સાનની આંખો જેવી કોઈ ચીજ તેમને હોતી જ નથી, તેમને ઉપર વળેલું ટચૂકડું નાક હોય છે, રિબન જેવા હોઠ હોય છે, અને ઘેટાંની ઊનનાં ગૂંચળાં જેવા સાવ કદરૂપા પીળા વાળ હોય છે. એ બધી ઢીંગલીઓ સુખી દેખાતી હોય છે ખરી પણ ખરેખર તદ્દન મૂઢ જેવી હોય છે... આ ઢીંગલી જરાય ઢીંગલી જેવી નથી લાગતી. આ ઢીંગલી તો એવી લાગે છે કે જાણે કોઈ બાળકીને ઢીંગલી બનાવી દેવામાં આવી હોય!"

એ અસાધારણ દરદીએ ડૉક્ટરનું મન મોહી લીધું. બધો વખત તેના મનમાં વિચાર

સુધીમાં એ ઢીંગલીની મરામત કરી આપવાનો હુકમ આપ્યો છે. સવાર સુધીમાં મારાથી મરામત ન થાય તો મારે કદાચ ભયંકર અવદશાનો ભોગ બની જવું પડે."

ગાનિમેદકાકી રડવા જેવી થઈ ગઈ.

"અને આ બીચારી ઢીંગલીને હું સાજી કરી શકું એમ નથી. મેં તેને ખોલી નાખીને તે શેનાથી ચાલતી હતી એ શોધી કાઢ્યું છે. હું ઢીંગલીની મરામત કરીને તેને સાજી કરી શક્યો હોત. પણ... સાવ ટચૂકડી ચીજ છે! એક સાવ નજીવી વસ્તુને કારણે મારાથી મરામત થઈ શકે એમ નથી. તેમાં એક સાવ ટચૂકડું દાંતાવાળું ચક્ર છે અને એ તૂટી ગયું છે. હવે તે ચાલે એમ નથી. નવું બનાવવું પડે એમ છે. નવું બનાવવા માટે ચાંદી જેવી એક ધાતુ જરૂરી છે અને એ ધાતુ મારી પાસે છે પણ ખરી. પણ ચક્ર બનાવતા પહેલાં ધાતુને ઓછામાં ઓછા બે દિવસ સુધી તેજાબમાં બોળી રાખવાનું જરૂરી છે. બે દિવસ, સમજ્યાં? અને ઢીંગલીની મરામત કાલ સવાર સુધીમાં જ પૂરી કરવાનો હુકમ મળ્યો છે!"

"કોઈ બીજી જાતનું ચક્ર ચાલે એમ નથી?" ગાનિમેદકાકી ઢીલા અવાજે બોલી.

ડૉક્ટરે ગમગીન ભાવે માથું ધુણાવ્યું.

"મેં બધી કોશિશ કરી જોઈ છે. કશું કારગત નથી થતું."

પાંચ મિનિટ પછી એક બંધ ગાડી ડૉક્ટરના ઘરના બારણા પાસે આવીને ઊભી રહી. ડૉક્ટર ત્રણ ફાંદાળાના મહેલમાં જઈ રહ્યો હતો.

"હું એ લોકોને જણાવી દઈશ કે ઢીંગલી કાલ સવાર સુધીમાં તૈયાર થઈ શકે એમ નથી. તેમની મરજી હોય તો ભલે મને ગિરફતાર કરી લે."

ગાનિમેદકાકી ઉદાસ થઈ જઈને માથું ધુણાવવા લાગી. આખરે જ્યારે તેને લાગ્યું કે હવે વધારે ધુણાવીશ તો માથું હેઠું પડી જશે ત્યારે જ તેણે માથું ધુણાવવાનું બંધ કર્યું.

ડૉક્ટર ગાસ્પારે ઢીંગલીને ગાડીની બેઠક ઉપર પોતાની પાસે બેસાડી અને તે મહેલ ભણી રવાના થઈ ગયો.

પ્રકરણ સાતમું

અજબ ઢીંગલી ખોવાઈ ગઈ

ડૉક્ટર ગાસ્પારના કાનમાં પવનના સુસવાટાનો અવાજ અફળાઈ રહ્યો હતો. સુસવાટાનું સંગીત ભયંકર હતું, સરાણ ઉપર ઘસાતી છરીની ચીસો કરતાં પણ બદતર હતું.

ડૉક્ટરે રેઈનકોટનો કૉલર ઊંચો કરીને કાન ઢાંકી દીધા અને પવન તરફ પીઠ કરી દીધી.

કાઢ્યા. એકસા
. ગુલાબી ચડ્ડી પહેરેલા
એટલે ડોકટર આખરે ઊંઘી

હવે પવન તારા જોડે રમત ખેલવા લાગ્યો. તેણે તારાને બુઝાવી દીધા, તેમને ગોળગોળ ફેરવીને મકાનોની છતોના કાળા ત્રિકોણોની પાછળ છુપાવી દીધા. એવી રમત રમી રમીને પવન થાકી ગયો એટલે તેણે આકાશમાં વાદળોના ખડકલા કરવાનું શરૂ કર્યું. પણ વાદળો વારંવાર વિખેરાઈ જતાં હતાં. પવન ગુસ્સાથી એકદમ ઠંડો થઈ ગયો.

ડૉકટરને રેઈનકોટ તાણીને શરીરની આસપાસ લપેટી લેવો પડયો. અરધો રેઈનકોટ તેણે ઢીંગલીને ઓઢાડયો.

ખાસ કંઈ કારણ ન હોવા છતાં તેને બીક લાગવા માંડી.

તે ફરી ફરીને ગાડીવાનને કહેતો રહ્યો: "વધારે ઝડપથી! વધારે ઝડપથી!"

ચોતરફ બધું ભયજનક અંધારઘેરું અને સૂમસામ હતું. ફક્ત થોડીક જ બારીઓમાં પીળી બત્તીઓ દેખાતી હતી. બાકીની બારીઓ આડા પડદા ખેંચાયેલા હતા. લોકો જાણે કોઈ ભયંકર ઘટના બનવાની આશંકા અનુભવી રહ્યા હતા.

એ સાંજે ઘણી બાબતો અસાધારણ અને શંકાજનક લાગતી હતી. ડૉકટરને તો એમ પણ લાગ્યું કે અજબ ઢીંગલીની આંખો બે પારદર્શક પથ્થરોની જેમ ક્યાંક અંધારામાં ચળકવા લાગશે. પોતાના સંગાથીની ઉપર નજર જ ન પડે એવી તે કોશિશ કરવા લાગ્યો.

"કેવા મૂર્ખાઈભર્યા વિચારો આવી રહ્યા છે!" મનને શાંત કરવા તે બોલ્યો. "મારા મનની હાલત તંગ થઈ ગઈ છે. આજની રાત પણ સાવ સાધારણ રાત જ છે. વાત એટલી જ છે કે આજે બહુ ઓછા લોકો બહાર નીકળ્યા છે. પવન પડછાયાની સાથે ચાલાકીની રમત રમી રહ્યો છે, દરેક પડછાયો જાણે કાળો ડગલો પહેરેલો કોઈ ભાડૂતી ખૂની હોય એવો આભાસ પેદા કરી રહ્યો છે. વળી શેરીઓને ખૂણે બળતી ગેસની બત્તીઓનું અજવાળું ભયંકર નીલા રંગનું છે. અરે, આ ઘડીએ જ મહેલમાં પહોંચી જઈએ તો કેવું સારું!"

બીકની સૌથી સારી દવા છે નીંદર. માથા ઉપર ધાબળો ઓઢી લેવાય તો એ દવા વધારે ફાયદો કરે છે. ડૉકટરે એ જ દવા પસંદ કરી. માથા ઉપર ધાબળો ઓઢવાને બદલે તેણે ટોપી નીચે ખેંચીને આંખો ઢાંકી દીધી. પછી તેણે એકસો સુધીની ગણતરી શરૂ કરી. પણ નીંદર આવી નહિ. એટલે તેણે ખૂબ કડક દવા અજમાવવાનું નક્કી કર્યું. તેણે ગણતરીની રીત બદલાવી નાખી.

"એક હાથીમાં એક હાથી ઉમેરો એટલે બે હાથી થાય. બે હાથીમાં એક હાથી ઉમેરો એટલે ત્રણ હાથી થાય. ત્રણ હાથીમાં એક હાથી ઉમેરો એટલે ચાર હાથી થાય..."

હાથીઓનું એક ભારે મોટું ટોળું થઈ જાય એટલા બધા હાથી તેણે ગણી કાઢયા. એકસો ને ત્રેવીસમો હાથી જાણે કે સાચો જીવતો હાથી બની ગયો. હાથી અને ગુલાબી ચડ્ડી પહેરેલા લાપિતૂપ પહેલવાન વચ્ચેનો ફરક ડૉકટરના ધ્યાનમાં ન આવ્યો એટલે ડૉકટર આખરે ઊંઘી જઈને સપનાં જોતો હોવો જોઈએ.

સાચી જિંદગી કરતાં સપનામાં વખત ઘણી વધારે ઝડપથી પસાર થઈ જાય છે. સપનામાં તો ભલો ડૉક્ટર ત્રણ ફાંદાળાના મહેલમાં પહોંચી ગયો એટલું જ નહિ, તેના ગુના બદલ તેની ઉપર કામ પણ ચલાવવામાં આવ્યું. તેની સામે ત્રણ ફાંદાળા ઊભા હતા. દરેક ફાંદાળાના હાથમાં એક ઢીંગલી હતી.

ત્રણ ફાંદાળા તેનો ખુલાસો સાંભળવા પણ તૈયાર નહોતા.

"અમારો હુકમ તેં બજાવ્યો નથી!" ત્રણેય ફાંદાળા બરાડી ઊઠયા. "તને સખત સજા મળવી જોઈએ! તાણીને બાંધેલા દોરડા ઉપર હાથમાં ઢીંગલી લઈને ચાલતાં ચાલતાં તારે તારકચોક પાર કરવો પડશે. પણ તે પહેલાં તારે તારાં ચશ્માં કાઢી નાખવાં પડશે."

ડૉક્ટર ગાસ્પારે આવી ખરાબ હાલત પેદા થવા બદલ ખૂબ અફસોસ જાહેર કર્યો અને ઢીંગલી બાબત પોતાની ઊંડી ચિંતા વ્યક્ત કરી. ડૉક્ટર ગાસ્પારે આ શબ્દો કહ્યા:

"પડી જવાની તો મને ટેવ છે અને કેમ પડી જવું એ હું બરાબર જાણું છું. હું સમતુલા ગુમાવી બેસું અને દોરડા ઉપરથી નીચે હોજમાં પડી જાઉં તેનો કંઈ વાંધો નહિ. પડી જવાનો મને અનુભવ છે કેમ કે નગરના દરવાજા પાસેના ચોકમાં એક મકાનના મિનારા ભેગો હું પડી ગયેલો. પણ ઢીંગલીનો વિચાર કરો! બીચારી ઢીંગલી! એના તો બીચારીના ભુક્કા જ ઊડી જશે. એની ઉપર દયા કરો. મને ખાતરી છે કે આ ઢીંગલી કોઈ ઢીંગલી નથી પણ જીવતીજાગતી બાળકી છે અને ખૂબ પ્યારું પ્યારું નામ ધરાવે છે. અત્યારે નામ સાવ ભુલાઈ ગયું છે, યાદ જ નથી આવતું."

"ના!" ત્રણેય ફાંદાળા ગરજી ઊઠયા. "ના! તને માફ નહિ જ કરવામાં આવે! ત્રણ ફાંદાળાનો એવો હુકમ છે!" એ લોકો એટલા જોરથી બરાડયા કે ડૉક્ટર જાગી ગયો.

"ત્રણ ફાંદાળાનો એવો હુકમ છે!" કોઈક ઘાંટો પાડીને બોલી રહ્યું હતું.

ડૉક્ટરની ઊંઘ ઊડી ગઈ હતી. ઘાંટો સાવ ખરેખરો ઘાંટો હતો. તેણે આંખો ઉપરથી ટોપી હઠાવી લીધી અને આસપાસ નજર નાખી.

ડૉક્ટર ઊંઘમાં પડયો હતો તે દરમિયાન રાતનું અંધારું સારી પેઠે વધારે ઘેરું થઈ ગયું હતું.

ગાડી ઊભી રહી ગઈ હતી. કાળા કાળા આકારો ગાડીને ઘેરીને ઊભા હતા. ઘાંટા એ કાળા આકારો જ પાડી રહ્યા હતા અને ડૉક્ટરના સપનામાં ગરબડ તેમણે જ ઊભી કરી હતી. તેમનાં હલતાં ફાનસ તરવરતા ઓળા પેદા કરતાં હતાં.

"શી વાત છે?" ડૉક્ટરે પૂછ્યું. "આપણે ક્યાં પહોંચ્યા છીએ? તમે લોકો કોણ છો?"

એક માણસ નજીક આવ્યો અને તેણે ફાનસ ઊંચું કરીને ડૉક્ટરની ઉપર અજવાળું નાખ્યું. ફાનસ ડોલી ઊઠયું. ફાનસ પકડનારા હાથમાં બરછટ ચામડાનું મોજું હતું અને મોજાનો કફ પહોળો હતો.

ડૉક્ટર સમજી ગયો કે આ લોકો કોણ છે: મહેલના સિપાહીઓ.

"ત્રણ ફાંદાળાનો એવો હુકમ છે!" સિપાહીએ ફરી વાર એના એ જ શબ્દો કહ્યા.

પીળા અજવાળામાં તેની મીણિયા કપડાની ચળકતી ટોપી લોખંડની ટોપી જેવી લાગતી હતી.

"મહેલના એક માઈલના ઘેરાવામાં કોઈને દાખલ થવાની છૂટ નથી. હુકમ આજે જ જારી કરવામાં આવ્યો છે. નગરમાં અશાંતિની હાલત છે. તમને આથી આગળ નહિ જવા દેવામાં આવે!"

"પણ મારે તો મહેલમાં જવું જ પડે એમ છે."

ડૉક્ટરને ગુસ્સો ચડયો.

સિપાહી ખૂબ કરડાકીથી બોલ્યો: "હું કૅપ્ટન ત્સેરેપ છું અને આ પહેરાની જવાબદારી મારા હાથમાં છે. એક ડગલું આગળ ભરશો નહિ! પાછા વળી જાઓ!" તેણે ગાડીવાન તરફ ફાનસ હલાવીને ઘાંટો પાડયો.

હવે ડૉક્ટરને ખરેખર ફિકર થઈ. પણ તેને ખાતરી હતી કે સિપાહીઓને ખબર પડશે કે પોતે કોણ છે અને શા કારણે મહેલમાં જવા માગે છે એટલે તરત જ તેઓ મહેલમાં જવાની રજા આપી દેશે.

"હું ડૉક્ટર ગાસ્પાર આર્નેરી છું," તે બોલ્યો.

બધા સિપાહીઓ હસી પડયા. ફાનસો ડોલી ઊઠયાં.

"સાંભળો ભાઈ, આટલી મોડી રાતે અને આવી ખરાબ હાલતમાં અમને ટોળટપ્પાનું જરાય મન નથી," સિપાહીઓનો કૅપ્ટન બોલ્યો.

"પણ હું ડૉક્ટર ગાસ્પાર આર્નેરી જ છું."

કૅપ્ટનને ભયંકર ગુસ્સો ચડયો. તલવાર ખટખટાવતો તે ધીરે ધીરે એક એક શબ્દ નોખો પાડીને બોલ્યો:

"તમારે મહેલમાં જવું છે એટલે તમે જૂઠું બોલી રહ્યા છો. ડૉક્ટર ગાસ્પાર આર્નેરી આમ અરધી રાતે રખડતા નથી રહેતા. વળી આજની રાતે તો એ નીકળી શકે એમ જ નથી. અત્યારની ઘડીએ તે ખૂબ કામમાં ડૂબેલા હશે. તે વારસદાર તુત્તીની ઢીંગલીને પાછી જીવતી કરવાના કામમાં મશગૂલ છે. કાલ સવાર પહેલાં તે મહેલમાં નહિ આવે. જૂઠું બોલવા બદલ હું તમને ગિરફતાર કરી લઈશ!"

"શું?" હવે ડૉક્ટરને ભયંકર ગુસ્સો આવી ગયો. "એટલે મારી ઉપર વિશ્વાસ નથી, એમ કે? બહુ સારું, હમણાં જ ઢીંગલી બતાવું," ડૉક્ટરને થયું અને તેણે ઢીંગલી હાથમાં લેવા બેઠક ઉપર હાથ ફેરવ્યો. પણ...

ઢીંગલી અદૃશ્ય થઈ ગઈ હતી.

ડૉક્ટર નીંદરમાં પડ્યો હતો ત્યારે ઢીંગલી ગાડીમાંથી બહાર પડી ગઈ હતી.

ડૉક્ટરને ટાઢની કંપારી આવી ગઈ.

"હું હજી સપનામાં તો નથી ને?" તેને થયું.

અફસોસ! ડૉક્ટર જરાય સપનામાં નહોતો.

ફાનસની કડી ઉપર મુઠ્ઠી દબાવતાં સિપાહીઓનો કૅપ્ટન બબડ્યો: "હવે ચાલતા થઈ જાઓ! આમ જ જવા દઉં છું કેમ કે તમારા જેવા બેવકૂફ ડોસા જોડે માથાકૂટ કરવાનો મને વખત નથી. ચાલતા થઈ જાઓ!"

ડૉક્ટરને હુકમ માનવો જ પડ્યો. ગાડીવાને ગાડી પાછી વાળી. ગાડી ચરડ્ ચરડ્ બોલી અને ખખડી ઊઠી, ઘોડો હણહણ્યો, પતરાનાં ફાનસ આખરી વાર ઝબક્યાં, અને બીચારો ડૉક્ટર પાછો નગર તરફ રવાના થઈ ગયો.

હદ થઈ ગઈ.

ડૉક્ટરને માટે આ બધું વધારે પડતું હતું. ડૉક્ટરની આંખોમાંથી ચોધાર આંસુ ધસી આવ્યાં. બધા તેની જોડે બહુ જ તોછડાઈથી વર્ત્યા હતા અને તેને બેવકૂફ ડોસો કહ્યો હતો. પણ સૌથી વધારે બૂરી વાત તો એ હતી કે વારસદાર તુત્તીની ઢીંગલી ખોવાઈ ગઈ હતી. "આનો અર્થ તો એ કે હવે મારે જિંદગીથી હાથ ધોઈ નાખવા પડશે," તેને થયું અને તેનું રડવાનું ચાલુ રહ્યું. તેનાં ચશ્માં ઉપર એવી ધૂંધ જામી ગઈ કે તેને કશું દેખાતું નહોતું. તેને તકિયામાં માથું દબાવી દેવાનું મન થયું. દરમિયાનમાં, ગાડીવાન ઘોડાને પૂરપાટ દોડાવી રહ્યો હતો. દસ મિનિટ સુધી ડૉક્ટર રડતો રહ્યો પણ પછી તેની નિત્યની ગંભીરતા પાછી આવી ગઈ.

"ઢીંગલી ગોતું તો કદાચ મળી જાય. આજે બહુ ઓછા માણસો બહાર નીકળ્યા હતા. અને આ રસ્તા તો હંમેશાં સૂમસામ હોય છે. ગાડી પસાર થઈ તે પછી અહીંથી કદાચ કોઈ નીકળ્યું જ નહિ હોય."

તેણે ગાડીવાનને ગાડી ધીરે ચલાવવાનું અને ધ્યાનથી રસ્તા ઉપર જોતા રહેવાનું કહ્યું.

દર મિનિટે તે ગાડીવાનને પૂછતો: "કેમ, દેખાય છે કંઈ?"

અને ગાડીવાન જવાબ આપતો: "કંઈ નથી દેખાતું. ના, અહીં કંઈ જ નથી."

અને પછી ગાડીવાન પોતાની નજરે પડતું બધું તેને કહી બતાવવા લાગ્યો, તદ્દન નકામી અને અર્થ વગરની ચીજો વિશે જણાવવા લાગ્યો.

"એક પીપ પડ્યું છે."

"ના, ના, એ નથી."

"કાચનો સરસ કકડો પડયો હોય એમ લાગે છે."

"ના."

"અને ફાટેલો જોડો."

"ના," ડૉકટર બોલતો, અને તેનો અવાજ વધારે ને વધારે ગમગીન બનતો ગયો.

ગાડીવાન ખરેખર ખૂબ ધ્યાન રાખતો હતો. તે આમ તેમ બધે નજર ફેરવતો હતો. અંધારામાં તે એટલું સરસ જોઈ શકતો હતો કે ગાડીવાનને બદલે તે જાણે કેમ મહાસાગરની સફર ખેડતા કોઈ જહાજનો કૅપ્ટન હોય.

"હજી નથી દેખાતી ઢીંગલી ક્યાંય? ઢીંગલીને ગુલાબી ફ્રૉક પહેરાવેલું છે."

"ના, ઢીંગલી તો ક્યાંય નથી દેખાતી," ગાડીવાને ઊંડા ગમગીન અવાજે જવાબ આપ્યો.

"એનો અર્થ તો એ જ કે ઢીંગલી કોઈના હાથમાં પડી ગઈ છે. હવે વધારે ગોતવાનું નકામું છે. મને ઊંઘ આવી ગયેલી એ જગ્યા પણ આવી ગઈ. એ વખતે તો ઢીંગલી મારી બાજુમાં જ હતી. અરે ભગવાન!" ડૉકટર પાછો રડું રડું થઈ ગયો.

ગાડીવાને નાકનો સડાકો બોલાવીને હમદર્દી બતાવી.

"હવે શું કરીશું?"

"મને સમજ નથી પડતી. મને જરાય સમજ નથી પડતી!" ડૉકટર ગાસ્પારે બન્ને હથેળીમાં માથું દબાવ્યું. દિલમાં ભરેલા દુ:ખને કારણે અને રસ્તામાં આવતા ખાડાને કારણે ડૉકટરનું શરીર આમતેમ હાલકડોલક થઈ રહ્યું હતું. અચાનક ડૉકટર બોલી ઊઠયો: "સમજાઈ ગયું! બેશક, એમ જ વાત છે! પહેલાં કેમ ખ્યાલ ન આવ્યો! ઢીંગલી ભાગી ગઈ. હું ઊંઘી ગયો અને ઢીંગલી ભાગી ગઈ. ચોક્કસ. એ તો જીવતી જાગતી બાળકી હતી. મારા ધ્યાનમાં તો તરત જ આવી ગયું હતું. પણ ત્રણ ફાંદાળાના સંબંધમાં મારો ગુનો એથી જરાય ઓછો નથી થતો!"

એકાએક તેને ભૂખ લાગી. થોડી વાર તે ચુપ બેઠો રહ્યો અને પછી ગંભીર અવાજે બોલ્યો:

"આજે મેં ખાધું જ નથી! મને નજીકમાં નજીકની હૉટલમાં લઈ જા."

ભૂખે તેનું મન શાંત કરી દીધું.

ગાડી કેટલીય વાર સુધી અંધારા રસ્તાઓ ઉપર દોડતી રહી. બધી હૉટલોનાં બારણાં બંધ થઈ ગયાં હતાં. નગરના બધા અદલફદલ માણસો એ રાતે ફિકરમાં પડી ગયા હતા. તેમણે બારણાંમાં નવાં તાળાં જડાવી દીધાં હતાં અને બારણાં આડા પટારા અને કબાટ ખડકી દીધા હતા. બારીઓ ઉપર તેમણે તકિયા અને પટ્ટીદાર ગાદલાં બાંધી દીધાં હતાં. તેમની નીંદર ગુમ થઈ ગઈ હતી. સૌથી વધારે રાતામાતા અને સૌથી વધારે ધનવાન માણસોને રાતમાં હુમલો થવાની આશંકા હતી. રખેવાળ કૂતરાઓને તેમણે આખો દિવસ ભૂખ્યા રાખ્યા હતા જેથી તેઓ વધારે

વિકરાળ બની જાય. જાડા અને ધનવાન લોકો માટે એ રાત ભયંકર રાત હતી. તેમને ખાતરી થઈ ગઈ હતી કે જનતા ગમે તે ઘડીએ ફરી વાર વિદ્રોહ કરવાની જ. કેટલાય સિપાહીઓ ત્રણ ફાંદાળાની વિરુદ્ધ થઈ ગયા છે, અને વારસદાર તુત્તીની ઢીંગલીમાં તલવારો ભોંકીને મહેલમાંથી પલાયન થઈ ગયા છે એવી ખબર આખા નગરમાં ઝડપથી ફેલાઈ ગઈ હતી. બધા ધનવાનો અને બધા ખાઉધરા એ ખબર સાંભળીને વધારે ફિકરમાં ડૂબી ગયા હતા.

તેમનો ક્રોધ ભભૂકી ઊઠયો હતો: "જુઓ તો ખરા! વિચાર તો કરો! હવે તો સિપાહીઓની ઉપર પણ ભરોસો રાખી શકાય એમ નથી. ગઈકાલે તેમણે બળવાને દબાવી દીધો અને આજે અમારી સામે થવા તૈયાર થઈ ગયા છે!"

ખાવાનું મેળવવાની અને થોડોક આરામ કરવાની ડૉકટર ગાસ્પારની આશા ઉપર પાણી ફરી વળ્યું. ચેતનની એક પણ નિશાની ક્યાંય દેખાતી નહોતી.

"ખરેખર શું ઘેર જ પાછા જવું પડશે?" તેના મનમાં દુ:ખભર્યો વિચાર ઊઠયો. "ઘર એટલું બધું આઘું છે! ભૂખથી ક્યાંક રસ્તામાં જ મારો જીવ નીકળી જશે."

બરાબર એ જ વખતે તેને શેકેલા માંસની વાસ આવી. હા, વાસ તો શેકેલા માંસની જ હતી! બકરાના શેકેલા માંસની અને ડુંગળીની વાસ અછતી રહે એમ નહોતી. અને ગાડીવાને આઘે આઘે બત્તીનો એક ચમકારો જોઈ લીધો હતો. શું હશે?

"વાહ! હૉટલ હોય તો કેવી મઝા આવે!" ડૉકટર ખુશ થઈને બોલી ઊઠયો.

ગાડી ત્યાં પહોંચી ગઈ. પણ એ હૉટલ નહોતી.

રસ્તાથી દૂર મકાનોની પાછળ એક ખાલી જગ્યામાં પૈડાં ઉપર એક ઘર ખડું હતું. બારણાની તરડમાંથી અજવાળાની એક પાતળી રેખા દેખાતી હતી.

ગાડીવાન ગાડી ઉપરથી ઊતરીને તપાસ કરવા ગયો અને ડૉકટર પોતાના ભયંકર કિસ્સાને ભૂલી જઈને શેકેલા માંસની અદ્ભુત વાસની મઝા માણવા લાગ્યો. તેણે ખોંખારો ખાધો અને ખુશીના જોશમાં આંખો મીચી દીધી.

ગાડીવાને તેને સાદ પાડીને કહ્યું: "કૂતરાની બીક લાગે છે! અહીંયાં પગથિયાં જેવું કંઈક દેખાય છે."

બધું સલામતીથી પાર પડયું. ગાડીવાને પગથિયાં ચડીને બારણું ખખડાવ્યું.

"કોણ છે?" બારણું ઊઘડી ગયું અને અજવાળાની નાનકડી રેખા પ્રકાશના એક મોટા ચોખંડામાં પલટાઈ ગઈ. ઉંબરામાં એક આદમી ઊભો હતો. ચોમેર છવાયેલા અંધકારમાં અને તેની પાછળ પથરાયેલા ઝળહળતા પ્રકાશમાં એ આદમી કાળા કાગળમાંથી કોતરેલી આકૃતિ જેવો લાગતો હતો.

ગાડીવાન બોલ્યો:

"ડૉક્ટર ગાસ્પાર આર્નેરી છે. અને તમે કોણ છો? પૈડાં ઉપર ખડું આ ઘર કોનું છે?"

"આ તો બ્રિઝાક કાકાનું કાર્નિવલનું વૅગન છે," ઉંબરામાં ઊભેલો પડછાયો બોલ્યો. તે જાણે ઉત્તેજિત થઈ ગયો હોય એમ જોરજોરથી હાથ હલાવી રહ્યો હતો. "અંદર પધારો, સજ્જનો! બ્રિઝાક કાકાને આંગણે ડૉક્ટર ગાસ્પાર આર્નેરીનું સ્વાગત કરતાં અમને ખૂબ ખુશી થાય છે."

કેવો સુભગ અંત! એક રાત પૂરતા તો તેઓ ગાડીમાં ખરેખર વધારે પડતું રખડી ચૂક્યા હતા. બ્રિઝાક કાકાનું કાર્નિવલ ઝિંદાબાદ! ડૉક્ટરને, ગાડીવાનને, અને ઘોડાને રાત ગાળવાની જગ્યા મળી, ખોરાક મળ્યો, અને આરામ મળ્યો કેમ કે પૈડાં ઉપર ખડું ઘર મહેમાનોને ખૂબ આદરથી સત્કારે એવું ઘર હતું. બ્રિઝાક કાકાના કાર્નિવલના ખેલાડીઓની ભટકતી મંડળીના માણસો એ ઘરમાં રહેતા હતા.

બ્રિઝાક કાકા વિશે કોણે ન સાંભળ્યું હોય! બ્રિઝાક કાકાના કાર્નિવલ વિશે કોણે ન સાંભળ્યું હોય! આખું વરસ તે બજારો અને મેળાઓમાં ફરતું રહેતું અને ખેલ રજૂ કરતું રહેતું. એ ખેલાડીઓ કેવા અદ્‌ભુત અદાકારો હતા! કેવા અદ્‌ભુત ખેલ રજૂ કરતા! બજાણિયા તિબુલનો ખેલ હંમેશાં ખૂબ આકર્ષણ જગાવતો.

તિબુલ આખા દેશમાં સૌથી વધારે કાબેલ બજાણિયો હતો એ તો આપણે જાણીએ જ છીએ. તારકચોકમાં ગોળીઓની રમઝટ વચ્ચે તારનાં ઊંચાં દોરડાં ઉપર તે ચાલેલો ત્યારે તેની કાબેલિયત આપણે નજરે જોયેલી.

બજારોમાં અને મેળાઓમાં જ્યારે તિબુલ ખેલ કરતો ત્યારે પ્રેક્ષકોના હાથ તાળીઓ પાડી પાડીને બહેર મારી જતા. દુકાનદારો અને ભિખારણો, નિશાળનાં છોકરાં અને સિપાહીઓ — જે કોઈ તેનો ખેલ જોતું તે બસ તાળીઓ જ પાડ્યા કરતું. પરંતુ દુકાનદારો અને છેલછબીલાઓને હવે એ વાતનો અફસોસ થતો હતો કે પોતે તિબુલને આટલો અદ્‌ભુત ગણેલો. એ લોકો કહેતા: "અમે તાળીઓ પાડીને તેનાં વખાણ કર્યાં અને હવે તે અમારી જ વિરુદ્ધ થઈ ગયો છે!"

તિબુલ ચાલ્યો ગયો એટલે બ્રિઝાક કાકાનું કાર્નિવલ હવે ગમગીન થઈ ગયું હતું.

તિબુલની હાલત વિશે ડૉક્ટર ગાસ્પાર એક શબ્દ પણ ન બોલ્યો. વારસદાર તુત્તીની ઢીંગલી બાબત પણ તેણે મુદ્દલ વાત ન કરી.

કાર્નિવલના વૅગનની અંદર, પૈડાં ઉપર ખડા એ ઘરની અંદર, ડૉક્ટર ગાસ્પારે શું જોયું?

તેને બેસવા માટે એક મોટો તુર્કી ઢોલ આપવામાં આવ્યો. તેની ઉપર લાલ ત્રિકોણ ચીતરેલાં હતાં અને ફરતે સોનેરી તારની જાળી હતી. ઘર રેલગાડીના ડબ્બા જેવું હતું. કેન્વાસના પડદા ટાંગીને તેમાં કેટલાય ઓરડા બનાવી લેવામાં આવ્યા હતા.

ખૂબ મોડી રાત થઈ ગઈ હતી. કાર્નિવલના વેગનમાં રહેતા બધા માણસો સૂઈ ગયા હતા. કાળા કાગળના ઢીંગલા જેવા દેખાતા જે માણસે બારણું ઉઘાડેલું તે એક ઘરડો રંગલો હતો. તેનું નામ ઑગસ્ટ હતું. જાગીને ચોકીદારી કરવાનો વારો આજે તેનો હતો. ડૉક્ટરની ગાડી પહોંચી ત્યારે તે પોતાને માટે વાળુ બનાવી રહ્યો હતો. વાળુમાં ખરેખર બકરાનું શેકેલું માંસ હતું અને ડુંગળી હતી.

ઢોલ ઉપર બેસીને ડૉક્ટરે આસપાસ નજર ફેરવી. લાકડાની એક પેટી ઉપર તેલનો દીવો બળી રહ્યો હતો. ભીંતમાં ખોડેલી ખીંટીઓ ઉપર લટકતી ચીજોમાં ગુલાબી અને સફેદ ચીકણો કાગળ ચડાવેલી રિંગો હતી; ચળકતી ધાતુના હાથાવાળા લાંબા ચટાપટાદાર ચાબુક હતા; મોતી, સોનેરી ચંદ્રકો, ગૂંથેલાં ફૂલ, અને રંગીન કાપડના ટુકડાઓ વડે સુશોભિત કરવામાં આવેલાં ચમકદાર વસ્ત્રો હતાં. મોં ઉપર પહેરવાનાં મહોરાં પણ ત્યાં લટકતાં હતાં. કેટલાંક મહોરાંને શિંગડાં હતાં, કેટલાંકને લાંબાં રમૂજી નાક હતાં, તો કેટલાંકને મોટાં હસતાં મોં હતાં. એક મહોરાને બે મોટા જબ્બર કાન હતા. કાન સાવ ખરેખરા કાન જેવા દેખાતા હતા, બસ ફેર એટલો જ હતો કે તે બહુ મોટા હતા.

ખૂણામાં પડેલા પાંજરામાં એક નાનકડું વિચિત્ર જનાવર હતું.

એક ભીંતને અડીને લાંબું ટેબલ ગોઠવેલું હતું. તેની ઉપર દસ આરસા લટકતા હતા. દરેક આરસા પાસે ટેબલની ઉપર ઓગાળેલ મીણ વડે એક એક મીણબત્તી ચોંટાડેલી હતી. બધી મીણબત્તીઓ ઓલવાયેલી હતી.

દરેક આરસાની નીચે ડબ્બીઓ પડી હતી, રંગની પીંછીઓ પડી હતી, પાઉડર લગાવવાના રુવાંટીદાર ગુચ્છા પડ્યા હતા, નકલી વાળની વિગો પડી હતી, ગુલાબી પાઉડરની ઢગલીઓ પડી હતી, અને રંગના ભીના ધબ્બા હતા.

"આજે અમારે સિપાહીઓની બીકે ભાગવું પડ્યું." રંગલો બોલ્યો. "બજાણિયો તિબુલ અમારા ખેલાડીઓમાંનો એક હતો. સિપાહીઓ ધારે છે કે અમે તિબુલને છુપાવી રાખ્યો છે અને એટલે તેઓ અમારી પાછળ પડયા છે." ઘરડો રંગલો ખૂબ ગમગીન દેખાતો હતો. "પણ અમને તો ખબરેય નથી કે તિબુલ ક્યાં છે. કદાચ મરાઈ પણ ગયો હોય કે પછી તેને પકડીને લોખંડના પાંજરામાં પૂરી દીધો હોય."

ઑગસ્ટે નિસાસો નાખ્યો અને ધોળા વાળવાળું માથું ધુણાવ્યું. પાંજરામાં બેઠેલું જનાવર બિલાડી જેવી આંખો વડે ડૉકટરને જોતું રહ્યું.

રંગલાએ વાત ચાલુ રાખી: "તમે આથી પહેલાં જ આવી ગયા હોત તો સારું થાત. અમને સૌને તમે ખૂબ ગમો છો. તમારી હાજરીથી અમને રાહત લાગી હોત. બધા જાણે છે કે તમે ગરીબોના દોસ્ત છો, જનતાના દોસ્ત છો. ઘણા વખત પહેલાં એક વાર શું બનેલું એ યાદ છે? અમે લિવર માર્કેટમાં ખેલ રજૂ કરી રહ્યા હતા. છેલ્લી વસંતના દિવસોની વાત છે. મારી દીકરી ગીત ગાઈ રહી હતી.

"હા, હા, મને યાદ છે," ડૉકટર બોલ્યો. તેણે અજબ ઉત્તેજના અનુભવી.

"યાદ છે? તે દિવસે તમે પણ ત્યાં જ હતા અને અમારો ખેલ જોઈ રહ્યા હતા. કોઈ માતેલા ઉમરાવના પેટમાં જઈ પડવાને બદલે ચૂલા ઉપર જ બળી જવાનું પસંદ કરતા સમોસાનું ગીત મારી દીકરી ગાઈ રહી હતી."

"હા, હા, મને યાદ છે! પછી શું થયું?"

"એક ઠસ્સાદાર બાનુને એ ગીત સાંભળીને ગુસ્સો ચડ્યો. લાંબા નાકવાળા પોતાના નોકરોને તેણે મારી નાનકડી દીકરીના કાન ઉપર ધુંબા મારવાનો હુકમ આપ્યો."

"અને મેં એ નોકરોને ભગાડી મૂકેલા," ડૉકટર બોલ્યો. "બાઈ મને ઓળખી ગઈ અને પોતાના કામ બદલ તેને શરમ આવેલી. ખરી વાત?"

"હા. પછી તમે ચાલ્યા ગયા. મારી નાનકડી દીકરીએ કહ્યું કે ઠસ્સાદાર બાનુના નોકરોએ મને ધુંબા માર્યા હોત તો હું નામોશીથી મરી જાત. તમે મારી છોકરીને બચાવી લીધી. એ તમને કદી નહિ ભૂલે!"

"તારી નાનકડી દીકરી હવે ક્યાં છે?" ડૉકટરે પૂછ્યું. ડૉકટર ખૂબ જ ઉત્તેજિત થઈ ગયો હતો.

ઘરડો રંગલો કેન્વાસના પડદા પાસે ગયો અને તેણે કોઈને સાદ પાડ્યો.

તેણે જે નામનો સાદ પાડેલો એ નામ ખૂબ વિચિત્ર હતું. વળી એ નામ તે જેવી રીતે બોલેલો એ અવાજ કોઈ સખત બીડેલી લાકડાની પેટી ઉઘાડતાં ચરડ્ ચરડ્ અવાજ થાય એવો હતો.

"સુઓક!" તેણે સાદ પાડ્યો.

થોડીક પળો વીતી ગઈ. પછી પડદાનો એક છેડો ઊંચો થયો અને એક નાનકડી બાળકીએ ગૂંછળાં જેવી લટોવાળું પોતાનું માથું બહાર કાઢ્યું. તેણે ડૉક્ટરની ઉપર મીટ માંડી. તેની મોટી ભૂરી આંખોમાં ખૂબ ગંભીર ભાવ હતો અને છતાંયે તેમાં મસ્તીખોરીની આછી છાંટ પણ હતી.

તેની ઉપર ડૉક્ટરની નજર પડતાં જ ડૉક્ટરનું મોં અચરજથી પહોળું થઈ ગયું: એ તો વારસદાર તુત્તીની ઢીંગલી હતી!

ખંડ ત્રણ

સુચોડ

પ્રકરણ આઠમું

નાનકડી અભિનેત્રીને અધરી ભૂમિકા

હા, એ જ ઢીંગલી!

પણ એ અહીં કેવી રીતે પહોંચી ગઈ? ચમત્કાર થયો કે શું? બેશક, નહિ જ! ડૉક્ટર ગાસ્પાર બહુ સારી રીતે જાણતો હતો કે ચમત્કાર કદી થતા નથી. આ તો એક સીધીસાદી ભૂલ જ લાગે છે. હકીકતમાં ઢીંગલી જીવતી જ હોવી જોઈએ અને પોતાને નીંદર આવી ગઈ ત્યારે નાનકડી મસ્તીખોર બાળકીની જેમ તે ભાગી ગઈ હશે.

"મારી સામે જોઈને મોં મલકાવતા રહેવાથી કંઈ જ નહિ વળે! તારું નિર્દોષ સ્મિત તને તારાં કારનામાંની માફી નહિ જ અપાવી શકે," ડૉકટર કરડાકીથી બોલ્યો. "જો ને, તને સજા પણ મળી જ ચૂકી છે. હું તને કદી ન જ ખોળી કાઢી શક્યો હોત પણ છતાં તું અકસ્માત જ પાછી હાથમાં આવી ગઈ."

ઢીંગલી વિસ્મિત થઈને ડૉકટરની સામે જોઈ રહી. અને પછી તે સસલાની જેમ આંખો પટપટાવવા લાગી. તેણે તદ્દન ગૂંચવાઈ જઈને રંગલા તરફ નજર નાખી. ઑગસ્ટે નિસાસો નાખ્યો.

"તું કોણ છે? જવાબ દે!"

ડૉકટરે અવાજમાં બને એટલી કરડાકી ભરવાની કોશિશ કરી પણ ઢીંગલી એટલી બધી સુંદર હતી કે ગુસ્સે થવાનું ખૂબ મુશ્કેલ બની ગયું.

"અરે, તમને તો યાદ પણ નથી," ઢીંગલી બોલી. "હું તો સુઓક છું."

"સુઓક," ડોકટર બોલ્યો. "પણ તું તો વારસદાર તુત્તીની ઢીંગલી છે!"

"હું ઢીંગલીબીંગલી નથી! હું તો છોકરી છું!"

"શું? ના, ના, તું ઢોંગ કરી રહી છે!"

ઢીંગલી પડદા પાછળથી આગળ આવી. દીવાના અજવાળામાં તે ચમકી ઊઠી. તેનું મોં મલકી રહ્યું હતું અને તેનું ગૂંછળાદાર લટોવાળું માથું એક તરફ નમેલું હતું. તેના વાળનો રંગ પંખીનાં બચ્ચાંની રાખોડી રુવાંટી જેવો હતો.

પાંજરામાં બેઠેલું રૂંછાંદાર જનાવર એકીટસે ઢીંગલીને જ જોઈ રહ્યું હતું.

બીચારા ડૉક્ટર ગાસ્પારની તો અક્કલ જ બહેર મારી ગઈ. પ્યારા વાચકો, તમને રહસ્ય થોડી વારમાં જ સમજાઈ જશે. પણ અત્યારે તો અમે તમને એટલું જ કહીશું કે અમુક મહત્ત્વની બાબતો ડૉક્ટર ગાસ્પાર આર્નેરીના ધ્યાન બહાર રહી ગઈ હતી. માણસ જ્યારે ઉત્તેજિત થઈ જાય છે ત્યારે સાવ સાફ બાબતો પણ તેના ધ્યાનમાં નથી આવતી.

હકીકત આમ હતી: કાર્નિવલના વેગનમાં ઢીંગલી તદ્દન નિરાળી દેખાતી હતી. તેની રાખોડી આંખો ખુશીથી ચમકી રહી હતી, તેના ચહેરા ઉપર ગંભીરતા અને ખબરદારીના ભાવ જરૂર હતા પણ ગમગીનીનું કોઈ નિશાન નહોતું. હકીકતમાં એમ જરૂર કહી શકાય કે તે ફૂટડી અને ડાહી દેખાવાનો ઢોંગ કરતી તોફાની બાળકી લાગતી હતી.

વળી તેનું ગુલાબી રેશમનું સુંદર ફ્રોક ક્યાં ગુમ થઈ ગયું? તેનાં સ્લીપર ઉપર જડેલી સોનેરી ગુલાબકળીઓ ક્યાં ગઈ? લેસ અને સોનેરી ચંદ્રકોનું શું થયું? કોઈ પણ નાની બાળકીને રાજકુમારી બનાવી દે અથવા ઓછામાં ઓછું નૂતનવર્ષના ભેટવૃક્ષને સુશોભિત બનાવતાં રૂપાળાં રમકડાં સમી બનાવી દે એવા પરીકથાના સાજશણગાર ક્યાં ગયા? આ ઢીંગલીનો પોશાક તો સાવ સાદો હતો. તેણે તો સાદું બ્લાઉઝ અને ચણિયો પહેર્યાં હતાં. તેના પગમાં મોજાં નહોતાં. તેણે પહેરેલાં સ્લીપર ક્યારેક સફેદ જરૂર રહ્યાં હશે પણ અત્યારે તો મેલથી ભૂખરાં દેખાતાં હતાં. પણ આ સાદો પોશાક તેને જરાય ઓછી રૂપાળી બનાવી દેતો હોય એમ માની લેવાની ભૂલ કરશો નહિ. એ સાદો પોશાક તેની સોહામણી કાયા ઉપર ખરેખર દીપી ઊઠતો હતો. ક્યારેક એવું પણ બને છે કે આપણે કોઈ નાનકડી ચીંથરેહાલ બાળકી પાસેથી પસાર થઈ જઈએ ત્યારે ખાસ કંઈ આપણા ધ્યાનમાં ન આવે પણ પછી તરત જ આપણને ભાન થાય કે બાળકી તો કોઈ રાજકુમારી કરતાં પણ ખૂબ વધારે રૂપાળી છે.

પરંતુ આ કિસ્સામાં તો એક ઘણી વધારે મહત્ત્વની બાબત પણ ધ્યાનમાં રાખવાની હતી. વાચકને યાદ હશે કે વારસદાર તુત્તીની ઢીંગલીની છાતીમાં તો ભયંકર કાણાં પડી ગયાં હતાં. એ કાણાં તદ્દન અદૃશ્ય થઈ ગયાં હતાં.

આ ઢીંગલી તો ખૂબ આનંદી અને સાજીનરવી ઢીંગલી હતી.

પણ ડૉક્ટર ગાસ્પારના ધ્યાનમાં કશું જ ન આવ્યું. કદાચ બેચાર પળમાં તેને તફાવત સમજાઈ ગયો હોત પણ બરાબર એ જ વખતે કોઈએ બારણું ખખડાવ્યું. ગોટાળો વધી ગયો. એક હબસી અંદર આવ્યો. ઢીંગલી ચમકી ગઈ. પાંજરામાં બેઠેલું જનાવર બિલાડી ન હોવા છતાં ઘૂરકવા લાગ્યું.

આપણે તો હબસીને ઓળખીએ છીએ. ડૉક્ટર ગાસ્પાર પણ ઓળખતો હતો. તિબુલને તેણે જ હબસીનું રૂપ આપ્યું હતું. પણ બીજા કોઈને એ રહસ્યની ખબર નહોતી. ગોટાળો પૂરી પાંચ મિનિટ સુધી ચાલ્યો. હબસીનું વર્તન અત્યંત વિચિત્ર હતું. તેણે ઢીંગલીને ઉપાડી

લીધી અને તેના ગાલ તથા નાક ઉપર બચીઓ ભરવાનું શરૂ કરી દીધું પણ ગાલ અને નાક હબસીથી બચવા માટે આમથી તેમ ખસી જતાં હતાં. હબસી જાણે દોરી વડે લટકતા સફરજનને બટકું ભરવાની કોશિશ કરતો હોય એમ લાગતું હતું. ઘરડા ઓગસ્ટે આંખો મીચી દીધી અને તે દહેશતનો માર્યો આમથી તેમ હાલકડોલક થવા લાગ્યો. ગુનેગારનું માથું વાઢી નાખવું કે તેને ખાંડ વગર ઉંદર ખવડાવી દેવો એ બાબત નક્કી ન કરી શકતા કોઈ ચીની શહેનશાહ જેવી તેની હાલત થઈ ગઈ.

ઢીંગલીનું એક સ્લીપર નીકળી ગયું અને દીવા જોડે અફળાયું. દીવો ઊંધો પડી જઈને ઓલવાઈ ગયો. એકદમ અંધારું ફેલાઈ જતાં વાતાવરણ વધારે બિહામણું બની ગયું. પણ તરત જ સૌના ધ્યાનમાં આવી ગયું કે લગભગ મળસકું થઈ ગયું છે. બારણાની તરડોમાંથી અજવાળાની ઝાંખી રેખાઓ દેખાતી હતી.

"પરોઢ થઈ ગયું છે," ડૉકટર બોલ્યો. "મારે વારસદાર તુત્તીની ઢીંગલી લઈને ત્રણ ફાંદાળાના મહેલે જવા નીકળવાનું છે."

હબસીએ ધક્કો મારીને બારણું ઉઘાડી નાખ્યું. પરોઢના ઝાંખા અજવાળાથી ઓરડો ભરાઈ ગયો. ઑગસ્ટ પહેલાંની જેમ જ આંખો મીચીને બેઠો હતો. ઢીંગલી પડદા પાછળ છુપાઈ ગઈ હતી. જે કંઈ બન્યું હતું એ બધું ડૉકટર ગાસ્પારે તિબુલને ઉતાવળમાં કહી સંભળાવ્યું. તેણે વારસદાર તુત્તીની ઢીંગલીની વાત કરી, ઢીંગલી ગાડીમાંથી કેવી રીતે અદૃશ્ય થઈ ગઈ હતી અને સદ્ભાગ્યે પાછી અહીં કાર્નિવલના વૅગનમાં કેવી રીતે મળી ગઈ હતી એ બધું ડૉકટરે તિબુલને જણાવ્યું.

પડદા પાછળ ઊભી ઊભી ઢીંગલી એ લોકોની વાતચીત સાંભળતી હતી પણ તેને કંઈ સમજણ પડી નહિ.

"આ તો હબસીને તિબુલ કહીને બોલાવે છે!" ઢીંગલી અજાયબીમાં ગરકાવ થઈ જઈને વિચારવા લાગી. "પણ હબસી કંઈ તિબુલ નથી. એ તો કોઈ અજબ બિહામણો આદમી છે. તિબુલ તો જરાય એના જેવા નથી દેખાતા."

પછી તે પડદા પાછળથી ડોકું બહાર કાઢીને જોવા લાગી. હબસીએ પોતાની લાલ ચડ્ડીના ખીસામાંથી એક નાનકડી બાટલી કાઢી. તેણે બૂચ ખોલી નાખ્યું અને બાટલીમાંથી પ્રવાહી કાઢીને તે આખા શરીરે ચોળવા લાગ્યો. એક પળમાં ચમત્કાર થઈ ગયો. કાળો હબસી ગોરો થઈ ગયો! હબસી તિબુલ બની ગયો! એમાં મુદ્દલ શંકા ન રહી.

"તિબુલ!" ઢીંગલીના મોંમાંથી તીણો સાદ સરી પડયો. તે પડદા પાછળથી એકદમ દોડતી આવી અને તિબુલની કોટે વળગી ગઈ.

રંગલાની આંખો હજુ બંધ જ હતી. અવાજ સાંભળીને તેને થયું કે કંઈક ભયંકર વાત બની ગઈ છે, અને આઘાત લાગતાં તે બેશુદ્ધ થઈને ભોંય પર ઢળી પડયો. તિબુલે પાટલૂન પકડીને તેને પાછો બેઠો કર્યો.

હવે ઢીંગલી તિબુલને બચીઓ ભરવા લાગી.

"બાપ રે!" તે હાંફતાં હાંફતાં બોલી. "તમે એટલા બધા કાળા કેવી રીતે થઈ ગયેલા? મેં તો તમને ઓળખ્યા પણ નહિ."

"સુઓક!" તિબુલ ગંભીર અવાજે બોલ્યો.

ઢીંગલી તિબુલની કોટેથી નીચે ઊતરી ગઈ અને ટિનના સિપાહીની જેમ અક્કડ અદાએ હોશિયાર ખડી રહી ગઈ.

"શું?" તે નિશાળની બાળકીની જેમ આજ્ઞાંકિત અવાજે બોલી.

તિબુલે તેના માથાના વીખરાયેલા વાળ ઉપર હાથ મૂક્યો. સુઓકે ચળકારા મારતી આંખે તિબુલ સામે જોયું.

"ડૉક્ટર ગાસ્પારની વાત તેં સાંભળી?"

"હા. તેમણે કહ્યું કે ત્રણ ફાંદાળાએ તેમને વારસદાર તુત્તીની ઢીંગલી સાજી કરી દેવાનો હુકમ આપ્યો છે. તેમણે કહ્યું કે ઢીંગલી ગાડીમાંથી ભાગી ગઈ છે. વળી તેમણે એમ પણ કહ્યું કે હું જ એ ઢીંગલી છું!"

"તેમને સરતચૂક થઈ છે," તિબુલ બોલ્યો. "ડૉક્ટર ગાસ્પાર, હું તમને ખાતરી આપું છું કે આ બાળકી ઢીંગલી નથી. આ તો મારી નાનકડી દોસ્ત સુઓક છે, તે નાચ કરી જાણે છે, મારી જોડે સરકસના ખેલ કરે છે, અને મારી સાચી દોસ્ત છે."

"હા, વળી!" ઢીંગલી ખુશ થઈને બોલી. "અમે દોરડા ઉપર ભેગાં ચાલતાં." તિબુલે પોતાને સાચી દોસ્ત અને ખેલની હિસ્સેદાર ગણાવી હતી એટલે બાળકી ખૂબ ખુશ થઈ ગઈ હતી.

"પ્યારા તિબુલ!" તે ગણગણી અને તિબુલના હાથ ઉપર પોતાનો ગાલ ઘસવા લાગી.

"શું?!" ડૉક્ટર બોલી ઊઠયો. "આ શું જીવતીજાગતી બાળકી છે? તમે કહ્યું કે તેનું નામ સુઓક છે? અરે, હા! હવે યાદ આવ્યું. મેં તેને પહેલાં પણ એક વાર જોઈ છે. હા, હા! પેલી ઘરડી બાઈ તેને પોતાના નોકરોના હાથે મેથીપાક ચખાડવા માગતી હતી ત્યારે મેં જ તેને બચાવી લીધેલી!" ડૉક્ટરે હાથમાં હાથ દબાવ્યો. "બેશક, એટલે જ મને લાગેલું કે વારસદાર તુત્તીની ઢીંગલીનો ચહેરો મેં પહેલાં ક્યાંક જોયો છે. અજબ સામ્ય છે! અદ્‌ભુત વાત છે!"

થોડી વારમાં સૌનાં મનમાં બધી વાતો સાફ થઈ ગઈ.

બહાર ઉજાસ વધતો જતો હતો. પાસે જ ક્યાંક એક કૂકડાએ ગળું ખંખાર્યું.

ડૉકટર વળી પાછો ગમગીન થઈ ગયો.

"આ બધું તો જાણે ઠીક છે. પણ મારી પાસે ઢીંગલી નથી. એનો અર્થ તો એ જ થયો કે ઢીંગલી મેં સાચેસાચ ખોઈ નાખી છે."

"એનો અર્થ એમ થયો કે ઢીંગલી તમને પાછી મળી ગઈ છે," સુઓકના શરીર ફરતો હાથ વીંટાળતો તિબુલ બોલ્યો.

"એટલે?"

"બરાબર મેં કહ્યું તેમ જ. હું શું કહેવા માગું છું તે તને સમજાય છે, સુઓક?"

"લાગે છે કે સમજાય છે," સુઓક હળવા અવાજે બોલી.

"તો?" તિબુલ બોલ્યો.

"ચોક્કસ વળી," ઢીંગલી બોલી અને તેનું મોં મલકી ઊઠ્યું.

ડૉકટરને કંઈ જ સમજણ ન પડી.

"આપણે રવિવારે લોકો સામે ખેલ કરતાં ત્યારે તું હંમેશાં મારી વાત સાંભળતી, સુઓક. તું ચટાપટાદાર મંચ ઉપર ઊભી રહેતી અને હું કહેતો કે તરત જ તું તાર ઉપર પગ માંડીને મારી તરફ ચાલવા લાગતી. હું અરધે સુધી આવીને મેદનીની ઉપર તારી વાટ જોતો ઊભો રહેતો. પછી હું એક ગોઠણ વાળીને ફરી વાર તને બોલાવતો અને તું તારો પગ મારા ગોઠણ ઉપર મૂકીને મારા ખભા ઉપર ચડી જતી. એ વખતે તને બીક લાગતી ખરી કે?"

"ના. તમારા બોલ સાંભળતાં જ હું સમજી જતી કે મારે શાંત રહેવાનું છે અને કોઈ વાતની બીક રાખવાની નથી."

"ઠીક ત્યારે," તિબુલ બોલ્યો. "હું અત્યારે પણ તને હિંમતથી કદમ આગળ ઉઠાવવાનું કહું છું. તારે ઢીંગલી બની જવાનું છે!"

"બહુ સારું, ઢીંગલી બની જઈશ."

"ઢીંગલી?" ડોકટર ગાસ્પાર બોલી ઊઠ્યો. "આ બધું શું છે?"

પ્યારા વાચકો, મને ખાતરી છે કે હવે તમને વાત બરાબર સમજાઈ ગઈ હશે. બીચારા ડૉકટરને જેટલી ઉત્તેજના અને ફિકરના ભોગ બનવું પડ્યું છે એટલી હેરાનગતિ તમારે નથી સહેવી પડી એટલે તમારાં મન સ્વસ્થ છે અને તમે વાતને વધારે સહેલાઈથી સમજી શકો એમ છો.

જરા વિચાર તો કરો, બીચારા ડૉકટરને બે દિવસથી એક કલાક જેટલી પણ નીંદર મળી નથી. એની સહનશક્તિ [illegible] ...ાર એ [illegible] છે.

લાગતુ [illegible]

"સુઓક, તું આટલી નાની હોવા છતાં અદ્‌ભુત અભિનેત્રી છો. ગઈ વસંતના દિવસોમાં આપણે 'મૂરખ રાજા'નો મૂંગો ખેલ કરેલો ત્યારે તેં કોબીજની સોનેરી દાંડીની ભૂમિકા ખૂબ સરસ ભજવેલી.

"વળી નૃત્યનાટિકામાં તેં ચિત્રપલટાની ભૂમિકા ભજવેલી અને ચક્કીવાળો ચાની કીટલીમાં પલટાઈ જાય છે એ કામ ખૂબ જ સરસ કરી દેખાડેલું. તું બીજા કોઈ કરતાં વધારે સારી રીતે નાચ કરી જાણે છે અને તારો કંઠ બહુ જ મીઠો છે. એ ઉપરાંત તું કલ્પનાની પાંખો પણ ધરાવે છે. પણ સૌથી વધારે મહત્ત્વની વાત તો એ છે કે તું બહાદુર અને બુદ્ધિશાળી બાળકી છે."

સુઓકનો ચહેરો ખુશીથી ચમકી ઊઠ્યો. આટલાં બધાં વખાણ સાંભળીને તેના ગાલે શરમના શેરડા પડ્યા.

"હવે તારે વારસદાર તુત્તીની ઢીંગલીની ભૂમિકા ભજવવાની છે."

સુઓકે તાળીઓ પાડી અને વારાફરતી સૌને બચી ભરી: પહેલાં તિબુલને, પછી ઘરડા ઑગસ્ટને, અને છેલ્લે ડૉક્ટર ગાસ્પારને.

"ઊભી રહે," તિબુલ બોલ્યો. "વાત હજી પૂરી નથી થઈ. તને તો ખબર છે કે હથિયારગર પ્રોસ્પેરોને ત્રણ ફાંદાળાના મહેલમાં પાંજરામાં પૂરી રાખવામાં આવ્યો છે. તેને છોડાવવો એ તારું કામ."

"મારે પાંજરું ખોલવું પડશે?"

"હા, અને પ્રોસ્પેરોને મહેલમાંથી ભાગી છૂટવામાં મદદરૂપ થાય એવી એક ગુપ્ત બાબત હું જાણું છું."

"ગુપ્ત બાબત?"

"હા. મહેલની નીચે એક ગુપ્ત ભોંયરું છે."

પછી તિબુલે સૌને ફુગ્ગાવાળાની વાત કરી.

"ભોંયરાનો છેડો એક મોટા દેગડામાં છે, ઘણું કરીને મહેલના રસોડામાં હશે. તારે એ દેગડો ગોતી કાઢવો પડશે."

"બહુ સારું."

સૂરજ હજી નહોતો ઊગ્યો પણ પંખી જાગી ગયાં હતાં. બારણાની બહાર ખુલ્લી જગ્યામાં ઊગેલું ઘાસ હવે લીલું દેખાતું હતું. અજવાળું થયું એટલે ખબર પડી કે પાંજરામાં બેઠેલું વિચિત્ર જનાવર તો એક સાધારણ રાતું શિયાળ જ છે.

"વખત વેડફવો પાલવે એમ નથી! ખૂબ દૂર જવાનું છે."

"પણ પહેલાં તું તારું સરસમાં સરસ ફો[illegible]" ડૉક્ટર ગાસ્પારે કહ્યું.

[illegible]

સુઓકે પોતે જ સીવ્યાં હતાં. કોઈ પણ પ્રતિભાશાળી અભિનેત્રીની જેમ તેની રુચિ બહુ સરસ હતી.

ડૉક્ટર ગાસ્પારે ફ્રૉકનો રંગબેરંગી ઢગલો વીંખી નાખ્યો અને આખરે એક ફ્રૉક પસંદ કરીને કહ્યું:

"મને લાગે છે કે આ ચાલશે. તૂટેલી ઢીંગલીના ફ્રૉક કરતાં આ જરાય ઊતરતું નથી. પહેરી લે!"

સુઓકે ફ્રૉક પહેરી લીધું. પ્રભાતનાં પ્રથમ સૂર્યકિરણોમાં ઊભી ઊભી સુઓક વરસગાંઠને દિવસે બનીઠનીને રૂપાળી બનેલી કોઈ પણ બાલિકા કરતાં વધારે રૂપાળી લાગતી હતી. તેનું ફ્રૉક ગુલાબી હતું. તે ચાલતી ત્યારે એ ફ્રૉક જાણે સોનેરી વર્ષાબિંદુઓથી છવાયેલું હોય એવું લાગતું હતું.

"હું તૈયાર છું," સુઓક બોલી.

વિદાય લેવામાં તેમને ફક્ત એક જ મિનિટ લાગી. સરકસના ખેલાડીઓને આંસુ ન ગમે. તેમને તો પોતાની જિંદગી વારંવાર જોખમમાં મૂકવી પડતી હોય છે. વળી ભેટીને પ્યાર કરી લેવાનો પણ પ્રસંગ નહોતો કેમ કે એથી તો સુઓકનું ફ્રોક ચોળાઈ જાય.

"જલદી પાછી આવજે, બેટી!" વૃદ્ધ ઑગસ્ટે બીચારાએ એટલું જ બોલીને નિસાસો નાખ્યો.

"હું કામદારોનાં ઘરો તરફ રવાના થઈ જાઉં. કેટલા માણસો બચ્યા છે તેની અમારે ચોકસાઈ કરવાની છે. કામદારો મારી વાટ જોઈને બેઠા હશે. તેમને ખબર પડી ગઈ છે કે હું જીવતો છું અને છૂટો છું," એટલું કહેતાં તિબુલે ડગલી શરીરે વીંટાળી, પહોળી પટ્ટીવાળી ટોપી માથે મૂકી, આંખે ઘેરા રંગનાં ચશ્માં ચડાવ્યાં, અને 'કેરોની સફર' નામના ખેલમાં તુર્કી આદમી લગાવતો હતો એ મોટું નકલી નાક પોતાના નાક ઉપર ગોઠવી દીધું.

હવે તેને કોઈ ક્યારેય ઓળખે એમ નહોતું. મોટું જબરું નાક તેનો દેખાવ ભારે કદરૂપો બનાવી દેતું હતું પણ એ જ એક સલામત ઉપાય હતો.

વૃદ્ધ ઑગસ્ટ ઉંબરામાં ઊભો રહ્યો. ડૉકટર, સુઓક, અને તિબુલ કાર્નિવલના વૅગનનાં પગથિયાં ઊતરી ગયાં.

દિવસ ઊગી ગયો હતો અને સૂરજનો ચળકતો પ્રકાશ ચોમેર ફેલાઈ ગયો હતો.

"જલદી કરો! જલદી કરો!" ડૉકટર બોલ્યો.

એક મિનિટમાં ડૉકટર અને સુઓક ગાડીમાં ગોઠવાઈ ગયાં.

"બીક લાગે છે?" ડૉકટરે પૂછ્યું.

જવાબમાં સુઓકે હોઠ મલકાવ્યા. ડૉકટરે તેને કપાળે બચી ભરી.

રસ્તા હજુ સૂમસામ હતા. ક્યાંય કોઈ અવાજ ભાગ્યે જ સંભળાતો હતો. અચાનક જોરથી ભસવાનો અવાજ કાને પડયો. પછી એક કૂતરાનો રાગડો સંભળાયો, જાણે કેમ કોઈ તેનું હાડકું લઈ લેતું હોય.

ડૉકટરે ગાડીની બારીમાંથી બહાર નજર નાખી.

કલ્પના કરો! લાપિતૂપ પહેલવાનને જે કૂતરાએ બટકું ભરી લીધું હતું એ જ કૂતરો ડૉકટરની નજરે પડયો! પણ કૂતરો એકલો નહોતો.

ડૉકટરને બીજું પણ કંઈક દેખાયું. કૂતરાએ દાંત વડે ગુલાબી રંગની કોઈ સુંદર ચીજ પકડેલી હતી. વિચિત્ર દેખાવનો સૂટ પહેરેલો અને તીડ જેવો દેખાતો નાનકડા માથાનો એક પાતળો ઊંચો આદમી ઝટકા મારીને એ ગુલાબી ચીજને ખેંચી રહ્યો હતો. ગુલાબી રૂંછાં ચોગમ ઊડી રહ્યાં હતાં.

આખરે આદમીની જીત થઈ. તેણે એ વસ્તુ ખેંચી લીધી અને તેને છાતી સરસી ચાંપીને તે ડૉક્ટરની ગાડી જે દિશામાંથી આવી રહી હતી એ જ દિશામાં દોડવા લાગ્યો.

તે દોડતો દોડતો ગાડીની સમીપ પહોંચ્યો ત્યારે ડૉક્ટરના ખભા પાછળથી બહાર જોતી સુઓકને કશુંક ભયંકર દેખાયું. એ વિચિત્ર માણસ દોડતો નહોતો પણ મોટી મોટી ફાળ ભરીને મનોહર રીતે ઊડતો હતો. ખરેખરા બેલે નૃત્યકારની જેમ તેના પગ જાણે જમીનને અડતા જ ન હોય એમ લાગતું હતું. તેના કોટના લીલા છેડા પવનચક્કીના હાથાની જેમ પવનમાં લહેરાતા હતા. અને તેના હાથમાં... છાતીમાં કાળા જખમ ધરાવતી બાલિકા હતી.

“અરે, આ તો હું જ છું,” સુઓક ચીસ પાડી ઊઠી. તે બેઠક ઉપર ફસકાઈ પડી અને પોતાનું માથું તેણે પોચા તકિયામાં છુપાવી દીધું.

તેની ચીસ સાંભળીને દોડતા આદમીએ પાછળ જોયું. ડૉક્ટર ગાસ્પારે તેને તરત જ ઓળખી લીધો. એ તો એક-દો-તીન નાચમાસ્તર હતો.

પ્રકરણ નવમું

ઢીંગલીને ભૂખ લાગી

વારસદાર તુત્તી ઝરૂખામાં ઊભો હતો. તેનો ભૂગોળ-શિક્ષક દૂરબીન વડે દૂર દૂર સુધી નજર ફેરવી રહ્યો હતો. તુત્તીની ઇચ્છા હતી કે શિક્ષક કંપાસ પણ લેતો આવે પણ સાચું જોતાં કંપાસની મુદ્દલ જરૂર નહોતી.

વારસદાર તુત્તી ઢીંગલીની વાટ જોઈ રહ્યો હતો.

બધી ગરબડધમાલ પછી રાતે તુત્તીએ સરસ લાંબી નીંદર ખેંચી કાઢી હતી.

નગરના દરવાજા તરફથી મહેલ તરફ આવતો રસ્તો ઝરૂખેથી દૂર સુધી જોઈ શકાતો હતો. નગરનાં મકાનોની છતો પાછળથી સૂરજ ઉપર ચડી રહ્યો હતો અને તેનાં કિરણોથી તુત્તીની આંખો અંજાઈ રહી હતી. તેણે કિરણોથી બચવા હાથ ઊંચો કર્યો, આંખોના ડોળા આમતેમ ફેરવ્યા, અને જાણે છીંક આવતી હોય એમ નાક વાંકુંચૂકું કર્યું.

"હજી તો કોઈ દેખાતું નથી," શિક્ષક બોલ્યો.

નજર રાખવાનું મહત્ત્વનું કામ શિક્ષકને સોંપવામાં આવ્યું હતું કેમ કે પોતાના વ્યવસાયને કારણે તે અંતરોનો, ક્ષિતિજોનો, હલની

ચીજોનો, અને એવી જ બીજી બાબતોનો અંદાજ આંકવાની સૌથી વધારે લાયકાત ધરાવતો હતો.

"ચોક્કસ કંઈ નથી દેખાતું?" તુત્તી વારંવાર પૂછતો રહેતો.

"દલીલ ન કરો. આ દૂરબીન ઉપરાંત હું જ્ઞાન અને વસ્તુઓનો ચોક્કસ ખ્યાલ પણ ધરાવું છું. મને જૂઈની વેલ દેખાય છે. જૂઈનું લેટિન નામ ખૂબ સુંદર અને ખૂબ અઘરું છે. એથી દૂર પુલ આવેલા છે અને ત્યાં સિપાહીઓ ઊભા છે. સિપાહીઓની આસપાસ પતંગિયાં ઊડી રહ્યાં છે. એથીયે દૂર પાક્કો રસ્તો છે. અરે! ઊભા રહો! ઊભા રહો!"

તેણે દૂરબીનના કાચ એક તરફ વાળ્યા. વારસદાર તુત્તી આતુરતાથી પગના અંગૂઠા ઉપર ઊભો થઈ ગયો. તેનું દિલ જોરથી ધડકવા લાગ્યું.

"હા, ગાડી જ છે!" શિક્ષક બોલ્યો.

બરાબર એ જ વખતે મહેલના ઉપવનમાંથી ત્રણ ઘોડેસવાર બહાર નીકળ્યા. એ ઘોડેસવારો કેપ્ટન બોનાવેન્તુરા અને તેના આદમીઓ હતા અને તેઓ દૂરથી આવની દેખાયેલી ગાડીની સામે જવા નીકળ્યા હતા.

તુત્તી એટલા જોરથી ખુશીનો ચિત્કાર કરી ઊઠયો કે દૂર દૂરનાં ગામડાંનાં બતક જવાબમાં તીણા અવાજે બોલી ઊઠયાં.

ઝરૂખાની નીચે જમીન ઉપર એક કસાયેલા પટાબાજને ખાસ એટલા માટે ઊભો રાખવામાં આવ્યો હતો કે વારસદાર તુત્તી ઉત્તેજનામાં ઝરૂખાની પથ્થરની પાળ ઉપરથી નીચે પડી જાય તો તેને જમીન ઉપર પડતાં પહેલાં જ પકડી લે.

ડૉક્ટર ગાસ્પારની ગાડી ધડેડાટ કરતી મહેલ પાસે પહોંચી રહી હતી. હવે દૂરબીનની કે ભૂગોળ-શિક્ષકના વૈજ્ઞાનિક જ્ઞાનની જરાય જરૂર ન રહી. ગાડી અને ધોળો ઘોડો મહેલમાંથી સૌકોઈને દેખાતાં હતાં.

કેવી ખુશીની ઘડી! ગાડી આખરી પુલ પાસે ઊભી રહી કે તરત જ સિપાહીઓ બાજુ પર ખસી ગયા. વારસદાર તુત્તી જોરજોરથી હાથ હલાવવા લાગ્યો અને આમતેમ ઠેકડા મારવા લાગ્યો. ઠેકડા મારવાથી તેની સોનેરી લટો ફરફરી રહી હતી. તુત્તી જેની વાટ જોઈ રહ્યો હતો એ ઢીંગલી આખરે તેની નજરે પડી. એક નાનકડો વૃદ્ધ માણસ ગાડીમાંથી કઢંગી રીતે નીચે ઊતર્યો. સિપાહીઓ આદરપૂર્વક સલામ કરીને ઊભા રહ્યા. નાનકડા આદમીએ અજબ ઢીંગલીને ગાડીમાંથી બહાર કાઢી. ઢીંગલી જાણે તાજાં ગુલાબી ફૂલોનો રિબન વડે બાંધેલો ગુચ્છો હોય એવી લાગતી હતી.

પ્રભાતના આસમાનની નીચે સૂર્યનાં તેજસ્વી કિરણોથી ચળકતા ઘાસ ઉપરનું એ દૃશ્ય અદ્ભુત હતું.

એક મિનિટમાં ઢીંગલી મહેલની અંદર પહોંચી ગઈ.

ઢીંગલી પોતાની મેળે જ ચાલી રહી હતી.

વાહ! સુઓક પોતાની ભૂમિકા સરસ રીતે ભજવી રહી હતી! તે અચાનક જ ચારે તરફથી ઢીંગલીઓ વડે ઘેરાઈ ગઈ હોત તો એ બધી ઢીંગલીઓએ પણ તેને ઢીંગલી જ માની લીધી હોત.

સુઓક તદ્દન સ્વસ્થ હતી. તેને પોતાને પણ ખયાલ હતો કે પોતે ભૂમિકા સારી રીતે ભજવી રહી છે.

"બીજાં કેટલાંય કામ આનાથી ખૂબ વધારે અઘરાં છે," તેને થયું. "દાખલા તરીકે, જલતા દીવાઓનો ખેલ કરી બતાવવો કે બેવડી ગુલાંટ મારવી..."

સુઓક સરકસમાં કામ કરતી ત્યારે તેણે એ બન્ને કામ કર્યાં હતાં.

એટલે તેને જરાય બીક નહોતી લાગતી. પોતાની આ નવી રમત તેને તો ઊલટી ગમી પણ ગઈ હતી. ખરેખર ફિકરમંદ આદમી તો ડૉક્ટર ગાસ્પાર હતો. સુઓકની પાછળ પાછળ તે અંદર ગયો. બેલે નૃત્યની કોઈ કલાકાર જાણે પગના અંગૂઠાના આધારે ચાલતી હોય એવી રીતે સુઓક પોતાના સુકુમાર પગ માંડી રહી હતી. ચાલવાથી હલતા ફ્રૉકમાં લહેરીઓ ઊઠી રહી હતી અને સર્‌સર્‌ અવાજ થઈ રહ્યો હતો.

પૉલિશ કરેલો ભોંયપટ તેજના ચમકારા મારી રહ્યો હતો અને નાનકડી બાળકીનું પ્રતિબિંબ તેમાં ગુલાબી વાદળ જેવું દેખાતું હતું. વિશાળ ખંડોને ચળકતો ભોંયપટ અધિક ઊંચાઈનો આભાસ આપતો હતો અને ચોતરફ ગોઠવેલા આરસાઓને કારણે ખંડો વધારે મોટા લાગતા હતા. એવા વિશાળ ખંડોમાં નાનકડી સુઓક સાવ ટચૂકડી લાગતી હતી.

શાંત જળની સપાટી ઉપર ફૂલ ભરેલી નાનકડી ટોપલી તરતી હોય એવી તે દેખાતી હતી.

સુઓક આગળ પગલાં માંડતી ગઈ. તેના મોં ઉપર ખુશીનું સ્મિત ફરકતું હતું. તે સિપાહીઓને વટાવતી, ચામડાનો યુનિફૉર્મ અને બખતર ધારણ કરીને ઊભેલા આદમીઓને વટાવતી, આગળ ચાલતી ગઈ. એ લોકો અંજાયેલી નજરે તેને જોતા રહ્યા. પછી તે મહેલના અમલદારો પાસેથી પસાર થઈ. એ અમલદારો પોતાની જિંદગીમાં પહેલી જ વાર મલકી રહ્યા હતા.

સુઓક પસાર થઈ ત્યારે તેઓ આદરપૂર્વક પાછળ હઠી ગયા, જાણે કેમ સુઓક જ મહેલની સાચી માલિકણ હોય અને મહેલનો કબજો લેવા આવી પહોંચી હોય.

સુઓક હળવાં કદમ માંડીને ચાલી રહી હતી. તેનાં ડગલાંનો અવાજ ફૂલની પાંદડી પડવાના અવાજથી જરાય વધારે નહોતો. પણ એવી નીરવતા છવાઈ ગઈ હતી કે તેનાં ડગલાંનો અવાજ ખંડમાં સાફ સંભળાઈ રહ્યો હતો.

દરમિયાનમાં, તેના જેટલો જ તેજસ્વી એક નાનકડો કિશોર પહોળા દાદરા ઉપરથી દોડતો નીચે આવી રહ્યો હતો. એ નાનકડો કિશોર હતો વારસદાર તુત્તી.

બન્નેની ઊંચાઈ એકસરખી જ હતી.

સુઓક ઊભી રહી ગઈ.

"તો વારસદાર તુત્તી આવો દેખાય છે!" તેના મનમાં વિચાર ઝબક્યો.

તેની સામે ઊભેલો પાતળો કિશોર કોઈ ગુસ્સે ભરાયેલી નાનકડી બાળકી જેવો વધારે લાગતો હતો. તેની આંખો રાખોડી હતી અને તેનના ચહેરા ઉપર આછી ગમગીની છવાયેલી દેખાતી હતી. ગુચ્છાદાર લટોથી ભરેલું તેનું માથું જરાક એક તરફ નમેલું હતું.

વારસદાર તુત્તી કોણ છે તેની સુઓકને ખબર હતી. ત્રણ ફાંદાળા કોણ છે એ પણ સુઓક જાણતી હતી. આખા દેશના ગરીબ અને ભૂખ્યા લોકો જેટલું લોખંડ, જેટલા કોલસા, અને જેટલું અનાજ પેદા કરતા હતા એ બધું ત્રણ ફાંદાળા હડપ કરી જતા હતા. પોતાની

ઉપર નિર્દય નોકરોને છૂટા મૂકી દેનારી ઠસ્સાદાર બાનુ તેને બરાબર યાદ હતી. ત્રણ ફાંદાળા, ઠસ્સાદાર બાનુઓ, છેલછબીલાઓ, દુકાનદારો, અને સિપાહીઓ — એ સૌ એક બીજાના મળતિયા છે, તેમણે જ હથિયારગર પ્રોસ્પેરોને લોખંડના પાંજરામાં પૂરી દીધો છે, અને એ લોકો જ હવે પોતાના દોસ્ત બજાણિયા તિબુલની પાછળ પડયા છે, એ બધું સુઓક જાણતી હતી.

પોતે મહેલમાં જવા નીકળી ત્યારે સુઓકે ધારેલું કે વારસદાર તુત્તી પણ ભયાનક છોકરો હશે, પેલી ઠસ્સાદાર બાનુ જેવો જ હશે, ફેર ફક્ત એટલો જ હશે કે તુત્તીના મોંમાંથી એક લાંબી જીભ બહાર લટકતી હશે.

પણ જ્યારે તેણે વારસદાર તુત્તીને નજરે જોયો ત્યારે તેના દિલમાં જરાય નફરત પેદા ન થઈ. સાચું પૂછો તો તેને મળીને સુઓકને ખૂબ ખુશી થઈ.

તેણે પોતાની રાખોડી આંખો તુત્તી તરફ ફેરવીને ખુશીભરી નજરે તેની સામે જોયું.

"ઢીંગલી, તું આવી ગઈ?" બોલતાં તુત્તી ઢીંગલીના હાથને અડયો.

"અરે ભગવાન! હવે શું કરું?" સુઓકને ખરેખરી બીક લાગી. "ઢીંગલીઓ બોલતી હશે? ઓહ, બોલવાની બાબતમાં તો મને કોઈએ કશું જ સમજાવ્યું નથી! સિપાહીઓએ ભાંગી નાખેલી ઢીંગલી શું શું કરતી તેની મને તો ખબર જ નથી."

ડૉક્ટર ગાસ્પાર વહારે આવ્યો.

વારસદાર તુત્તીને ઉદ્દેશીને તેણે કહ્યું: "નામદાર, આપની ઢીંગલીને મેં સાજી કરી દીધી છે! આપ જુઓ છો તેમ મેં ઢીંગલીને પાછી જીવતી કરી દીધી છે એટલું જ નહિ, મેં ઢીંગલીને પહેલાં કરતાં પણ વધારે અદ્‌ભુત બનાવી દીધી છે. ઢીંગલી પહેલાં કરતાં વધારે રૂપાળી બની ગઈ છે અને તેણે મનોહર નવું ફ્રોક પરિધાન કર્યું છે. પણ સૌથી વધારે મહત્ત્વની વાત તો એ છે કે મેં તમારી ઢીંગલીને બોલતાં, ગાતાં, અને નાચ કરતાં શીખવી દીધું છે.

"કેવી મઝા!" તુત્તી કોમળ અવાજે બોલ્યો.

"શરૂઆત કરી દેવાની ઘડી આવી ગઈ છે," સુઓકે મનમાં નક્કી કરી લીધું.

અને પછી બ્રિઝાક કાકાના કાર્નિવલની નાનકડી અભિનેત્રીએ નવા રંગમંચ ઉપર પોતાની કલાનાં પ્રથમ કદમ માંડયાં.

નવો રંગમંચ એટલે મહેલનું ભવ્ય નૃત્યભવન. સુઓકનું નૃત્ય નીરખવા પ્રેક્ષકોની વિશાળ સંખ્યા ભેગી થઈ ગઈ હતી. ચોગમ લોકોનાં ટોળાં જામી ગયાં હતાં — દાદરા ઉપર, આવવા જવાના માર્ગોમાં, ઝરૂખામાં, બધે ઠેકાણે લોકોની ઠઠ જામી ગઈ હતી. લોકો ગોળ બારીઓમાંથી નજર નાખી રહ્યા હતા અને વધારે સારી રીતે જોવા સારુ થાંભલાઓ ઉપર પણ ચડી ગયા હતા.

અત્યંત વિવિધ રંગો અને છાયાઓ ધરાવતાં અનેક માથાં અને અનેક ખભા સૂરજના તેજસ્વી પ્રકાશમાં ચળકી રહ્યાં હતાં.

સુઓકે જોયું કે પોતાને નીરખી રહેલા બધા ચહેરા મલકી રહ્યા છે.

ત્યાં રસોડામાં કામ કરતા છોકરા હતા—તેમની આંગળીઓ ઉપરથી મીઠી ચાસણી અને ચીકણા સોસનાં ટીપાં ઝાડના કાપેલા થડમાંથી ટપકતા રસની જેમ ટપકી રહ્યાં હતાં; ત્યાં રંગબેરંગી ફ્રૉક-કોટ પહેરેલા વજીરો હતા—તેઓ જાણે કપિઓએ મોરલા બની જવા માટે પીંછાં ખોસ્યાં હોય એવા લાગતા હતા; ત્યાં તંગ કોટ પહેરેલા નાનકડા ગોળમટોળ સંગીતકારો હતા, હજૂરિયા હતા, ઠસ્સાદાર બાનુઓ હતી, ખૂંધવાળા ડૉક્ટરો હતા, લાંબાં નાકવાળા વિદ્વાનો હતા, વાંકડિયા વાળવાળા કાસદો હતા; ત્યાં વજીરો જેવાં ભભકાદાર કપડાં પહેરેલા નોકરચાકરો હતા. આખી મેદની જે કંઈ હાથમાં આવ્યું તેનો ટેકો લઈને ખડકાઈ ગઈ હતી.

દરેક વ્યક્તિ ચુપ હતી. નાનકડી ગુલાબી ઢીંગલીને સૌ થંભેલા શ્વાસે નીરખી રહ્યાં હતાં. એ બધાંની નજર સાથે સુઓકે પોતાની નજર બાર વરસની અભિનેત્રીને છાજે એવી અદાથી મેળવી. તે જરાય શરમાઈ ન ગઈ. જ્યાં સુઓકે લગભગ દરરોજ ખેલ કરી બતાવેલા એ ચૌટાચકલાઓના પ્રેક્ષકો કરતાં આ પ્રેક્ષકો ભાગ્યે જ વધારે તકાજા કરે. ઓહ, એ પ્રેક્ષકો તો ખરેખર ખૂબ જ તકાજા કરતા—એદી માણસો, સિપાહીઓ, અદાકારો, નિશાળનાં છોકરાં, અને નાનકડા ફેરિયા વગેરેનો શંભુમેળો તેમાં સામેલ રહેતો! પણ સુઓકને કદી તેમની બીક નહોતી લાગી. એ લોકો એમ જ કહેતા: "સુઓક તો આખી દુનિયાની સૌથી ઉત્તમ અભિનેત્રી છે!" અને એ લોકો પોતાનો આખરી નાનકડો સિક્કો પણ ઉછાળીને સુઓકની નાનકડી શેતરંજી ઉપર ફેંકી દેતા. એ આખરી સિક્કા વડે સમોસું ખરીદી શકાય, અને કોઈ બીચારા ગરીબ ફેરિયાને સવારે બપોરે ને સાંજે એ જ ખાવાનું મળતું હોય તે છતાં કશી પરવા વગર આખરી સિક્કો સુઓકને અપાઈ જતો.

એ રીતે, સુઓકે બોલતીચાલતી ઢીંગલીની ભૂમિકા ભજવવાનું શરૂ કરી દીધું.

તેણે પગના બન્ને અંગૂઠા ભેગા કર્યા અને ભેગા કરેલા અંગૂઠા ઉપર ઊભી રહીને તેણે પોતાના વાળેલા હાથ ઊંચા કર્યા તથા ચીનના રાજાની જેમ પોતાની ટચલી આંગળીઓ હલાવી. પછી તેણે ગાવાનું શરૂ કર્યું. તેનું માથું સંગીતના તાલની જોડે આમથી તેમ ડોલવા લાગ્યું.

તેનું સ્મિત ફૂટડું અને મસ્તીભર્યું હતું. પણ પોતાની આંખોને તે કોશિશ કરીને ખરી ઢીંગલીની જેમ મોટી મોટી અને ગોળ ગોળ રાખી રહી હતી.

સુઓકે આવું ગીત ગાયું:

> કરીને વિજ્ઞાનનો ચમત્કાર,
> અનુરૂપ નામનાને અપાર,
> ભલાઈના સાગર ડૉક્ટર ગાસ્પારે,
> કરી સજીવન ફરી એક વારે.

જુઓ — સ્મિત, નિશ્વાસ, અને હળવા બોલ સારા —
ફરીને અનુભવું હું જિંદગીના ધબકારા,
તમારી પ્યારી નાની બહેન હું,
આવી છું સંગે તમારી સદા રહેવા હું!
મિલનને પ્યારા ભાઈના હરદમ ઝંખતી,
સંગ સંગ વાતલડીના કોડ હૈયે ધરતી!
ન ભૂલીશ કદી પ્યારી બહેનીને,
મીઠું મધુરું નામ, સુઓક બહેનીને,
નિર્જીવ નહોતી, હું તો પડેલી નીંદરમાં,
ઊંડી અને નીરવ એવી ઘેરી નીંદરમાં,
સ્વપ્નમાં જોતી તને, ટપ ટપ ટપકતાં આંસુ,
ન સહેવાતાં ટપકી પડતાં મુજ નયનથીયે આંસુ.
જો — હું જાગી — મારી પાંપણ ફરકે,
પોપચાં ખૂલે, મોં મલકે, ફૂટે વાણીના અંકુર!
ભાઈ પ્યારા, જિંદગી ફરીને મારી ધબકે,
સુઓક તુજ બહેની આવી, લઈને હેતનાં અંકુર!

"સુઓક," તુત્તીનું ગળું ભરાઈ આવ્યું. તેની આંખોમાંથી આંસુ ટપકી પડયાં.

ઢીંગલીએ ગીત પૂરું કર્યું અને પછી પ્રેક્ષકોની સામે નમ્રતાથી માથું નમાવ્યું. સૌએ પ્રશંસાનો ઊંડો શ્વાસ લીધો. સૌ હલચલ કરવા લાગ્યાં, માથું હલાવવા લાગ્યાં, અને જીભ વડે બચકારા બોલાવવા લાગ્યાં.

સાચેસાચ, ગીત ખૂબ જ મધુર હતું, જોકે આટલા કુમળા અને નિર્મળ અવાજ માટે જરાક ગમગીન ગણાય. તેનો કંઠ અદ્ભુત હતો. એમ લાગતું હતું કે જાણે ચાંદી અને કાચના કંઠમાંથી સૂર રણકી રહ્યા હોય.

"પરી જેવો કંઠ છે," સંગીતચાલક બોલ્યો.

"પણ ગીતના શબ્દો જરાક વિચિત્ર હતા," મહેલનો એક અમલદાર બોલ્યો. તેની છાતી ઉપર લટકતાં મેડલ ખખડી ઊઠયાં.

એથી વધારે ટીકા કોઈએ ન કરી. ત્રણ ફાંદાળા નૃત્યભવનમાં દાખલ થયા. આટલી મોટી ઠઠ જોઈને ત્રણ ફાંદાળા કદાચ ગુસ્સે થઈ જાય એવી બીકે બધાં ઉતાવળથી બારણાં તરફ

ધસી ગયાં. એ કારણે પેદા થયેલી ગરબડધમાલમાં રસોડાના એક છોકરાનો ચાસણીથી ચીકણો થઈ ગયેલો હાથ દરબારની એક રૂપસુંદરીના વાંસામાં લાગી ગયો. રૂપસુંદરી ચમકીને ચીસ પાડી ઊઠી અને બધાને તરત જ ખબર પડી ગઈ કે રૂપસુંદરીના દાંત તો નકલી છે કેમ કે દાંતનાં ચોકઠાં તેના મોંમાંથી હેઠાં પડી ગયાં. સિપાહીઓના એક જાડા કૅપ્ટનનો ગંદો કદરૂપો બૂટ એ સુંદર નકલી દાંત ઉપર પડયો. કર્‌ર્‌ર્‌ કર્‌ર્‌ર્‌ અવાજ થયો અને કૅપ્ટનની પાછળ પાછળ આવતો કારભારી બબડયો:

"ફરસ ઉપર સૂકાં ફળ વેરી દીધાં છે! કેવો ભયંકર અવાજ થાય છે! શરમની વાત છે!"

જેના નકલી દાંતનો ભુક્કો થઈ ગયો હતો એ રૂપસુંદરીએ પોતાનો રોષ જાહેર કરવાની કોશિશ કરી. તેણે હાથ પણ ઊંચા કર્યા, પણ અફસોસ! દાંત વગર બીચારી ફક્ત ગણગણાટ જ કરી શકી અને તેની વાત કોઈ સમજ્યું નહિ.

થોડી વારમાં જ નૃત્યભવનમાં કોઈ બહારનું માણસ રહ્યું નહિ. કેવળ સૌથી મોટા અમલદારો જ રોકાઈ ગયા હતા.

સુઓક અને ડૉક્ટર ગાસ્પારનો ત્રણ ફાંદાળાની જોડે મોઢામોઢ ભેટો થઈ ગયો.

એક દિવસ પહેલાંની ઘટનાઓને કારણે ત્રણ ફાંદાળા ફિકરમાં પડી ગયા હોય એમ નહોતું લાગતું. ત્રણેય ફાંદાળા ઉપવનમાં દડાની રમત રમીને આવ્યા હતા. તેઓ રમતા હતા ત્યારે ફરજ ઉપરનો ડૉક્ટર તેમની ઉપર બારીક ધ્યાન રાખતો હતો. તેમને માટે એ કસરત આરોગ્યદાયક હતી. ત્રણેય ફાંદાળા ખૂબ થાકી ગયા હતા. તેમના ચહેરા ઉપર પરસેવો ચળકી રહ્યો હતો. પરસેવાથી તેમનાં ખમીસ પીઠ જોડે ચોંટી ગયાં હતાં અને તેમની પીઠ પવન ભરેલા સઢ જેવી લાગતી હતી. એકની આંખ ઉપર પડેલો ઉઝરડો કોઈ બદસૂરત ગુલાબ જેવો કે રૂપાળા દેડકા જેવો દેખાતો હતો. એ ઉઝરડાને બીજો ફાંદાળો ખેદભરી નજરે જોઈ રહ્યો હતો.

"આણે જ પેલાના મોં ઉપર દડો માર્યો હશે અને પેલાની આંખ ઉપર ઉઝરડો પડી ગયો હશે," સુઓકે ધારણા કરી.

ઉઝરડાવાળો ફાંદાળો ગુસ્સામાં હુંકારા કરી રહ્યો હતો. ત્રણેય ફાંદાળા એક નજરે તાકીને ઢીંગલીને જોવા લાગ્યા અને ડૉક્ટર ગાસ્પારે અનિશ્ચિત ભાવે મોં મલકાવ્યું, વારસદાર તુત્તીનો ખુશીથી ચમકતો ચહેરો જોઈને ત્રણ ફાંદાળા ખુશમિજાજમાં આવી ગયા.

"તો તમે છો ડૉક્ટર ગાસ્પાર આર્નેરી, ખરું?" એક ફાંદાળો બોલ્યો.

ડૉક્ટરે માથું નમાવ્યું.

"ઢીંગલીની શું હાલત છે?" બીજા ફાંદાળાએ પૂછ્યું.

"અદ્‌ભુત!" તુત્તી જોરથી બોલી ઊઠયો.

ત્રણ ફાંદાળાએ તુત્તીને આટલો બધો ખુશ પહેલાં ક્યારેય નહોતો જોયો.

"સરસ! લાગે છે તો સાચે જ ખૂબ સુંદર."

પહેલા ફાંદાળાએ કપાળ ઉપરથી પરસેવો લૂછ્યો અને તે ગુસ્સામાં ઘૂરકીને બોલ્યો:

"ડૉકટર ગાસ્પાર, અમારા હુકમનું તમે પાલન કર્યું છે એટલે હવે તમારું ઇનામ માગી લો."

એક પળ ચુપકી છવાઈ ગઈ.

ડૉકટરની ઇચ્છા લખી લેવા માટે એક ઠીંગણો સેક્રેટરી હાથમાં કલમ પકડીને તૈયાર ઊભો રહી ગયો. તેના માથા ઉપર રાતા રંગના નકલી વાળની વિગ હતી.

ડૉકટર બોલ્યો:

"વિદ્રોહીઓની હત્યા માટે ગઈકાલે કચેરીચોકમાં દસ માંચડા ખડા કરવામાં આવ્યા છે."

એક ફાંદાળો વચ્ચે જ બોલી ઊઠયો: "એ બધાને આજે ખતમ કરી નાખવામાં આવશે."

"હું એ વિશે જ વાત કરી રહ્યો છું. મારી વિનંતિ આ છે: એ બધા કેદીઓને જિંદગી અને આઝાદી બક્ષો. મોતની સજા રદ કરો અને માંચડા બાળી નાખવાનો હુકમ કરો."

આ શબ્દો સાંભળીને રાતી વિગવાળો સેક્રેટરી ત્રાસ પામી ગયો અને તેના હાથમાંથી કલમ હેઠી પડી ગઈ. કલમની ટાંકની અણિ ખૂબ તીણી હતી. કલમ બીજા ફાંદાળાના પગ ઉપર પડી અને ટાંકની અણિ તેના પગની આરપાર ભોંકાઈ ગઈ. તે ચીસ પાડી ઊઠયો અને પછી સાજા એક પગ ઉપર ચક્કર ચક્કર ફરવા લાગ્યો. જેના મોં ઉપર ઊંડો ઉઝરડો થઈ ગયો હતો એ પહેલો ફાંદાળો દ્વેષભાવે હસી પડયો કેમ કે તેને બરાબર બદલો મળી ગયો.

"શયતાન! ટાંક તીર જેવી અણિદાર છે!" પગમાંથી કલમ ખેંચી કાઢતાં બીજા ફાંદાળાએ બરાડો પાડયો. "આ તો ગુનાહિત માગણી છે! આવી માગણી કરવાની તમને હિંમત જ કેવી રીતે થઈ?"

રાતી વિગવાળો સેક્રેટરી જીવ બચાવવા ભાગ્યો. ભાગતાં ભાગતાં તેણે પાડી નાખેલી ફૂલદાની બૉંબ ફાટયો હોય એવો ધડાકો કરતી ભોંયપટ ઉપર અફળાઈ. હાલત ખૂબ વણસી રહી હતી. બીજા ફાંદાળાએ પગમાંથી કલમ ખેંચી કાઢીને તેને ભાગી જતા સેક્રેટરી ઉપર ફેંકી. પણ એટલા જાડા માણસમાં ભાલો સરખી રીતે ફેંકવાની આવડત ન જ હોય! કલમ એક સિપાહીના શરીરમાં ભોંકાઈ ગઈ. પરંતુ તે વફાદાર સિપાહી હતો એટલે તેણે ચૂં પણ ન કર્યું. સિપાહીની બદલી થઈ ત્યાં સુધી કલમ તેના શરીરમાં એમ જ ભોંકાયેલી રહી.

"હું માગણી કરું છું કે જે જે કામદારોને મોતની સજા કરવામાં આવી છે એ બધાને છોડી મૂકો. મારી માગણી છે કે દસે દસ માંચડા બાળી નાખવામાં આવે," ડૉકટરે પોતાની માગણી ધીમા પણ મક્કમ અવાજે ફરી વાર જાહેર કરી.

"ના! ના! ના! કદી નહિ! એ સૌને તો ખતમ કરી જ નાખવાના છે!" ત્રણેય ફાંદાળાએ જવાબમાં રાડારાડી કરી મૂકી. જાણે પાટિયાં ચિરાતાં હોય એવો શોર મચી ગયો.

"મરી જવાનો ઢોંગ કર," ડૉક્ટર ગાસ્પારે ધીરેથી ઢીંગલીના કાનમાં કહ્યું.

સુઓક તરત જ સમજી ગઈ. પગના અંગૂઠા ઉપર ઊભી રહીને તેણે દયાજનક રીતે ઊંહકારો ભર્યો અને તેનું શરીર લથડ્યું. તેનાં કપડાં પકડાઈ ગયેલા પતંગિયાની પાંખોની જેમ ફફડી ઊઠયાં, તેનું માથું એક તરફ ઢળી ગયું, અને તે પડી જવા જેવી થઈ ગઈ.

તુત્તી એકદમ તેની પાસે દોડી ગયો.

"અરે, દોડો! દોડો! મદદ! મદદ!" તેણે દેકારો મચાવી દીધો.

સુઓકે પહેલાં કરતાં પણ વધારે દયાજનક રીતે ઊંહકારો ભર્યો.

"જોયું?" ડૉક્ટર બોલ્યો. "ઢીંગલીનો જીવ પાછો નીકળી જશે. ઢીંગલીની અંદર ગોઠવેલી સ્પ્રિંગો બહુ જ નાજુક છે. મારી વાત નહિ માનો તો ઢીંગલી સદાને માટે ખરાબ થઈ જશે. પોતાની ઢીંગલી નકામા ગુલાબી ચીંથરા જેવી થઈ જાય તો નામદાર વારસદાર તુત્તી રાજી નહિ જ થાય!"

તુત્તી ભયંકર ગુસ્સે થઈ ગયો. તેણે હાથીના બચ્ચાની જેમ પગ પછાડયા. તેણે આંખો સખત મીચી દીધી અને તે માથું ધુણાવવા લાગ્યો.

"ના! ના!" તેણે ચીસ પાડી. "ડૉક્ટરની વાત માની લો! મારી ઢીંગલીને નહિ મરવા દઉં! સુઓક! સુઓક!" તુત્તી રડી પડયો.

બેશક, ત્રણ ફાંદાળાને નમતું જોખવું જ પડયું. તેમણે એ જ ઘડીએ હુકમ કરી દીધો. માફીની જાહેરાત કરવામાં આવી. ડૉક્ટર ગાસ્પાર ખૂબ ખુશ થઈને ઘર તરફ રવાના થઈ ગયો.

"હવે તો હું આખો દિવસ અને આખી રાત બસ ઊંઘીશ જ ઊંઘીશ," રસ્તામાં તેણે વિચાર્યું.

ડૉક્ટર નગરમાં દાખલ થયો ત્યારે ચોરેચૌટે લોકોનાં ઝુંડ ઊભાં ઊભાં વાતો કરતાં હતાં કે કચેરીચોકમાં માંચડા આગમાં બળી રહ્યા છે. મોતની સજા રદ થઈ ગઈ એટલે ધનવાન લોકો ખૂબ ગુસ્સે થઈ ગયા.

સુઓક ત્રણ ફાંદાળાના મહેલમાં રહી ગઈ.

તુત્તી તેને લઈને બગીચામાં ગયો.

નાનકડો વારસદાર ફૂલની ક્યારીઓને ખૂંદતો ચાલ્યો, ઠેસ ખાઈને કાંટાળા તારની વાડ ઉપર પડી ગયો, અને હોજમાં પડી જતાં માંડ માંડ રહી ગયો. તે ખુશીમાં એટલો બધો મસ્ત થઈ ગયો હતો કે પોતે ક્યાં જઈ રહ્યો છે તેનું પણ તેને ભાન નહોતું રહ્યું.

"આને દેખાતું નહિ હોય કે હું તો જીવતી બાળકી છું?" સુઓકને અચંબો થયો. "મને તો કોઈ આવી રીતે મૂરખ ન જ બનાવી શકે."

થોડી વારમાં નાસ્તો પીરસવામાં આવ્યો. સુઓકે પેસ્ટ્રી જોઈ. તેને યાદ આવ્યું કે એક વરસ પહેલાંની શરદના દિવસોમાં પેસ્ટ્રીનો એક કકડો પોતે જિંદગીમાં પહેલી જ વાર ખાધેલો. ઘરડા ઑગસ્ટે તો એમ જ કહેલું કે આ પેસ્ટ્રી નથી, આ તો મીઠી ડબલરોટી છે. વારસદાર તુત્તીને પીરસવામાં આવેલી પેસ્ટ્રી ખૂબ જ સરસ હતી. પેસ્ટ્રીને ફૂલનો ઢગલો સમજીને તેની ઉપર મધમાખીઓ ગણગણી રહી હતી.

"હવે મારે શું કરવું?" સુઓક ઉદાસ ભાવે વિચારવા લાગી. "આમ તો ઢીંગલીઓ જાણે ખાય નહિ. પણ ઢીંગલીઓ તો તરેહ તરેહની હોય... અરે ભગવાન, પેસ્ટ્રીનો એક કકડો ખાવા મળે તો કેવી મઝા આવે!"

સુઓકથી રહેવાયું નહિ.

"મને પણ એક નાનકડો કકડો દે," તે હળવે અવાજે બોલી. તેના ગાલ શરમથી લાલ લાલ થઈ ગયા.

"વાહ! ખૂબ સરસ!" તુત્તી મલકી ઊઠયો. "પહેલાં તો તું ક્યારેય ખાતી નહોતી. એકલા એકલા ખાતાં મને તો ભયંકર કંટાળો આવતો. વાહ! કેવી મઝા! હવે તો તને ભૂખ પણ લાગે છે!"

સુઓકે એક ટચૂકડું બટકું ખાધું. પછી બીજું, અને ત્રીજું બટકું ખાધું. અચાનક તેને ભાન થયું કે દૂરથી તુત્તીની ઉપર ધ્યાન રાખનારો નોકર પોતાને એક નજરે તાકીને જોઈ રહ્યો છે. નોકર સુઓકને એક નજરે જોઈ રહ્યો હતો એટલું જ નહિ, તેની નજરમાં ભયની ભૂતાવળ નાચી રહી હતી.

નોકરનું મોં પહોળું થઈ ગયું હતું.

અને બીચારાની એવી દશા સ્વાભાવિક જ હતી.

તેણે ઢીંગલીને ખાતી કદી નહોતી જોઈ.

સુઓક ડરી ગઈ. પેસ્ટ્રીનો ચોથો કકડો તેના હાથમાંથી પડી ગયો. એ કકડો સૌથી પોચો હતો અને તેની ઉપર ચાસણીમાં બોળેલી દ્રાક્ષ હતી.

પણ બધું સુખરૂપ સમેટાઈ ગયું. નોકરે આંખો ચોળી અને મોં બંધ કરી દીધું.

"મનના તરંગ જ હશે," તેણે મનમાં વિચાર્યું. "ગરમી એવી સખત છે કે માથું જ ભમી જાય!"

તુત્તી બોલ બોલ કરતો જ રહ્યો. આખરે બીચારો થાકીને ચુપ થઈ ગયો.

દિવસ ચડી ગયો હતો અને ગરમી વધી ગઈ હતી. બધે નીરવતા છવાઈ ગઈ હતી. ગઈકાલનો પવન ફૂંકાઈને ખતમ થઈ ગયો હતો. બધું નિશ્ચલ થઈ ગયું હતું. પંખીઓ પણ ક્યાંક સંતાઈ ગયાં હતાં.

એવે વખતે તુત્તીની પાસે ઘાસ ઉપર બેઠેલી સુઓકને કાને કોઈ વિચિત્ર અવાજ પડયો. જાણે કેમ રૂમાં લપેટેલું ઘડિયાળ ટીક ટીક કરતું હોય તેમ અવાજ ફરી ફરીને થતો રહ્યો..ફેર કેવળ એટલો જ હતો કે ઘડિયાળ તો ટીક ટીક કરે પણ આ અવાજ ઠપ ઠપ જેવો હતો.

"આ તે શું હશે?" સુઓક બોલી.

"શું તે શું હશે?" તુત્તીએ પૂછ્યું, અને તેણે મોટા માણસની જેમ અચંબામાં ભવાં ઊંચાં કર્યાં.

"આ ઠપ ઠપ અવાજ. ઘડિયાળ તો નહિ હોય ને? તારી પાસે ઘડિયાળ છે કે?"

પાછી નીરવતા છવાઈ ગઈ. પણ વળી પાછો ઠપ ઠપ અવાજ સંભળાયો. સુઓકે આંગળી ઊંચી કરી. તુત્તી પણ કાન સરવા કરીને સાંભળવા લાગ્યો.

"ના, આ અવાજ ઘડિયાળનો નથી," તુત્તી ગમગીન ભાવે બોલ્યો. "આ તો મારા લોઢાના દિલના ધબકારાનો અવાજ છે."

-JI-

પ્રકરણ દસમું

ચીડિયાખાનામાં

બે વાગ્યે વારસદાર તુત્તીને અભ્યાસખંડમાં જવું પડયું. એ તેનો ભણવાનો વખત હતો. સુઓક એકલી પડી ગઈ.

બેશક, કોઈને સ્વપ્નમાં પણ ખ્યાલ નહોતો કે સુઓક જીવતી બાળકી છે. નાચમાસ્તર એક-દો-તીનના હાથમાં પડેલી વારસદાર તુત્તીની મૂળ ઢીંગલી કદાચ એટલી જ જીવંત દેખાવની રહી હશે. કોઈ ખરેખરા કુશળ કારીગરે એ ઢીંગલી બનાવી હશે. એ ઢીંગલી ખાતી નહોતી એ વાત સાચી. પણ વારસદાર તુત્તીની વાતેય કદાચ સાચી હોય. બનવા જોગ છે કે એ ઢીંગલીને બીચારીને કદાચ ભૂખ જ ન લાગતી હોય. એ જે હોય તે, સુઓક અત્યારે એકલી પડી ગઈ હતી.

હાલત મનને મૂંઝવી નાખે એવી હતી.

વિશાળ મોટો મહેલ, છેડા નજરે ન પડે એટલી લાંબી પરસાળો, અનેક બારણાં, દાદરા, અને ઝરૂખા!

વળી બિહામણા સિપાહીઓ, રંગીન વિગ પહેરેલા વિચિત્ર કરડા માણસો, સર્વત્ર નીરવતા અને ભપકો.

કોઈને ઢીંગલીની ફિકર નહોતી.

સુઓક વારસદાર તુત્તીના સૂવાના ખંડમાં બારી પાસે ઊભી હતી.

"મારે હવે તરકીબ ઘડી કાઢવી જ જોઈએ," તેણે વિચાર્યું. "પ્રોસ્પેરોનું લોખંડનું પાંજરું તુત્તીના ચીડિયાખાનામાં છે. એટલે મારે પહેલાં તો એ ગોતી કાઢવું જોઈએ કે ચીડિયાખાનું ક્યાં છે."

કોઈ જીવતાં બાળકો તુત્તીને કદી જોવા દેવામાં નહોતાં આવ્યાં એ તો આપણે જાણીએ જ છીએ. તુત્તીને નગરમાં કદી નહોતો લઈ જવામાં આવ્યો, બંધ ગાડીમાં બેસાડીને પણ નહિ. તે મહેલમાં જ મોટો થયો હતો. તેને વિવિધ વિષયો ભણાવવામાં આવતા અને તેના શિક્ષકો તેને નિર્દય રાજાઓ તથા યોદ્ધાઓની કહાણીઓ કહી સંભળાવતા. તેની પાસે જનારા કોઈ પણ માણસને મોં મલકાવવાની પણ છૂટ નહોતી. તેના બધા શિક્ષકો અને માસ્તરો ઊંચા પાતળા ઘરડા આદમીઓ હતા. તેમના હોઠ સદા સખત ભિડાયેલા રહેતા અને તેમના ચહેરાનો રંગ માટી જેવો હતો. તે ઉપરાંત, એ બધા અપચાના રોગે પીડાતા હતા અને જે માણસને અપચો હોય તેનું મોં કદી મલકે જ નહિ.

ખુશીના હાસ્યનો રણકાર વારસદાર તુત્તીએ કદી સાંભળ્યો જ નહોતો. મહેલની મુલાકાતે આવતા કોઈ જાડિયા ખાટકીનું અથવા ત્રણ ફાંદાળાનું પોતાનું દારૂના ઘેનમાં કરેલું અટ્ટહાસ્ય તેને ક્યારેક સંભળાઈ જતું ખરું. પણ એ કંઈ ખરેખરું હાસ્ય થોડું જ ગણાય? ના, એ

તો ભયંકર ગર્જના જેવા અવાજો હતા અને તેને સાંભળીને તુત્તીને ખુશી ઊપજવાની વાત તો દૂર રહી, બીચારો ડરી જતો.

આખા મહેલમાં મોં ફક્ત એક ઢીંગલી જ મલકાવતી. પણ ઢીંગલીના સ્મિતને ત્રણ ફાંદાળા જોખમકારક નહોતા ગણતા. વળી ઢીંગલી કંઈ બોલી ન શકે. મહેલના ઉપવનમાં અને લોખંડના પુલો પાસે પહેરા ભરતા સિપાહીઓ તેની નજરથી જે વાતને છુપાવી રાખતા હતા તેને વિશે ઢીંગલી તો તુત્તીને કદી કંઈ જ ન જણાવી શકે. એટલે તુત્તીને બીચારાને લોકોની જિંદગી વિશે કશી જ ખબર નહોતી. ગરીબી, ભૂખ્યાં બાળકો, કારખાનાં, ખાણો, કારાવાસો અને કિસાનો વિશે તુત્તી કશું જ નહોતો જાણતો. ધનવાનો ગરીબો પાસે ગુલામી કરાવે છે અને પછી ગરીબોના કામથી ઘસાયેલા હાથો વડે પેદા થયેલી બધી દોલત પોતે હજમ કરી જાય છે તેની તુત્તીને મુદ્દલ ખબર નહોતી.

ત્રણ ફાંદાળા ઈચ્છતા હતા કે પોતાનો વારસદાર મોટો થઈને ઘાતકી તથા કમીનો આદમી બને. તેને બીજાં બાળકો જોડે રમવા નહોતો દેવામાં આવતો અને બદલામાં તેને માટે એક ખાસ ચીડિયાખાનું વસાવવામાં આવ્યું હતું.

"ભલે જનાવરોને જોયા કરે," ત્રણ ફાંદાળાએ નક્કી કર્યું. "એની પાસે એક નિર્જીવ ઢીંગલી તો છે જ. હવે આપણે એને હિંસક જંગલી જનાવરો ભેગાં કરી દઈએ. વાઘ કાચું માંસ કેવી રીતે ખાય છે અને અજગર જીવતાં સસલાંને કેવી રીતે ગળી જાય છે એ બધું એ ભલે જુએ. લોહીતરસ્યાં જનાવરોની ગર્જનાઓ એને સાંભળવા દો અને એ જનાવરોની સળગતી લાલ આંખોમાં એને નજર માંડવા દો. તો જ એ ઘાતકી બનતાં શીખશે."

પરંતુ ત્રણ ફાંદાળાની યોજના મુજબ બધું થયું નહિ.

વારસદાર તુત્તી અભ્યાસ બરાબર કરતો, નિર્દય રાજાઓ તથા યોદ્ધાઓની ભયાનક કહાણીઓ તે ધ્યાનથી સાંભળતો, પોતાના માસ્તરોનાં લાંબાં નાક તરફ તે ધિક્કારભરી નજરે જોતો, પણ તે નિર્દય બન્યો નહિ.

ચીડિયાખાનાનાં બધાં જનાવરો કરતાં તેને પોતાની ઢીંગલી વધારે વહાલી હતી.

કોઈને કદાચ એમ લાગે કે બાર વરસનો કિશોર ઢીંગલી જોડે રમવા માટે બહુ મોટો થઈ ગયો ગણાય. તેની ઉંમરના બીજા ઘણા છોકરા કદાચ વાઘના શિકારે જવાનું વધારે પસંદ કરે. પણ તુત્તીને ઢીંગલી બહુ વહાલી હતી તેનું એક ખાસ કારણ હતું. થોડી વારમાં જ એ કારણ તમને સમજાઈ જશે.

હવે આપણે પાછા સુઓક પાસે જઈએ.

સુઓકે સાંજ સુધી વાટ જોવાનું નક્કી કર્યું. ધોળે દિવસે ઢીંગલી મહેલમાં રખડવા નીકળે એ તો ભારે વિચિત્ર વાત લાગે.

અભ્યાસ પૂરો થયો એટલે તુત્તી પાછો આવ્યો.

"જરદાલુના ઠળિયા વડે? એમ તે કેવી રીતે બને?"

"તને ખબર નથી? જરદાલુના ઠળિયાની સિસોટી તેં ક્યારેય નથી જોઈ? એ તો ખરેખર સાવ સાદી વાત છે. મેં બાર ઠળિયા લીધા અને બાર સિસોટીઓ બનાવી. દરેક ઠળિયાને પથ્થર ઉપર એટલો ઘસ્યો કે તેમાં નાનકડું કાણું પડી જાય."

"વાહ, કેવી ગમ્મત!"

"હું ઠળિયા વડે સંગીતના સૂર રેલાવી શકું છું, બીજી ચીજો બજાવી શકું છું, અને ચાવી પણ સિસોટીની જેમ વગાડી શકું છું!"

"ચાવી? કેવી રીતે? મને બતાવ તો! મારી પાસે સરસ ચાવી છે."

તરત જ તુત્તીએ ખમીસના કૉલરનું બટન ખોલ્યું અને ગળામાં પહેરેલી પાતળી માળા બહાર કાઢી. માળામાં એક સફેદ ચાવી લટકાવેલી હતી.

"લે!"

"પણ આ ચાવીને ગળામાં શા માટે પહેરી રાખી છે?" સુઓકે પૂછ્યું.

"મહેલના કાઉન્સિલરે આપી છે. એક પાંજરાની ચાવી છે."

"બધાં પાંજરાંની ચાવીઓ ગળામાં જ પહેરી રાખે છે કે શું?"

"ના. પણ એ લોકોએ કહ્યું કે આ સૌથી વધારે મહત્ત્વની ચાવી છે અને ખૂબ જ સંભાળીને સાચવવાની છે."

સુઓકે પોતાની કરામત કરી બતાવી. તેણે ચાવીને હાથમાં ઊંધી પકડીને તેનું કાણું હોઠે લગાવ્યું અને ફૂંક વડે સરસ ધૂન બજાવી.

તુત્તી એટલો બધો રંગમાં આવી ગયો કે ચાવીની ખૂબ સંભાળ રાખવાની વાત સાવ ભૂલી જ ગયો. સુઓકે ગીતની ધૂન બજાવી લીધી એટલે જાણે અજાણતાં જ મૂકતી હોય એમ તેણે ચાવી પોતાના ખીસામાં મૂકી દીધી.

એટલામાં સાંજ પડી ગઈ.

ઢીંગલીને માટે એક ખાસ ખંડ તૈયાર કરવામાં આવ્યો હતો. એ ખંડ તુત્તીના સૂવાના ખંડની બાજુમાં જ હતો.

વારસદાર તુત્તી ઊંડી નીંદરને ખોળે પોઢી ગયો હતો. નીંદરમાં તેને વિચિત્ર સપનું આવ્યું. સપનામાં તેણે લાંબાં નાકવાળાં રમૂજી મહોરાં જોયાં, એક માણસને પોતાની ઉઘાડી પીળી પીઠ ઉપર મોટો જબ્બર પથ્થર ઊંચકીને જતો અને એક જાડિયાને એ પથ્થરવાળા માણસની ઉપર ચાબુકના ફટકા લગાવતો જોયો, એક ચીંથરેહાલ છોકરાને બટાકો ખાતો જોયો, અને રેશમી તથા લેસનાં કપડાં પહેરીને સફેદ ઘોડા ઉપર સવાર થયેલી એક બાનુને જરદાલુના બાર ઠળિયા વડે બેઢંગી ધૂન બજાવતી જોઈ.

બરાબર એ જ વખતે એ નાનકડા શયનખંડથી ખૂબ દૂર મહેલના ઉપવનના એક ખૂણામાં વિચિત્ર ઘટના બની રહી હતી. પ્યારા વાચકો, ફિકરમાં પડી જશો નહિ, એ ઘટના જરાય ભયંકર નહોતી. એ રાતે ફક્ત એકલા તુત્તીને જ સપનું નહોતું આવ્યું. વારસદાર તુત્તીના ચીડિયાખાના પાસે પહેરો ભરતા સિપાહીને પણ ઊંઘ આવી ગઈ. તેને પણ એક ખૂબ જ વિચિત્ર સપનું આવ્યું.

એ સિપાહી બીચારો પથ્થરના બાંકડા ઉપર બેઠો બેઠો કઠેરા ઉપર શરીર ટેકવીને નચિંત મને ઝોકાં ખાઈ રહ્યો હતો. ચળકતા મ્યાનમાં પડેલી તેની તલવાર તેના બે ગોઠણ વચ્ચે પડી હતી. કમ્મરે બાંધેલી કાળા રેશમની ભેટમાં પિસ્તોલ ખોસેલી હતી. બાજુમાં આવેલી રેતીની પગથી ઉપર એક ફાનસ પડયું હતું. ફાનસનું અજવાળું તેના બૂટ ઉપર પડતું હતું. ઉપર ઝાડનાં પાંદડાંમાંથી તેની બાંય ઉપર પડેલો એક લાંબો જીવડો ફાનસના અજવાળામાં ચાલતો દેખાતો હતો.

ચોમેર તદ્દન શાંતિ છવાયેલી હતી.

નીરવ વાતાવરણમાં બીચારા સિપાહીને ઊંઘ આવી ગઈ. ઊંઘમાં તેને એક અત્યંત અસાધારણ સપનું આવ્યું. સપનામાં તેણે જોયું કે વારસદાર તુત્તીની ઢીંગલી પોતાની પાસે આવી. ડૉક્ટર ગાસ્પાર આર્નેરી ઢીંગલીને સવારે મહેલમાં લઈ આવ્યો ત્યારે ઢીંગલી જેવી દેખાતી હતી એવી જ સપનામાં પણ દેખાતી હતી. ઢીંગલીએ એ જ ગુલાબી ફ્રૉક પહેર્યું હતું, એ જ રિબન બાંધી હતી, અને એ જ લેસ તથા ટીપકીઓની સજાવટ તેનાં કપડાં ઉપર હતી. ફેર માત્ર એટલો જ હતો કે સિપાહીના સપનામાં ઢીંગલી એક ખરેખરી જીવતીજાગતી છોકરી બની ગઈ હતી. તે સાવ જીવતા માણસની જેમ ચાલતી હતી અને થોડી થોડી વારે આસપાસ નજર ફેરવવા ઊભી રહી જતી હતી.

ફાનસના અજવાળામાં તેની આખી કાયા સાફ નજરે પડતી હતી.

ઊંઘમાં ને ઊંઘમાં સિપાહીએ મોં પણ મલકાવ્યું.

પછી તેણે એક નિસાસો નાખ્યો અને શરીરને હલાવીને વધારે આરામ મળે એવી રીતે ગોઠવ્યું. તેણે ખભો કઠેરા ઉપર ટેકવ્યો અને તેનું નાક કઠેરામાં જડેલા એક લોખંડના ગુલાબના આધારે ટેકવાઈ ગયું.

સુઓકે જોયું કે સિપાહી ઊંઘી ગયો છે એટલે તેણે ફાનસ હાથમાં ઉપાડી લીધું અને તે હળવે પગે ચાલતી ચીડિયાખાનાની વાડ પાછળ પહોંચી ગઈ.

સિપાહીનાં નસકોરાં જોરજોરથી બોલી રહ્યાં હતાં. ઊંઘમાં તેને એમ લાગ્યું કે એ અવાજ પાંજરાંમાં પુરાયેલા વાઘદીપડાની ગર્જનાનો અવાજ છે.

હકીકતમાં ચોમેર તદ્દન શાંતિ છવાયેલી હતી. બધાં જનાવર નીંદરમાં પડયાં હતાં.

ફાનસનું અજવાળું સાવ ઝાંખું હતું. સુઓક ધીરે ધીરે આગળ વધી. ચાલતાં ચાલતાં તે વારંવાર ડાબેજમણે નજર નાખી લેતી હતી. સદ્ભાગ્યે અંધારું આછું હતું. આકાશમાં ટમટમતા તારલિયા રાતને ઊજળી બનાવી રહ્યા હતા, અને ઉપવનની બત્તીઓ ઝાડોની તથા છતોની ઉપર ઝળહળી રહી હતી.

સફેદ ફૂલોથી છવાયેલા છોડવાઓની બે કતારો વચ્ચેનો એક ટૂંકો માર્ગ સુઓકે પાર કર્યો.

અચાનક તેને જનાવરોની ગંધ આવી. જનાવરોની ગંધને સુઓક બરાબર ઓળખતી હતી કેમ કે તેની ખેલમંડળીમાં એક વાર સિંહના ખેલ કરનારો એક માણસ પણ થોડા વખત માટે જોડાયો હતો. તેની પાસે ત્રણ સિંહ હતા અને એક મોટો કૂતરો હતો.

સુઓક એક નાનકડી ખુલ્લી જગ્યામાં પહોંચી ગઈ. ચારે તરફ પડતા કાળા પડછાયા નાનાં નાનાં ઘર જેવા દેખાતા હતા.

"આ રહ્યાં પાંજરાં," સુઓક મનમાં બોલી.

તેનું દિલ જોરથી ધડકવા લાગ્યું. તેને જનાવરોની બીક નહોતી કેમ કે સરકસના ખેલાડીઓ બીકણ ન જ હોય. તેને બીક તો એ વાતની હતી કે પોતાનાં પગલાંનો અવાજ અને ફાનસનું અજવાળું ક્યાંક એકાદ જનાવરને જગાડી દે અને જનાવર ઘુરકાટ કરવા લાગે તો સિપાહી જાગી જાય.

તે ધીરે ધીરે પાંજરાં તરફ ખસી.

"પ્રોસ્પેરો ક્યાં હશે?" સુઓક ચિંતા અનુભવતી વિચારવા લાગી.

તે ફાનસ ઊંચું કરીને પાંજરાંની અંદર જોવા લાગી. બધું તદ્દન શાંત હતું, ક્યાંય જરા પણ હલચલ નહોતી. ફાનસનું અજવાળું પાંજરાંના સળિયાથી ખંડિત થઈને અંદર ઊંઘતાં જનાવરો ઉપર પડયું.

તેને વાળથી છવાયેલા બે મોટા કાન દેખાયા, એક તરફ એક પંજો નજરે પડયો, બાજુમાં ચટાપટાદાર પીઠ દેખાઈ. પાંખ ફેલાવીને સૂતેલાં ગરુડપંખીઓ પ્રાચીન શિખરો જેવાં દેખાતાં હતાં. કેટલાંક પાંજરાંમાં બીજે છેડે વિચિત્ર આકારો લટકી રહ્યા હતા.

એક પાંજરું ચાંદીના પાતળા સળિયાથી જડેલું હતું. તેમાં નાની નાની ડાળખીઓ ઉપર કેટલાય પોપટ બેઠા હતા. એ પાંજરા પાસે ઊભી રહીને સુઓકે અંદર નજર નાખી ત્યારે તેને એમ લાગ્યું કે સળિયાની સાવ નજીક બેઠેલા લાંબી રાતી દાઢીવાળા એક ઘરડા પોપટે એક આંખ ઉઘાડીને જાણે પોતાની તરફ જોઈ લીધું હોય. પોપટની આંખ લીંબુના બી જેવી હતી.

એટલું જ નહિ, એ પોપટ જાણે ઊંઘવાનો ઢોંગ કરતો હોય એમ તેણે આંખ તરત જ પાછી બંધ કરી લીધી. સુઓકને તો પોપટની રાતી દાઢીમાં આછા મલકાટની છાયા પણ દેખાતી લાગી.

"મૂરખ બની ગઈ છું કે શું!" તે મનમાં બોલી. પણ તેને બીક તો લાગી જ.

ચોમેર છવાયેલી નીરવતામાં થોડી થોડી વારે ટકટક અવાજ સંભળાતા, ચર્ર્ર્ કરીને કંઈક કચરાતું હોય એવો અવાજ કાને પડતો, કે ચૂંચૂં થતું સંભળાતું.

તમે ક્યારેય રાતે તબેલામાં જાઓ અથવા મરઘાંના વાડા પાસેથી પસાર થાઓ તો તમને વિસ્મયકારક નીરવતાનો અનુભવ થશે; અને છતાંયે ભાતભાતના નાના અવાજો તમારે કાને પડશે: પાંખનો ફફડાટ, ઘરઘરાટ, પાટિયું દબાવાનો ચૂંચૂં અવાજ, કે પછી કોઈ ઊંઘતી મરઘીના ગળામાંથી અચાનક નીકળી પડતો ટૂંકો કર્ર્ર્ અવાજ.

"પ્રોસ્પેરો ક્યાં હશે?" સુઓકને હવે ખરેખરી ફિકર થવા લાગી. "તેનું માથું આજે ઉડાવી દેવામાં આવ્યું હોય અને તેના પાંજરામાં ગરુડપંખીને પૂરી દેવામાં આવ્યું હોય તો કેમ ખબર પડે?"

એટલામાં ઘોઘરો પણ હળવો સાદ તેને કાને પડ્યો:

"સુઓક!"

ઊંડા ઝડપી શ્વાસોચ્છ્વાસનો અવાજ તેને સંભળાયો, અને પછી કોઈ મોટા બીમાર કૂતરાના ઊંહકારા જેવા અવાજ કાને પડ્યા.

"ઓહ!" તેનું મોં પહોળું થઈ ગયું.

તેણે ફાનસ અવાજની દિશામાં ફેરવ્યું. અંધારામાં બે લાલ ટપકાં ઝગારા મારી રહ્યાં હતાં. પાંજરાની અંદર એક મોટું કાળું જનાવર રીંછની જેમ સળિયા પકડીને ઊભું હતું. તેનું માથું સળિયા ઉપર દબાયેલું હતું.

"પ્રોસ્પેરો!" સુઓક હળવે અવાજે બોલી.

તેના મનમાં અનેક વિચારો વીજળીની જેમ ઝબકી ગયા: "આટલો બધો કદરૂપો કેમ છે! તેનું આખું શરીર રીંછની જેમ વાળથી છવાયેલું છે. અને તેની આંખોમાં રાતા અંગારા છે. તેના હાથ લાંબા વળેલા પંજા જેવા છે. આ ઇન્સાન ન હોય, આ તો ગોરીલો લાગે છે!"

સુઓક રડું રડું થઈ ગઈ.

"આખરે તું આવી પહોંચી, સુઓક," ભયંકર જનાવર બોલ્યું. "મને ખાતરી હતી કે મરતાં પહેલાં મારી આંખો તને જોશે ખરી જ."

"હું તો તમને છોડાવવા આવી છું," સુઓક બોલી. તેના અવાજમાં ધ્રૂજારી હતી.

"હું આ પાંજરામાંથી જીવતો બહાર નહિ નીકળું. મારી આખરી ઘડી આવી ગઈ છે."

અને તેના ગળામાંથી વળી પાછા ભયંકર ઊંહકારાના અવાજ નીકળ્યા. જનાવર નીચે પછડાઈ ગયું. પણ જેમતેમ કરીને તે વળી પાછું ખડું થયું અને સળિયા જોડે દબાતું ઊભું રહ્યું.

"પાસે આવ, સુઓક!"

સુઓક નજીક ગઈ. એક ભયંકર ચહેરો [illegible] તરફ તાકી રહ્યો હતો. ના, આ તો ઇન્સાનનો ચહેરો ન જ હોય! ચહેરો વરુના લાંબા ડાચાને વધારે મળતો આવતો હતો. પણ સૌથી વધારે ડરામણી વાત તો એ હતી કે વરુના કાન ટૂંકા અક્કડ વાળથી છવાયેલા હોવા છતાં માણસના કાન જેવા આકારના હતા.

સુઓકને આંખો મીચી દેવાનું મન થયું. તેના ધ્રૂજતા હાથમાં ફાનસ ઊંચુંનીચું થઈ રહ્યું હતું અને પીળું અજવાળું હવામાં આમતેમ દોડાદોડી કરી રહ્યું હતું.

"સુઓક, તને મારી બીક લાગે [illegible] હવે હું ઇન્સાન જેવો નથી દેખાતો. પણ ડરતી નહિ. વધારે નજીક આવ. તું તો હવે મોટી થઈ ગઈ છે. અને પાતળી પણ. તારું મોં ખૂબ ઉદાસ છે."

તેને બોલવામાં ભારે મુશ્કેલી પડતી હતી. ધીરે ધીરે તે નીચે સરકતો જતો હતો અને

આખરે પાંજરાના લાકડાના તળિયા ઉપર ઢળી પડયો. તેનો શ્વાસ જોરથી ચાલતો હતો, તેનું મો ખૂલી ગયું હતું, અને મોંની અંદર પીળા લાંબા દાંતની બે હાર દેખાતી હતી.

"મારું મોત આવી પહોંચ્યું છે. પણ મરતાં પહેલાં હું તને જોઈશ જ તેની મને ખાતરી હતી."

વાંદરા જેવા વાળથી ભરેલા પોતાના બરછટ હાથ વડે તેણે આસપાસ ફંફોળીને અંધારામાં કંઈક ગોતવાની કોશિશ કરી. લાકડામાંથી ખીલી ખેંચાતી હોય એવો અવાજ થયો અને તેનો બિહામણો હાથ સળિયા વચ્ચેથી બહાર આવ્યો.

જનાવરના હાથમાં એક નાનકડું પાટિયું હતું.

"લે, આ લઈ લે. આમાંથી આખી વાત સમજાઈ જશે."

સુઓકે પાટિયું ખીસામાં સંતાડી દીધું.

"પ્રોસ્પેરો!" સુઓક હળવા સાદે બોલી.

પણ કંઈ જ જવાબ ન મળ્યો.

સુઓકે ફાનસ પાસે કર્યું. જનાવરના દાંત ખુલ્લા હતા. તેની ખુલ્લી આંખો શૂન્ય નજરે અનંતમાં તાકી રહી હતી.

"પ્રોસ્પેરો!" સુઓક ચીસ પાડી ઊઠી. તેના હાથમાંથી ફાનસ પડી ગયું. "અરે, મરી ગયો! ગયો! પ્રોસ્પેરો!" સુઓક રડી પડી.

ફાનસ ઓલવાઈ ગયું.

ખંડ ચાર

[illegible]

પ્રકરણ અગિયારમું

રસોડામાં ધમાધમ

સુઓક ફાનસ લઈ ગઈ તે પહેલાં ચીડિયાખાનાના દરવાજા પાસે ઊંઘી ગયેલા સિપાહીની ઊંઘ પશુપંખીઓના કોલાહલથી ભાંગવા લાગી.

જનાવરો ઘૂરકી રહ્યાં હતાં, ગરજી રહ્યાં હતાં, ચીસો પાડી રહ્યાં હતાં, અને પાંજરાંના લોઢાના સળિયા ઉપર પૂંછડીઓ ફટકારી રહ્યાં હતાં. પંખીઓ જોરજોરથી પાંખો ફફડાવી રહ્યાં હતાં...

સિપાહીએ એવડું મોટું બગાસું ખાધું કે તેનાં જડબાંમાં ટચાકા ફૂટયા. તેણે શરીર તાણીને આળસ મરડી અને મુઠ્ઠી વાળેલો પંજો કઠેરા ઉપર ઘસાતાં તે સફાળો જાગી ગયો.

સિપાહી એકદમ ખડો થઈ ગયો. ફાનસ અદૃશ્ય થઈ ગયું હતું. તેના માથા ઉપર તારા આછા આછા ટમટમી રહ્યા હતા. જૂઈનાં ફૂલની મધુર સુગંધ હવામાં ફેલાઈ રહી હતી.

"ભારે થઈ!" સિપાહી ઘોઘરા અવાજે બબડયો અને ખીજમાં થૂંક્યો. તેના થૂંકે ગોફણની કામગીરી કરી અને જૂઈનું એક ફૂલ ખરી પડયું.

જનાવરોનું સમૂહગાન વધારે ને વધારે જોર પકડતું જતું હતું.

સિપાહીએ ભયની ચેતવણીની સીટી વગાડી. એક જ પળમાં કેટલાય માણસો હાથમાં મશાલો પકડીને દોડતા તેની તરફ આવ્યા. મશાલો ભડભડ બળતી હતી. સિપાહીઓ ગાળો બકતા હતા. એક સિપાહીનો પગ પોતાની જ તલવાર જોડે અટવાઈ જતાં તે ધડાક દેતો જમીન ઉપર પડયો અને તેનું નાક બીજા એક સિપાહીના બૂટની એડી જોડે ઘસાયું.

"કોઈ મારું ફાનસ ચોરી ગયું!"

"કોઈ ચીડિયાખાનામાં ઘૂસી આવ્યું છે!"

"ચોર આવ્યા લાગે છે!"

"અરે, બંડખોરો હશે!"

લોહી ટપકતા નાકવાળો અને ભાંગેલી એડીવાળો તથા બીજા બધા સિપાહીઓ અંધારામાં અજાણ્યા દુશ્મનને ગોતવા નીકળી પડયા. તેમની મશાલોની રોશની રાતના અંધારાને ચીરતી હતી.

પણ ચીડિયાખાનામાં કશી શંકાભરી હલચલ તેમને જોવા ન મળી.

પોતાનાં ગંધાતાં મોં ફાડીને વાઘ ગર્જના કરી રહ્યા હતા. સિંહ પાંજરાંની અંદર બેચેનીથી આંટા મારી રહ્યા હતા. પોપટ ચીસાચીસ કરી રહ્યા હતા. તેમના ઠેકડા અને ફફડાટને કારણે પાંજરું કોઈ ઝગમગતા ચકડોળ જેવું લાગતું હતું. વાંદરાં હીંચકા ઉપર હીંચોળા લઈ રહ્યાં હતાં. અને રીંછ ઊંડા અવાજે ઘૂરકી રહ્યાં હતાં.

અજવાળું જોઈને અને દેકારાના અવાજ સાંભળીને જનાવરો વધારે બેચેન થઈ ગયાં.

સિપાહીઓએ એક એક પાંજરું તપાસી જોયું.

બધું બરાબર હતું.

સુઓકના હાથમાંથી પડી ગયેલું ફાનસ પણ સિપાહીઓને મળ્યું નહિ.

પણ લોહિયાળ નાકવાળો સિપાહી એકાએક બોલી ઊઠયો:

"આમ જુઓ!" અને તેણે પોતાની મશાલ ઊંચી કરી.

સૌની નજર ઉપર મંડાઈ ગઈ. ઝાડની લીલી ટોચ આકાશમાં કાળી દેખાતી હતી. પાંદડાં મુદ્દલ હલતાં નહોતાં. હવા સાવ બંધ હતી.

"દેખાય છે?" સિપાહીએ ઘાંટો પાડયો અને મશાલ હલાવી.

"હા, ગુલાબી રંગનું કંઈક છે."

"સાવ નાનકડું લાગે છે."

"એ બેઠું, પણે ઉપર."

"ગધેડા ક્યાંના! એટલીય ખબર નથી પડતી કે શું છે? એ તો પંખી છે પંખી. પાંજરામાંથી ઊડીને ઝાડ ઉપર બેસી ગયું છે."

જે સિપાહી ચીડિયાખાનાના દરવાજે પહેરો ભરતો હતો અને જેણે ભયની સીટી વગાડી હતી તે છોભીલો પડી ગયો.

"પંખીને નીચે ઉતારવું પડશે. તેણે જ બધાં જનાવરોને ઉશ્કેરી મૂક્યાં છે."

"બરાબર. અરે વૂર્મ, ચડી જા ઉપર, તું જ સૌથી નાનો છે."

વૂર્મ કહીને બોલાવવામાં આવેલો આદમી ઝાડ પાસે ગયો. તેને સમજાયું જ નહિ કે શું કરવું.

"ચડી જા ઉપર અને પકડી લાવ!"

પંખી ચુપચાપ બેઠું હતું. ઘેરાં પાંદડાંની વચ્ચે તેની પાંખોનો ગુલાબી રંગ ચળકારા મારી રહ્યો હતો.

વૂર્મ ટોપી કપાળે ખેંચીને પાછળ માથું ખજવાળવા લાગ્યો.

"મને બીક લાગે છે. આવાં પંખીડાંની ચાંચ ભારે તીણી હોય છે."

"માંડ પગ, ગધેડા! ચડી જા ઉપર!"

આખરે વૂર્મ ઝાડ ઉપર ચડવા લાગ્યો. પણ અરધે સુધી ચડીને તે થંભી ગયો, એક સેકંડ એમ ને એમ ઊભો રહ્યો, અને પછી સરકતો નીચે ઊતરી આવ્યો.

"મારાથી નહિ થાય! અને તમે લોકો મને જબરજસ્તી ઉપર નહિ જ ચડાવી શકો! મારું કામ પંખીઓ સામે લડવાનું નથી."

એટલામાં કોઈનો ગુસ્સાભર્યો તરડાતો અવાજ સંભળાયો. કોઈ અંધારામાં ઉતાવળું ઉતાવળું આવી રહ્યું હતું અને તેના બૂટ રેતી ઉપર ચચડાટી બોલાવતા હતા.

"અડશો નહિ!" ઘાંટો સંભળાયો. "એને ભડકાવશો નહિ!"

આવનાર માણસ ચીડિયાખાનાનાં પશુપંખીઓનો મુખ્ય રખેવાળ હતો. માણસ ભારે વિદ્વાન હતો અને વ્યવસાયે પ્રાણીશાસ્ત્રી હતો. જનાવરો વિશે જાણવા જેવું બધું જ તે જાણતો હતો.

ઘોંઘાટથી તે જાગી ગયો હતો.

રખેવાળ પાસે જ રહેતો હતો. તે બીચારો એટલી બધી ઉતાવળથી દોડી આવેલો કે રાતે પહેરવાની ટોપી હજી તેના માથા ઉપર જ હતી. નાકે ચોંટીને ચમકતા મોટા માંકડને ચપટીમાં લઈને ફેંકી દેવાનું ભાન પણ તેને નહોતું રહ્યું.

બેહૂદા સિપાહીઓના ધાડાએ ચીડિયાખાનામાં ઘૂસી જવાની હિંમત કરી છે અને કોઈ ગધેડા જેવો બેવકૂફ એક પંખીને પકડી લાવવા ઝાડ ઉપર ચડી રહ્યો છે એ જોઈને તે ખૂબ ખિજાઈ ગયો.

સિપાહીઓએ ખસી જઈને તેને માર્ગ આપ્યો.

રખેવાળે મોં ઊંચું કરીને ઉપર નજર નાખી. પાંદડાંની વચ્ચે કંઈક ગુલાબી સાફ નજરે પડતું હતું.

"અરે, આ તો અહીંનું ખાસ પંખી છે," રખેવાળ બોલ્યો. "આ મારું સારામાં સારું પંખી છે. એનો મિજાજ ભયંકર તીખો છે અને પાંજરામાં પુરાઈ રહેવાનું એને મુદ્દલ પસંદ નથી. એનું નામ લાઉરા છે. લાઉરા! લાઉરા!" રખેવાળે તીણા અવાજે સાદ પાડયા. "એની જોડે ખૂબ જ હેતથી કામ લેવું પડે છે. લાઉરા! લાઉરા! લાઉરા! આમ જો, લાઉરા!"

સિપાહીઓએ મોં બંધ રાખીને હસવું ખાળ્યું. એ ઠીંગણા ઘરડા આદમીએ રંગીન પહેરણ પહેર્યું હતું, પગમાં સ્લીપર ઘાલ્યાં હતાં, અને તેની રાતની ટોપીનું ફૂમતું છેક જમીન સુધી લટકતું હતું. કદાવર બાંધાના સિપાહીઓ, જલતી મશાલો, અને ઘૂરકતાં જનાવરોની વચ્ચે તે ખૂબ જ રમૂજી દેખાતો હતો.

પણ સૌથી રમૂજી કિસ્સો તો હવે બનવાનો હતો. રખેવાળ ઝાડ ઉપર ચડવા લાગ્યો. અને કહેવું જ પડે કે તેને ઝાડ ઉપર ચડતાં સરસ આવડતું હતું! સાફ વરતાતું હતું કે તેને માટે ઝાડ ઉપર ચડવાનો આ પ્રસંગ પહેલો નહોતો. એક, દો, તીન! તેના પગ પાંદડાંની વચ્ચે ચમકારા મારતા ગયા અને આખરે તેની ટૂંકી પણ જોખમી સફર પૂરી થઈ ગઈ.

"લાઉરા!" તેણે હેતથી ટહુકો કર્યો.

અને અચાનક ચોંકી જઈને તેણે પાડેલી ચીસે હવાને ચીરી નાખી. આખા ઉપવનમાં અને ઉપવનની બહાર એક માઈલના ઘેરાવામાં એ ચીસના પડઘા ફેલાઈ ગયા.

"શયતાન!"

ઝાડની ઉપર પંખીને બદલે કોઈ રાક્ષસ બેઠો હોય એમ લાગ્યું.

સિપાહીઓ પાછા હઠી ગયા. રખેવાળ ફંગોળાતો નીચે આવ્યો. સદ્‌ભાગ્યે એક ટૂંકી મજબૂત ડાળીએ તેના વેગને થંભાવી દીધો. તેનું રાતનું પહેરણ એ ડાળીમાં ભરાઈ ગયું અને તે ત્યાં જ લટકી ગયો.

તેના બીજા વિદ્વાન ભાઈઓએ પોતાના પુરાણા દોસ્તને એવી હાલતમાં જોયો હોત તો! કેવી દશા! તેને માઠું ન લાગે એટલા માટે સૌએ મોં બાજુ પર ફેરવી લીધાં હોત! હવામાં અદ્ધર લટકતો તે બીચારો એવો મૂરખ અને હાસ્યાસ્પદ લાગતો હતો કે બસ!

સિપાહીઓ ઊભી પૂંછડીએ નાઠા. તેમની જલતી મશાલોની જ્યોતિઓ હવાના ઝપાટાથી ચટાપટા જેવા આકારો રચવા લાગી. અંધારામાં એ મશાલો એવી લાગતી હતી કે જાણે દોડતા કાળા ઘોડાઓની કેશવાળીઓ સળગી ઊઠી હોય.

આખરે જનાવરો શાંત થઈ ગયાં. તેમનો રખેવાળ ચુપચાપ ડાળી ઉપર લટકતો રહ્યો. પણ મહેલમાં ધમાલ મચી ગયેલી હતી.

વિચિત્ર પંખી ઝાડ ઉપર જોવામાં આવ્યું તેથી લગભગ પંદરેક મિનિટ પહેલાં ત્રણ ફાંદાળાને બહુ જ માઠા સમાચાર મળ્યા હતા. વજીરોએ ત્રણ ફાંદાળાને આવો અહેવાલ આપ્યો હતો:

"નગરમાં ધાંધલ ફેલાઈ ગઈ છે. કામદારોએ હાથમાં પિસ્તોલો અને બંદૂકો ઉઠાવી લીધી છે. તેઓ સિપાહીઓની ઉપર ગોળીઓ છોડી રહ્યા છે અને બધા ફાંદાળા આદમીઓને નદીમાં ફગાવી દઈ રહ્યા છે.

"તિબુલ બજાણિયો છૂટો છે. નગરની આસપાસના લોકોને એકઠા કરીને તે સેના બનાવી રહ્યો છે.

"ઘણા સિપાહીઓ કામદારોની જોડે ભળી ગયા છે. તેઓ હવે ત્રણ ફાંદાળાની ગુલામી નથી કરવા માગતા.

"કારખાનાંનાં ધુમાડિયાંમાંથી ધુમાડો નીકળતો બંધ થઈ ગયો છે. બધાં મશીનો બેકાર પડયાં છે. ધનવાનો માટે કોલસા ખોદવા ખાણોમાં નીચે ઊતરવાનો ખાણિયાઓએ ઇનકાર કરી દીધો છે.

"કિસાનો જમીનદારોની સામે લડી રહ્યા છે."

વજીરોએ ત્રણ ફાંદાળાને એવા સમાચાર આપ્યા હતા.

હંમેશની જેમ, વિચાર કરવાની કોશિશમાં ત્રણેય ફાંદાળાનાં પેટ વધારે ને વધારે ફૂલતાં

ગયાં. ત્યાં ને ત્યાં આખી સ્ટેટ કાઉન્સિલની સામે જ ત્રણેય ફાંદાળાનું વજન એક એક રતલ વધી ગયું.

"ભારે થઈ!" પહેલો ફાંદાળો ત્રાસીને બોલી ઊઠયો: "સહન નથી થતું. ઓહ! ઓહ! મારું ખમીસ એકદમ તંગ થઈ ગયું છે!"

અને તેના ખમીસનો કૉલર ફટાક કરતો ફાટી ગયો.

"હું વધતો જ જાઉં છું!" બીજો ફાંદાળો ચિત્કાર કરી ઊઠયો. "મદદ! મદદ!"

અને ત્રીજો ફાંદાળો ગમગીન નજરે પોતાની વધતી જતી ફાંદ જોતો રહ્યો.

સ્ટેટ કાઉન્સિલને તત્કાળ શું કરવું તેનો નિર્ણય લેવો પડે એમ હતો. સૌથી પહેલાં તો ત્રણ ફાંદાળાનાં પેટને વધારે ફૂલતાં રોકવાનો ઈલાજ ગોતી કાઢવાનો હતો. એ ઉપરાંત નગરમાં ઊઠેલા બળવાને પણ દબાવી દેવાનો હતો.

ત્રણ ફાંદાળાના વજનને ઘટાડવા સ્ટેટ કાઉન્સિલે નિર્ણય લીધો:

"નાચ!"

"બેશક! એ જ એક ઉપાય છે! નાચ જ સૌથી સારી કસરત છે."

"સત્વર એક નાચમાસ્તર ગોતી કાઢો એટલે તે ત્રણ ફાંદાળાને બેલેનૃત્યની તાલીમ આપવાનું શરૂ કરી દે."

"હા, બરાબર છે," પહેલો ફાંદાળો બોલ્યો, "પણ..."

એ ઘડીએ સૌને ઘરડા પ્રાણીશાસ્ત્રીની ચીસ સંભળાઈ. ઝાડ ઉપર પોતાના માનીતા પંખીને બદલે શયતાનને જોઈને એ બીચારા બુઢ્ઢાના મોંમાંથી ચીસ નીકળી ગયેલી.

વજીરો સડસડાટ ચીડિયાખાનામાં દોડી ગયા.

ચારે બાજુથી ફક્ત હાંફવાનો જ અવાજ સંભળાવા લાગ્યો.

બદામી અને નારંગી રંગનાં સૌથી રૂપાળાં પતંગિયાંના ત્રીસ પરિવારો બીકના માર્યા ઉપવન છોડીને ચાલ્યા ગયા.

મશાલોનો સાગર લહેરાતો નજરે પડયો. ભડકે બળતું ભડભડ કરતું આખું વન જાણે અંધારામાં આગળ ધસી રહ્યું એમ લાગતું હતું.

એ લોકો ચીડિયાખાનાના દરવાજાથી લગભગ દસ વાર જેટલા દૂર રહ્યા હશે ત્યાં જાણે રસ્તો અવરોધાઈ ગયો હોય એમ સૌ અચાનક જ દોડતા અટકીને જમીન જોડે જડાઈ ગયા. એક જ ક્ષણમાં બધાએ દિશા પલટાવી નાખી અને રાડારાડી કરતા તથા ચીસો પાડતા સૌ પાછા ગયા. ભયભીત દશામાં સૌ એકબીજાની ઉપર પડતા આખડતા આમતેમ ભાગવા લાગ્યા. મશાલો જમીન ઉપર પડી ગઈ, આગ ફેલાવા લાગી, અને ધુમાડાના કાળા ગોટા આકાશમાં ઊંચે ચડવા લાગ્યા.

"ઓહ!"

"ઓય!"

"મદદ!"

ચીસોના પડઘા આખા ઉપવનમાં ફેલાઈ ગયા. ભડકા આકાશમાં લપકારા લેવા લાગ્યા અને નાસાનાસ તથા ધમાલની જગ્યાને રાતા અજવાળામાં ચળકાવવા લાગ્યા.

ચીડિયાખાનાને ફરતી બાંધેલી લોખંડની વાડ પાછળથી એક વિશાળકાય માણસ આવતો દેખાયો. પહોળાં મક્કમ કદમ ઉઠાવતો તે શાંત રીતે આગળ આવ્યો.

આગના ચળકાટમાં આગળ આવી રહેલો એ રાતા માથાવાળો અને ચમકતી આંખોવાળો આદમી કોઈ ભયંકર કુસ્વપ્ન જેવો લાગતો હતો. તેણે હાથમાં પકડેલી સાંકળનો બીજો છેડો એક ચિત્તાના ગળામાં બાંધેલો હતો. કોઈ શૂરવીરના ધ્વજ ઉપર ચીતરેલા સિંહની જેમ એ લીસું ટપકાંદાર જનાવર મજબૂત કોલરની પકડમાંથી છૂટવા વલખાં મારી રહ્યું હતું. તેની લાંબી રાતી જીભ તેના મોંમાંથી લપકારા કરતી ભીતરબહાર થઈ રહી હતી.

નાસી જતા આદમીઓમાંથી પાછળ ફરીને નજર નાખવાની હિંમત કરનારાઓએ જોયું કે એ આદમીના બીજા હાથમાં ચળકતાં ગુલાબી કપડાં પહેરેલી એક બાળકી બેઠી છે. ઘૂરકતા ચિત્તાથી બાળકી ખૂબ ડરી ગયેલી લાગતી હતી. ગુલાબની કળી જડેલાં સ્લીપરને વળેલા ગોઠણ નીચે દબાવીને તે પોતાના દોસ્તના ખભે સખત વળગીને બેઠી હતી.

"પ્રોસ્પેરો!" નાસતા દરબારીઓની રાડ ફાટી ગઈ.

"પ્રોસ્પેરો! પ્રોસ્પેરો!"

"મદદ!"

"ઢીંગલી!"

"ઢીંગલી!"

અને પ્રોસ્પેરોએ ચિત્તાને છૂટો મૂકી દીધો. નાસતા આદમીઓની પાછળ મોટી મોટી ફાળ ભરીને દોડતા ચિત્તાની પૂંછડી ફટકારા બોલાવી રહી હતી.

સુઓક ઠેકડો મારીને પ્રોસ્પેરોના હાથ ઉપરથી નીચે ઊતરી. ભાગતા માણસોએ પડતી મૂકેલી કેટલીય પિસ્તોલ જમીન ઉપર વેરવિખેર પડી હતી. સુઓકે ત્રણ પિસ્તોલ ઉપાડી લીધી. તેણે બે પિસ્તોલ પ્રોસ્પેરોને આપી દીધી અને એક પોતાના હાથમાં રાખી. પિસ્તોલનું કદ સુઓકના પોતાના કદ કરતાં અરધા જેટલું હતું. પણ એ ચળકતા કાળા હથિયારને વાપરતાં તેને આવડતું હતું. ગોળીબાર કરતાં તે સરકસમાં શીખી હતી.

"ચાલ!" પ્રોસ્પેરો બોલ્યો.

ઉપવનમાં ચાલતી ધમાલ વિશે ફિકર કરવાનો કે વીફરેલા ચિત્તા અંગે વિચાર કરવાનો તેમને વખત જ નહોતો.

તેમને તો જમીન નીચેનું ભોંયરું ઝટ ગોતી કાઢીને ભાગી છૂટવાની ઉતાવળ હતી.

તિબુલે જેની વાત કરેલી એ દેગડો ક્યાં હશે? ફુગ્ગાવાળો જેમાં થઈને ભાગી છૂટેલો એ ભેદી દેગડો ક્યાં હશે?

"રસોડા તરફ ચાલો!" દોડતાં દોડતાં હાથમાં પિસ્તોલ હલાવતી સુઓક બોલી.

છોડવામાંથી માર્ગ કરતાં અને ઊંઘતાં પંખીઓને ચોંકાવી દેતાં બન્ને કાળા અંધારામાં દોડવા લાગ્યાં. સુઓકનાં રૂપાળાં કપડાંની કેવી વલે થઈ ગઈ હતી!

અજવાળાથી ઝગમગતી એક બારી નીચે ઊભી રહી જતાં સુઓક બોલી ઊઠી: "અરે, મીઠી સુગંધ આવી રહી છે!"

ધ્યાન ખેંચવા માટે લોકો સામાન્ય રીતે કરે એમ આંગળી ઊંચી કરવાને બદલે તેણે પોતાની કાળી પિસ્તોલ ઊંચી કરી.

સિપાહીઓ દોડતા આવી પહોંચે તે પહેલાં જ બન્ને ઝાડની ટોચ ઉપર ચડી ગયાં. ટોચની ડાળીઓ ઉપરથી તેઓ એક જ સેકંડમાં મુખ્ય બારી ઉપર ઊતરી ગયાં.

આગલે દિવસે ફુગ્ગાવાળો ઊડતો ઊડતો જે બારીમાં થઈને અંદર પહોંચી ગયો હતો એ જ બારીએ બન્ને પહોંચી ગયાં હતાં.

એ બારી મહેલના રસોડાની બારી હતી.

મોડું થઈ ગયું હોવા છતાં અને બહાર આટલી બધી ધમાલ મચી ગઈ હોવા છતાં રસોડામાં તો પૂરજોશમાં કામ ચાલી રહ્યું હતું. બબરચીઓ અને સફેદ ટોપી પહેરેલા છોકરા આમતેમ દોડાદોડી કરી રહ્યા હતા. વારસદાર તુત્તીની ઢીંગલી પાછી આવી એ પ્રસંગની બીજે દિવસે ઉજવણી થવાની હતી અને ભોજન માટે ફળની એક ખાસ વાનગી તૈયાર થઈ રહી હતી. બબરચીઓએ નક્કી કર્યું કે કેક નથી બનાવવી કેમ કે વળી પાછો કોઈ ઊડતો મહેમાન આવીને ક્રીમ મલાઈ તથા ખૂબ લહેજતદાર ફળચાસણીને બરબાદ નહિ કરી નાખે તેની ખાતરી કેવી રીતે રાખી શકાય?

રસોડામાં બરાબર વચમાં ઊકળતા પાણીની એક મોટી દેગ પડી હતી. તેમાંથી નીકળતા સફેદ વરાળના ગોટા આખા ઓરડાને ભરી દેતા હતા. વરાળના ધુમ્મસથી ભરેલા રસોડામાં બેસીને ફળ કાપવામાં છોકરાઓને ભારે ગમ્મત પડી રહી હતી.

એટલામાં બબરચીઓને અને સુખડિયાઓને વરાળના ગોટાઓની આરપાર એક ભયંકર દૃશ્ય નજરે પડ્યું.

બારીની બહાર દેખાતી ડાળીઓ નીચે નમી ગઈ, તોફાન આવતાં પહેલાં પાંદડા ખખડે

એવો ખખડાટ થયો, અને બારીની પાળ ઉપર બે માણસ દેખાયાં: એક હતો રાતા માથાવાળો રાક્ષસ અને બીજી હતી એક નાનકડી બાળકી.

"હાથ ઊંચા કરો!" પ્રોસ્પેરોએ હુકમ છોડયો. તેના બેઉ હાથમાં એકેક પિસ્તોલ હતી.

"ખબરદાર, જરાય હલ્યા છો તો!" પિસ્તોલ ઊંચી કરીને સુઓક ગરજી.

બે ડઝન જેટલી સફેદ બાંયો હવામાં ફફડાટ કરવા લાગી. અજાણ્યા આગંતુકો પોતાના હુકમનું પુનરાવર્તન કરે તેની બબરચીઓ અને છોકરાઓએ વાટ ન જોઈ.

અને પછી દેગડાદેગડી હવામાં ઊછળવા લાગ્યાં!

ચળકતા કાચ અને ત્રાંબાનું આવી બન્યું. મહેલના રસોડાની ઊની ઊની મધુર સોડમની દુનિયા ખેદાનમેદાન થઈ ગઈ.

પ્રોસ્પેરો ભોંયરાવાળો દેગડો ગોતી રહ્યો હતો. તેને માટે અને તેને છોડાવનારી નાનકડી દોસ્ત માટે બચી છૂટવાનો ફક્ત એ એક જ માર્ગ હતો.

તેમણે દેગડા ઊંધા વાળી નાખ્યા, વાસણકૂસણ અને થાળીવાટકાનો વરસાદ વરસાવ્યો, કાચની ચીજો ધડાક કરતી ભોંય ઉપર પટકાઈને ભુક્કેભુક્કા થઈ જવા લાગી; નીચે વેરાતા લોટના ગોટા સહારાના રણમાં ઊઠતાં રેતીનાં તોફાનોની જેમ ઉપર ઊઠવા લાગ્યા; બદામ, કિસમિસ, અને ચેરીની ચાસણી ભોંય ઉપર બધે ફેલાઈ ગઈ; ઊંચા ઊંચા ઘોડા ઉપરથી ખાંડ પાણીના ધોધની જેમ નીચે પડવા લાગી; મીઠી ચાસણીનાં એક ફૂટ ઊંડાં પૂર રસોડામાં ભરાઈ ગયાં; પાણીના ફુવારા ઊડવા લાગ્યા, બધે ફળો ઊછળવા લાગ્યાં, અને થપ્પીમાં ગોઠવેલાં ત્રાંબાનાં વાસણો ફરસ ઉપર દડદડવા લાગ્યાં. બધું ઊંધુંચત્તું થઈ ગયું. ક્યારેક આપણને એવું સપનું આવે ખરું, પણ એ તો સપનું જ હોય અને સપનામાં આપણે મન ફાવે એમ કરી શકીએ.

"આમ જુઓ! આ રહ્યો દેગડો!" સુઓકે બૂમ પાડી.

જે ચીજની તલાશ હતી એ તેમને મળી ગઈ. દેગડાનું ઢાંકણું ખેદાનમેદાન ઢગલામાં ફગાવી દેવામાં આવ્યું અને તે જઈને ચીકણી ચાસણીના લાલ, લીલા, તથા પીળા તળાવમાં પડયું. પ્રોસ્પેરોએ જોયું કે દેગડાને તળિયું જ નથી.

"ઝટ અંદર ઊતરી જાઓ, પ્રોસ્પેરો! હું પાછળ પાછળ આવું છું," સુઓક બોલી.

હથિયારગર દેગડામાં ઊતર્યો. પોતે ભોંયરામાં અદૃશ્ય થઈ ગયો ત્યાર પછી તેને ઉપર રસોડામાંથી બૂમબરાડા સંભળાયા.

સુઓકને દેગડામાં ઊતરી જવાનો વખત જ ન મળ્યો. ઉપવનમાં અને મહેલમાં ત્રાસ વર્તાવીને ચિત્તો રસોડામાં આવી પહોંચ્યો. તેના શરીર ઉપર સિપાહીઓએ જ્યાં ઘા મારેલા ત્યાં લોહીનાં ધાબાં પડી ગયાં હતાં.

બબરચીઓ અને છોકરા સૌ દૂર એક ખૂણામાં ખડકાઈને ઊભા રહી ગયા. સુઓક પિસ્તોલને સાવ ભૂલી ગઈ અને તેણે ચિત્તા ઉપર એક ફળ ફેંક્યું.

ચિત્તો કૂદકો મારીને પ્રોસ્પેરોની પાછળ ધસ્યો અને માથું પહેલાં અંદર નાખીને દેગડામાં ઘૂસ્યો. તે લપસતો અંધારા સાંકડા ભોંયરામાં ઊતર્યો અને ફક્ત તેની પૂંછડી જ બહાર દેખાતી રહી. થોડી વારમાં પૂંછડી પણ દેગડામાં અદૃશ્ય થઈ ગઈ.

દહેશતમાં સુઓકના હાથ આંખો ઉપર ઢંકાઈ ગયા અને બીચારી વિલાપી ઊઠી:

"પ્રોસ્પેરો! પ્રોસ્પેરો!"

બબરચીઓ ખારમાં હસતા હસતા બેવડ વળી ગયા. બરાબર એ જ વખતે મહેલના સિપાહીઓ રસોડામાં ધસી આવ્યા. તેમના ગણવેશ ફાટી ગયા હતા, ચહેરા લોહીથી ખરડાઈ ગયા હતા, અને તેમણે હાથમાં પકડેલી પિસ્તોલોમાંથી હજુ ધુમાડો નીકળી રહ્યો હતો. એ સૌ ચિત્તાની સામે લડતા લડતા તેનો પીછો કરતા રસોડામાં આવી પહોંચ્યા હતા.

"ચિત્તો પ્રોસ્પેરોને પીંખી નાખશે! હવે મને કોઈ વાતની પરવા નથી. તમતમારે મને ગિરફતાર કરી લો," સુઓક ખૂબ સ્વસ્થતાથી બોલી. મોટી જબ્બર પિસ્તોલ પકડેલો તેનો નાનકડો હાથ એક તરફ નિશ્ચેતન લટકી રહ્યો.

એકાએક ગોળીબારનો ધડાકો સંભળાયો. ધડાકાનો અવાજ ભોંયરામાંથી આવ્યો હતો. પ્રોસ્પેરોએ ચિત્તાને ગોળીએ વીંધી નાખ્યો હતો.

સિપાહીઓ દેગડા ફરતા જમા થઈ ગયા. સૌના પગ ગોઠણ સુધી ચાસણીના તળાવમાં ડૂબેલા હતા.

એક સિપાહીએ ભોંયરામાં નજર નાખી. પછી તેણે હાથ અંદર ઘાલીને કોઈ ચીજ ખેંચી. બીજા બે સિપાહીઓ તેને મદદ કરવા લાગ્યા. ત્રણેએ તાકાત લગાવીને મરેલા ચિત્તાને પૂંછડી વડે બહાર ખેંચી કાઢ્યો.

"ખતમ," એક સિપાહી બોલ્યો, અને તેણે કપાળેથી પરસેવો લૂછ્યો.

"જીવતો છે! જીવતો છે! મેં એને બચાવી લીધો! જનતાના દોસ્તને મેં બચાવી લીધો!" સુઓક ખુશીના ઊભરામાં બોલી ઊઠી. બીચારી સુઓક! તેનાં કપડાં ફાટી ગયાં હતાં અને વાળમાં ગૂંથેલી તથા સ્લીપરો ઉપર જડેલી ગુલાબની કળીઓ સાવ ચોળાઈ ગઈ હતી.

ખુશીથી તેનું મોં ગુલાબી બની ગયું.

બજાણિયા તિબુલે સોંપેલું કામ તેણે પાર પાડ્યું હતું. હથિયારગર પ્રોસ્પેરોને તેણે બચાવી લીધો હતો.

"એમ વાત છે!" એક સિપાહી સુઓકનો હાથ પકડતો બોલ્યો. "જોઈએ તો ખરા કે હવે તું શું કરે છે, માનીતી ઢીંગલીબાઈ!"

"એને ત્રણ ફાંદાળા પાસે લઈ જાઓ."

"ત્રણ ફાંદાળા તને મોતની સજા ફરમાવશે."

"ગધેડો ક્યાંનો," સુઓક શાંત અવાજે બોલી અને પોતાના કપડાની ગુલાબી લેસ ઉપર પડેલું ચાસણીનું મીઠું ટપકું ચાટવા લાગી.

પ્રકરણ બારમું

એક-દો-તીન નાચમાસ્તર

સુઓક હવે ઢીંગલી નહોતી રહી. તેનું શું થયું એની અમને અત્યારે ખબર નથી. બીજી ઘણી અટપટી બાબતોનો ખુલાસો કરવાનો વખત પણ હજુ આવ્યો નથી. દાખલા તરીકે, ઝાડ ઉપર કેવી જાતનું પંખી બેઠું હતું; જનાવરોનો ઘરડો રખેવાળ—બીચારો કદાચ હજી પણ દોરી ઉપર સૂકવેલા ખમીસની જેમ ઝાડની ડાળીએ લટકતો હશે—શું જોઈને ધાક ખાઈ ગયો; હથિયારગર પ્રોસ્પેરો પાંજરામાંથી કેવી રીતે છટકી ગયો; ચિત્તો ક્યાંથી આવ્યો; સુઓક હથિયારગરના ખભા ઉપર કેવી રીતે પહોંચી ગઈ; સુઓકની જોડે માણસના અવાજે વાત કરનાર દાનવ કોણ હતો; એ દાનવે સુઓકને આપેલા પાટિયામાં શી ખૂબી હતી; અને એ દાનવ મરી શા કારણે ગયો...

વખત આવતાં આ દરેક સવાલનો જવાબ આપવામાં આવશે. અત્યારે તો અમે માત્ર એટલું જ કહીશું કે એક પણ ઘટના ચમત્કારની ઘટના નહોતી અને જે કંઈ બનેલું તે બધું સબળ કારણસર જ બનેલું.

સવાર પડી ગઈ છે. કુદરતમાં અદ્‌ભુત પરિવર્તન આવી ગયું છે. હવા એટલી નિર્મળ છે કે બકરી જેવી દેખાતી હલકટ ડોશીએ પણ પહેલી જ વાર બબડાટ બંધ કર્યો છે. ઝાડવાં પાંદડાંનો ખખડાટ નથી કરતાં પણ જાણે બાળકોના આનંદી કલબલાટની નકલ ઉતારતાં હોય એમ લાગે છે.

આવી સરસ સવાર હોય ત્યારે સૌને નાચવાનું મન થાય. એટલે, એક-દો-તીન નાચમાસ્તરના નૃત્યખંડમાં ભીડ ભરાઈ ગઈ છે તેમાં નવાઈ જેવું કશું નથી.

ભૂખ લાગી હોય ત્યારે બહુ ઝાઝો નાચ ન થઈ શકે. મન ગમગીન હોય ત્યારે પણ નાચવાનું

ન ગમે. પરંતુ આજે સવારે તો ત્રણ ફાંદાળાના મહેલ ઉપર ફરી વાર હલ્લો કરવાના ઇરાદે કામદારોના વિસ્તારમાં ભેગા થઈ રહેલા લોકો જ ભૂખ્યા અને ગમગીન હતા. છેલછબીલાઓ, ઠસ્સાદાર બાનુઓ, ખાઉધરાઓ, અને ધનવાન માણસોનાં ફરજંદો તો ભારે ઉમંગમાં હતાં. એ લોકોને ખબર નહોતી કે બજાણિયો તિબુલ ગરીબ અને ભૂખ્યા કામગાર લોકોને ભેગા કરીને સેના તૈયાર કરી રહ્યો છે; એ લોકોને ખબર નહોતી કે જનતાને જેની ખૂબ જરૂર હતી એ હથિયારગર પ્રોસ્પેરોને સરકસની નાનકડી નર્તકી સુઓકે મહેલના પાંજરામાંથી છટકાવી દીધો છે; નગરમાં ફેલાતી જતી અશાંતિની એ લોકોને જરાય પરવા નહોતી.

"બકવાટ!" તીણા નાકવાળી એક જુવાન બાનુ નાચવાનાં સ્લીપર પહેરતી બોલી. "લોકો ફરી વાર મહેલ ઉપર હલ્લો કરશે તો સિપાહીઓ તેમને પહેલાંની જેમ જ વળી પાછા ખતમ કરી નાખશે."

"ચોક્કસ!" સફરજન ચાવતા અને પોતાના જ કોટને મગરૂરીથી નીરખી રહેલા એક છબીલાએ ટહુકો કર્યો. "એ ખાણિયા અને મેલાઘેલા કારીગરો કને નથી રાઇફલો, નથી પિસ્તોલો, કે નથી તલવારો; પણ સિપાહીઓ પાસે તો તોપો પણ છે."

એક પછી એક ટાપટીપિયું અને નચિંત યુગલ એક-દો-તીનની નૃત્યશાળામાં આવતું રહ્યું. બારણે આવું પાટિયું લગાવેલું હતું:

મિ. એક-દો-તીન નૃત્ય શિક્ષક

હું નૃત્યની તાલીમ આપવા ઉપરાંત
સંસ્કારિતા, લાવણ્ય, ચાપલ્ય,
વિનયશીલતા, અને જીવન પ્રત્યે
કવિત્વમય દૃષ્ટિકોણની કેળવણી
પણ આપું છું.

દસ પાઠની ફી અગાઉથી ભરવી આવશ્યક છે.

ગોળ નૃત્યખંડની અંદર લાકડાની પૉલિશ કરેલી મધરંગી ફરસ ઉપર એક-દો-તીન સંચાલન સંભાળી રહ્યો હતો.

એક-દો-તીન કાળી વાંસળી વગાડી રહ્યો હતો. વાંસળી તેના હોઠે જાણે જાદુથી વળગી રહેતી હોય એમ લાગતું હતું કેમ કે લેસદાર કફ અને કુમાશદાર સફેદ મોજાંથી સુશોભિત તેના હાથ સતત હલતા રહેતા હતા. તે નીચે નમતો હતો અને ચક્કર ચક્કર ફરતો હતો, આંખોના ડોળા ગોળ ગોળ ફેરવતો હતો, અને બૂટની ઉપર ટકોરા મારીને સંગીતની સંગતે તાલ દેતો હતો.

પોતાનું રૂપ નીરખવા માટે અને બધો સાજશણગાર યથાસ્થાને છે કે નહિ તથા તેલ ભરેલા કેશ બરાબર ચળકે છે કે નહિ તેની ખાતરી કરવા તે થોડી થોડી મિનિટોના અંતરે મોટા દર્પણ પાસે પહોંચી જતો હતો.

યુગલો ગોળ ગોળ ફરતાં નૃત્યમાં લીન હતાં. એટલાં બધાં યુગલો ભેગાં થઈ ગયાં હતાં અને સૌ પરસેવાથી એટલાં રેબઝેબ હતાં કે આખો મેળાવડો ચમકતા રંગો વડે રંગેલા તદ્દન બેસ્વાદ સૂપ જેવો લાગતો હતો.

ક્યાંક ક્યાંક કોઈ આદમી કે સામાન્ય ધમાલમાં ગોળ ગોળ ઘૂમતી કોઈ બાનુ પાંદડાંથી છવાયેલ ગાજરમૂળા જેવાં કે કોબીજનાં પાંદડાં જેવાં લાગતાં હતાં, અથવા એથીયે વિચિત્ર દેખાતાં હતાં; જાણે ચમકારા મારતી અને રમૂજી દેખાતી કોઈ ચીજ સૂપની પ્લેટમાં તરતી હોય એવાં દેખાતાં હતાં.

એક-દો-તીન સૂપનો ચમચો હતો, અને ખૂબ ઊંચો પાતળો તથા લચકદાર હોવાને કારણે તે બરાબર એવો જ લાગતો પણ હતો.

સુઓકને આ બધાં નાચગાન જોવા મળ્યાં હોત તો તે કેવી હસી હોત! તેણે 'મૂઢ રાજા'ના મૂંગા નાટકમાં સોનેરી કોબીજની ડાંડલીની ભૂમિકા ભજવેલી ત્યારે પણ આના કરતાં વધારે મનોહર નાચ કરી દેખાડયો હતો. અને તેને તો કોબીજની સાચી ડાંડલીની જેમ નાચ કરવાનો હતો.

નાચગાનની મહેફિલ ચાલી રહી હતી એટલામાં બરછટ ચામડાનાં મોજાં પહેરેલી ત્રણ જબ્બર મુઠ્ઠીઓ એક-દો-તીન નાચમાસ્તરનું બારણું ધડાધડ ખખડાવવા લાગી.

એ મુઠ્ઠીઓ દેખાવમાં માટીના ત્રણ કુંજા જેવી લાગતી હતી.

'સૂપ'નાચ થંભી ગયો.

પાંચ મિનિટમાં એક-દો-તીનને ત્રણ ફાંદાળાના મહેલે લઈ જવામાં આવ્યો.

મહેલના ત્રણ સિપાહીઓ તેને લેવા આવ્યા હતા. એક સિપાહીએ તેને ઘોડા ઉપર પૂંછડી તરફ મોં રાખીને બેસાડયો અને ઊંધી ઘોડેસવારી કરાવી. બીજા સિપાહીએ તેનો પૂંઠાનો ડબ્બો લઈ લીધો. ડબ્બો બહુ મોટો હતો.

સિપાહીઓની જોડે જવા તૈયાર થતાં થતાં એક-દો-તીને કહેલું: "મારી વાંસળી, થોડાક સૂટ, નકલી વાળ, સંગીતરચનાઓ, અને મારાં માનીતાં ગીત—એટલું ભેગું લઈ લેવું પડશે. આખર એની તો ખબર પણ નથી કે મહેલમાં કેટલો વખત રહેવું પડશે. સૌંદર્ય તથા મનોહર વસ્તુઓથી હું ટેવાયેલો છું. એટલે જ, મને કપડાં વારંવાર બદલવાનું બહુ ગમે છે."

નાચ કરતાં યુગલો ઘોડાઓની પાછળ દોડયાં અને રૂમાલ હલાવીને તથા મોટે અવાજે પ્રોત્સાહનના શબ્દો કહીને તેમણે એક-દો-તીનને વિદાય આપી.

સૂરજ મધ્યાકાશે પહોંચ્યો.

પોતાને મહેલમાં લઈ જવામાં આવ્યો એથી એક-દો-તીન ખૂબ ખુશ થઈ ગયો. તેને ત્રણ ફાંદાળા પસંદ હતા કેમ કે સઘળા માતેલા અને ધનવાન માણસોનાં ફરજંદોને ત્રણ ફાંદાળા ખૂબ ગમતા. એક-દો-તીનને કોઈ પણ ધનવાન માણસ જેટલો વધારે ધનવાન હોય એટલો વધારે ગમતો.

તે મનમાં વિચારતો: "સાચું પૂછો તો ગરીબ લોકોથી મને શો ફાયદો છે? એ લોકો ક્યારેય નાચ શીખવા આવે છે? ગરીબો તો હંમેશાં કામમાં ડૂબેલા હોય છે અને તેમની પાસે પૈસા કદી હોતા જ નથી. પણ ધનવાન વેપારીઓને, છેલછબીલાઓને, અને ઠસ્સાદાર બાનુઓને જુઓ તો! એ લોકોનાં ખીસાં હંમેશાં પૈસાથી ભરેલાં હોય છે અને એ લોકો કદી કંઈ કામ કરતા જ નથી."

એ તો સમજાઈ જ ગયું હશે કે તેના પોતાના વિચારો અનુસાર એક-દો-તીન જરાય મૂરખ માણસ નહોતો, પણ આપણા દૃષ્ટિકોણ અનુસાર તો તે ચોક્કસ સાવ મૂરખ જ ગણાય.

"પેલી સુઓક તો સાચેસાચ સાવ મૂઢ છે!" નાનકડી નર્તકીનો ખ્યાલ આવતાં તેને અચરજ થતું. "ભિખારા, સિપાહીઓ, કારીગરો, અને ચીંથરિયાઓને નાચ કરી દેખાડવાની પંચાત તે શા માટે કરતી હશે? એ લોકો તો તેને થોડાક તાંબિયાથી વધારે કદી આપી શકતા જ નહિ હોય!"

ભિખારાઓ, કારીગરો, અને ચીંથરિયાઓના આગેવાન હથિયારગર પ્રોસ્પેરોને છોડાવવા માટે એ નાનકડી નર્તકીએ પોતાની જિંદગીને જોખમમાં મૂકી દીધી છે એ વાતની જો મૂરખ એક-દો-તીનને ખબર પડી હોત તો તે ઘણો વધારે વિસ્મિત થઈ ગયો હોત.

ઘોડેસવારો મહેલ તરફ ઘોડા દોડાવતા રહ્યા.

તેમને રસ્તામાં અજબ હાલત જોવા મળી. દૂરથી ગોળીબારના ધડાકાનો અવાજ અણથંભ સંભળાતો હતો. બારણે બારણે ઉશ્કેરાયેલા લોકોનાં ટોળેટોળાં ભેગાં થઈ ગયાં હતાં. થોડી થોડી વારે કારીગરોનાં નાનકડાં જૂથો હાથમાં પિસ્તોલ લઈને ધસારાબંધ રસ્તો ઓળંગી જતાં નજરે પડતાં હતાં... લોકોની આટલી બધી અવરજવર જોઈને એમ લાગે કે આજે તો વેપારપાણી માટે બહુ મંગળ દિવસ છે, પણ દુકાનદારો તો ઊલટા દુકાનો બંધ કરી રહ્યા હતા. તેઓ પોતાનાં ચરબી ચડેલાં ચળકતાં ડાચાં બારીમાંથી બહાર કાઢીને જોવાની કોશિશ કરતા હતા કે બહાર શું ચાલી રહ્યું છે. લોકોના પોકારો આવો સંદેશો એક શેરીમાંથી બીજી શેરીમાં પહોંચાડી રહ્યા હતા:

"પ્રોસ્પેરો!"

"પ્રોસ્પેરો!"

"આપણી સંગાથે છે!"

"પ્રોસ્પેરો... આપણી... સંગાથે... છે..."

અવારનવાર કોઈ સિપાહી ઘોડો દોડાવતો ઝબકી જતો. દોડતા ઘોડાના મોંમાંથી ફીણ ઊડતું રહેતું. થોડી થોડી વારે નોકરોથી ઘેરાયેલો કોઈ મોટા પેટવાળો આદમી ઉતાવળો ઉતાવળો અને

હાંકતો બાજુની ગલીમાંથી નીકળી આવતો. પોતાના માલિકનું રક્ષણ કરવા માટે હાથમાં પકડેલી લાકડીઓ રાતાં માથાંવાળા નોકરો હવામાં વીંઝતા રહેતા.

એક રસ્તાને ખૂણે નોકરો પોતાના જાડિયા માલિકની રખેવાળી કરવાને બદલે અચાનક તેને જ મેથીપાક દેવા લાગ્યા. એથી આખા મહોલ્લામાં ભારે કોલાહલ મચી ગયો.

એક-દો-તીનને પહેલાં તો એમ લાગ્યું કે એ લોકો કોઈ પુરાણા સોફાને ઝાટકીને ધૂળ ખંખેરી રહ્યા છે.

જાડિયા માલિકને ત્રણ ડઝન ઠોંસા જમાવ્યા બાદ દરેક નોકરે તેની પૂંઠ ઉપર એકેક લાત લગાવી, અને પછી એકબીજાના હાથમાં હાથ પરોવીને તેઓ લાકડીઓ વીંઝતા દોટ મૂકીને રવાના થઈ ગયા. તેઓ દોડતા દોડતા આવા પોકારો પાડી રહ્યા હતા:

"ત્રણ ફાંદાળા મુર્દાબાદ! ધનવાનોની ગુલામી હવે નહિ કરીએ! જનતા ઝિંદાબાદ!"

દરમિયાનમાં રસ્તાઓ ઉપર થતા પોકારો ચાલુ જ રહ્યા.

"પ્રોસ્પેરો!"

"પ્રો... સ્પે... રો... ઓ..!"

ટૂંકમાં એમ કે વાતાવરણ ખૂબ ભયાનક બની ગયું હતું.

હવામાં દારૂગોળાની ગંધ ફેલાઈ ગઈ હતી.

અને આખરે કલગી જેવી ઘટના બની.

એક-દો-તીનને લઈને જતા ત્રણ સિપાહીઓ ઘોડા દોડાવતા જઈ રહ્યા હતા એટલામાં બીજા દસ સિપાહીઓ ઓચિંતા રસ્તો રોકીને ખડા થઈ ગયા. એ દસ સિપાહીઓ પગપાળા હતા.

"રૂક જાઓ!" દસમાંથી એક સિપાહીએ હુકમ છોડયો. તેની નીલી આંખોમાં કોપની આગ જલી રહી હતી. "કોણ છો?"

"દેખાતું નથી?" એક-દો-તીનને જેણે પોતાના ઘોડા ઉપર ઊંધો બેસાડયો હતો એ સિપાહીએ એટલા જ ગુસ્સામાં જવાબ વાળ્યો.

પૂરઝડપે દોડતા ઘોડા અચાનક લગામ ખેંચાવાથી થંભી તો ગયા પણ વારંવાર પાછલા પગ ઉપર ઊભા થઈ જવા લાગ્યા. લગામની ઘૂઘરીઓ રણકવા લાગી. એક-દો-તીન બીકનો માર્યો ધ્રૂજવા લાગ્યો. લગામો વધારે જોરથી કંપી રહી છે કે એક-દો-તીન વધારે જોરથી થરથરી રહ્યો છે એ નક્કી કરવાનું કામ મુશ્કેલ હતું.

"અમે ત્રણ ફાંદાળાના મહેલના ચોકીદારો છીએ!"

"અને અમને મહેલમાં પહોંચવાની ઉતાવળ છે. માર્ગમાંથી હઠી જાઓ!"

નીલી આંખોવાળો સિપાહી પટ્ટામાંથી પિસ્તોલ ખેંચી કાઢતો બોલ્યો:

"એમ છે તો તમારી પિસ્તોલો અને તલવારો ઉતારી નાખો! સિપાહીઓનાં હથિયાર જનતાની સેવા માટે છે, ત્રણ ફાંદાળાની નહિ!"

બાકીના નવ સિપાહીઓએ પણ પટ્ટેથી પિસ્તોલો ખેંચી કાઢી. સૌએ ઘોડેસવારોને ઘેરી લીધા અને પોતાની પિસ્તોલો તેમની સામે તાકી.

ઘોડેસવારોએ પણ પોતાનાં હથિયાર ખેંચ્યાં. એક-દો-તીન બેહોશ થઈ ગયો અને ઘોડા ઉપરથી નીચે ગબડી પડયો. તે પાછો ભાનમાં ક્યારે આવ્યો એ કહેવું મુશ્કેલ છે. ઘોડેસવારો અને બળવાખોર સિપાહીઓ વચ્ચેની ઝપાઝપી પૂરી થઈ ગયા પછી જ તેને ભાન આવ્યું હશે. બળવાખોરો જ જીતી ગયા હશે કેમ કે પોતે જેના ઘોડા ઉપર ઊંધો બેઠો હતો એ સિપાહીને એક-દો-તીને રસ્તા ઉપર પડેલો જોયો. તેના રામ રમી ગયા હતા.

"અરે ભગવાન! લોહી!" એક-દો-તીન આંખો બંધ કરી લેતો બબડી ઊઠયો.

પણ પળવાર પછી તેણે જે જોયું તેથી સાચેસાચ તેનું લોહી ઊડી ગયું.

તેના પૂંઠાના મોટા ડબ્બાના ફુરચા ઊડી ગયા હતા. તેની સઘળી કિંમતી ચીજો બહાર વેરાઈ ગઈ હતી. સુંદર સૂટ અને સંગીતરચનાઓ અને નકલી વાળ—બધું ધૂળિયા રસ્તા ઉપર વેરવિખેર પડયું હતું...

"હે ભગવાન!.."

ડબ્બાની સંભાળ રાખનારા સિપાહીએ ઝપાઝપીની ધમાલમાં ડબ્બો નીચે પાડી દીધો હતો. રસ્તામાં જડેલા મોટા મોટા પથ્થરો ઉપર પડતાં ડબ્બો ભાંગી ગયો હતો.

"હે ભગવાન! આ શું થઈ ગયું!"

એક-દો-તીન પોતાની ચીજો તરફ ધસી ગયો. જાકીટ, કોટ, મોજાં, અને સસ્તાં ચળકતાં બકલવાળા બૂટ તથા બીજી ચીજો ગાંડાની જેમ ભેગી કરીને તે જમીન ઉપર બેસી ગયો. તેના દુખને માઝા ન રહી. તેનાં કપડાં અને બીજી બધી ચીજો સલામત હતી પણ સૌથી અગત્યની ચીજ અદૃશ્ય થઈ ગઈ હતી. એક-દો-તીન રસ્તાની વચમાં બેસીને પોતાની નાનકડી મુઠ્ઠીઓ હવામાં હલાવી રહ્યો હતો ત્યારે ત્રણ ઘોડેસવારો પોતાના ઘોડા ઝડપથી ત્રણ ફાંદાળાના મહેલ તરફ દોડાવી રહ્યા હતા.

ઝપાઝપી પહેલાં એ ત્રણેય ઘોડા એક-દો-તીન નાચમાસ્તરને લઈ જતા ત્રણ સિપાહીઓના હતા. ઝપાઝપીમાં એક સિપાહી મરાઈ ગયો હતો અને બાકીના બે શરણે થઈ જઈને જનતાના પક્ષે ભળી ગયા હતા. લડાઈ પૂરી થઈ ગયા પછી નાચમાસ્તરના તૂટી ગયેલા ખોખામાંથી વિજેતાઓને પાતળા કપડામાં વીંટેલી એક ગુલાબી ચીજ મળી હતી. એ ચીજ લઈને ત્રણ સિપાહીઓ પોતાના કબજામાં આવી ગયેલા ઘોડા ઉપર સવાર થઈ ગયા હતા અને તેમણે ઘોડા દોડાવી મૂક્યા હતા.

સૌથી આગળ ઘોડો દોડાવતા નીલી આંખોવાળા સિપાહીએ કપડામાં વીંટેલું એક ગુલાબી બંડલ છાતી સરસું પકડી રાખ્યું હતું.

દોડતે ઘોડે જતા સિપાહીઓને માર્ગ આપવા માટે રાહદારીઓ રસ્તા ઉપરથી એકદમ ખસી જતા હતા. સિપાહીની ટોપી ઉપર લાલ રિબન બાંધેલી હતી. એ રિબન બતાવતી હતી કે સિપાહી જનતાના પક્ષે છે. તેને જતો જોઈને લોકો (જાડિયા અને ખાઉધરા ન હોય એવા લોકો જ) તાળીઓ પાડવા લાગતા. પરંતુ બારીક નજરે જોનારા લોકો એકદમ અચંબો પામીને તાકી રહેતા. સિપાહીએ છાતી સરસા પકડી રાખેલા બંડલમાંથી નાનકડી બાલિકાના બે પગ લટકતા દેખાતા હતા. પગમાં ગુલાબી સ્લીપર પહેરેલા હતા અને સ્લીપર ઉપર સોનેરી ગુલાબકળીઓનાં બકલ જડેલાં હતાં.

પ્રકરણ તેરમું

વિજય

એ દિવસે સવારે બની ગયેલી અસાધારણ ઘટનાઓ વિશે અમે તમને હમણાં જ વાત કરી છે. હવે થોડાક પાછા જઈને અમે તમને એ દિવસ પહેલાં વીતી ગયેલી રાત વિશે જણાવીશું. તમને તો ખબર છે કે એ રાત પણ અત્યંત અસાધારણ હતી.

એ રાતે હથિયારગર પ્રોસ્પેરો ત્રણ ફાંદાળાના મહેલમાંથી નાસી છૂટયો. એ રાતે સુઓકને પકડી લેવામાં આવી.

એ રાતે ઢાંકેલાં ફાનસ લઈને ત્રણ આદમીઓ વારસદાર તુત્તીના શયનખંડમાં દાખલ થયા.

હથિયારગર પ્રોસ્પેરોએ મહેલના રસોડાને ખેદાનમેદાન કરી નાખ્યું અને તળિયા વગરના દેગડા નજીક સિપાહીઓએ સુઓકને પકડી લીધી ત્યાર પછી લગભગ એકાદ કલાકે એ ઘટના બની.

શયનખંડમાં અંધારું છવાયેલું હતું.

મોટી મોટી બારીઓ ટમટમતા તારાઓથી ભરેલી લાગતી હતી.

કિશોર ભરનીંદરમાં હતો. તેનો શ્વાસ ઊંડો અને એકધારો ચાલતો હતો.

ફાનસોને ઢાંકી રાખવાની ત્રણેય આદમીઓ પૂરી કાળજી રાખતા હતા.

એ લોકોનો ઈરાદો કળવાનું મુશ્કેલ હતું. પણ ખંડમાં ફફડતા હોઠનો અવાજ સંભળાઈ રહ્યો હતો. શયનખંડની બહાર પહેરો ભરતા સિપાહીને જોતાં એમ નહોતું લાગતું કે કોઈ



અસાધારણ ઘટના બની રહી હોય. એટલે, શયનખંડમાં ઘૂસેલા ત્રણ આદમીઓને ત્યાં જવાનો અધિકાર હોવો જોઈએ.

તમે એ વાત તો જાણો જ છો કે વારસદાર બાળકના માસ્તરો ખાસ હિંમતવાળા માણસો નહોતા. મહેલના ઉપવનમાં સિપાહીઓએ ઢીંગલીની કાયામાં તલવારો ભોંકેલી ત્યારે એક માસ્તર કેવી ધાક ખાઈ ગયો હતો એ યાદ છે ને? અને ત્રણ ફાંદાળાને એ આખી વાત કહેવી પડેલી ત્યારે એ માસ્તર કેવો ભયભીત થઈ ગયેલો, નહિ?

આ વખતે જે માસ્તર હાજર હતો એ પણ બીજા માસ્તરો જેટલો જ બાયલો હતો.

ત્રણ અજાણ્યા આદમી હાથમાં ફાનસ લઈને શયનખંડમાં દાખલ થયા ત્યારે માસ્તર અંદર જ હતો. બારી પાસે બેઠો બેઠો તે વારસદાર તુત્તીની નીંદરની રખેવાળી કરી રહ્યો હતો અને જાગતો રહેવા માટે તારા ગણીને પોતાનું ખગોળનું જ્ઞાન તાજું રાખવાની કોશિશ કરી રહ્યો હતો.

એટલામાં બારણું કિચૂડ બોલ્યું, અજવાળાનો ઝબકારો થયો, અને ત્રણ ભેદી ઓળા દાખલ થયા. માસ્તર કોકડું વળીને મોટી આરામખુરશીમાં લપાઈ ગયો. તેને ખૂબ બીક લાગતી હતી કે પોતાનું લાંબું નાક ક્યાંક પોતાને છતો કરી દેશે. ખરેખર, તારલિયાથી ભરેલી બારી સામે એ નાક સાફ રેખાંકિત હતું અને એકદમ નજરે ચડી જાય એમ હતું.

પણ બાયલાએ હૈયે એવી આશા ધરીને હિંમત ટકાવી રાખી કે પોતાના નાકને એ લોકો ખુરશીના કોતરેલા હાથાનો એક હિસ્સો ધારી લેશે અથવા સામેના મકાનની છતનો કોઈ ભાગ માની લેશે.

ત્રણેય આદમીઓ વારસદાર તુત્તીના પલંગ પાસે પહોંચી ગયા, તેમનાં ફાનસોમાંથી પડતા ઝાંખા અજવાળામાં એ લોકો માંડ માંડ દેખાતા હતા.

"બરાબર," એકના હોઠ ફફડયા.

"ઊંઘમાં છે," બીજો બોલ્યો.

"શ્ શ્ શ્ !"

"ફિકર જેવું નથી. ભરનીંદરમાં છે."

"તો કામ પતાવી લઈએ, ચાલો!"

કશોક ખણખણાટ થયો.

માસ્તર પરસેવે રેબઝેબ થઈ ગયો. તેને પાકો ભ્રમ થઈ ગયો કે બીકને કારણે પોતાનું નાક વધારે ને વધારે લાંબું બનતું જાય છે.

"તૈયાર," એક ઓળાના હોઠે ફૂંકારો કર્યો.

"લાવો!"

વળી પાછો કશોક ખણખણાટ થયો. પ્રવાહી રેડાતું હોય એવો ખળખળ અવાજ સંભળાયો. પાછી એકદમ નીરવતા છવાઈ ગઈ.

"ટીપાં ક્યાં નાખવાનાં છે?"

"કાનમાં."

"પડખું ફરીને સૂતો છે એટલે સહેલું પડશે. કાનમાં ટીપાં નાખવા માંડો..."

"સંભાળીને! એક એક કરીને."

"બરાબર દસ ટીપાં. પહેલું ટીપું ખૂબ ટાઢું લાગશે, પણ અસર તરત જ થવાની એટલે બીજા ટીપાની તો એને ખબરેય નહિ પડે. પહેલું ટીપું પડી ગયા પછી એને મુદ્દલ ભાન જ નહિ રહે."

"ટીપાં ઉતાવળે ટપકાવો એટલે બીજું ટીપું પહેલા ટીપા પછી તરત જ પડે."

"નહિતર બરફ જેવું ટાઢું ટીપું પડતાં એ તરત જ જાગી જશે."

"શ.શ.શ.. પડે છે—એક! બે!.."

કમળના ફૂલ જેવી કડક સુવાસ આખા ખંડમાં ફેલાઈ ગઈ.

"ત્રણ, ચાર, પાંચ, છ..." કોઈ ઝડપથી હોઠ ફફડાવીને ગણી રહ્યું હતું. દસ સુધી ગણાઈ જતાં એ જ અવાજ બોલ્યો: "બસ!"

"હવે ત્રણ દિવસ સુધી આમ ને આમ ઊંઘતો જ રહેશે."

"ઢીંગલીનું શું થયું છે એની એને ખબર જ નહિ પડે."

"જાગશે ત્યાં સુધીમાં તો બધું પતી ગયું હશે."

"આ ઉપાય ન લીધો હોત તો એણે રડારોળ કરી મૂકી હોત અને પગ પછાડયા હોત. અને તો ત્રણ ફાંદાળાએ છોકરીને માફી આપી દીધી હોત અને જીવતી રહેવા દીધી હોત..."

ત્રણ અજાણ્યા આદમી ચાલ્યા ગયા. ધ્રૂજતો માસ્તર આરામખુરશીમાંથી બહાર નીકળ્યો. તેણે રાતનો નાનકડો દીવો પેટાવ્યો અને હલતી નારંગી જ્યોતિના અજવાળામાં તે હળવે પગલે પલંગ નજીક ગયો.

રૂપાળી લેસદાર રેશમી રજાઈ ઓઢીને સૂતેલો વારસદાર તુત્તી ખૂબ ઓજસ્વી લાગતો હતો. વીખરાયેલા સોનેરી વાળવાળું તેનું નાનકડું માથું મોટા મોટા તકિયા ઉપર આરામથી ટેકવેલું હતું.

માસ્તરે પલંગ ઉપર વાંકા વળીને દીવો બાળકના ફિક્કા ચહેરા પાસે ધર્યો. છીપમાં ચમકતા મોતીની જેમ પ્રવાહીનું એક ટીપું તેના કાનમાં ચળકી રહ્યું હતું. એ ટીપું એકીવખતે સોનેરી અને લીલા બન્ને રંગોના ઝગારા મારતું હતું.

માસ્તરે ટીપાને આંગળી અડકાડી. એક ક્ષણમાં જ ટીપું અદૃશ્ય થઈ ગયું પણ માસ્તરનો પંજો અને હાથ બન્ને બરફ જેવા ઠંડા થઈ ગયા.

બાળક તો દુનિયાથી તદ્દન બેખબર સૂતો રહ્યો.

જે અદ્ભુત પ્રભાતની વાત અમે તમને કરી ચૂક્યા છીએ તેનાં અનેરા કિરણો થોડા કલાક પછી ફૂટયાં.

એ સવારે નાચમાસ્તર એક-દો-તીનના કેવા હાલ થયેલા તે આપણે જાણીએ જ છીએ. પણ આપણે જેને છેલ્લે ભયંકર દશામાં સપડાયેલી જોઈ હતી એ સુઓકની શું હાલત થઈ તેની જાણકારી મેળવવામાં આપણને વધારે રસ છે, ખરું ને?

પહેલાં તો એ લોકોએ સુઓકને જેલના ભોંયરામાં પૂરી દેવાનું નક્કી કર્યું.

"ના, એમાં વધારે પડતી પંચાત થાય એમ છે," સ્ટેટ કાઉન્સિલરે કહ્યું. "એને તો ઝટપટ મોતની સજા કરીને ખતમ કરી નાખીએ તો જ સારું."

"એને હળવી સજા કરવાનો સાચે જ કંઈ અર્થ નથી," ત્રણ ફાંદાળા સંમત થયા.

એ વાત ભૂલવાની નથી કે ચિત્તાના પંજાથી બચવાની કોશિશોના આઘાતની અસરમાંથી ત્રણ ફાંદાળા હજુ મુક્ત નહોતા થયા. તેમને લાંબા વિશ્રામની જરૂર હતી. એટલે મામલો તેમણે મુલતવી કરી દીધો.

"પહેલાં અમે વિશ્રામ કરી લઈએ. સવારે અદાલત ભરીને ફેંસલો કરીશું."

એમ કહીને ત્રણ ફાંદાળા પોતપોતાના શયનખંડમાં ચાલ્યા ગયા.

સ્ટેટ કાઉન્સિલરને એ વાતમાં મુદ્દલ શંકા નહોતી કે અદાલતમાં ઢીંગલી-બાળાને મોતની સજા થશે જ થશે. તેણે પોતાના માણસોને હુકમ આપ્યો કે વારસદાર તુત્તીને બેહોશ બનાવી દેવામાં આવે. તેનો ઈરાદો એવો હતો કે આ બધું કામ થાય તે દરમિયાન તુત્તી ઊંઘતો જ રહે જેથી તેનાં આંસુ ત્રણ ફાંદાળાના આકરા ફેંસલાને ફેરવી ન નાખે.

ફાનસવાળા ત્રણ આદમીઓએ સ્ટેટ કાઉન્સિલરના હુકમનો અમલ કર્યો.

વારસદાર તુત્તી ઘેરી નીંદરમાં પડયો રહ્યો.

સુઓક સિપાહીઓના ઓરડામાં હતી. સિપાહીઓ તેને ઘેરીને બેઠા હતા. કોઈ અજાણ્યો માણસ અંદર આવ્યો હોત તો તેને જરૂર અચંબો થયો હોત કે સુંદર ગુલાબી કપડાં પહેરેલી આ રૂપકડી નાનકડી ઉદાસ બાળકી સિપાહીઓની વચ્ચે બેઠી બેઠી શું કરતી હશે. ઘોડાના સાજ, રાઈફલો, અને દારૂની પ્યાલીઓની વચ્ચે એ બીચારી વિચિત્ર જગ્યામાં અટવાઈ ગયેલી લાગતી હતી.

સિપાહીઓ પાનાં રમી રહ્યા હતા. તેમની હોકલીઓમાંથી ભૂરા રંગના આકરા ધુમાડાના ગોટા નીકળી રહ્યા હતા. સૌ એકબીજાની સામે કચવાટ અને દેકારા કરી રહ્યા હતા. એ સિપાહીઓ હજુ પણ ત્રણ ફાંદાળાને વફાદાર હતા. તેઓ સુઓકની સામે પોતાની મોટી મોટી મુઠ્ઠીઓ હલાવતા હતા, પગ પછાડતા હતા, અને ભયંકર દાંતિયાં કરતા હતા.

સુઓકે એ લોકોની મુદ્દલ પરવા જ ન કરી. તડનો જવાબ ફડથી આપવા તેણે જીભ કાઢી અને બધાય સિપાહીઓની સામે જીભ કાઢતી તે લગભગ એક કલાક સુધી એમ ને એમ બેઠી રહી.

પીપડા ઉપર બેસી રહેવામાં તેને ત્રાસ ન લાગ્યો. ફ્રોક ચોળાઈ રહ્યું હતું એ સાચું, પણ ફ્રોકની સુંદરતા તો આમેય નષ્ટ થઈ જ ગઈ હતી કેમ કે ઝાડની ડાળીઓમાં ભરાઈને તે ફાટી ગયું હતું, મશાલોથી ઠેકઠેકાણે બળી ગયું હતું, સિપાહીઓના હાથે પહેલાં જ ખૂબ ચોળાઈ ગયું હતું, અને ચાસણીથી ખરડાઈ ગયું હતું.

સુઓકને ફિકર નહોતી. તેની ઉંમરની બાળકીઓ ખરા જોખમથી ડરે નહિ. પડખામાં

પિસ્તોલ દબાવવામાં આવે તો તેમને બીક ન લાગે, પણ અંધારા ઓરડામાં જવાનું કહો તો કદાચ બી જાય.

સુઓકના મનમાં આવા વિચારો ચાલતા હતા:

"હથિયારગર પ્રોસ્પેરો છટકી ગયો છે. હવે એ અને તિબુલ જનતાને લઈને મહેલ ઉપર હલ્લો કરશે અને મને છોડાવી લેશે."

સુઓક ત્યાં પીપડા ઉપર બેઠી હતી એટલામાં ત્રણ સિપાહીઓ ઘોડા દોડાવતા મહેલે પહોંચ્યા. આગલા પ્રકરણમાં અમે તમને જેની વાત કરી ચૂક્યા છીએ તે જ એ સિપાહીઓ હતા. નીલી આંખોવાળા સિપાહી પાસે એક વિચિત્ર બંડલ હતું એ તો તમે જાણો જ છો. એ બંડલમાંથી બે પગ બહાર લટકી રહ્યા હતા. પગમાં ગુલાબી સ્લીપર હતાં અને સ્લીપરની ઉપર ગુલાબકળીનાં બકલ જડેલાં હતાં.

મહેલના પુલ ઉપર પહેરો ભરતા સિપાહીઓની નજીક પહોંચતાં જ ત્રણેય જણે પોતાની ટોપીઓમાંથી લાલ રિબન ખેંચીને કાઢી નાખી.

એમ ન કર્યું હોત તો પહેરો ભરતા સિપાહીઓએ તેમને અંદર જ ન જવા દીધા હોત. લાલ રિબનનો અર્થ એ હતો કે સિપાહીઓ જનતાને પક્ષે ચાલ્યા ગયા છે. એટલે પહેરો ભરતા સિપાહીઓએ લાલ રિબન જોઈને તરત જ ગોળીબાર કર્યા હોત.

ત્રણેય જણ ઘોડા દોડાવતા સિપાહીઓ પાસેથી પસાર થઈને મહેલમાં દાખલ થયા અને દાખલ થતાં થતાં તેમણે સિપાહીઓના સરદારને ધક્કો માર્યો. સરદાર માંડ માંડ પડતો બચ્યો.

જમીન ઉપરથી ટોપી ઉઠાવતો અને કપડાં ઉપરથી ધૂળ ખંખેરતો સરદાર બબડ્યો:

"બહુ જરૂરી સંદેશો લાવ્યા હોય એમ લાગે છે!"

સુઓકની આખરી ઘડી આવી પહોંચી હોય એમ લાગતું હતું. સ્ટેટ કાઉન્સિલર સિપાહીઓના ઓરડામાં દાખલ થયો.

બધા સિપાહીઓ એકદમ સલામ કરતા ખડા થઈ ગયા.

કાઉન્સિલરે ચશ્માં ઊંચાં કરતાં પૂછ્યું: "ક્યાં છે છોકરી?"

"અહીં આવ!" મોવડી સિપાહીએ ઘાંટો પાડ્યો.

સુઓક પીપડા ઉપરથી સરકતી નીચે ઊતરી.

સિપાહીએ સુઓકના ફ્રોકનો પટ્ટો પકડીને તેને તોછડાઈથી ઊંચી કરી.

"ત્રણ ફાંદાળા અદાલતભવનમાં વાટ જોઈને બેઠા છે," કાઉન્સિલર બોલ્યો અને તેણે ચશ્માં પાછાં નાકે ગોઠવ્યાં. "એને લઈને મારી પાછળ પાછળ આવ."

એટલું કહીને કાઉન્સિલર બહાર નીકળી ગયો. મોવડી સિપાહી સુઓકને એક હાથ પર લટકાવીને કૂચ કરતો કાઉન્સિલરની પાછળ પાછળ ચાલ્યો.

બીચારી રૂપાળી સોનેરી ગુલાબકળીઓ! બદકિસ્મત સુંદર ગુલાબી રેશમ! બધું એ ક્રૂર હાથમાં ચોળાઈને ખતમ થઈ રહ્યું હતું.

સુઓકની હાલત બૂરી હતી. સિપાહીના બરછટ હાથમાં પકડાઈને હવામાં અદ્ધર લટકતા રહેવામાં તેને ખૂબ પીડા થતી હતી. એટલે તેણે પૂરું જોર અજમાવીને સિપાહીને ચૂંટી ભરી. સિપાહીએ જાડું જાકીટ પહેર્યું હોવા છતાં તેની ધારી અસર થઈ.

"બાપ રે!" સિપાહી ચીસ પાડી ઊઠયો અને તેણે સુઓકને પડતી મૂકી.

"શું થયું?" બોલતાં કાઉન્સિલરે પાછળ જોયું.

બરાબર એ જ ઘડીએ કાઉન્સિલરના લમણા ઉપર અણધાર્યો ફટકો પડયો અને તે જમીનદોસ્ત થઈ ગયો.

બીજી જ પળે સુઓકને હાથમાં લટકાવનાર સિપાહી પણ જમીન ઉપર કાઉન્સિલરનો સંગાથી બની ગયો.

તેને પણ લમણા ઉપર ફટકો પડયો હતો. અને એવા કદાવર વિકરાળ સિપાહીને જમીનદોસ્ત કરી દેનારો એ ફટકો કેવો જોરદાર હશે!

સુઓકને આમતેમ નજર કરવાનો મોકો પણ મળે તે પહેલાં તો કોઈ તેને ઉપાડીને રવાના થઈ ગયું.

એ હાથ પણ મજબૂત અને બરછટ હતા પણ કોણ જાણે કેમ સુઓકને તે માયાળુ લાગ્યા. વળી હવે સુઓક પહેલાંની જેમ હવામાં અદ્ધર લટકતી નહોતી. તેને હાથમાં લટકાવીને જનાર સિપાહી તો પૉલિશ કરેલા ભોંયપટ ઉપર બેહોશ પડયો હતો.

"બીતી નહિ!" કોઈ હળવા અવાજે બોલ્યું.

અદાલતભવનમાં ત્રણ ફાંદાળા અધીરાઈથી વાટ જોઈને બેઠા હતા. ચાલાક ઢીંગલીની ઉપર તેઓ ખુદ કામ ચલાવવા માગતા હતા.

અદાલતના અમલદારો, કાઉન્સિલરો, ન્યાયાધીશો, અને સેક્રેટરીઓથી આખો ખંડ ચિકાર ભરાઈ ગયો હતો. એ લોકોના લાલ, જામલી, નારંગી, સફેદ, અને સોનેરી રંગના નકલી વાળ સૂરજના પ્રકાશમાં ચળકતા હતા. પણ નકલી વાળ નીચે તેમનાં ચડેલાં ડાચાં ઉપર સૂરજનાં આનંદી કિરણો પણ મલકાટ નહોતાં આણી શકતાં.

ગરમીના માર્યા ત્રણ ફાંદાળા હુંકાર-ફૂંકાર કરી રહ્યા હતા. તેમના ચહેરા ઉપરથી પરસેવાનાં ટીપાં ટપકીને ટેબલ ઉપર પડતાં હતાં અને તેમની સામે પડેલા કાગળોને બરબાદ કરી રહ્યાં

હતાં. મંત્રીઓ ઘડીએ ઘડીએ ભીના કાગળોને હઠાવી લઈને તેની જગ્યાએ નવા કાગળો મૂકી રહ્યા હતા.

"કાઉન્સિલર આપણને ખોટી કરી રહ્યો છે," પહેલો ફાંદાળો આંગળીઓ હલાવતો બોલ્યો.

આખરે બારણાં ઊઘડયાં અને જેની વાટ જોવાઈ રહી હતી એ લોકો આવી પહોંચ્યા.

ત્રણ સિપાહીઓ ખંડમાં દાખલ થયા. એકના હાથમાં બાળકી હતી. બાળકીનો ચહેરો કેટલો ઉદાસ દેખાતો હતો!

ટીપકીઓ અને લેસથી સુશોભિત બનાવવામાં આવેલા જે ગુલાબી ફ્રોકમાં બાળકીની કાયા એક જ દિવસ પહેલાં દીપી ઊઠી હતી એ ફ્રોક ફાટીને ચીંથરેહાલ થઈ ગયેલું દેખાતું હતું. સોનેરી ગુલાબકળીઓ કરમાઈ ગઈ હતી, ટીપકીઓ ખરી ગઈ હતી, અને રેશમ ચોળાઈ તથા ફાટી ગયું હતું. બાળકીનું માથું નિશ્ચેતન થઈને સિપાહીના ખભા ઉપર ઢળી ગયું હતું. તેના ચહેરા ઉપર મોતની ફીકાશ છવાઈ ગઈ હતી અને તેની રમતિયાળ રાખોડી આંખોનું ચેતન હરાઈ ગયું હતું.

પચરંગી ટોળાએ ઉપર નજર કરી.

ત્રણ ફાંદાળા ઉમંગમાં આવી જઈને હથેળીઓ પંપાળવા લાગ્યા.

મંત્રીઓએ લખવાનું શરૂ કરવા માટે પોતાના કાન ઉપરથી પીંછાં ખેંચીને હાથમાં લઈ લીધાં.

"આહા!" પહેલો ફાંદાળો બોલી ઊઠયો. "સ્ટેટ કાઉન્સિલર ક્યાં છે?"

છોકરીને લઈને આવેલો સિપાહી આગળ આવ્યો અને ખબર આપતાં બોલ્યો:

"નામદાર, સ્ટેટ કાઉન્સિલરને રસ્તામાં જ પેટનો દુખાવો ઊપડયો." એ શબ્દો બોલતાં સિપાહીની આંખોમાં ખુશાલ ટીખળના ચમકારા ચમકી ઊઠયા.

સૌને તેના ખુલાસાથી સંતોષ થઈ ગયો હોય એમ લાગ્યું.

અદાલતનું કામકાજ શરૂ થયું.

સિપાહીએ બીચારી બાળકીને ન્યાયાધીશોના ટેબલની સામે પડેલા એક ખરબચડા બાંકડા ઉપર બેસાડી. નિશ્ચેતન માથું એક તરફ ઢાળી દઈને બાળકી બાંકડા ઉપર બેઠી રહી. પહેલા ફાંદાળાએ સવાલો પૂછવાનું શરૂ કર્યું.

પણ તેમને અણધારી મુશ્કેલીનો સામનો કરવો પડયો. સુઓક એક પણ સવાલનો જવાબ નહોતી આપતી.

"ભલે જવાબ ન આપતી," એક ફાંદાળો બરાડી ઊઠયો. "ભલે મૂંગી રહેતી! જવાબ આપવાનો ઈનકાર કરે તો એને જ પસ્તાવું પડશે. આપણે એને આકરી સજા ફટકારી દઈશું!"

સુઓક તો હલી પણ નહિ.

ત્રણેય સિપાહી બાળકીની બાજુમાં સલામ ભરીને પૂતળાંની જેમ ખડા હતા.

"સાક્ષીઓને બોલાવો!" ફાંદાળાએ હુકમ આપ્યો.

સાક્ષી ફક્ત એક જ હતો. તેને અંદર લઈ આવવામાં આવ્યો. તે મહેલના ચીડિયાખાનામાં જનાવરોની દેખરેખ રાખનાર ઘરડો પ્રાણીશાસ્ત્રી નીકળ્યો. તેણે આખી રાત ઝાડની ડાળી ઉપર પોતાના રાતના પહેરણ વડે લટકતા રહીને ગાળી હતી. તેને હજી હમણાં જ ઝાડ ઉપરથી નીચે ઉતારવામાં આવ્યો હતો. અને એવી જ હાલતમાં તેને મહેલમાં લાવવામાં આવ્યો હતો. તેણે રાતનું ચટાપટાદાર પહેરણ પહેર્યું હતું અને માથે રાતની ટોપી ઘાલી હતી. તેની ટોપીનું ફૂમતું સર્પાકારે પાછળ ઢસડાતું આવતું હતું.

બાંકડા ઉપર બેઠેલી સુઓકની ઉપર નજર પડતાં જ બીચારો બુઢ્ઢો બીકનો માર્યો થરથર ધ્રૂજવા લાગ્યો. અદાલતના કર્મચારીઓએ તેને ટેકો આપીને ઊભો રાખ્યો.

"જે કંઈ બન્યું એ બધું અમને વિગતવાર બરાબર કહી સંભળાવ."

ઘરડા રખેવાળે પોતાની રામકહાણી શરૂ કરી. તેણે જણાવ્યું કે ઝાડ ઉપર ચડતાં મને ડાળીઓમાં વારસદાર તુત્તીની ઢીંગલી બેઠેલી નજરે પડી. જીવતી ઢીંગલી મેં પહેલાં ક્યારેય જોઈ નહોતી અને અરધી રાતે ઢીંગલીઓ ઝાડ ઉપર ચડીને બેસે એવી ધારણા મેં કદી સ્વપ્નમાં પણ નહોતી જ રાખી. એટલે, ઢીંગલીને ઝાડ ઉપર બેઠેલી જોતાં જ હું ધાક ખાઈ ગયો અને બેહોશ થઈ ગયો.

"ઢીંગલીએ હથિયારગર પ્રોસ્પેરોને કેવી રીતે છોડાવ્યો?"

"મને ખબર નથી. મેં ન તો કંઈ જોયેલું કે ન કંઈ સાંભળેલું. એ વખતે હું તો બેભાન પડ્યો હતો."

"કાળમુખી છોકરી, હથિયારગર પ્રોસ્પેરોને તેં પાંજરામાંથી કેવી રીતે છોડાવ્યો એ બતાવી દે હવે!"

સુઓક કંઈ જ ન બોલી.

"એને સારી પેઠે હડબડાવો!"

"ખૂબ જોરથી!" ત્રણ ફાંદાળા બોલ્યા.

નીલી આંખોવાળા સિપાહીએ સુઓકને હડબડાવી. તેણે સુઓકના કાન ઉપર એક ધોલ પણ લગાવી.

સુઓક કંઈ જ ન બોલી.

ત્રણ ફાંદાળા ગુસ્સે થઈ જઈને ફૂંફાડા મારવા લાગ્યા. ખંડમાં ચોમેર દેખાતા રંગબેરંગી નકલી વાળનાં ગૂંછળાં જાણે નાખુશી જાહેર કરતાં હોય એમ આગળપાછળ હલવા લાગ્યાં.

"લાગે છે કે વિગતોની ખબર નહિ પડે," પહેલો ફાંદાળો બોલ્યો.

એ શબ્દો સાંભળતાં જ રખેવાળ કપાળે હાથ ઠોકીને જોરથી બોલી ઊઠયો:

"મને એક ઉપાય સૂઝે છે!"

સૌ પોતપોતાની બેઠકમાં ટટ્ટાર થઈ જઈને સાંભળવા તૈયાર થઈ ગયા.

"ચીડિયાખાનામાં એક પાંજરામાં પોપટ પૂરેલા છે. તેમાં વિરલ જાતના અદ્‌ભુત પોપટ પણ છે. બેશક, તમે સૌ એ તો જાણો જ છો કે માણસે બોલેલા શબ્દોને પોપટ યાદ રાખી શકે છે અને ફરી વાર કહી સંભળાવી શકે છે. એ પાંજરામાં કેટલાંય એવાં પંખી છે કે જે સરસ યાદદાસ્ત અને ખૂબ સરવા કાન ધરાવે છે... મને ખાતરી છે કે ચીડિયાખાનામાં રાતે આ કંગાલ છોકરી અને હથિયારગર પ્રોસ્પેરો વચ્ચે જે કંઈ વાતચીત થઈ હશે તે આખી ને આખી એ પંખીઓને યાદ હશે... મારી સલાહ છે કે મારા એ અનેક અદ્‌ભુત પોપટમાંથી કોઈ એકને સાક્ષી તરીકે બોલાવવામાં આવે."

ખંડમાં બહાલીનો ગણગણાટ સંભળાયો.

જનાવરોનો રખેવાળ ચીડિયાખાનામાં ગયો અને થોડી વારમાં જ પાછો આવી ગયો. તેની આંગળી ઉપર એક મોટો ઘરડો પોપટ બેઠો હતો. પોપટને લાંબી લાલ દાઢી હતી.

એ રાતે સુઓક ચીડિયાખાનામાં રખડતી હતી ત્યારે એક પંખી શંકાભરેલી નજરે પોતાને જોઈ રહ્યું હોય એમ તેને લાગેલું એ વાત તમને યાદ છે ને? એ હતો આ પોપટ. પોપટ બારીક નજરે સુઓકને જોઈ રહ્યો હતો, પછી તે ઊંઘવાનો ડોળ કરીને પોતાની લાંબી લાલ દાઢીમાં મલકી ઊઠેલો.

એ જ પોપટ હવે અહીં બેઠો હતો. એ વખતે પોપટ પાંજરાની રૂપેરી ડાળખી ઉપર જેટલા આરામથી બેઠો હતો એટલા જ આરામથી અત્યારે આ બુઢ્ઢા આદમીની આંગળી ઉપર બેઠો હોય એમ લાગતું હતું.

સુઓકને ઉઘાડી પાડી દેવાના ખ્યાલે જાણે ખુશ થતો હોય એમ તે ખુલ્લંખુલ્લા હસી રહ્યો હતો.

રખેવાળે પોપટને જર્મન ભાષામાં કંઈક કહ્યું. પછી તે પોપટને છોકરીની નજીક લઈ ગયો.

પોપટ પાંખો ફફડાવીને ચીસ પાડી ઊઠયો:

"સુઓક! સુઓક!"

કોઈ પુરાણો કાટ ખાઈ ગયેલો દરવાજો પવનના સપાટાથી મજાગરા ઉપર આમતેમ ફંગોળાતો ચૂંચૂં કરી ઊઠે એવો એ પોપટનો અવાજ હતો.

ખંડમાં શાંતિ છવાઈ ગઈ.

રખેવાળનો ચહેરો ચમકી ઊઠયો.

દરમિયાનમાં પોપટે પોતાનું વિશ્વાસઘાતનું કામ તીણા અવાજે ચાલુ રાખ્યું. એ રાતે તેણે જે કંઈ સાંભળેલું એ બધું તેણે કહી સંભળાવ્યું. હથિયારગર પ્રોસ્પેરો કેવી રીતે છટકી ગયો એ તમારે જાણવું હોય તો પોપટે ચીસાચીસ કરીને કહી બતાવેલી વાત સાંભળો.

એ પંખી ખરેખર જ અનોખી જાતનું હતું. માનવીના મોંમાંથી નીકળેલા કોઈ પણ શબ્દને એક જ વાર સાંભળીને તે ફરી વાર બોલી બતાવી શકતું. વળી લટકામાં તેને કોઈ પણ લશ્કરી જનરલની આબરૂમાં વધારો કરી શકે એવી લાંબી સુંદર લાલ દાઢી હતી.

"કોણ છે?" પોપટ પુરુષના અવાજે બોલ્યો.

"હું સુઓક છું," પોપટ તીણા બાળક જેવા અવાજે ટહુક્યો.

"સુઓક!"

"મને તિબુલે મોકલી છે. હું કંઈ ઢીંગલી નથી. હું તો જીવતી છોકરી છું. હું તમને છોડાવવા આવી છું. મને ચીડિયાખાનામાં આવતી તમે ન જોઈ?"

"ના, મને ઊંઘ આવી ગઈ હશે. આજે રાતે પહેલી જ વાર ઊંઘી શક્યો છું."

"તમને ગોતવા હું આખું ચીડિયાખાનું ખૂંદી વળી. મેં માણસના અવાજે બોલતો એક દાનવ જોયો. મને થયું કે એ તમે જ હશો. પણ દાનવ તો મરી ગયો."

"એ તૂબ હશે. મરી ગયો કે બીચારો?"

"હા. હું એકદમ ડરી ગઈ અને ચીસ પાડી ઊઠી. પછી સિપાહીઓ દોડતા આવી પહોંચ્યા અને મારે ઝાડ ઉપર છુપાઈ જવું પડયું. તમને જીવતા જોઈને મારું મન ખુશખુશ થઈ ગયું છે. હું તમને છોડાવવા જ આવી છું."

"પણ મારા પાંજરા ઉપર તો તાળું મારેલું છે."

"મારી પાસે ચાવી છે."

પોપટ જેમ જેમ બોલતો ગયો તેમ તેમ ખંડમાં હાજર દરેક માણસ ગુસ્સાથી ખદબદવા લાગ્યો.

"કંગાલ છોકરી!" ત્રણ ફાંદાળા ગરજી ઊઠયા. "હવે ખબર પડી કે શું બનેલું. વારસદાર તુત્તીની ચાવી તેં ચોરી લીધી અને હથિયારગરને છૂટો કરી દીધો. તેણે પોતાની બેડીઓ તોડી નાખી અને મહેલમાંથી ભાગી છૂટવા માટે ચિત્તાનું પાંજરું તોડીને ચિત્તાને ભેગો લઈ લીધો."

"હા!"

"હા!"

"હા!" ચોતરફથી ઘાંટા સંભળાયા.

પણ સુઓક તો ચુપ જ રહી.

પોપટે માથું હલાવ્યું અને ત્રણ વાર પાંખ ફફડાવી.

મુકદ્દમો પૂરો થઈ ગયો.
અદાલતે ફેંસલો આપ્યો:

"ખોટી ઢીંગલીએ વારસદાર તુત્તીને ભોળવી દીધો. ભયંકરમાં ભયંકર બંડખોર અને ત્રણ ફાંદાળાના કટ્ટરમાં કટ્ટર દુશ્મન હથિયારગર પ્રોસ્પેરોને તેણે છૂટો કરી દીધો. તેને જ કારણે ચીડિયાખાનાના સૌથી સરસ ચિત્તાનું મોત થયું. એટલે ખોટી ઢીંગલીને મોતની સજા કરવામાં આવે છે. તેને વિકરાળ જંગલી જનાવરોને ખવડાવી દેવામાં આવે."

પણ આવી ભયંકર સજા વાંચી સંભળાવવામાં આવી ત્યારેય સુઓકનું એક અંગ પણ ફરક્યું નહિ!

સૌ મહેલના ચીડિયાખાના તરફ રવાના થઈ ગયા. જનાવરો અને પંખીઓનાં ઘુરકાટ, ચીસાચીસ, અને સીટીઓના અવાજે તેમનું સ્વાગત કર્યું. જનાવરોનો રખેવાળ ખૂબ જ બેચેન થઈ ગયો કેમ કે જનાવરોની જવાબદારી તો આખર તેની જ હતી.

ત્રણ ફાંદાળા, કાઉન્સિલરો, અદાલતના અમલદારો, અને દરબારીઓ—સૌ મંચ ઉપર પોતપોતાને સ્થાને ગોઠવાઈ ગયા. મંચ ફરતી લોખંડની જાળી હોઈને જગ્યા પૂરી રીતે સલામત હતી.

સૂરજની રોશની કેવી મૃદુ હતી! નિર્મળ આસમાન કેવું મનોહર નીલું હતું! પંખીઓનાં રંગબેરંગી પીંછાં કેવાં ચળકી રહ્યાં હતાં! વાંદરાં કેવી ઊછળકૂદ મચાવી રહ્યાં હતાં! લીલી આભા ચમકાવતો હાથી કેવી રીતે નાચી રહ્યો હતો!

બીચારી સુઓક! ચોમેર પથરાયેલા સૌંદર્ય તરફ તેણે તો નજર પણ ન નાખી. તે કદાચ ભયભીત નજરે વાઘના પાંજરા તરફ જોઈ રહી હશે. ગંદા પાંજરામાં વાઘ બેચેનીથી આમતેમ આંટા મારી રહ્યા હતા. વાઘ કોપાયમાન થયેલા મોટા મોટા ભમરા જેવા દેખાતા હતા. કંઈ નહિ તો તેમનો રંગ એવો જ હતો અને તેમને પણ એવા જ પીળા અને ભૂખરા ચટાપટા હતા.

વાળથી ભરેલાં ભવાં નીચેથી વાઘોની તગતગતી આંખો માણસો તરફ તાકી રહી હતી. થોડી થોડી વારે કોઈ એક વાઘ પોતાનું લોહી જેવું લાલ મોં ઉઘાડતો અને તેમાંથી કાચા માંસની દુર્ગંધ છૂટતી.

બીચારી સુઓક!

પ્યારા સરકસ, પ્યારા ચોકચૌટાઓ, પ્યારા ઑગસ્ટ, પાંજરામાં કેદ લોંકડી, અને પ્યારા

કદાવર બહાદુર તિબુલ — સૌને અલવિદા!

નીલી આંખોવાળો સિપાહી છોકરીને ઉપાડીને ચીડિયાખાનાના ચોકની મધ્યમાં લઈ ગયો અને તેણે તેને બળબળતી પગથી ઉપર મૂકી દીધી.

"મારી વાત સાંભળો! તમને વારસદાર તુત્તીનો ખ્યાલ આવ્યો છે કે નહિ?.." એક કાઉન્સિલર બોલી ઊઠયો. "પોતાની ઢીંગલીને વાઘોએ ફાડી ખાધી છે એ વાતની એને ખબર પડશે ત્યારે એ રડી રડીને જીવ કાઢી નાખશે."

"શ્ શ્ શ્! ચુપ! વારસદાર તુત્તીને ઊંઘવાની દવાનો મોટો ડોઝ આપી દેવામાં આવ્યો છે..." પાસે બેઠેલા માણસે કાઉન્સિલરને સમજાવ્યું. "એ તો હવે ત્રણ દિવસ અને ત્રણ રાત કે પછી કદાચ એથીયે વધારે વખત સુધી ઘેરી નીંદરમાં પડયો રહેશે..."

સૌની નજર પાંજરાઓની વચ્ચે પડેલા દયાજનક નાનકડા ગુલાબી ઢગલા ઉપર જડાઈ ગઈ.

પછી જનાવરોને તાલીમ આપતો ઉસ્તાદ ચાબખાના સડાકા બોલાવતો કુંડાળામાં આવ્યો. તેની કમ્મરે લટકતી પિસ્તોલ સૂરજની રોશનીમાં ચળકારા મારી રહી હતી. મહેલની વાદ્યમંડળીએ કૂચસંગીત શરૂ કરી દીધું. પ્રેક્ષકોની સમક્ષ સુઓકનો આ છેલ્લો ખેલ હતો.

"છોડો!" ઉસ્તાદ ભસી ઊઠયો.

પાંજરાનું લોખંડી બારણું ઊઘડી ગયું. ભારે અને માંસલ પંજાઓ ઉપર દોડતા વાઘ બહાર ધસી આવ્યા.

ત્રણ ફાંદાળા દાંત કાઢવા લાગ્યા. કાઉન્સિલરો હી-હી-હી કરતા પોતાના નકલી વાળના માથાં હલાવવા લાગ્યા. ઉસ્તાદે વળી પાછો ચાબખાનો સડાકો બોલાવ્યો. ત્રણ વાઘ સુઓક ઉપર ધસી ગયા.

સુઓક તો બીચારી ત્યાં તદ્દન નિશ્ચલ પડી હતી. તેની મોટી ભૂરી આંખો આસમાનમાં મંડાયેલી હતી. સરખી રીતે જોવા માટે સૌ પોતપોતાની બેઠક ઉપર ઊંચા થઈ ગયા. જનતાની નાનકડી દોસ્તને ભૂખ્યા વાઘ દાંત અને પંજા વડે પીંખી નાખે એ જોઈને હર્ષના પોકારો પાડવા સૌ એકદમ તૈયાર થઈ ગયા.

પણ... વાઘ સુઓકની પાસે પહોંચી ગયા. એકે બરછટ માથું નમાવીને તેને સૂંઘી જોઈ. બીજાએ બિલાડી જેવા પંજા વડે તેને અડી જોયું. ત્રીજો વાઘ તેની તરફ નજર પણ નાખ્યા વગર દોડતો દોડતો મંચ પાસે પહોંચી ગયો. મંચ પાસે પહોંચી જઈને તે ત્રણ ફાંદાળા સામે ગર્જના કરવા લાગ્યો.

હવે સૌને સમજાઈ ગયું કે સામે પડેલી છોકરી સાચેસાચ જીવતી છોકરી નથી પણ ખાલી ઢીંગલી જ છે, પુરાણી ફાટેલી નકામી ઢીંગલી માત્ર જ છે.

ભયંકર પોકાર ઊઠયો. જનાવરોનો રખેવાળ એટલો બધો ગૂંચવાઈ ગયો કે તેણે પોતાની

જ જીભને બટકું ભરી લીધું. ઉસ્તાદે વાઘને પાછા પાંજરામાં પૂરી દીધા અને પોતાનો ચળકતો આસમાની તથા સોનેરી યુનિફોર્મ ઉતારી નાખવા માટે જતાં જતાં તેણે મરેલી ઢીંગલીને તુચ્છકારથી લાત લગાવી.

લગભગ પાંચ મિનિટ સુધી તદ્દન શાંતિ છવાઈ ગઈ.

અને પછી મહેલના ચીડિયાખાનાની ઉપર આકાશમાં બૉંબનો ધડાકો થતાં નીરવતા છિન્નભિન્ન થઈ ગઈ.

બધા પ્રેક્ષકો મંચનાં પાટિયાં ઉપર નાક દબાવીને ઊંધા સૂઈ ગયા. જનાવરો ઉત્તેજિત થઈને પાછલા પગ ઉપર ઊભા થઈ ગયા. બીજી પળે વળી પાછો એક બૉંબ ફૂટયો. આખું આસમાન ધુમાડાના સફેદ ગોટાઓથી ભરાઈ ગયું.

"શું થયું? શાની ધમાલ હશે?" સૌ ઘાંટા પાડવા લાગ્યા.

"જનતા મહેલ ઉપર ચડી આવી છે!"

"લોકો પાસે તોપો છે!"

"સિપાહીઓ દગાખોરી કરીને જનતા જોડે ભળી ગયા છે!"

"ઓહ!"

"અરે!"

"મદદ!"

દેકારા અને ગોળીબારના ધડાકાઓથી મહેલનું ઉપવન ગુંજી ઊઠ્યું. બંડખોરો ઉપવનમાં ઘૂસી આવ્યા હોવા વિશે મુદ્દલ શંકાને સ્થાન નહોતું.

બધાએ દરવાજા તરફ આંધળો ધસારો કર્યો. પ્રધાનોએ તલવારો ખેંચી કાઢી. ત્રણ ફાંદાળા ગળાં ફાટી જાય એવી રાડારાડ કરવા લાગ્યા.

મહેલના ઉપવનમાં આવી હાલત હતી:

લોકો ચારે બાજુથી ધસતા આવી રહ્યા હતા. લોકોની સંખ્યા ભારે મોટી હતી. તેમનાં માથાં ઉઘાડાં હતાં, કપાળ લોહીથી ખરડાયેલાં હતાં, જાકીટ ફાટી ગયાં હતાં, પણ તેમના ચહેરા ઉપર ખુશી છવાયેલી હતી. તેમણે જંગ જીતી લીધો હતો. સિપાહીઓ લોકો ભેગા ભળી ગયા હતા. સિપાહીઓની ટોપીઓ ઉપર લાલ રિબન બાંધેલી હતી. કામદારોના હાથમાં પણ હથિયાર હતાં. બ્રાઉન કપડાં અને લાકડાના જોડા પહેરેલા ગરીબ લોકોનું લશ્કર નજીક આવી રહ્યું હતું. ધસતા લશ્કરના સપાટામાં ઝાડ વળી રહ્યાં હતાં અને છોડવા કડેડાટ કરતા ભાંગી રહ્યા હતા.

"જીત અમારી છે!" લોકોએ પોકારો કર્યા.

ત્રણ ફાંદાળા સમજી ગયા કે હવે બચવાનો કોઈ જ ઉપાય નથી.

"ના! ખોટી વાત!" એક ફાંદાળાએ ચિત્કાર કર્યો. "સિપાહીઓ, ગોળીએ ઉડાવી દો આ બધાને!"

પણ સિપાહીઓ તો ગરીબોની હરોળોમાં સામેલ થઈ ગયા હતા. અને પછી ટોળાની ઉપરથી એક ગર્જના સંભળાઈ. હથિયારગર પ્રોસ્પેરો મોટા અવાજે બોલ્યો:

"શરણે થઈ જાઓ! જનતાની જીત થઈ છે! ધનવાનો અને ખાઉધરાઓનું શાસન ખતમ થઈ ગયું છે! જનતાએ આખા નગર ઉપર કબજો કરી લીધો છે. મોટા પેટવાળા દરેક માણસને પકડી લેવામાં આવ્યો છે."

ઉશ્કેરાયેલા ટોળાએ ત્રણ ફાંદાળાને ઘેરી લીધા.

લોકો લાલ ઝંડા લહેરાવી રહ્યા હતા, તલવારો લાકડીઓ અને મુઠ્ઠીઓ હલાવી રહ્યા હતા. પછી મેદનીમાંથી ગીતના સૂર ઊઠયા.

૮૪૦/૮૧૪૧૧

લીલી ડગલી પહેરીને તિબુલ પ્રોસ્પેરોની પાસે ખડો હતો. તેના માથા ઉપર લોહીથી ખરડાયેલું ચીંથરું બાંધેલું હતું.

"આ બધું તો ભયાનક સપનું જ છે!" એક ફાંદાળો બબડયો અને તેણે બેઉ હાથ વડે આંખો ઢાંકી દીધી.

તિબુલ અને પ્રોસ્પેરો ગીત ગાવા લાગ્યા. હજારો ગળાં એ ગીતમાં જોડાયાં. ગીતના સૂર મહેલના આખા ઉપવન ઉપર ફેલાઈ ગયા, નહેરો અને પુલો ઉપર ફેલાઈ ગયા. નગરના દરવાજેથી મહેલ તરફ કૂચ કરી આવતા લોકોએ ગીતના સૂર સાંભળીને પોતે પણ ગીત લલકારવાનું શરૂ કરી દીધું. ગીતના સૂર મહાસાગરનાં મોજાંની જેમ રસ્તા ઉપર ફેલાતા ગયા અને નગરના દરવાજામાં થઈને નગરના માર્ગો ઉપર ફરી વળ્યા. નગરના માર્ગો ઉપર કામદારો અને ગરીબ લોકો કૂચ કરી રહ્યા હતા. હવે આખું નગર ગીત ગાવા લાગ્યું. શોષકોની ઉપર વિજય હાંસલ કરનારી જનતાનું એ ગીત હતું.

ગીત સાંભળીને ત્રણ ફાંદાળા અને તેમના વજીરો બેં બેં ગાંગરતાં ઘેટાંબકરાંના ટોળાની જેમ ભેગા ખડકાઈ ગયા. પણ વાત એટલેથી જ પૂરી ન થઈ. નગરના બધા છેલછબીલાઓ, બધા જાડિયા દુકાનદારો, ખાઉધરાઓ, વેપારીઓ, ઠસ્સાદાર બાનુઓ, અને ટાલિયા જનરલો — સૌએ ગીતનો અવાજ સાંભળીને દહેશતમાં ઊભી પૂંછડીએ એવી રીતે દોટ મૂકી કે જાણે એ ગીત ન હોય પણ તોપના ગોળા અને આગના ભડકા હોય.

એ સૌનો ઇરાદો ગીતથી છુપાઈ જવાનો હતો. તેમણે કાનમાં આંગળાં ભરાવી દીધાં અને પોતાનાં માથાંને રેશમના કિંમતી તકિયાઓમાં દબાવી દીધાં.

આખર પરિણામ એવું આવ્યું કે ધનવાન લોકોનું વિશાળ ટોળું દોડતું ગોદી તરફ ભાગ્યું અને વહાણોમાં જગ્યા મેળવવા સૌ પડાપડી કરવા લાગ્યા. જે દેશમાં એ લોકોએ સત્તા ધનદોલત અને હરામની મોજમજાની જિંદગી વગેરે બધું જ ગુમાવી દીધું હતું એવા દેશમાંથી તેઓ દૂર દૂર ભાગી જવા માગતા હતા. પરંતુ બંદર ઉપર તેમને ખલાસીઓએ ઘેરી લીધા. ધનવાન માણસોને ગિરફતાર કરી લેવામાં આવ્યા. તેમણે માફીની યાચના કરતાં કહ્યું:

"અમને મારપીટ ન કરશો.' હવે અમે તમારી પાસે અમારી ગુલામી નહિ કરાવીએ!"

પણ સાધારણ જનતા એ લોકોની વાત માનવા તૈયાર નહોતી કેમ કે ધનવાનો ગરીબ લોકોને અને કામદારોને પહેલાં અનેકવાર છળથી બેવકૂફ બનાવી ચૂક્યા હતા.

નગરમાં સૂરજ માથા ઉપર પહોંચી ગયો હતો. આસમાન સુંદર નીલવર્ણું હતું. સમગ્ર કુદરત જાણે ઉત્સવ મનાવી રહી હતી.

હવે બધું જનતાની માલિકીનું થઈ ગયું હતું — મકાનો, વહાણો, કારખાનાં, મહેલ,

ગોદામો, દુકાનો, બધું જ. ટોપી ઉપર લાલ રિબન લગાવેલા સિપાહીઓ દરેક ઠેકાણે પહેરો ભરી રહ્યા હતા.

નગરના ચકલાઓમાં લાલ ઝંડા લહેરાઈ રહ્યા હતા. ઝંડાઓ ઉપર આવા શબ્દો અંકિત હતા:

ગરીબો જે કંઈ બનાવે તેની ઉપર ગરીબોની માલિકી છે!
જનતા ઝિંદાબાદ!
એદી અને ખાઉધરાઓ મુર્દાબાદ!

પણ ત્રણ ફાંદાળાના કેવા હાલ થયા?

ત્રણેય ફાંદાળાને જનતા સમક્ષ પ્રદર્શન માટે મહેલના મોટા હૉલમાં લઈ જવામાં આવ્યા. ભૂખરાં જાકીટ તથા લીલા કફવાળા કામદારો પહેરો ભરી રહ્યા હતા અને તેમના હાથમાં ભરેલી રાઈફલો હતી. સૂરજની રોશનીના હજારો કિરણપુંજોએ આખા હૉલમાં અજવાળું રેલાવી દીધું હતું. હૉલ કેવો ચિકાર ભરાઈ ગયો હતો! પણ હવે મેદની કેવી નિરાળી હતી! વારસદાર તુત્તીને નાનકડી સુઓક પહેલી વાર મળેલી એ દિવસે તેણે કરી બતાવેલા નાચ વખતે જે લોકો હાજર હતા તેમનાથી આ મેદની તદ્દન ભિન્ન હતી.

આજે તો અહીં એ જ બધા લોકો ભેગા થયા હતા કે જે ચૌટેચકલે અને મેળાઓમાં સુઓકને હંમેશાં તાળીઓથી વધાવી લેતા હતા. હવે તેમના ચહેરા ઉપર ખુશી અને આનંદોલ્લાસની ઝલક આવી ગઈ હતી. એ લોકો ધક્કંધક્કા કરતા હતા, હસતા હતા, અને ટોળટપ્પા કરતા હતા. કેટલાકની આંખોમાં તો આનંદનાં આંસુ પણ ઊભરાઈ આવ્યાં હતાં.

મહેલનાં ભવ્ય ભવનોને આવા મહેમાનો કદી નહોતા જોવા મળ્યા. અને સૂરજ મહેલની અંદર આટલો તેજસ્વી પહેલાં કદી નહોતો પ્રકાશ્યો.

"શ્ શ્ શ્!"

"અવાજ બંધ કરો!"

"શાંતિ!"

દાદરાની ટોચ ઉપર કેદીઓ દેખાયા. ત્રણ ફાંદાળાએ જમીન ઉપર ખોડાયેલી નજર એક વાર પણ ઊંચી ન કરી. પ્રોસ્પેરો અને તિબુલ તેમને દોરીને લઈ આવતા હતા.

ભારે દેકારાને લીધે આરસપહાણના થાંભલા હલી ઊઠયા અને ત્રણ ફાંદાળાના કાન બહેર મારી ગયા.

લોકો ત્રણ ફાંદાળાને સરખી રીતે જોઈ શકે અને ભયંકર જાડિયા આદમીઓ ખરેખર પકડાઈ ગયા છે એ વિશે લોકોને ખાતરી થઈ જાય એટલા સારુ તેમને દાદરા ઉપરથી નીચે ઉતારવામાં આવ્યા.

એક થાંભલા નજીક જઈને પ્રોસ્પેરો બોલ્યો: "આ રહ્યા ત્રણ ફાંદાળા." પ્રોસ્પેરો લગભગ અરધા થાંભલા જેટલો ઊંચો હતો અને સૂર્યના પ્રકાશમાં તેના વાળ ભડકે બળતી આગની જેમ ઝળકી રહ્યા હતા. "આ ત્રણ ફાંદાળાએ હંમેશાં ગરીબોને લૂંટયા છે, તેમણે લોહીનો પરસેવો ઊતરે ત્યાં લગી આપણી પાસે ગુલામી કરાવી છે, અને આપણે મહેનત કરીને બનાવેલું બધું હંમેશાં આપણી પાસેથી છીનવી લીધું છે. જુઓ તો ખરા, ત્રણેય કેવા માતેલા છે! પણ હવે આપણે જીત હાંસલ કરી લીધી છે. હવે આપણે સૌ આપણા પોતાના જ લાભ માટે કામ કરીશું અને હવે સૌ એકસમાન જિંદગી ભોગવશે. હવે ધનવાન એદી કે ખાઉધરા લોકોની હયાતી જ નહિ રહે. એટલે આપણે હવે સુખની જિંદગી જીવીશું અને આપણને સૌને પૂરતું ખાવાનું મળી રહેશે. વળી ક્યારેક કપરો વખત આવે તો આપણને એ વાતની ખાતરી રહેશે કે જ્યારે લોકોને ભૂખ્યા રહેવું પડતું હોય ત્યારે વધારે પડતું ખાઈને માતેલા બનતા કોઈ માણસોનું અસ્તિત્વ હવે રહ્યું જ નથી..."

લોકોએ ખુશીના પોકારો કર્યા.

ત્રણ ફાંદાળાએ હુંકારા ફૂંકારા કર્યા.

"આજે આપણા વિજયનો દિવસ છે. જુઓ, સૂરજ કેવો તેજસ્વી પ્રકાશી રહ્યો છે! અને પંખીઓ કેવું મધુર ગાન કરી રહ્યાં છે એ સાંભળો! મનોહર પુષ્પો કેવી સુગંધ ફેલાવી રહ્યાં છે! આજના દિવસને યાદ રાખજો, આજની આ ઘડીને સદા યાદ રાખજો!"

તેના હોઠેથી "ઘડી" શબ્દ સાંભળતાં જ સૌની નજર ઘડિયાળ તરફ ગઈ.

દીવાલ ઉપર બે થાંભલા વચ્ચેની જગ્યામાં ગોઠવવામાં આવેલી ઓકવૃક્ષના કાષ્ઠની એક મોટી પેટીની અંદર ઘડિયાળ મૂકેલું હતું. પેટી પુષ્કળ કોતરકામ અને મીનાકારી સુશોભનોથી સુંદર દેખાતી હતી. બરાબર મધ્યમાં ઘેરા રંગની મોટી ઘડિયાળનો દેખાવ રચેલો હતો.

"અત્યારે કેટલા વાગ્યા હશે?" મહેલના હૉલમાં હાજર સૌનાં મનમાં એ ઘડીએ વિચાર ઝબકી ગયો.

અને એકાએક... એકાએક ઘડિયાળની પેટીનું બારણું ઊઘડી ગયું. સૌએ જોયું કે અંદર ઘડિયાળનાં નાનાં નાનાં ચક્રો છે જ નહિ. એ તો ખાલી પેટી હતી. પિત્તળની સ્પ્રિંગો અને ચક્રોને બદલે પેટીમાં એક મોં મલકાવતી ગુલાબી બાળકી દેખાઈ. એ બાળકી હતી સુઓક.

"સુઓક!" અચરજથી સૌનાં મોં પહોળાં થઈ ગયાં.

"સુઓક!" બાળકો પોકારી ઊઠયાં.

"સુઓક! સુઓક! સુઓક!"

સૌએ તાળીઓનો ગડગડાટ બોલાવી દીધો.

નીલી આંખોવાળા સિપાહીએ તેને તેડી લઈને પેટીમાંથી નીચે ઉતારી. વારસદાર તુત્તીની ઢીંગલી લઈને મારતે ઘોડે મહેલ તરફ ગયેલો નીલી આંખોવાળો સિપાહી આ જ સિપાહી હતો. નાચમાસ્તર એક-દો-તીને પૂંઠાના જે ડબ્બામાં પોતાની બધી વસ્તુઓ મૂકેલી તેમાંથી તેણે જ ઢીંગલીને લઈ લીધી હતી. તે જ ઢીંગલીને મહેલમાં લઈ ગયો હતો, સાચી જીવતી સુઓકને હાથમાં લટકાવી રાખનાર સિપાહીને અને સ્ટેટ કાઉન્સિલરને તેણે જ ફટકા લગાવીને જ બેહોશ બનાવી દીધા હતા. પછી તેણે સુઓકને ઘડિયાળની ખાલી પેટીમાં છુપાવી દીધી હતી અને સુઓકને બદલે નિર્જીવ મરેલી ફાટેલી ઢીંગલીને ત્રણ ફાંદાળા સામે પેશ કરી દીધી હતી. અદાલતના ખંડમાં તેણે એ નિર્જીવ ઢીંગલીને જ હડબડાવેલી, ઢીંગલીના કાન ઉપર ધોલ મારેલી, અને પછી તેને વાઘોના હાથે પિંખાઈ જવા રેઢી મૂકી દીધેલી — એ બધું યાદ છે ને?

સુઓક હવે મેદનીમાં એક હાથમાંથી બીજા હાથમાં તેડાતી ગઈ. તેને દુનિયાની ઉત્તમ નર્તકી ગણનારા અને તેનો નાચ જોઈને પોતાના આખરી તાંબિયા કુરબાન કરી દેનારા માણસો હવે તેને વહાલ કરવા તથા બચીઓ ભરવા લાગ્યા અને તેને હૈયા સરસી ચાંપવા લાગ્યા કેમ કે જાડા કાપડનાં અને ફાટેલાં તથા મેશથી છવાયેલાં જાકીટોની નીચે એ માણસોનાં ખૂબ પીડા ભોગવેલાં ભલાં અને કોમળ હૈયાં ધબકી રહ્યાં હતાં.

સુઓક હસતી રહી, લોકોના વાળમાં આંગળીઓ ફેરવતી રહી, તેમના ચહેરા ઉપરથી લોહી લૂછતી રહી, બાળકોની સામે રમૂજી ચાળા કરતી રહી, ખુશીનાં આંસુ ઉભરાવતી રહી, અને વાતો કરતી રહી.

“સુઓકને અહીં લઈ આવો,” હથિયારગર પ્રોસ્પેરોનું ગળું ભરાઈ આવ્યું હતું અને ઘણાને તેની આંખોમાં આંસુ દેખાયાં. “મારી જિંદગી એણે જ બચાવી છે!”

"અહીં આવ! અહીં આવ!" તિબુલે પોતાની લીલી ડગલીને કોઈ વિશાળ લીલા પાંદડાની જેમ હલાવતાં હલાવતાં સાદ પાડ્યો. "એ તો મારી નાનકડી દોસ્ત છે. અહીં આવ, સુઓક!"

અને મેદનીની છેક પાછળથી વૃદ્ધ ડૉક્ટર ગાસ્પાર કોણીઓ વડે માર્ગ કરતો કરતો આગળ આવી રહ્યો હતો.

જે પાંજરામાં હથિયારગર પ્રોસ્પેરોને પૂરવામાં આવ્યો હતો એ જ પાંજરામાં હવે ત્રણ ફાંદાળાને પૂરી દેવામાં આવ્યા.



ઉપસંહાર

એક વરસને અંતે એક ભવ્ય અને રંગીલો ઉત્સવ ઊજવવામાં આવ્યો. ત્રણ ફાંદાળાના શાસનમાંથી મુક્તિ મળી એ પ્રસંગની પ્રથમ જયંતી લોકોએ હોંશભેર ઊજવી.

તારકચોકમાં બાળકોનો મનોરંજન કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો.

ઠેર ઠેર ચોડવામાં આવેલી જાહેરાતોમાં આ શબ્દ ચમકી રહ્યો હતો:

સુઓક!

સુઓક!

સુઓક!

હજારો બાળકો પોતાની માનીતી અભિનેત્રીને રંગમંચ ઉપર જોવા આતુરતાથી નજર માંડીને બેઠાં હતાં. પરંતુ આ મંગલોત્સવના પ્રસંગે સુઓક રંગમંચ ઉપર એકલી નહોતી. તેની જોડે સોનેરી વાળ ધરાવતો એક કિશોર પણ હતો. રંગમંચ ઉપર સુઓકની જોડે ઊભેલા એ કિશોરનો ચહેરો સુઓકને ખૂબ જ મળતો આવતો હતો.

તે હતો સુઓકનો ભાઈ. ત્રણ ફાંદાળાના શાસનના જમાનામાં એ વારસદાર તુત્તી હતો.

નગરમાં સંગીત અને હાસ્યની છોળો ઊછળી રહી હતી. દરેક ઠેકાણે ઝંડા લહેરાઈ રહ્યા હતા. ફૂલ વેચતી માલકણોની છાબડીઓમાંથી ભીનાં ફૂલ નીચે વેરાઈ રહ્યાં હતાં. રંગબેરંગી પીંછાં વડે શણગારેલા ઘોડા જ્યાં ત્યાં ઠેકડા મારી રહ્યા હતા. ચકડોળ વેગથી ગોળ ગોળ ફરી રહ્યાં હતાં. તારકચોકમાં બાળપ્રેક્ષકો તન્મય થઈને મનોરંજનનો કાર્યક્રમ નીરખી રહ્યાં હતાં.

કાર્યક્રમ પૂરો થતાં સુઓક અને તુત્તીની ઉપર ફૂલોનો વરસાદ વરસ્યો. બાળકોએ બન્નેને ઘેરી લીધાં.

પોતાના નવા પોશાકમાંથી સુઓકે એક નાનકડું પાટિયું કાઢ્યું અને તેની ઉપર લખેલું લખાણ બાળકોને વાંચી સંભળાવ્યું.

એ પાટિયું તો તમને ચોક્કસ યાદ હશે જ. એક ભયંકર રાતે વરુ જેવા દેખાતા એક અજનવીએ પોતાની જિંદગીની અંતિમ પળોમાં એ પાટિયું સુઓકને આપેલું. એ વખતે એ અજનવી મહેલના ચીડિયાખાનાના એક પાંજરામાં પુરાયેલો હતો. સુઓકને જોઈને તેણે પાટિયું સળિયામાંથી બહાર સરકાવી દીધેલું અને તેને સુઓકના હાથમાં સોંપી દીધા પછી અજનવી નિષ્પ્રાણ થઈને ઢળી પડેલો.

પાટિયા ઉપર આવું લખાણ લખેલું હતું:

"તમે બન્ને ભાઈબહેન હતાં. બહેનનું નામ સુઓક અને ભાઈનું નામ તુત્તી હતું.

"તમે બેઉ ચાર વરસનાં થયાં ત્યારે ત્રણ ફાંદાળાના સિપાહીઓ તમને તમારા ઘરમાંથી ઉઠાવી ગયેલા.

"મારું નામ તૂબ છે. હું વિજ્ઞાની છું. મને મહેલમાં લઈ જઈને નાનકડાં ભાઈબહેન તુત્તી અને સુઓક બતાવવામાં આવ્યાં.

"અને ત્રણ ફાંદાળાએ મને કહ્યું: 'આ છોકરી જોઈ? બરાબર એના જેવી જ એક ઢીંગલી બનાવી દે.' એ લોકોને ઢીંગલીનું શું કામ હશે એની મને ખબર નહોતી.

"મેં ઢીંગલી બનાવી આપી. હું કાબેલ વિજ્ઞાની હતો. મારે એવી ઢીંગલી બનાવવાની હતી કે જે જીવતી બાળકીની જેમ મોટી થાય. સુઓક પાંચ વરસની થાય ત્યારે ઢીંગલી પણ પાંચ વરસની થવી જોઈએ. સુઓક મોટી થઈને રૂપાળી પણ ગમગીન દેખાતી બાળા બને ત્યારે ઢીંગલી પણ એવી જ બનવી જોઈએ. મેં એવી ઢીંગલી બનાવી આપી. પછી તમને બન્ને ભાઈબહેનને વિખૂટાં પાડી નાખવામાં આવ્યાં. તુત્તી ઢીંગલીની જોડે મહેલમાં જ રહ્યો અને લાંબી લાલ દાઢીવાળા એક અનેરા પોપટના બદલામાં સુઓકને એક ફરતા સરકસને આપી દેવામાં આવી. પછી ત્રણ ફાંદાળાએ મને કહ્યું: 'આ છોકરાનું દિલ બહાર કાઢી નાખ અને એને બદલે લોખંડનું દિલ ગોઠવી દે.' પણ મેં ઇનકાર કરી દીધો. મેં કહ્યું કે માણસને માનવીય હૃદયથી વંચિત ન જ કરી દઈ શકાય. મેં સાફ જણાવી દીધું કે કોઈ પણ માણસના સાચા માનવીય હૃદયને ઠેકાણે બીજું કોઈ હૃદય ન જ ગોઠવી શકાય—લોખંડનુંયે નહિ, બરફનુંયે નહિ, અને સોનાનુંયે નહિ. મને પાંજરામાં પૂરી દેવામાં આવ્યો. એ દિવસથી ત્રણ ફાંદાળાએ તુત્તીને એમ કહેવાનું શરૂ કરી દીધું કે તારું દિલ લોખંડનું છે. ત્રણ ફાંદાળાનો એવો મનસૂબો હતો કે તુત્તી એ વાત માની લે અને ઘાતકી તથા કમીનો બને. હું આઠ વરસ સુધી પાંજરામાં પુરાયેલો અને ચોમેર જંગલી જનાવરોથી ઘેરાયેલો રહ્યો. મારું આખું શરીર વાળથી ભરાઈ ગયું અને મારા દાંત લાંબા તથા પીળા થઈ ગયા. પણ હું તને ભૂલ્યો નથી.

મને માફ કરજે. આપણને સૌને ત્રણ ફાંદાળાએ લૂંટયાં છે અને છળથી બેવકૂફ બનાવ્યાં છે. આપણે સૌ ધનવાનોના અને લાલચુ ખાઉધરાઓના ગુલામો બની ગયાં છીએ. તુત્તી, મને માફ કરજે—ગરીબોની ભાષામાં તુત્તીનો અર્થ છે 'વિયોગ'. અને સુઓક, તું પણ મને માફ કરજે—ગરીબોની ભાષામાં સુઓકનો અર્થ છે 'જિંદગી'."